ॐ

જુદી જુદી જાતના અનેક વિષયોથી વિભુષિત.

શ્રી સુંદર સંગીત.

કર્ત્તા.

કવિ સુંદરજી પુંજાભાઈ.

વિરલટ અને રૂપાળી રાણી તથા રાજરંગ વિગેરેના કર્ત્તા.

પ્રસિદ્ધ કર્ત્તા.

વલ્લભજી સુંદરજી પુંજાભાઈ.

શ્રી સરસ્વતી ચંદ્રોદય ઑફીસ.

રાજકોટ-કાઠીયાવાડ.

શાન્તિવિજય પ્રિન્ટિંગ પ્રેસમાં, ઈશ્વરલાલ કેશવલાલ વકીલ અને માણેકલાલ માધવજીએ છાપ્યું. ઠે. ટીકવા ચોકી-અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત. ૧૦૦૦.

સંવત ૧૯૭૩. ※ સને ૧૯૧૭.

કિમ્મત રૂપિયો સવા.

મનહર છંદ.

સુંદર સંગીત સ્નેહે, વાંચીને વિચારવાથી,
સદ્‌ગુણી શ્રોતાઓને, સારૂં ફળ આપશે.
આનંદ અપાર અને, ઉપદેશ આપી રૂડો,
વાંચનાર વ્હાલાંઓનાં, ક્લેશ કષ્ટ કાપશે;
સુનીતિ, શૃંગાર, શાન્ત, રસથી રસેલ હોતાં,
વૃદ્ધ, બાળ, યુવાનોને, ઇચ્છ્યું ફળ આપશે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
સુંદર સંગીત સૌને, રાજી રાજી રાખશે.



ધરમદાસ રામચંદ ઇન્જીનીઅર.

રામચંદ નૃસિંહ ઇન્જીનીઅર.
એમ. આઈ. એમ. ઈ.

અર્પણ પત્રિકા.

સદા મહેરબાન રાજ્યમાન રાજેશ્રી શ્રીયુત રામચંદ્ર નરસીદાસ એમ. આઇ. એમ. ઈ. ઇન્જીનીયર સાહેબ. અમદાવાદ.

આપ સુજ્ઞ મહાશય સદ્ગુણ સંપન્ન અને દિલના દયાળુ હોવાથી ઘણાં ખરાં સતકાર્યોમાં આપનાથી બનતી મદદ આપ હમેશાં ઉત્સાહ પૂર્વક આપો છો.

ધર્મનાં, પરોપકારનાં, વિદ્યા વૃદ્ધિનાં અને જ્ઞાતિ હિતનાં આપે કરેલાં અનેક સતકાર્યોને સર્વ કોઇ સારી રીતે જાણે છે, એટલે એ બાબત અત્રે ફરીથી વિશેષ વિવેચન કરતો નથી, તો પણ વિદ્વજ્જનોને ઉત્સાહપૂર્વક ઉત્તેજન આપનારા આપ જેવા સુજ્ઞ મહાશયો બહુ થોડા મળશે, એમ કહેવું અતિશયોક્તિ ભરેલું ગણાશે નહિ.

વિશેષ આનંદની વાત એ છે કે જે કંઈ શુભ કાર્ય આપ કરો છો, તેમજ જે કંઈ શુભ કાર્યમાં આપ મદદ કરો છો, તે અંતઃકરણના ઉત્સાહથી અને હૃદયની ખરી ઉદારતાથી કરો છો, કોઈની ભલામણથી, કોઇના કહેવાથી અથવા તો કાંઈ બદલો મળવાની આશાથી કરતા નથી.

આપનાં સત્કાર્યો, આપના અંતઃકરણની ઉમદા વૃત્તિ, તથા આપના અનુકરણ કરવા યોગ્ય સદ્ગુણોથી આકર્ષાઇને મારા પૂજ્ય પિતાશ્રી કવિ સુંદરજી પુંજાભાઈનું રચેલ “સુંદર સંગીત” નામનું પુસ્તક આપની રજા લઇ આપને અતિ આનંદ પૂર્વક અર્પણ કરૂં છું, તે સ્વીકારી આભારી કરશો.

લી. વલ્લભજી સુંદરજી પુંજાભાઇ.

આભાર પત્રિકા.

સદા મહેરબાન રાજમાન રાજેશ્રી શ્રીયુત રામચંદ્ર નરસીદાસ એમ. આઈ. એમ. ઈ. એન્જીનીયર સાહેબ.

શ્રીયુત શેઠ સાહેબ ચમનલાલ માણેકલાલ મુનશા.

શ્રીયુત શેઠ સાહેબ ગીરધરલાલ અમૃતલાલ દેસાઈ.

શ્રીયુત શેઠ સાહેબ શ્રીજીવલ્લભદાસ જેકીસનદાસ.

ઉપરના ચાર ગૃહસ્થો પૈકી શ્રીયુત રામચંદ્રભાઈએ આ પુસ્તકની અર્પણ પત્રિકા સ્વીકારીને સારૂં ઉત્તેજન આપેલું છે, તથા બનતું ઉત્તેજન અપાવેલું છે, તે શિવાયના બીજા ગૃહસ્થોએ પણ પોતાથી બનતું ઉત્તેજન આપેલું છે, જેથી:-

એ ચારે કદરદાન સદ્‌ગૃહસ્થોનો હું આ સ્થળે આભાર માનું છું.

લી. પ્રસિદ્ધ કર્તા.

પ્રસ્તાવના.

સંગીત શબ્દનો સંકુચિત અર્થ કરનારા અમુક રાગ રાગણીઓનીજ સંગીતમાં ગણના કરે છે, જ્યારે કેટલાએક વિદ્વાનો છંદો વિગેરે જે કાંઈ ગાઈ શકાય તેવું હોય, તે બધું સંગીતજ માને છે, અમે પણ એજ માન્યતા વાળા હોવાથી આ પુસ્તકનું નામ "સુંદર સંગીત" રાખેલું છે, મતલબ કે આ જગ્યાએ સંગીત શબ્દ સંકુચિત અર્થમાં નહિ પણ બ્હોળા અર્થમાં યોજેલો છે.

આ પુસ્તકમાં દાખલ કરેલી કવિતાઓ એકી વખતે અમુક મુદતમાં લખાયેલી નથી, પરંતુ મેં આજ સુધીમાં રચેલી લગભગ બધી કવિતાઓનો તેમાં સમાવેશ થઇ જાય છે. આ બધી કવિતાઓના સંગ્રહનો અમુક ભાગ અગાઉ ન્હાનાં ન્હાનાં પુસ્તકોના આકારમાં પ્રસિદ્ધ થઇ ગયેલ છે. સદરહુ પ્રસિદ્ધ થઈ ગયેલ પુસ્તકોનાં નામ સુંદર સહસ્રી, સુંદર સપ્તસતી, મોક્ષમાર્ગ અને શંકરની સ્તુતિ વિગેરે છે. ઉક્ત દરેક પુસ્તકની પુનરાવૃત્તિઓ થયેલ છે, અને એ પુસ્તકો પ્રત્યે લોક લાગણી પણ ઘણીજ સારી છે, તેમજ સદરહુ પુસ્તકો ઈનામ લાઇબ્રેરી માટે પણ મંજુર થયેલ છે; એટલુંજ નહિ પણ શિઘ્ર કવિ શંકરલાલભાઈ અને કવિશ્વર દલપતરામભાઇ જેવા લોકપ્રિય વિદ્વાનોએ એ પુસ્તકોને માટે બહુજ સારા અભિપ્રાય આપેલ છે, એટલી હકીકત ઉપરથીજ આ એકંદર પુસ્તક કેટલુંબધું રસિક, ઉપદેશિક અને ઉપયોગી હશે, તે સર્વ કોઇ સારી રીતે સમજી શકશે, તો પણ ટુંકામાં કહેવું જોઇએ કે આ પુસ્તકની અંદર જુદી જુદી જાતના સેંકડો વિષયો દાખલ કરેલા હોવાથી દરેક માણસને તેમાંથી પોતાની રૂચિને અનુસરતો કાંઇક વિષય તો અવશ્ય મળી આવશેજ.

આ પુસ્તકની અંદર શરૂઆતમાં દેવ દેવીઓની સ્તુતિ વિગેરે દાખલ કરેલ છે, ત્યાર પછી જુદા જુદા અનેક વિષયો પર આબેહુબ અને અસરકારક વિવેચન કરેલું છે, ત્યાર પછી પ્રસ્તાવિકનો વિષય દાખલ કરેલો છે, એ વિષયના ઘણુંખરા છંદો રત્ન કણિકા જેવા હોઈને ખાસ મોઢે કરી રાખવા લાયક છે. ત્યાર પછી શૃંગાર દાખલ કરેલો છે, અને છેવટના ભાગમાં સદુપદેશ તથા ઈશ્વર ભજનનો વિષય દાખલ કરેલો છે, એ વિષય એટલો બધો અસરકારક છે કે ગમે તેવા માણુસને પણ એ વિષય વાંચતી વખતે સંસાર પર વૈરાગ્ય અને ઇશ્વર પર શ્રદ્ધા ઉત્પન્ન થયા વિના રહેશેજ નહિ.

આ પુસ્તકમાં જે શૃંગારિક વિષય છે, તે સ્વકિયા પ્રતિ લાગુ પાડેલો છે, એટલે અનીતિનો ઉપદ્રવ થવા ધાસ્તી નથી, પરંતુ પતિ પત્નીની પ્રીતિમાં વૃદ્ધિ થવા સંભવ છે.

આવી રીતે ભર્તુહરિ શતકની માફક આ પુસ્તકમાં નીતિ, શૃંગાર અને વૈરાગ્ય વિગેરે ત્રણે રસ સરખા લખાયેલા હોવાથી, તેમજ ભાષા તથા શૈલી વાંચનારને આનંદ આપે એવી સાદી તથા સરળ હોવાથી આ પુસ્તક સઘળા લોકોને એક સરખું ઉપયોગી થઇ પડશે એવી મારી ખાત્રી છે; એટલુંજ નહિ પણ ગમે તેવા દિલગીરીના પ્રસંગે આ "સુંદર સંગીત" વાંચવાથી દિલગીરી દૂર થઇને પૂર્ણાનંદ પ્રાપ્ત થવા સંભવ છે.

ચાલુ લડાઇને લીધે કાગળ વિગેરેની અસાધારણ મોંઘવારી હોવા છતાં પણ આ પુસ્તકનો બહોળો ફેલાવો કરવાના ઇરાદાથી, તેમજ દરેક સાધારણ માણુસ પણ આ પુસ્તકનો લાભ લઇ શકે એવા આશયથી ખાસ જન હિતાર્થે પુસ્તકના કદના પ્રમાણુમાં તેની કિમ્મત પણ બહુજ ઓછી રાખેલી છે.

આ પુસ્તકની અંદર દાખલ કરેલા ગણમેળ અને માત્રામેળ છંદોને તેના ખરા સ્વરૂપમાં કાયમ રાખવાના ઈરાદાથી જોડણીનો નિયમ નહિ રાખતાં છંદના નિયમોનું પાલન કરેલું છે, મતલબ કે બધા છંદો પીંગળના નિયમને અનુસરીને લખેલા છે, તેમાં કોઈ પણ જાતનો કાંઈ પણ દોષ ન આવે તેને માટે પુરતી સંભાળ રાખેલી છે, છતાં પણ કોઇ જગ્યાએ ભૂલ રહી ગઈ હોય તો સુધારીને વાંચવા વિનંતિ છે. લાવણી, ઠુમરી અને ગઝલ, ગરબી વિગેરે રાગ રાગણીમાં જોડણીના નિયમની બનતી સંભાળ રાખેલી છે.

મેં ઘણો શ્રમ લઇને આ પુસ્તક તૈયાર કરેલું છે, અને તેથી તે જનસમૂહને ઉપયોગી થવા સાથે લોકપ્રિય થશે એવી મને ખાત્રી છે, તો પણઃ—

ગુણનાં ગ્રાહક ગુણિજનો, કરજો ગુણ સ્વીકાર;
હંસ ગતી શ્રોતા તણો, માનીશ હું આભાર.

છેવટ એટલુંજ કહેવાનું છે કે દુનિયા પર વિદ્વાનોની અને વિદ્વતાની કાંઈ હદ નથી, અને હું નિરાભિમાનપણે કહું છું કે મારા કરતાં સારૂં લખનારા ઘણા વિદ્વાનો છે, જેમની વિદ્વતા આગળ મારી વિદ્વતા હું વિશેષ માનતો નથી, તો પણ મારી ધારણા મુજબ મારી કૃતિ જો જનસમૂહને ઉપયોગી થવા સાથે લોક પ્રિય થશે તો હું મેં લીધેલો શ્રમ સફળ થયો માનીશ.

લી. કવિ સુંદરજી પુંજાભાઈ.

સંવત ૧૯૭૩–મહાશિવરાત્રી–**અમદાવાદ.**

અનુક્રમણિકા.

મારા પુજ્ય પિતાશ્રી
કવિ સુંદરજી પુંજાભાઇનાં રચેલાં
પુસ્તકોની યાદી.

૧. શ્રી સુંદર સહસ્રી. ૨. શ્રી સુંદર સપ્ત સતી. ૩. વ્યભિચાર દુઃખ દર્શક નાટક ૪ સુશિલ ચંદ્રિકા નાટક ૫. જુગાર દુઃખ દર્શક નાટક. ૬. ચંદ્રસેન અને ચંદ્રકળાનું આખ્યાન. ૭. વિરવટ અને રૂપાળી રાણી. ૮. સત્યવાદી સુંદરલાલ અથવા રાજરંગ. ૯. સુબોધ ગાયન. ૧૦ સુબોધ. બાવની. ૧૧. અંબાજીની સ્તુતિ. ૧૨. શંકરની સ્તુતિ. ૧૩. મોક્ષમાર્ગ અને ૧૪. શ્રી સુંદર સંગીત. વિગેરે.

ઉપર લખેલાં પુસ્તકો પૈકી નીચે બતાવેલાં પુસ્તકોની

જુજ નકલો હવે શીલીકમાં છે.

૧.	સત્યવાદી સુંદરલાલ અથવા રાજરંગ.	આવૃત્તિ બીજી	૨—૮—૦
૨.	વિરવટ અને રૂપાળી રાણી પ્રથમ ભાગ.	”	૧—૪—૦
૩.	વિરવટ અને રૂપાળી રાણી બીજો ભાગ.	....	૧—૮—૦
૪.	શ્રી સુંદર સંગીત.	... ...	૧—૪—૦
૫.	શ્રી સુંદર સહસ્રી.	... ...	૦-૧૨ ૦
૬.	શ્રીસુંદર સપ્ત સતી. ...	આવૃત્તિ બીજી	૦—૬—૦
૭.	વ્યભિચાર દુઃખ દર્શક નાટક.	”	૦—૬—૦
૮.	ચંદ્રસેન ચંદ્રકળાનું આખ્યાન. ...	... ...	૦—૮—૦
૯.	મોક્ષમાર્ગ.	આવૃત્તિ છઠ્ઠી ...	૦—૪—૦
૧૦.	શ્રી શંકરની સ્તુતિ.	....	૦—૨—૦

મગાવવાનું ઠેકાણું:—

વલ્લભજી સુંદરજી પુંજાભાઈ.

સરસ્વતી ચંદ્રોદય ઑફીસ—રાજકોટ.

॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

શ્રી સુંદર સંગીત.

મંગળાચરણ.

ગણપતિની સ્તુતિ.

તોટક છંદ.

વસુ જામ ગજાનન ધ્યાન ધરૂં,
ચરણોદકનું નિત પાન કરૂં;
મમ પુસ્તક મંગળકાર બને,
વર એજ ચહું નિત આપ કને.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ગૌરીનંદન આપના પદ પુજું, કલ્યાણ મારૂં કરો,
સાચો સેવક સર્વદા ગણિ મને, વિઘ્નો બધાંએ હરો;
વિદ્યા સુંદરને વળી નિત નવી, ભંડાર ભાવે ભરો,
અર્જી સુંદરજી તણી ઉર વિષે, આનંદ ધારી ધરો.

હરિગીત છંદ.

શિવ સુત શુભારંભે સદા, સમરણ સરવ તારૂં કરે,
તું શર્ણ વત્સળ કરિ વદન, નિજ ભક્તનો ભવ ભય હરે;
જ્યાં નામ લે છે તાહરૂં, ત્યાં વિઘ્ન દૂર પળાય છે,
સુંદર કહે તુજ સમરણે, મુજ મન પ્રફુલ્લિત થાય છે.

દોહરા.

શિવ સુત શુભ કર સર્વદા, વંદું હું કર જોડ;
આશ્રિત જાણી આપનો, પૂરો મુજ મન કોડ.

ગ્રંથારંભે ગજવદન, કર તું મુજ પર મ્હેર;
ગ્રંથ રચું રસમય રૂડો, એવી સુબુદ્ધિ પ્રેર.
શુભ કામે આ સૃષ્ટિમાં, પ્હેલાં તું પૂજાય;
તુજ કરૂણાથી કાર્ય સૌ, મંગળમય વરતાય.
સેવે તુજને સ્નેહથી, જે જન આ જગ માંહ્ય;
સુખિયો તે રેશે સદા, તુજ કરૂણાની છાંય.
હું છું આશ્રિત તાહરો, તું આશ્રય દાતાર;
ગૌરીનંદન તુજ વગર, અવર નથી આધાર.
કાર્ય કઠણ જે કામ્યતું, તે મેં લીધું શીર;
સફલ થશે એવી તમે, આપો અમને ધીર.
તુજ કરૂણાની દૃષ્ટિથી, વૃષ્ટિ સુખદની થાય;
સૃષ્ટિ વિષે સુંદર સદા, જય જયકાર જણાય.
માટે મુજ પર મ્હેર કર, લ્હેર સહિત ગણનાથ;
સુંદર શરણાશ્રિત ગણી, ગજ વદન ગ્રહો હાથ.
પામે પુસ્તક માહરૂં, સજ્જનમાં સત્કાર;
એ વર માગું તુજ કને, શંભુ સુત આ વાર.
રિદ્ધિ સિદ્ધિને બુદ્ધિ બો, તું સહુને દેનાર;
કવિ સુંદર પર કર કૃપા, વરતે જય જયકાર.

માલિની છંદ.

ગજ વદન તને હું, પ્રેમથી પાય લાગું,
સદ્ કરમ કરીને, સર્વદા શાન્તિ માગું;
જગત શુભ પ્રસંગે, ધ્યાન તારૂં ધરે છે,
ભગત જન તણું તું, શ્રેય સ્નેહે કરે છે.

સોરઠો.

તુજ આશ્રિત જે થાય, સુખ તેને બહુ સાંપડે;
સુંદર તુજ ગુણ ગાય, મંગળમય વરતાવ તું.

સરસ્વતીની સ્તુતિ.

દોહરા.

સકળ જગત સુખદાયિની, વાણીની દાતાર;
કરૂણા કરિ હું રંક પર, સરસ્વતિ લે મુજ સાર.
શર્ણાશ્રય પ્રતિપાળ તું, કષ્ટ હરણ કર માત;
અનુચર જાણી આપનો, ટાળો તનમન તાપ.
માઘ અને વળિ બાણ ભટ, દંડી, કાળીદાસ;
તુજ કરૂણાથી તે બધા, પામ્યા પૂર્ણ પ્રકાશ.
કવિ કોવિદ જે થઇ ગયા, વિશ્વ વિષે વિખ્યાત;
મોટપણું પામ્યા ઘણું, આપ પ્રતાપે માત.
જે જનની જીવ્હા ઉપર, વિધિ તનયા તુજ વાસ;
તે જનને આ જગતમાં, માન મળે છે ખાસ.
માત સરસ્વતી કર મયા, સુખદ સ્વરૂપ સાક્ષાત;
સુંદર મુજ રસના ઉપર, વાસ કરો હે ! માત.
હોય મુરખ કો માનવી, તદન અબૂઝ અજ્ઞાન;
તે ઉપર તુ તૂઠતાં; થાય વડો વિદ્વાન.
જેને કો જાણે નહીં, ક્યાંઇ મળે નહિ માન;
તે પણ તુજ સેવા વડે, શોધે શાસ્ત્ર નિદાન.
જે આવે તુજ આશરે, તેને કરછ સહાય;
રાજ સભા શુભ મંડળે, પંડિત થઈ પૂજાય.
જે નર પર તેં કરિ કૃપા, તે નર સમજ્યા સાર;
ભજન કરી હરિ ચરણનું, પ્રેમે પડિઆ પાર.
તૂઠી તું જન જેહ પર, તેને કીધા ન્યાલ;
રૂઠી તું જન જેહ પર, તેના ભૂરા હાલ.
મુજ ઊપર તું તૂઠજે, પ્રીત સહિત પ્રિયકાર;
સુંદર સેવક તાહરો, કર તેનો ઉદ્ધાર.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

વંદું વારમવાર હું વિધિસુતા, બે હસ્ત જોડી તને,
સાચો છે તુજ આશરો જગતમાં, માયાળુ માતા મને;
જીહ્વાગ્રે વસિને તમે જડપણું, મ્હારૂં બધું કાપજો,
યાચું સુંદર એટલું હર ઘડી, શર્ણે સદા રાખજો.

દુહો.

સેવક જન પ્રતિપાલિની, સરસ્વતિ માત દયાળ;
હું તુજ શરણે આવિઓ, લેજે તું સંભાળ.

લાવણી.

(શશિ શેખર ધર સુખકર શંકર—એ રાગ.)

સરસ્વતી માતા વાણી દાતા, સુખ સાતાનાં કરનારાં;
જડતા ટાળી બુદ્ધિ સુધારી, હૃદય તિમિરને હરનારાં.
જે જે મોટા થયા પુરાણી, વેદાભ્યાસી જેહ થયા;
તુજ કરૂણાથી આ અવનિમાં, નામ અમર નિજ કરી ગયા.
જે કોઇ ભક્તિ કરશે તારી, સુખી થશે તે નરનારી;
વિદ્વજ્જનોમાં વખણાશે વળી, બુદ્ધિ બહુ થાશે સારી.
રાજ સભામાં આદર મળશે, સજ્જન સહુ સત્કાર કરે;
દેવી તુજને સેવી જેણે, સુંદર સુખમાં મસ્ત ફરે.

ગરબો.

(જે કોઈ અંબીકાજી માતને આરાધશે રે લોલ—એ રાગ.)

સરસ્વતી કરૂં આપને હું વિનતિ રે લોલ;
દાસ જાણી દયા આણી આપો સુમતિ રે લોલ.
જસ આપો જોગ માયા મારી જીભને રે લોલ;
ચિત ચ્હાય મારૂં સેવવા શિવને રે લોલ.
સહુ સેવકોને તાર્યા તેં સંતાપથી રે લોલ.
કવિ થયા કાળીદાસ તમ પ્રતાપથી રે લોલ;
માત દાસ તણું નામ અમર રાખીયું રે લોલ;

કાપી કષ્ટને અભય પદ આપીયું રે લોલ.
માયા વાળા મોટા જન તો બહુ થયા રે લોલ;
તેહ તણું નામ સર્વ કો ભુલી ગયા રે લોલ.
પણ કવિ તણું નામ તો અખંડ છે રે લોલ;
આપ તણો એવો પ્રતાપ પ્રચંડ છે રે લોલ.
રચતાં નવીન ગ્રંથ બુદ્ધિ આપજો રે લોલ;
કરી કરૂણાને દાસ મને સ્થાપજો રે લોલ.
કહું સુંદરજી કરીને હું વિનતિ રે લોલ;
માત આપો વર માગું છું હું સુમતિ રે લોલ.

ઈશ્વર સ્તુતિ.

દોહરા.

જયકર જયકર જગપિતા જયકર જગદાધાર;
શ્રેય કરો સૃષ્ટા સદા, સુંદર અરજ સ્વિકાર.
અવિનાશી તું એક છો, સૃષ્ટિ સકળ સરજનાર;
અભિવંદન કરિએ અમે, ઉતારો ભવ પાર.
પાપ હરા પરમેશ્વરા, પરમ પિતા પ્રખ્યાત;
તુંજ સગો સ્નેહી સદા, તુંજ પિતા તું ભ્રાત.
તું સહુને સરજનાર છો, તું પોષણ કરનાર;
છેવટ સઘળી સૃષ્ટિનો, લય પણ તું કરનાર.
સહુને સહુનાં કૃત્યનું, પ્રભુ તું ફળ દેનાર;
પાપી ધરમી પ્રાણિનાં, લેખાં તું લેનાર.
ઈશ્વર તુજ અકળિત કળા, કોઇ નહિ કળનાર;
જપ, તપ, તીરથ, વ્રત વડે, મર્મ નહીં મળનાર.
પૂર્વે જે જે થઇ ગયા, રૂષિ મુનિ આદિ મહંત;
તે પણ તુજ રચના તણો, પામિ શક્યા નહિ અંત.
શેષ સહસ્ત્ર મુખે કથે, તુજ મહતા મહિમાય;
સરસ્વતિ આપ લખે સદા, તોય ન પાર પમાય.

તું બ્રહ્મા તું વિષ્ણુ છો, તું છો રૂદ્ર સ્વરૂપ;
તું કર્ત્તા તલ માત્રનો, તું છો ત્રિભુવન ભૂપ.
જે જે છે આ જગતમાં, તે તારૂં કીધેલ;
તુજ મય આ સંસાર છે, તું સઘળે પ્રસરેલ.

સોરઠા.

તુજ ગુણ અપરંપાર, પાર ન પામ્યા પંડિતો;
કેમ કરૂં વિસ્તાર, મતિ ઓછી છે માહરી.
પરમ પિતા પ્રિયકાર, આપજ મારા ઇષ્ટ છો;
આપ ઉતારો પાર, કવિ સુંદરજી કરગરે.

ભુજંગી છંદ.

તુંહી તું દિસે છે, સદા સર્વ સ્થાને,
ખરા ભક્તને તું મળે, પૂર્ણ જ્ઞાને;
ખરી ખોળ કીધે ખરી વસ્તુ પામે,
ચિદાનંદ વ્યાપી રહ્યો ઠામ ઠામે.

દોહરા.

અખિલેશ્વર તું એક છો, તારક મારક તાત;
બહુ નામી બહુ રૂપિ તું, તુંજ પિતા તું માત.
ખાલી નથિ આ ખલકમાં, કોઇ જગ્યા કિરતાર;
ઘટ ઘટમાં વ્યાપી રહ્યા, પ્રભુ તું પરમોદાર.
આપ કને હરિ યાચિએ, અચળ અભય વરદાન;
દઢતા પૂર્વક દાસને, ભક્તિ દિઓ ભગવાન.
સ્નેહ સહિત તવ ચરણમાં, વંદું વાર હજાર;
મંગળ કર મમ વિશ્વમાં, જય જય વિશ્વાધાર.
ભ્રમણા ભાંગે ભજનથી, કીટે કોટિક ફંદ;
તુજ પદ પંકજ પૂજતાં, પ્રગટે પૂર્ણાનંદ.
માયા નથિ જોતી મને, કાયા પણ નિષ્કામ;
હરદમ હરિ તવ ગુણ કથું, આપ અખંડારામ.

તું મોટો માયા કરણ, મોટો તારો ભાર;
તો પણ હે ! હરિ હું તને, રાખું ઘટ મોઝાર.
આશા છે ઉર એટલી, ગો લોકે લઈ જાવ;
પ્રીત સહિત પદ કમળમાં, લોટીને લ્હાં લ્હાવ.

માલિની છંદ.

જન જગત વિષે જે, ભક્તિ ભાવે કરે છે,
સહજ સહજમાં તે, આ ભવાબ્ધિ તરે છે;
હરિ તવ ગુણ ગાતાં, મોક્ષનું દ્વાર ખુલે,
તુજ ભગત જનોને, કો સમે તું ન ભૂલે.

દોહરા.

યશ આપો આ ગ્રંથમાં, યાચું એ આશીષ;
પુનિ પુનિ પ્રભુ તવ પદ પુજું, અખિલ ભુવનના ઇશ.
શ્રોતા કવિતા સાંભળી, પામે પુર સંતોષ;
હોય કૃપા હરિ તાહરી, કાવ્ય કરૂં નિરદોષ.
અવર નથી આશ્રય મને, આપ વગર અવિનાશ;
હું તવ શરણે આવિયો, પૂર્ણ કરો મમ આશ.

મનહર છંદ.

વિશ્વની વિવિધ કૃતિ, કથતાં ન પ્હોંચે મતિ,
ગતિ છે ગહન અતિ, વિશ્વપતિ તાહરી,
સર્વ શક્તિવાન તમે, મોક્ષ પદ આપો મને,
દયાના સમુદ્ર દેવ, અર્જ સુણો માહરી;
પરમ પ્રભુજી પ્યારા, સુર પદ સેવે તારા,
ઇંદ્ર ચંદ્ર આદિ સહુ, આપને આધિન છે,
ગુણ ગણ ગાવા તારા, પ્રાણવત લાગે પ્યારા,
સુંદરજી કવિ સદા, તવ પદ લીન છે.

શ્રી શંકરની સ્તુતિ.

માલિની છંદ.

શિવ શિવ શિવ ભોળા, નામ પ્યારૂં તમારૂં,
પરમ હરખકારી, મોક્ષને આપનારૂં;
શુભ મતિ શિવ આપો, તો રચું ગ્રંથ સારો,
સકળ સ્થળ મને તો, આશરો છે તમારો.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ભોળા શંભુ સદા સહાય કરજો, જાણી તમારો મને,
આપો બુદ્ધિ કૃપાળુ દેવ મુજને, તો સર્વ સારૂં બને;
આપો છો નિજ શર્ણને સુખ સદા, કૈલાસવાસી તમે,
માગું સુંદર એટલું ચરણમાં, રાખો સદાએ મને.

લાવણી.

(જોડી તેં નવ જોઈ માડી—એ રાગ.)

શિવ તવ ચરણ કમળ પ્યારા— બે વાર.
મંગળમય છે મૂર્તિ મનોહર, મંગળ કરનારા.
નિજ ભક્ત પ્રતિપાળ છો દેવા— બે વાર.
સુરનર મુનિવર શેષ સહિત સૌ, સદા કરે સેવા.
ગિરજેશ કરૂણાકારી, — બે વાર.
ગ્રંથારંભે શ્રી શંકર કર, બુદ્ધિ પ્રફુલ્લિત મારી.
છે અતિ ગહન ગતિ તારી,— બે વાર.
તવ સદ્ગુણનું ધ્યાન કરવા, શક્તિ નથી મારી.
કરો આશા મારી પુરી; — બે વાર.
ધર્મનીતિના ગ્રંથો રચવા, આપો અતિ ચાતુરી.
શુદ્ધ સંપ વિશ્વમાં વધારો,— બે વાર.
સુંદરજી નિશ્ચય માનું મન, શ્રમ સફળ મારો.

મંદાક્રાન્તા છંદ.

પાપો કાપો, અભયપદનું, દાન આપો મહેશા,
પૂજું તારા, પદ કમળ હું, સ્નેહ સાથે હમેશાં;
કાશીવાસી, તમ ચરણમાં, રાખજો દાસ જાણી,
છોડાવો, આ, ભવભય થકી, અંતરે મ્હેર આણી.

ચંદ્રક્રીડા છંદ.

અરે ! ઓ ઉમાનાથ, સંસાર સિંધૂ વિષેથી ઉગારો,
વિના આપ દેવાધિ દેવા, દયાળૂ નથી કોઈ મારો;
મહા મોહકારી નઠારી અને કષ્ટકારીજ માયા,
નડે છે બધા પ્રાણિને તેથિ માયા વિષે સૌ ફસાયા.

રૂચિરા છંદ.

અઘમોચન અઘ હરજો મારૂં, અંતર ધ્યાન ધરૂં તારૂં,
અવર સકળ હું જુઠું ધારૂં, ભજન સદા તારૂં પ્યારૂં;
દુસ્તર સાગર તરવો તેમાં, સ્હાય સદાયે તું કરજે,
સુંદરજીના સ્વામી શંકર, હરકત તું હરદમ હરજે.

દોધક છંદ.

તારણહાર તમે જગતાતા, ભાવિક સેવકને સુખદાતા;
ત્રીવિધ તાપ તમે હરનારા, પ્રાણિનિ પીડ પરી કરનારા.

વૈશ્વદેવી છંદ.

દેવાધી દેવા, દાસને દાન દીધાં;
ભક્તોનાં કષ્ટો, બાળિને ખાખ કીધાં.
આધીવ્યાધીને, સૌ ઉપાધી નિવારો;
કીધાં જે કૂડાં કર્મ, તેને વિસારો.
માનું છું સાચી, એક સેવા તમારી;
હું છું તારો તેં, કેમ દીધો વિસારી.
મેવા લેવાને, સર્વ સેવા કરે છે;
તારી સેવાથી, આ ભવાબ્ધી તરેછે.

આશાગોડી છંદ.

સંકટ સઘળાં સંહારો, શશિધર સંકટ સઘળાં સંહારો. ટેક.
હય કર જોડી નમન કરૂં છું, ભવ સાગર ભય ટાળો. શશિ૦
શરણાશ્રયને શરણે રાખો, બિરદ તમારૂં પાળો. શશિ૦
અવર મુજને પ્રિય નથી કાંઈ, આપ જાણું છું તમારો. શશિ૦
ભક્તિ કરીને મુક્તિ ચહું છું, સુંદર સ્તુતિ સ્વિકારો. શશિ૦

લાવણી.

(ખુશ રહો સનમજી મેરા બીછાતા બેઠી—એ રાગ.)

પ્રિય સૃષ્ટિ સકળ સરજનાર દયાળુ દેવા,
કરૂં પ્રીત સહિત હું નિત્ય તમારી સેવા.
મુજ અંતર માંહી નિરંતર નામ તમારૂં;
પ્રભુ પરમ પ્રમોદ જનિત પ્રાણથી પ્યારૂં.
છો ભક્ત તણા પ્રતિપાળ જગતના સ્વામી;
વિભુ વંદું વારંવાર ચરણ શિર નામી.
તમે અકળ કળા કરનાર વિભુ વિખ્યાતા;
ચહું ચરણ કમળ હું ચિત્ત સુંદર સુખદાતા.

પ્રમાણિકા છંદ.

મહેશ્વરા મયા કરો, સ્વદાસની પીડા હરો;
હરીસ આ હિયે ધરો, પધારતાં ત્વરા કરો.

રાગ પીલુ.

(કહું શું નસીબે દુઃખીયા કીધો છે—એ રાગ.)

જય ત્રિપુરારિ, ભવભય હારી;
સંકટ સઘળાં, નાખો સંહારી. જય.
કામને બાળી, ભસ્મ કર્યો શિવ;
મદનનો મદ નાખ્યો મારી. જય.
સ્વર્ગપતિ શ્રી ઇંદ્રાદિક સહુ;
સ્તુતિ કરે છે સદાયે તમારી. જય.
વર શુભ આપો સંકટ કાપો;

એવી છે ટેવ અનાદિ તમારી. જય.
હું વર માગું શિવ તમ આગળ;
આશા પુરો ઇશ આજે અમારી. જય.
ગુણ તમારા લાગે પ્યારા;
અવર અકારા ઉરમાં ધારી. જય.
નિજનો જાણી, હે! શૂલ પાણી;
કરૂણા કરીને કૃપા ઉર ધારી. જય.
સુંદરજી હું દાસ તમારો;
શરણે રાખોને મુજને સંભાળી. જય.

કુસુમ વિચિત્રા છંદ.

નથિ નથિ કોઇ તમ વિણુ મારૂં,
મુજ મન ભાવે ભજન તમારૂં;
સુરપતિ મારો સુર ઉર ધારો,
વિપત હરો હે! વિપત વિદારો.

ગઝલ.

(રાજા હુઉં મેં કોમકા, ઓર ઇંદ્ર મેરા નામ—એ રાગ.)

વાર વાર માગું છું હું, શિવ તમારી પાસ;
કૃપાકરા હરા પતિ હે! પૂરો મારી આશ.
સંપ સુખ શાન્તિદાર, છો અનાથ નાથ;
ભવ સિંધુમાં બુડતાં, ઝાલો સદાશિવ હાથ.
ગંગધારી કષ્ટહારી, જય શ્રી ગૌરીશ્યામ;
આપ વિણ કોણ કરે? દાસ તણાં કામ.
મહાદેવ ઇષ્ટ દેવ, ભક્તિ આપની ગમે;
સુંદરજીના સ્વામી શિવ પ્યારા લાગો છો મને.

શિખરિણી છંદ.

દયાસિંધૂ દેવા, પરમ પદ લેવા જપ કરૂં,
ભજું ભાવે ભોળા, અવર કહિ ને અંતર ધરૂં;
ખરી લગ્ની લાગી, તુજ ભજનમાં શંકર મને,
હવે બીજું કાંઇ, મુજ મન વિષે તો નવ ગમે.

લાવણી.

(હાથ ચક્ર ત્રિશુળ બિરાજે—એ રાગ.)

શશિ શેખર ધર સુખકર શંકર, દુર્ઘટ સંકટ દૂર કરજો;
વાસ વસો કૈલાસ વિષે શિવ, દાસ દલિલ દિલમાં ધરજો.
મુકુટ મણિમય શિર પર શોભે, કાને કુંડળ ઝળકે છે;
રત્ન જડિત આ દેવળ દીપે, ધ્વજા શું સુંદર ફરકે છે.
પંચ વદન ત્રિનેત્ર બિરાજે, વામાંગે ઉમીઆ નારી;
અર્ધ સુધાકર ભાલે ધરીઓ, તેની શોભા બહુ સારી.
ડાક, ડમરૂ, ત્રિશૂળ, શૃંગી કર, કંઠે મુક્તાની માળા;
વિજીયા વ્હાલી શિવજી તમને, ઉપવિત છે મણિધર કાળા.
સભા ભરી શિવરાય બિરાજે, સુર સકળ ત્યાં આવે છે;
પ્રેમે પૂજન કરવા કારણ, સામગ્રી શુભ લાવે છે.
મેઘા ડમર, છતર, ચામર, રત્ન જડિત આસન ધરીયું;
ઇંદ્રાદિક દેવ નેકી પુકારે, થેઈ થેઈ નાચ કરે પરીયું.
વિધિ વેદની ધૂન મચાવે, વિષ્ણુ પણ વિનતિ કરતા;
શુક સનકાદિક સરખા જોગી, ધ્યાન તમારૂં તે ધરતા.
નિકટ બિરાજે નંદી ભૃંગી, ગણપતિ આદિ ગણુ ઘણા;
શુદ્ધ સ્નેહથી સેવક સર્વે, ગુણ ગાય છે આપ તણા.
અકળ ગતિ છે ઇશ આપની, કોઈ કવિ નહિ કળનારા;
ચર્ણોદક ચાહક સેવકને, અભિષ્ટ વરના દેનારા.
ઉમા સહિત મેં નિરખી નેત્રે, મૂર્તિ તમારી મન હારી;
કહે સુંદરજી નવલ છબી તે, મેં મુજ મનમાં ઉતારી.

કિરીટ છંદ.

દર્શનથી મુજ દૂર થયું દુઃખ, હર્ષ ઘણો ઉપજ્યો મમ અંતર,
આપ કૃપા કરશો ઉમિઆપતિ, શર્ણ તણા પ્રતિપાળ નિરંતર;
હું તવ ચર્ણ સદાય ચહું શિવ, જાપ જપું મુખ શંકર શંકર,
ભક્તિ અખંડ દિઓ મુજને હર, જાણિ સદાશિવ સેવક સુંદર.

દુહો.

જય જય જય ઉમિઆપતી, જય જય જગ પ્રતિપાળ;
હું સુંદર જય જય ચહું, જય કર દેવ દયાળ.

લલિત છંદ.

શિવ કૃપા કરા, નાથ માહરા; ચિત વિષે ચહું, ચર્ણ તાહરા.
તુજ દયા વિના, હું અનાથજી; કર ગ્રહો તમે, વિશ્વનાથજી.
ચપળ ચિત્ત આ, તુજમાં ભમે, અવર તો મને, કાંઈ ના ગમે;
ન વિસરા ઘડી, શૂલ હાથજી, કર ગ્રહો તમે, વિશ્વનાથજી.
ભવ સમુદ્રમાં, બૂડતાં પ્રભો, શરણુ તાહરે, આવિયો વિભો;
દિલ દયા ધરી, રાખ સાથજી, કર ગ્રહો તમે, વિશ્વનાથજી.
ભજન ભાવથી, જે જનો કરે, નહિ નરો કદી, દુઃખથી મરે;
શિવ દયા કરો, શિષ્ય માથજી, કર ગ્રહો તમે, વિશ્વનાથજી.
અરજ માહરી, ઉરમાં ગ્રહો, હર હરા સદા, ચિત્તમાં રહો;
વિનતિ હું કરૂં, જોડિ હાથજી, કર ગ્રહો તમે, વિશ્વનાથજી.

માલિની છંદ.

ચરણુ કમળ પ્યારા શંભુજી છે તમારા,
અવર સરવ લાગે, વૈભવો તો અકારા;
રટણુ ઉર વિષે છે, એક તારૂંજ પ્યારૂં,
તુજ ભજન વિના સૌ, અંતરે છે અકારૂં.

ઠુમરી.

(રથપે જદુનંદન આવત હે—એ રાગ.)

મુજ રંક પરે કરૂણા કરજો;
શિવ સંકટ સર્વ તમે હરજો. મુજ.
દીન દાસ તણાં નિત ક્ષેમ કરો;
નિજ આશ્રિત પર ખુબ મ્હેર કરો. મુજ.
પદ પંકજ પ્રાણુ સમાન મને;
તવ નામ તણા ગુણુ ગાન ગમે. મુજ.
નિશિ વાસર હું શિવ શર્ણુ ચહું;
શિવ વિણુ બીજું મુખથી ન કહું. મુજ.
નિજ ભક્ત તણા પ્રતિપાળ તમે;
અઘ બાળી કરો શિવ મુક્ત મને. મુજ.

ગીરિજાપતિ પાપ તમામ હરો;
મુજ દોષ નિરંતર માફ કરો. મુજ.
ભવ દેવ તમે ભવ ભીતિ હરો;
નિજનો સમજી શિર હાથ ધરો. મુજ.
મમ પાપ અમાપ પરાં કરજો;
શિવ શત્રુ સમુહ સદા હણજો. મુજ.
પ્રભુ દીન દયાળ કૃપાળ અતિ;
નમી ચર્ણ ચહું શિવ શુભ મતિ. મુજ.
કર જોડી કહે નિત સુંદરજી;
ઉરમાં ધરજો શિવજી અરજી. મુજ.

ભુજંગી છંદ.

ઉમા ઇશ હું આપને પાય લાગું, કરી ભકિત તારી સદા મુકિત માગું;
નહીં અન્ય કોઇ મને વસ્તુ પ્યારી, દિઓ ભક્તિ શંભુ સદાયે તમારી.
સહૂ દેવના દેવ તું દેવ મોટો, કરે ભક્તિ તારી ન રે કાંઇ તોટો;
ભજે ભાવથી આપને સૃષ્ટિ સારી, દિઓ ભક્તિ શંભુ સદાયે તમારી.
પુરા પ્રેમથી જે કરે આપ સેવા, મળે તેહને તો સદા મિષ્ટ મેવા;
વળી પાપના પુંજ નાખો નિવારી, દિઓ ભક્તિ શંભુ સદાયે તમારી.
દયા લાવિને દાસનાં દુઃખ કાપો, મને શર્ણ જાણી સદા સૂખ આપો.
છબી આપની છે મને પૂર્ણ પ્યારી, દિઓ ભક્તિ શંભુ સદાયે તમારી.

મનહર છંદ.

અંતર ઉમંગ આણી, સમરૂં હું શુલ પાણી,
ત્યારે મારૂં મન અતિ, પ્રફુલ્લિત થાય છે,
આધિ અને વ્યાધિ વળી, ઉપાધિ પામે છે નાશ,
પ્રમોદ પામું હું પુરો, દુઃખ દૂર જાય છે;
ઉમાપતિ આપ અતિ, પ્રબળ પ્રતાપી દિસો,
સ્મરણથી સેવકોનાં, સંકટો કપાય છે,
સુંદરજી ચિત ચહું, તવ પદ પંકજને,
જેથી કરી ત્રિવિધિના, તાપ ટળી જાય છે.

તરલ નયન છંદ.

પરમ હરષ કર અઘહર, હર હરકત હર સુખ કર;
મુજ શિર પર શિવ કર ધર,જય જય શિવ પિડ પરિ કર.

હિંડી.

ગંગધારી તારી ભક્તિ પ્રાણુ પ્યારી,
ભોળાનાથ આપ ખબર લેજો મારી,
કરૂં સ્તુતિ અહો નિશ દિશ તારી; ગંગધારી.
કામ ક્રોધ લોભ શત્રુને સંહારો,
ઉમાનાથ આપ હાથ અહો મારો,
દીન દાસ તણી અરજ આ સ્વીકારી; ગંગધારી.
કરૂં નમન વારવાર ઈષ્ટ દેવા,
સુંદરજી ચહું સદૈવ શિવ સેવા,
લાગે અન્ય સર્વ વસ્તુઓ અકારી; ગંગધારી.

ત્રિભંગી છંદ.

જય ગંગબિહારી, બીરદ ધારી, અરજ સ્વિકારી ઉર મારી,
ત્રિશૂળ કર ધારી, રક્ષા મારી, શરણે ધારી કર સારી;
પ્રાણાધિક પ્યારી, ભક્તિ તમારી, લાગે સારી સુખકારી,
સુંદર મતિ મારી, થાઓ સારી, સંકટ હારી ત્રિપુરારી.

(છૈયાં છૈયાં છૈયાં રે, દોનું ઠાડે કદમકી છૈયાં—એ રાગ.)

પ્યારા પ્યારા પ્યારારે, હરહર શિવ શંકર પ્યારા, ટેક.
શંકર તવ ગુણુ ગાન તાણું હું,માન ધરૂં મન મારારે, હર.
નિત્ય નિરંતર અંતર ભિતર, ચરણુ ચહું હર તારારે, હર.
સૃષ્ટિ નિયંતા પરમ પુનિતા, સુંદર શ્રય કરનારારે. હર.

પીલુ.

(જય ત્રિપુરારિ, ભવભય હારી—એ રાગ.)

અરજ અમારી, અંતર ધારી;
મ્હારે પધારો, હે ! ત્રિપુરારિ. અરજ.
સુમતિ આપો, કુમતિ કાપો;

દાસ દલિલ શિવ, લેજો સ્વીકારી. અરજ.
અવર અમોને, કશું નથી જોતું;
ભક્તિ સદાશિવ, આપો તમારી. અરજ.
એવી કરૂણા, કરો અમ ઉપર;
રાજી રહીએ, નામ ઉચ્ચારી. અરજ.
શાસ્ત્ર સિદ્ધાંતો, વાંચ્યાં વૃત્તાંતો;
નામ સમાન, નથી હિતકારી. અરજ.
વજી, મણી, વલ્લભ, સુંદર સાથે;
સેવા કરે શિવ નામ પોકારી. અરજ.

રાગ માઢ.

કરીએ સેવા તમારી, લેજો સ્વીકારી;
બાળક ધારી, મ્હેર કરો મહારાજ. ટેક.
શરણે આવી આપને, માગીએ એ વરદાન;
ભક્તિ અમોને આપજો, ભાવે ભોળા ભગવાન. કરીએ.
ગાઇએ ગુણ નિત્ય આપના, કરીએ લીલા લ્હેર;
નીતિ મારગ ન ચુકીએ, એવી કરો પ્રભુ મ્હેર. કરીએ.
વિકટ જાળ આ વિશ્વની, વિકટ છે વહેવાર;
પંચ અરિથી બચાવો પંચાનન, તોજ ઉતરીયે પાર. કરીએ.
વજી, મણી, વલ્લભ, સુંદર સાથે, ગુણ તમારા ગાય;
કૃપા કટાક્ષ કરી અમ ઉપર, શંકર કરજો સહાય. કરીએ.

(વ્રતરે રહીએ એકાદશી, જળ જમુનાનાં જાઇએ—એ રાગ.)

અરજ અમારી :ઉમાપતિ, આપ ઉર ઉતારો;
મ્હેર કરી અમ ઉપરે, ભવ સાગર તારો.
કોઈ નથી સગું સાગલું, આપ વિણ અમારૂં;
જગત સકળ જુઠું જાણીને, પ્રભુ શરણ તમારૂં.
આપ અમારા તાત છો, આપ બંધવ બેલી;
લગની લાગી એક આપથી, બીજી મમતાઓ મેલી.
આધિ વ્યાધિને ઉપાધિથી, અમ રક્ષણ કરજો;

નિજનાં જાણીને આ બાળને, હર હરકત હરજો.
દુઃખમાં ડુબેલાં દાસને, દિલાસો દેવા આવો;
બાળક જાણી આપનાં, અમને લાડ લડાવો,
અવર ઇચ્છા નથી અંતરે, એક આપ સાથે કામ;
હેતે હજુરમાં રાખીને, આપો અખંડ આરામ.
જન્મ મરણની જાળને, કરૂણા કરી કાપો;
તવ પદ પંકજ પુજવા, ઇશ અવકાશ આપો.
વજી, મણી, વલ્લભ વિનતિ, સુંદર નાથ સ્વીકારો;
ભવદેવ ભાવિક ભક્તોના, પાપ પુંજ પ્રજાળો.

બનજારા.

શું સુતા તમે ત્રિપુરારિ ? ઉઠો ખબર લેવા અમારી; ટેક.
કાંઈ અપરાધ હોય અમારો, ક્ષમા કરવાનો ધર્મ છે તમારો;
અમને બાળક તમારાં ધારી, ઉઠો ખબર લેવા અમારી.
અમે ભક્તિ તમારી કરીએ, નિત્ય ધ્યાન તમારૂં ધરીએ;
તમ ચરણ કમળ બલિહારી, ઉઠો ખબર લેવા અમારી.
અમે કષ્ટાધિન કદિ થાશું, ભવસાગરમાં બુડી જાશું;
તો હાંસી થાશે તમારી, ઉઠો ખબર લેવા અમારી.
વજી, મણી, વલ્લભ, સુંદરજી, કર જોડી કરે છે અરજી;
હવે સત્વર કરો તૈયારી, ઉઠો ખબર લેવા અમારી.

(પડવાની પણ પ્રીત, ગતિ મતિ બુઝી રે—એ રાગ.)

અમે આવ્યાં તમારે આશરે શિવ દેવા રે;
કર જોડીને આ વાર કરીએ સેવા રે.
અમે છઇએ તમારાં બાળ કરૂણા કરજો રે;
શિવ સેવકના પ્રતિપાળ દુઃખડાં હરજો રે.
નથી એવું અમોને જ્ઞાન, ભક્તિની શી વીધિ રે;
એક લઇએ આપનું નામ, ગુણના નીધિ રે.
વજી, મણી, વલ્લભને સુંદરજી રે;
શિવ પદ પંકજનાં પ્યાસી કરે છે અરજી રે.

કાફી.

ભવસાગર પાર ઉતારો,ઉમાપતિ હે ! ભવસાગર પાર ઉતારો. ટેક.
આપ વિના નથી કોઇ અમારૂં આધાર એક તમારો; ઉમા.
પંચ અરિ પજવે છે અમને, તેને તમે વિવેકે વિદારો; ઉમા.
આપ તણી જો હોય કરૂણા, તોજ આવે ભવ આરો; ઉમા.
આપ નહિ જો વ્હારે પધારો તો, કોઈ નથી રે અમારો; ઉમા.
વજી, મણી, વલ્લભ, સુંદર સાથે, જાપ જપે છે તમારો; ઉમા.

મનહર છંદ.

ત્રિભુવન તાત તમે, કષ્ટથી ઉગારો મને,
વ્હારે ચડો આવે સમે, ગમે તેમ કરીને,
વૃષભ વાહન પર, ઉમંગે આરૂઢ થાઓ,
દાળિદ્રને દળી નાખો, નાવે પાછું ફરીને;
ચારે બાજુ ચડેલું છે, દુઃખદ વાદળું દુષ્ટ,
કાયર કરે છે બહુ, હિમ્મતને હરીને,
સુંદરજી કહે નથી, ચાલતી ચાતુરી કાંઇ,
હરાવ્યો હઠાવ્યો હાય, કષ્ટાધિન કરીને.

હરિગીત છંદ.

શિવ પાર્વતીના છો પતી, આપો અતી અમને રતી;
તવ પાદ પંકજ પૂજતાં, અંતે થશે સારી ગતી;
જે નર નમે પ્રેમે તને, સંસાર તે તરિ જાય છે,
સુંદર કહે તુજ સેવકો, કૈલાસ અંત પળાય છે.

મનહર છંદ.

ખુબી ભર્યાં ખાનપાન, ગાન તાન ગુલતાન,
માન સહવર્તમાન, આપો ઇશ અમોને,
અવરની આશ તજી, આપને શરણુ આવી,
વારંવાર વંદું છું હું, ત્રિપુરારિ તમોને;
પુત્રને કલત્ર આદિ, પરિવાર પુન્યશાળી,
બંધવ બળિષ્ટ અને, બુદ્ધિશાળી આપજો,

સુંદર સેવક તારો શુદ્ધ અને સાચો હોઉં,
તો અખંડાનંદ આપી, કષ્ટ બધાં કાપજો.

હરિગીત છંદ.

વરદાઇ છો વિશ્વેશ્વરા, માહેશ્વરા યોગીશ્વરા,
હરકત હરા હે! ઇશ્વરા, હર અંકમાં શોભે હરા;
ગજ વદન સંગે ગાજતા, નંદી અને ભૃંગી ગણો,
સુંદર કહે શિવજી તમે, આફત વિપત હરદમ હણો.

મનહર છંદ.

બાર બાર વિનયથી, વંદન કરૂં છું વિભુ,
આપની અકૃપા યોગે, અતિ અકળાઉં છું,
આફતના અખાતમાં, ડુબેલો છું દાસ તારો,
સહાય સત્વર થાઓ, કષ્ટે કચરાઉં છું;
દાસાનુજ દાસ જાણી, સંભાળ લ્યો શુલપાણી,
હદ વળી ગઈ છે હવે, મનમાં મુંઝાઉં છું;
સુંદર અરજ સુણી, ઉગારો શ્રી ઉમાપતિ,
ત્રિવિધિના તાપ વડે, બળી ભસ્મ થાઉં છું.

દોહરા.

ભોળા તું તુજ ભક્તનાં, કષ્ટ કરે છે નાશ;
તેમ છતાં દુઃખ ભોગવે, કોઈ તમારા દાસ.
હોય કસુર કંઇ બાળની, માફ કરો મ્હાદેવ;
કષ્ટાતા કિંકર તણી, વ્હાર કરો તતખેવ.

મનહર છંદ.

બાળક અજ્ઞાન યોગે, કરે છે કસુર કાંઇ,
ત્યારે તેનાં માતાપિતા, શિક્ષા કાંઈ કરે છે,
ક્રોધાંધ થવાથી તેઓ, પ્રહાર કરે છે પણ,
ધાંડ રોવરાવ્યા પછી, અશ્રુ તેનાં હરે છે;
ગમે તેવો ગુસ્સો છતાં, પુત્રના વાત્સલ્ય પ્રેમે,
માતાપિતા સખ્ત શિક્ષા, દેતાં દિલ ડરે છે,

એમ આપ ઉમાપતિ, શિક્ષા દેતાં શાન્ત થાવ,
સુંદરજી હસ્ત જોડી, અર્જ એવી કરે છે.

દોહરા.

બાળક નિજ પિતુ માતને, પજવે છે બહુ પેર;
તો પણ તેના ઉર વિષે, પ્રગટ થતું નથિ ઝેર.
ધમકાવે બહુ ધમકથી, ચમકાવે ચખ માર;
તો પણ અંતરમાં રહે, પૂર્ણ ભરેલો પ્યાર.
આપ અમારા ઇષ્ટ છો, આપ ખરા મા બાપ;
એ માટે આ કષ્ટથી, ઇશ ઉગારો આપ.
ભક્ત બિરદ પાળક તમે, છો ભોળા ભગવાન;
અન્તર અમારૂં કો નથી, હિતકર આપ સમાન.
રૂષિ રક્ષણ કારણ તમે, ઝ્હાર કરી તતખેવ;
પ્રગટ થયા પળ એકમાં, બાણ વિષે મ્હાદેવ.
હોય અસુર યા દેવતા, શરણે આવે ખાસ;
તો તેનાં અંતર તણી, પૂર્ણ કરો છો આશ.

ભુજંગી છંદ.

નમું નાથ હું હાથ જોડી હમેશાં,
બચાવો મને બૂડતો હે ! મહેશા;
કરૂં ભક્તિ ભાવે સદાયે તમારી,
પુરો આશ આજે ઉમાકાન્ત મારી.

મનહર છંદ.

કામ ક્રોધ, લોભ અને, મોહાદિક પંચ અરિ,
આપની આરાધનામાં, આડા તેઓ આવે છે;
વિવેક વિચાર વડે, ડરી દૂર રહું છતાં,
વખતો વખત તેઓ, ફસાવીને ફાવે છે;
આપની કૃપાના યોગે, ટક્કર લહું છું ખુબ,
તદપિ તે જુલ્મગારો, હરાવી હઠાવે છે,
સુંદરજી કહે મને, ઉગારો હે ! ઉમાપતિ,
પંચ અરિ પુઠે પડી, પૂરણ સતાવે છે.

સોરઠો.

બચાવિઓ બહુ વાર, પંચ અરીના પાસથી;
એ રીતે આ વાર, ઉમા ઈશ ઉગારજો.

ઈંદ્રવિજય છંદ.

પંચ અરી બળવંત દિસે બહુ, કેમ કરી કરિએ વશ તેને,
યોગિ અને તપધારિ મુનિશ્વર, કોઇ ન પ્હોંચિ શકયા જન જેને;
પંચ અરીથિ, ડરી દિલ સુંદર, વીનવિએ કર જોડિ તમોને,
ભક્તિ દિઓ ભવ ભીતિ હરો શિવ, અન્ય નથી દરકાર અમોને.

ભુજંગી છંદ.

નિવાજો મને નેહથી નાથ મારા,
ચિદાનંદ લાગો મને પુર્ણ પ્યારા;
નિજાનંદ આપો મને જ્ઞાન દ્વારા,
ફરી જન્મ પામું ન સારા નઠારા.

દોહરા.

પુનિ પુનિ કરિને પ્રાર્થના, માગું એ વરદાન;
જન્મ મરણની જાળને, તોડો હે! ભગવાન.
ચોરાસીનાં કષ્ટનો, કરતાં ઉર વિચાર;
ત્રાસ છુટે છે મન વિષે, કથતાં નાવે પાર.
જોયું જાણ્યું જગતને, ખોયું આયુષ્ય વ્યર્થ;
મિથ્યા માયા મોહમાં, સર્યો નહિ નિજ અર્થ.
વખત વીતિ જાશે પછી, સરશે નહિ કંઈ કામ;
અધર ઉચાળા ઉપડશે, ધર્યાં રહેશે ધામ.
હરદમ હું મુજ હૃદયમાં, એજ ઘડું છું ઘાટ;
અવિનાશી તું સત્ય છો, બીજો ખોટો ઠાઠ.
વિશ્વેશ્વર વંદન કરી, વિનવું વારંવાર;
યાચું તે આપી મને, ઉતારો ભવ પાર.
ભવ સાગરમાં ભટકિને, થાકયો હું મતિમંદ;
શરણ ગ્રહ્યું શિવ આપનું, આપો નિજ આનંદ,

ઓળખિએ નિજ આત્મને, અચળ રહે ઉર ધ્યાન;
ઈશ એવી કરૂણા કરો, પ્રગટે પૂરણ જ્ઞાન.
અવર વિવિધ વૈભવ તણું, મારે નથિ કંઈ કામ;
શાન્તિ સદા શિવ આપજો, અષ્ટ પ્રહર આરામ.
અવર સકળ સુખ સૃષ્ટિનાં આખર છે દુઃખકાર;
એવું જાણી ઉર વિષે, પ્રગટ થતો નથિ પ્યાર.
આદિ નથી નથિ અંતમાં, વચમાં જે વરતાય;
એ સુખમાં જ્ઞાની જનો, કદિ પણ નહિ લલચાય.
સત્ય પદારથ સાંપડે, દૃઢ નિશ્ચય થઈ જાય;
અવિનાશી આપો મને, એવો શુભ ઉપાય.
સુંદર આ તન મનુષનું, પામ્યો પુન્ય પ્રતાપ;
હું મુજને દૃઢ ઓળખું, એ વર આપો આપ.
અદ્‌ભુત સુખ સંસારનાં, આપ્યાં છે તેં ઈશ;
શાન્તિ નથી થાતી જરી; જ્ઞાન વગર જગદીશ.

શિવ ભક્તિનો મહિમા.

વનજારા.

થશે સફળ જન્મ તમારો, સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો. ટેક.
ષટ શાસ્ત્ર જેને વખાણે, કોઈ અંદેશો નવ આણે;
શિવ ધર્મ સદા સત ધારો, સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
દૃઢ દિલથી ભજે શિવ જ્યારે, થાય પ્રસન્ન ઉમાઈશ ત્યારે;
કરે વૈભવ માંહી વધારો, સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
શિવ સદ્‌ગુણ શ્રવણ કરે જે, ભવ સાગર સ્હેજે તરે તે;
રહે પ્રસન્ન પાર્વતી પ્યારો, સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
શિવ સેવકનાં સંકટ સંહારે, શિવ સાગર બુડતાં તારે;
એવો પ્રતાપ શિવનો સારો; સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
શ્રી હર હર શબ્દોચ્ચારે, કોઈ ધૂન મચાવે જ્યારે;
ત્યારે છુટે આનંદ ફુવારો, સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.

ભાવે ભાવિક ભક્તને ભોળો, આપે આનંદ વિભૂતિ ગોળો;
હર હરકત હરશે હજારો; સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
જે કરે છે શિવની ભક્તિ, તેને મળે છે અંતે મુક્તિ;
જીવ શિવ શરણે રહેનારો, સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
કહે સુંદરજી શિવ સેવો, ફરી જન્મ પડે નહિ લેવો;
આ અરજ અંતરમાં ઉતારો, સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો

માલિની છંદ.

હરહર મુખ બોલે, જે જનો પ્રેમ આણી,
હર શુભ વર દેશે, આપનો દાસ જાણી;
અઘ સકળ હરીને, આપશે સૂખ સારૂં,
વિપત વિઘન સર્વે, નાશ પામી જનારૂં.

ગરબો.

(સરસ્વતી કરૂં આપને હું વિનતિરે લોલ—એ રાગ.)

શુદ્ધ ચિત્ત રાખી, નિત્ય શિવ સાધશે રે લોલ;
તેહ તણો યશ, વિશ્વમાંહી વ્યાપશે રે લોલ.
ભોળો ભક્ત તણાં કષ્ટ સઘળાં કાપશેરે લોલ;
દુઃખ દુર કરી સુખ સારૂં આપશે રે લોલ.
સેવા શિવની કરે છે સહુ દેવતા રે લોલ;
પ્રેમે પુજવાથી સ્વર્ગ સુખ લેવતા રે લોલ.
વર આપે નિજ દાસને દયા કરી રે લોલ;
શિવ સેવકોનાં સંકટો લીએ હરી રે લોલ.
પુજ્યા રાવણે શંભુજી પુરી પ્રીતથી રે લોલ;
આપ્યું લંક તણું રાજ રૂડી રીતથી રે લોલ.
થયા બાણને પ્રસન્ન કષ્ટ કાપીયું રે લોલ;
હસ્ત સહસ્રને બળ બહુ આપીયું રે લોલ.
બાણ હાર્યો રણમાંહી શિવ સાધીયા રે લોલ;
દાસ જાણી દયા આણી ઈશ આવીયા રે લોલ.
કર્યું યુદ્ધને ઉગાર્યો દાસ આપનો રે લોલ;
એવો પૂરણ પ્રતાપ પ્રભુ આપનો રે લોલ.

શુદ્ધ સ્નેહ ધરી શિવની સેવા કરે રે લોલ;
તેને ભોળો શંભુ સર્વદા સુખી કરે રે લોલ.
શિવ તણા સાચા દાસ નહિ દુઃખીયા રે લોલ;
અહો નિશ મદમાતા રહે સુખીયા રે લોલ.
ભજો ભાવથી હમેશ શિવ નામને રે લોલ;
પામો કૈલાસ જેવા ધામને રે લોલ.
વિધિ વિષ્ણુને મહેશ એ તો એક છે રે લોલ;
જુદાં જુદાં રૂપ જોવામાં અનેક છે રે લોલ.
ગાય શેષજી હમેશ ગુણ જેહના રે લોલ,
ચહો ચરણ કમળ તમે તેહના રે લોલ.
અષ્ટ સિદ્ધિ નવ નિદ્ધિ તેથી તો મળે રે લોલ;
ફરી જન્મ મરણનો ફેરો ટળે રે લોલ.
પ્રભુ પુજનથી પાવન જે નવ થયો રે લોલ;
તેહ તણો અવતાર એળે ગયો રે લોલ.
ગરબો ગાય શીખે ને જે સાંભળે રે લોલ;
તેની મનોવૃત્તિ શિવજી પુરી કરે રે લોલ.
સદા સુખીયો રહે તે સંસારમાં રે લોલ;
વધે પ્રૌઢ પ્રતાપ પરિવારમાં રે લોલ.
કર જોડી કરે સુંદરજી વિનતિ રે લોલ;
થશે પરિતુષ્ટ ઇષ્ટ દેશે સુમતિ રે લોલ.

મનહર છંદ.

ચિંત્વન કરે છે ચિત્ત, નિત્ય ઉમાનાથ તણું,
શિવ શિવ શબ્દોચ્ચારે, પાવન જે થાય છે,
રતિપતિ રિપુ પર, હૃદયમાં રાખે રતિ,
અનીતિની ભીતિ રાખી, સુનીતિ ચહાય છે;
ભાવે ભોળાનાથ ભજે, અવર ઉદ્યાન તજે,
શુદ્ધ સ્નેહે શિવ તણા, સદગુણ ગાય છે,
સુંદરજી કહે એવા, શિવના સેવક સાચા,
સ્વર્ગાધિક સુખ પામી, કૈલાસે પળાય છે.

રૂચિરા છંદ.

ભજ મન શંકર, રટ મન શંકર, જય શિવ શંકર શંકર રે,
સુખકર શંકર, દુઃખ હર શંકર, હર હર શંકર શંકર રે;
અવર તજીને એકજ અંતર, રટો નિરંતર શંકર રે,
સુંદરજી શુદ્ધ ચિત્ત રાખીને, સમર સદૈવ શિવ શંકર રે.

મદિરા છંદ.

પ્રાતઃ સમે ઉઠિ નિત્ય નિરંતર, ધ્યાન સદાશિવનું ધરવું,
અન્ય ઉપાધિ ન રાખવિ અંતર, પૂજન શંકરનું કરવું:
રિદ્ધિ અને વળિ સિદ્ધિ મળે શુભ, આગ્રણુ ઊત્તમ આચરવું,
સુંદરજી સુખમાં દુઃખમાં પણ, શંકર નામ ન વીસરવું.

હરિગીત છંદ.

ભોળો ભજી લે ભાવથી, આનંદ ગોળો આપશે,
શિવ પાદ પંકજ પૂજતાં, અઘ ઓઘનાં મુળ કાપશે;
હરહર વદો મુખ હર ઘડી, હર હેતથી નિજ પદ દિએ,
સુંદર સદા શિવ સેવતાં, સંભાળ શિવ નિશ્ચે લિએ.

મનહર છંદ.

હરહર શબ્દોચ્ચારે, હૃદય ફુલાઈ જાય,
આનંદ અથાગ થાય, શંકરની સેવાથી,
રિદ્ધિસિદ્ધિ આવી મળે, સંકટો સમસ્ત ટળે,
બળે પાપ પુંજ બધાં, શિવ નામ લેવાથી;
પાપ તાપ કાપનારૂં, અભયને આપનારૂં,
પ્યારૂં હર નામ મને, મિષ્ટ લાગે મેવાથી,
સુંદર સુભાગી નરો, શિવનું સ્મરણ કરો,
ભાવે ભવ સિંધુ તરો, શિવ નામ લેવાથી.

હરિગીત છંદ.

હરહર સમર નર હર ઘડી, પળ વિપળ પણ શિવ લે ભજી,
કર ભક્તિ ભોળાનાથની, જંજાળ સઘળી દે તજી;

ધન, ધામ, સંપત, સુત, સુતા, શિવજી સપ્રેમે આપશે,
સુંદર અહુર નિશ સેવતાં, શરણે સદાશિવ રાખશે.

મનહર છંદ.

શિવને મંદિર જવા, અહુથી તૈયાર થતાં,
ડગલે ડગલે એક, યજ્ઞ ફળ મળે છે,
શંકર સમિપ રહી, હરહર મુખ કહી,
મસ્તક નમાવે તેના, ત્રણે તાપ ટળે છે;
ચંદ્ર ચૂડામણિ ચર્ણે, ચિત્તને ચોટાડી દેતાં,
નિજ રૂપ જાણી જીવ, શિવ સાથે ભળે છે,
સુંદરજી કહે જેણે, શિવનું શરણ સેવ્યું,
ત્રિભુવન તણો તાત, તુર્ત તેને ફળે છે.

દોહરા.

સંપત દાતા શિવ સમો, અવર અમર નથિ કોઇ;
ઇચ્છિત વર શિવજી દિયે, ભક્ત ગમે તે હોય.
વૈભવ જોતો હોય તો, ભજવા ભોળો નાથ;
ભોળે કીધા ભલભલા, કેક અનાથ સનાથ.

રામનાથ મહાદેવની લાવણી.

રામનાથ ગ્રહો મુજ હાથ, કરો કરૂણા શિવજી મુજને;
વાર વાર હું કરૂં વિનતિ, પાયે લાગીને તમને.
આજી મધ્યે આપ બિરાજો, શોભા ત્યાં આગળ સારી;
ભવસાગર તરવાને માટે, ભજન કરે છે નરનારી.
આવી પ્રભાતે વીપ્રજનો ત્યાં, સ્નાન કરી સંધ્યા કરતા;
પ્રેમે પુજન કરી તમારૂં, ધ્યાન હૃદયમાંહી ધરતા.
પંચ વદન ત્રિનેત્ર બિરાજે, વામાંગે ઉમીયા નારી;
દસ ભુજામાં આયુધ ધરીયાં, તેની શોભા છે સારી.
ગળે રૂંઢની માળ મનોહર, અંગ વિભૂતી બહુ ધારી;
અર્ધ સુધાકર ભાલે ધરીયો, તેની શોભા છે ન્યારી.
શિર પર સુંદર જટા ધરી છે, ઉપર ગંગ તણી ધાર;

સેવક નિરખી આનંદ પામે, શિવ તવ ગુણ ગાયે સારા.
સેવક જન જે શરણે આવે, શિવજી તેને સંભાળો;
સાચા દિલથી સેવે તમને, તો ભવસાગરથી તારો.
હરહર શંભુ હરહર શિવજી, હરહર શંકર દુઃખહારી;
કહે સુંદરજી દીઓ સદાશિવ, ભક્તિ તમારી ભયહારી.

જડેશ્વર મહાદેવની લાવણી.

બલિહારી હું નામ તમારું, સદા વસો શિવ જંગલમાં;
કરો કૃપા કરૂણાનીધિ દેવા, ધ્યાન ધરૂં છું હું દિલમાં.
ડુંગર ઉપર દેવળ રાજે, સદા તમારૂં સુખકારી;
જગ પ્રખ્યાત જડેશ્વર બંકા, ભક્ત તણું તે ભયહારી.
શ્રાવણ કેરા સોમવારમાં, શોભા ત્યાં થાયે સારી;
દૂર દેશથી દર્શન કરવા, આવે છે સહુ નરનારી.
ભક્તજનો ત્યાં બ્રાહ્મણ આદિક, ભાવે ભેટો લાવે છે;
ભજનાનંદમાં મગ્ન બનીને, આનંદ ધૂન ઉડાવે છે.
ખટ દસ પુજા ખાંતે કરીને, આરતી સુંદર ઉતારે;
સેવક સર્વે ભેગા થઇને, શિવ શિવ મુખથી ઉચ્ચારે.
વંધ્યાને તમે સુત આપો વળી, નિર્ધનને ધન આપો છો;
સેવક જન જે શરણે આવે, તેનાં દુઃખડાં કાપો છો.
અંધાજનને આંખ્યો આપો, પંગુજનને પગ સારા;
ભુખ્યાંને ભોજન આપો છો, સુખ સંપતના દેનારા.
સુંદરજી તમ શરણે આવ્યો, ભવસાગરથી ઉગારો;
મહેર કરીને મહાદેવજી, સંકટ સરવે નીવારો.

ઇશ્વરીયા મહાદેવની લાવણી.

વારવાર હું કરૂં વિનતિ, ઇચ્છા પુરી કર ઇશ્વરીયા;
પ્રેમે પુજા કરતાં ત્હારી, ભવસાગર સ્હેજે તરીયા.
સીથા નાકે દેવળ તારૂં, શોભા ત્યાં ઘણુ છે સારી;
સાંજ સવારે દર્શન કરવા, આવે છે બહુ નરનારી.
ત્યાં તો દેવળ ત્રણ બિરાજે, વચમાં દેવળ છે તારૂં;

અકળ લીલા દેખીને તારી, ચિત ચોંટયું છે ત્યાં મારૂં.
ડાબી બાજુ દેવળ જે છે, બહુચર ત્યાં બિરાજે છે;
જમણી બાજુના દેવળમાં, હનૂમાનજી રાજે છે
આગળ સુંદર ઓટો ઓપે, પાછળ કુવો છે સારો;
નિર્મળ જળથી તે ભરીયો છે, ઠાઠ બન્યો તેનો ન્યારો.
સોમવારે પૂર્ણ પ્યારથી, સેવક સર્વે આવીને;
સુંદર ફુલના હાર ચડાવે, બાગ વિષેથી લાવીને.
દિપમાળ પુરે છે પ્રીતે, શોભા તેની છે સારી;
અબીલ ગુલાલ ઉડે છે ત્યાં તો, તેની ખૂબી છે ન્યારી.
કર જોડીને કહે સુંદરજી, અરજી ઉર ધરજો મારી;
અહોનિશ ઇશ્વરીયા બંકા, આપે ભક્તિ દે તારી.

લક્ષ્મી વિલાસ.

દોહરા.

વંદુ શ્રી સિંધૂ સુતા, કર તું મુજ પર મ્હેર;
તુજ કરૂણાની વૃષ્ટિથી, સૃષ્ટિ કરે સહુ લ્હેર.
લક્ષ્મી તુ બડભાગણી, તું વૈભવ દાતાર;
જગત બધું વશ તેં કર્યું, ધન ધન તુજ અવતાર.
તુજ વાસો જ્યાં થાય ત્યાં, જયજયકાર જણાય;
તુજ તેજે વંદે બધા, દાળીદર દુર જાય.
જગત સકળ તુજ તેજમાં, અંજાયું આ વાર;
તુજ મળવાને કારણે, કરતા યત્ન અપાર.
મોટા મોટા મહિપતી, મથતા મા તુજ માટ;
માતા તું મોંઘી ઘણી, મળવી સહુ શિર સાટ.
લક્ષ્મી સહુ તુજ કારણે, કેવા કરતા કામ;
કેવાં કષ્ટો વેઠતા, કેવી ભીડ હામ.
એ બાબત ઈશ્વર વગર, અવર ન જાણે કોઈ;

લક્ષ્મી તુજ દર્શન કરણ, શુદ્ધ બુધ સઘળી ખોઇ.
માત પિતાને પરહરે, પરહરતા પરિવાર;
બીજું કંઈ વ્હાલું નહીં, લક્ષ્મી પ્રાણાધાર.
ભ્રાત અને ભગિની ભલાં, તેનો કરતા ત્યાગ;
લક્ષ્મી તારી લાલચે, લક્ષ લિએ છે લાગ.

સોરઠા.

દેશ તજી પરદેશ, ભટકે છે તુજ કારણે;
તોય ટળે નહિ ક્લેશ, કમળા તુજ કરૂણા વગર.
કારીગરનું કામ, સારૂં શીખે સ્નેહથી;
અવર અધિક ઉફાન, કરતા સહુ તુજ કારણે.

દોહરા.

દેવી મેં તુજ કારણે, કીધો યત્ન પ્રચંડ;
મોજ મજા માટે તને, શોધી મેં નવ ખંડ.
નીતિ ધરમ શુભ દ્વારથી, સ્થિર થઈ રેવા કાજ;
આવ અમારા ગ્રહ વિષે; રાખ અમારી લાજ.
સંપ સુભટ સાથે લઈ, આવ ધરી ઉર ભાવ;
તો હું સેવક તાહરો, લક્ષ્મી લઉં તુજ લાવ.
ક્રૂર કરમ કરવા વડે, જો મળવું તુજ થાય;
તો હું તુજને દૂરથી, લાગું લક્ષ્મી પાય.
મળવા મરજી હોય તો, પાપ તજી તુ આવ;
મા મુજ ઉપર કરી મયા, માયા મે વરસાવ.
હિત કરવાને માહરૂં, હોય હૃદયમાં હેત;
તો માતા મુજ માટ તું, વ્હેલો કરજે વેત.

ઇંદ્રવિજય છંદ.

વીત વડે જગમાં જનને નિત, મોજમજા મનમાનિ મળે છે,
વીત વડે જગમાં જનનાં નિત, સંકટ સૌ ક્ષણમાંજ ટળે છે;
વીત વડે જગમાં જનને નિત, વંદન વિશ્વ સપ્રેમ કરે છે,
સુંદરજી શુભ વીત વડે નિત, પંડિત સૌ ગુણગાન કરે છે.

વીત હશે જન જેહુનિ આગળ, તેજ ખરો સદ્‌ગુણિ ગણાશે;
અક્કલ હીણુ હશે નર તો પણ, અક્કલવંત અધીક જણાશે;
વેણુ કટાં મુખથી ઉચરે પણ, મિષ્ટ ખરેખર તેહ મનાશે,
સુંદરજી સુખ સાધન શ્રી વિણુ, માનવિથી નહિ માન પમાશે.

દોહરો.

વીત વગર દેખાય છે, સુન્ય બધો સંસાર;
વીત વગર પામે જનો, સંકટ હારો હાર.

મનહર છંદ.

વિત વડે ચિત્ત ચળે, ન્હાના મોટા નરો તણું,
વિતથી વૈરાગી અને, રાગી વશ થાય છે,
વિત વિના પ્રીત કહિ, કરે નહિ ભ્રાત સગો,
વિતથી ખચિત નિત, વિજયી થવાય છે;
જેની ગાંઠે દામ તેને, ભરે છે સલાસ સહુ,
સગાંને સબંધી સર્વે, ચિત્તથી ચહાય છે,
કેક કુળમણિ કહે, કેક કુળદિપ કહે,
સુંદર અનેક એમ, ઉપમા અપાય છે.

દોહરા.

લક્ષ્મી વાળા લોકનો, સહુ કરતા સતકાર;
રંક જનો રીબાય છે, પૂછે નહિ કો પાડ.
નાણું નજરે નિરખતાં, ચંચળ ચિત ચળિ જાય;
મોટા યા છોટા બધા, ધન મેળવવા ધાય.
પૈસાથી જન સહુ ચળે, નરનારી નિરધાર;
વૈરીને પણ વશ કરે, પૈસાને બલિહાર.

સગ્ધરા છંદ.

પામે પૈસા પ્રતાપે, પરમ સુખદ સૌ, સંસાર કેરા નરો,
માણે શ્રી પાત્ર મોજશું, વિવિધ વિધિ વડે; શ્રીવાન શોખી ખરો;
મોટી મેડી ચણાવે, મનગમતી વળી, મોટા બગીચા કરે,
હાથી હોદે બિરાજે, ધનપતિ બગીમાં, બેસી હમેશાં ફરે.

સોરઠા.

દામ વગર કંઈ કામ, પાર નથી પડતું તુરત;
સઘળા ભરે સલામ, દામ નગદ દેખાડતાં,
વ્હાલાં સાથે વેર, માયા માટે થાય છે;
થાય ઘડિકમાં ફેર, માયા મોટી મોહિની.
પૈસાની પંચાત, લાગી રહિ આ વિશ્વમાં;
બોલે ન બિજી વાત, પૈસો પૈસો જગ જપે.
વિત વિણ કરે ન પ્રીત, પ્રિય સંબંધી હોય પણ;
વ્હાલું સહુને વીત, વિશ્વ બધું વિત વશ થયું.
પ્યારિ કરે નહિ પ્યાર, પૈસો પાસ ન હોય તો;
જીવિત પણ ધિક્કાર, વીત વગર આ વિશ્વમાં
ઢેઢા ધન દેનાર, પંચ વિષે પૂછાય છે;
નર નાણું નાચાર, કાકો પણ કે છે ખરા.

મંદાક્રાંતા છંદ.

પૈસો પ્યારો, સકળ જગને, તે ન લાગે નઠારો,
દ્રષ્ટે દેખી, જન મન ચળે, માનવી હોય સારો;
એવો જોયો, નહિ જન અમે, ના ચળે દ્રવ્ય જોઈ,
ઈચ્છે છે સૌ, ધનપતિ થવા, સર્વદા સર્વ કોઈ.

દોહરા.

દોડા દોડ કરતિ દિસે, દુનિયા દમડી માટ;
દમડી લેવા ભલભલા, ઘડતા અઘટિત ઘાટ.
પૈસા વિણુ પીડા ઘણી, પૈસાનું નિત કામ;
પૈસા વિણુ સુંદર સદા, વ્યર્થ વિચાર તમામ.
પૈસો છે બહુ કામનો, પૈસો સર્વાધાર;
પૈસે મોઢું ઉજળું, પૈસા વિણુ લાચાર.
હસ્ત વિષે વિત હોય તો, માલ મળે શ્રીકાર;
વીત વગર કદિ વાણિયો, માલ નહીં દેનાર.
સૃષ્ટિ વિષે શ્રી પાત્રને, મોજ મજા દિન રાત;

અષ્ટ પ્રહર આનંદ ત્યાં, કષ્ટ તણી શી વાત?
જેની ગાંઠે દોકડા; તે કરમી કહેવાય;
ડાહ્યા પણ વણ દોકડે, ગાંડામાંજ ગણાય.

લાવણી.

ઘણાં ખરાં જે સુખ સૃષ્ટિનાં, પૈસાથી તે પ્રાપ્ત થશે;
દીન વચનથી હલિલ કરે સૌ, જો તમ પાસે દ્રવ્ય હશે.
પરિણામે છે નાશવંત પણ, દુનિયાએ સ્વીકાર કર્યો;
હાલ હુકમ ચલવે છે પૈસો, પૈસો સહુથી શ્રેષ્ટ ઠર્યો.
સુખ મળશે દુઃખ ટળશે સઘળાં, જો તમે શ્રીવાન હશો;
નિર્ધનીઆ નર હશો તમે તો, જ્યાં જાશો ત્યાં દુઃખી થશો.
નરો તમે સહુ નાણું સંચો, સાચું સુખદાઇ જાણી;
વિશ્વ વાસી સહુ વંદન કરશે, અંતરમાં ઉમંગ આણી.
નીતિથી મેળવજો નાણું, કુનીતિ કદિ નહિ કરશો;
સુખાનંદમાં મગ્ન રહેશો, નીતિ મારગ પદ ધરશો.
ખોટી દાનતથી સંચેલું, દ્રવ્ય હશે જન જેહ કને;
અલ્પ વખતમાં ઉડી જાશે, અંત વળી બેહાલ બને.
પુષ્કળ પૈસો પ્રાપ્ત થવાથી, લોભાધિન નર નહિ થાશો;
શુભ રસ્તે ખૂબ ખરચો નાણું, ફક્ત કૂ મારગ નહિ જાશો.
ખોટે રસ્તે ખોવું નહિ ધન, મુળ મારો હેતુ એ છે;
સત્ય પ્રતાપે સુખ સાંપડશે, સુંદરજી સાચું કે છે.

સોરઠા.

દેશ અને પરદેશ, નાણાં કારણ નર ઘણા;
ભમતા ભુંડે વેશ, તો પણ નાણાં નવ મળે.
સંચો શાણા વીત, કરકસર કરીને તમે;
વીત વડે જગ પ્રીત, વીત વિચારી વાપરો.
વીત તણી શી રીત, વીત વડે શું થાય છે?
કરજો ખ્યાલ ખચીત, વીત વિપતહર વસ્તુ છે.

મનહર છંદ.

દેશ યા વિદેશમાંહી, માયા વિના માન નહિ,
વખત વિચિત્ર આવ્યો, કુડા કળિ કાળમાં,
પાપ ને પ્રપંચે પ્રાણી, પોતાનું પોષણ કરે,
દુનિયા સમસ્ત પડી, માયાની લોતાળમાં;
સગાં ને સંબંધી આદિ, માયાને આપે છે માન,
બીજું બધું ભુલી ગયા, માયાની સંભાળમાં,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
માયાએ ફબાવી દીધું, જગત સ્વ જાળમાં.

શાર્દૂલવિક્રીડિત છંદ.

માયા પાત્ર મનુષ્યને સરવ કો, સ્નેહે ચિત્તે ચ્હાય છે,
છેટાં હોય સગાં છતાં નિકટનો, દાવો કરી ધાય છે;
આપે ને પઇ એક સુંદર કહે, ઠાલોજ દાબે દમે,
માયા મોહ પ્રતાપથી જગતમાં. શ્રીવાનને સૌ નમે.

દોહરો.

સગપણ સાચું સૃષ્ટિમાં, દ્રવ્ય વિષે દર્શાય;
દ્રવ્ય વગરના મનુજનું, કોઈ સગું નવ થાય.

હરિગીત છંદ.

સંસારનાં સુખ ઘણુ ખરાં, કાન્ચન તણે આશ્રય રહે,
જો હોય કાન્ચન કોથળી, તો લોક સૌ કરમી કહે;
યોવન વયે તન મન વડે, સૂવર્ણનો સંચય કરો,
આખર વખત સુખ પામશો, સુંદર વચન શ્રવણે ધરો.

સોરઠો.

ધન માટે ધિક્કાર, આપે વ્હાલા વીરને;
દ્રવ્ય તણો દેનાર, પ્યારો લાગે પ્રાણવત.

શાર્દૂલવિક્રીડિત છંદ.

નાણું નાશ થયા પછી નર તણું, સૌ નાશ થૈ જાય છે,
મોટાઇ મટિને પછી લઘુ પણું, આપે ઉદે થાય છે;

લોકો જે નમતા હશે વિનયથી, તે વખ્ત વીતી જશે,
કેવાતો કરમી છતાં અકરમી, નિર્માણ યોગે થશે.

હરિગીત છંદ.

કંઈ નર વિવિધ દુઃખ વેઠતા, દમડી નથી દ્રગ દેખતા,
દ્રવ્યાર્થ દુર્ઘટ દુઃખ સહે, તડકે શરિરને સેકતા;
ધનવાનની ભગવાન સમ, આરાધના કરતા ફરે,
સુંદર કહે દ્રમનસિબનું, કેવું શ્રવણ કો ના ધરે.

દોહરો.

પ્રિયજન પડતાં મેલિને, ધન લેવા સહુ ધાય;
મોટામાં મોટો દિસે, માયાનો મહિમાય.

મનહર છંદ.

માયા વાળો માણે મોજ, આનંદ ઉડાવે રોજ,
વખત ગુજારે બધો, ગાન ગુલતાનમાં,
ખુબી વાળાં ખાનપાન, ઇચ્છે તે આવીને મળે,
પાસે પાસવાન પુરા, કામ કરે સાનમાં;
વૈભવ વિલાસ ખાસ, ભોગવે છે ભાગ્યશાળી,
રાગ રંગ કરે રૂડા, પોતાના મકાનમાં,
સુંદર શ્રીવાન તણું, જીવિત સફળ ગણું,
અણુ અડચણ નવ, આવે દામ કામમાં.

હરિગીત છંદ.

માયા વડી છે મોહિની, આ જગતનો આધાર છે,
મંડાણ મુળ માયા તણું, માયા વડે વ્હેવાર છે;
નાચે કુદે નખરાં કરે, હુન્નર હજારો નર કરે,
સુંદર કહે ધન કારણે, દુનિયા તૃષાતુર બહુ ફરે.

દોહરા.

ધન રળનારા ધનિક સૌ, ભરતા નિજ ભંડાર;
વિશ્વ વખાણે વાતમાં, પ્યાર કરે પરિવાર.
ધન સંચેલું મુળ થતાં, પોતાને નુકસાન;

તેમ છતાં દુનિઆ વિષે, થાય બધે અપમાન.
કણબી કોળી વાઘરી, મોચી ઢેઢ ચમાર;
એવા પણ ધન યોગથી, ફરતા લાડ અપાર.
વેદાદિક વિદ્યા વિષે; હોય પુરણ પ્રખ્યાત;
તો પણ તેઓ વિત વગર, કષ્ટ સહે દિનરાત.

મનહર છંદ.

લક્ષ્મીથી વધે છે લાજ, લક્ષ્મીથી સરે છે કાજ,
લક્ષ્મીના પ્રતાપે લોકો, આવકાર આપે છે,
આપે સર્વે આવી મળે, ખુબ ખુશામત કરે,
લક્ષ્મી લાભ લેવા માટે, કીર્તિ છાપે છાપે છે;
જેની ગાંઠે નાણું તેનું, ટાણું આજે રૂડું દિસે,
લોક તણા થોક મળી, માન તેનું માપે છે,
સુંદરજી કહે જ્યારે, લક્ષ્મી દેવી આવે ત્યારે;
આનંદ અપાર આપી, કલેશ કષ્ટ કાપે છે.

દોહરા.

માયાને આધિન થયું, વિશ્વ બધું આ વાર;
સુંદરજી માયા વગર, જીવિત પણ ધિક્કાર.
જેવી રીતે લુણ વગર, ભોજનમાં નહિ સ્વાદ;
તેવી રીતે વિત વગર, સુખ સઘળાં બરબાદ.
સાધારણ સુખ સૃષ્ટિનાં, પૈસાથીજ પમાય;
પૈસો પાસ ન હોય તો, મનુષ જરૂર મુંઝાય.
જ્ઞાની વિણ જન સર્વ કો, દ્રવ્ય તણા છે દાસ;
દ્રવ્યારથ દુનિયા બધી, કરતી પ્રૌઢ પ્રયાસ.
સદગુણ સંપન્ન શુભકરણ, તેમ ઘણા હુશિયાર;
સુંદર એવા રાંકડા, નાણાં વિણ લાચાર.
ડહાપણ સઘળું દિસતું, દ્રવ્ય વિષે દિલદાર;
દ્રવ્ય વગર વિદ્વાનને, કે છે લોક ગમાર.
માળાના પારા વિષે, સુત્ર રહ્યું છે જેમ.

વિશ્વ તણા વ્હેવારમાં, દ્રવ્ય દિસે છે તેમ.
ધન હિન જન જે હોય તે, આપે લઘુ થઈ જાય;
પૈસો પાસે હોય તો, પીર બની પૂજાય.
ધન મદથી ધનિ કોઇનું, કેણ ધરે નહિ કાન;
તો પણ અર્થી લોક સૌ, ધનપતિને દે માન.
હોય ભલા નિર્ધન જનો, ગુણ ગ્રાહક ગુણવાન;
તો પણ કરતા સ્વારથી, નિર્ધનનું અપમાન.
ધનિને કો કાકો કહે, કોઇ કહે છે ભાઈ;
ધનપતિ મન નથિ લેખતો, કો શત્રુ કો જાઈ.
દ્રવ્ય વગર દુનિયા વિષે, કાંઈ થશે નહિ કામ;
જોશે જગ વ્હેવારમાં, ડગલે ડગલે દામ.
નિરખી જોયું નજરથી, નાણામાં છે નૂર,
નાચે સુખ નાણાં કને, નાણાં હિણથી દૂર.
ધનિ ઉપર આશક બધા, ધનિને સૌ ચિત ચ્હાય;
ધનિ આપે ધન ચળકતાં, તેથી ધનિ વખણાય.
ધન મળવાથી મનુષને, તૃપ્તિ ભલે નવ થાય;
તો પણ ધન સાધન વડે, કાર્ય ઘણાંક કરાય.

મનહર છંદ.

લક્ષ્મી વાળા લોકો તણો, સતકાર કરે સહુ,
ધનહિન હોય તેઓ, ધક્કે ધક્કેલાયછે,
ગરીબ ન લીએ કશું, ગૃહસ્થ ન દીએ કશું,
છતાં લાલચુડા લોકો, ધનીને ચ્હાય છે;
ગરીબ ગુલામી કરે, ધની નહિ ધ્યાન ધરે,
ઉલટા અકારા કરી, અવગુણ ગાય છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
બુરા માંહી બુરી બહુ, ગરીબી ગણાય છે.
વિશ્વના વ્હેવાર વિષે, વિત વખણાય વધુ,
વિત વિના વિશ્વ બધું, બિભત્સ લાગે છે,
વિત વાળા દાતા લોકો, વાપરે છે વિત નિત,

વિત વિના ઘણા લોકો, ભુખે ભીખ માગે છે;
આજનો જમાનો જોતાં, સૃષ્ટિમાં સકળ સ્થળે,
વિત રૂપી વીર તણી, હાક બહુ વાગે છે,
સુંદરજી કહે અમે, અનુભવ્યું અનુક્રમે,
વિત વૃષ્ટિ થાય ત્યાંથી, વિપત સૌ ભાગે છે.

દોહરા.

ધિક ધનહિનનું જીવવું, ધિક ધનહિન અવતાર,
નિર્ધન જન આ લોકમાં, વ્યર્થ ભૂમિને ભાર.
વીત વગર સંસારમાં, પ્રીત કરે નહિ કોઈ;
સકળ સુખદદાતા ગણી, વિત વાપરવું જોઇ.
આવી રીતે વિત વગર, સુન્ય બધો સંસાર;
તો પણ પાપ કરી તમે, ધન લેશો નહિ યાર.
પાપ કરીને જે જનો, લક્ષ્મી લેવા ધાય;
તેને છો સત્વર મળે, પણ સારૂં નવ થાય.
ધરમ કરમ સદ મારગે, આવે છે જે વીત;
ઉત્તમ ધન એ જાણિને, કરવું ગ્રહણ ખચીત.
સદ મારગ ધન મેળવે, તે જન સુખથી ખાય;
દગો કરી ધન જે લિએ, તે કષ્ટે કચરાય.
જે રસ્તે ધન આવશે, તે રસ્તે ધન જાય;
સંચો ધન સદ મારગે, સદ મારગ વપરાય.
રૂડી દાનત રાખિને, મેળવશો જો વીત;
કવિ સુંદર કે છે ખરૂં, પ્રભુ પણ કરશે પ્રીત.

શાર્દુલ વિક્રીડિત છંદ.

જેણે મેળવિયું હશે, જગ વિષે, નાણું સુનીતી વડે,
તેને શ્રી સુખ આપશે અતિ ઘણું, સ્વપ્ને દુઃખો ને નડે;
હેવી સંપત યોગથી મનુષને, હેવી સુખો સાંપડે,
કાળાં કર્મ કરી કરી ધન હરે, નર્કે નક્કી તે પડે.

વ્યભિચારને તિરસ્કાર.

માલિની છંદ.

પરમ સુખ ચહો જો, સર્વ કો ભ્રાત મારા,
ઉર કદિ નહિ ઇચ્છો, અન્યની દુષ્ટ દારા;
હિત વચન વદું હું, તે તમે ભૂલશોમાં,
પર પ્રિય વ્યભિચારી, સંગ કો ડૂલશોમાં.

સોરઠો.

વિષ વેલી પરનાર, સોબત કોઈ કરશો નહિ;
પ્રાણ હરણ કરનાર, પર નારીની પ્રીતડી.

ગઝલ.

(રાજા હુઉં મેં કોમકા—એ રાગ.)

પરનારીને પ્યારી ધારી, કરશો નહિ કોઈ પ્રીત;
પાછળથી પસ્તાશો પુરા, થાશે ખેદ ખચિત.
જે નર કામી થયા હરામી, જાર કરમ કરનાર;
પિશાચણી પર પ્યારી પ્રીતે, પામ્યા કષ્ટ અપાર.
નથી નથી નરે સુખ મળવાનું, દેખો દુઃખનું દ્વાર;
જાણી પિછાણી જો કરશો જન, થાશો અંતે ખ્વાર.
કામી નરને કતલ કરીને, કર્યા કૈકને ઠાર;
સુંદર શિક્ષા સારી ધારી, તજો તમે વ્યભિચાર.

શિખરિણી છંદ.

થયા કૈં વૈરાગી, વિત વિપત વેઠી વહિ ગયા,
સગાં સ્નેહી છોડી, ગમન પરદેશે કરિ ગયા;
પિતા માતા પ્યારાં, સુરખ સુત શોકે ટળવળે,
જનો નિંદે જેથી, અહરનિશ ઉરે બહુ બળે.

બનજારા છંદ.

આ અરજ મારી સ્વીકારી, કોઈ થશો નહિ વ્યભિચારી. ટેક.
પરનારી પ્યારી કરશે, તે મોત વગરનો મરશે;

પડશે શિર સંકટ ભારી, કોઈ થશો નહિ વ્યભિચારી.
સદ્‌ગુણ સંપન્ન નરનાર, કોઈ કરે નહિ ઈતબાર;
ધિક્ક ધિક્ક પરનારી યારી, કોઈ થશો નહિ વ્યભિચારી.
પરનારી કરે ચતુરાઈ, તેથી મુરખ જાય ઠગાઈ;
બન્ને બાવરો નર અવિચારી, કોઈ થશો નહિ વ્યભિચારી.
જ્યાં સુધી હશે જર જોર, ત્યાં સુધી તે ચાહે ચકોર;
પછી તે પણ કાઢે ધિક્કારી, કોઈ થશો નહિ વ્યભિચારી.
ખરી વિતની પ્રીત પ્રમાણો, એમાં અંદેશો નવ આણો;
સુખ શાન્તિ હરણ કરનારી, કોઈ થશો નહિ વ્યભિચારી.
ઘણા નરને ઘાયલ કીધા, બેભાન બનાવી દીધા;
નથી સોબત તેની સારી, કોઈ થશો નહિ વ્યભિચારી.
પૂર્વે રણધીર મરાણા, તેના ગ્રંથ ઘણા ગુંથાણા;
છે વિષ વેલી પરનારી, કોઈ થશો નહિ વ્યભિચારી.
નિજ નારી ન્યારી ધારી, પરનારી ન કરશો પ્યારી;
સુંદર શિક્ષા સ્વીકારી, કોઈ થશો નહિ વ્યભિચારી.

મનહર છંદ.

તારી જે પોતાની પ્યારી, તેને તેં નઠારી ધારી,
અન્યની નઠારી નારી, સારી ધારી ધાયો તું,
પક્ષણીને પરહરી, દુષ્ટાની તેં દોસ્તી કરી,
એમ કરવાથી લાભ, કેટલો કમાયો તું ?
લાજ અને લક્ષ્મી તણો, લંપટ તેં કીધો લય,
લીધો અપયશ અતિ, પર પ્યારી પ્રીતિથી,
કરી જો વિચાર યાર, સાર નથી રતિ ભાર,
જાર કરનાર ખ્વાર, થાય છે કુનીતિથી.

સોરઠો.

વનિતાનો વિશ્વાસ, કોઈ દિવસ કરવો નહીં;
નિશ્ચે થાશે નાશ, ભામા ભરૂપે ભૂલતાં.

ઇંદ્રવિજય છંદ.

જો વ્યભિચારિ વિચારિ દિલે તુજ, સારિ નથી પરનારિનિ યારી,
શ્વાન સમાન સદા ભટકે શઠ, ખાલિ ખરીદ કરે શિદ ખ્વારી ?
કૈક ગમાર ખુવાર થયા ખુબ, અન્યનિ નારિનિ યારિ કરીને,
સુંદર શીખ સુણો શ્રવણે બહુ, ફોકટ કષ્ટ ન થાય ફરીને.

રૂચિરા છંદ.

ઘણા જણાને કીધા દુઃખિઆ, ઘણા તણા જીવ લીધા છે,
પરદારાએ ઘણા ઘણાને, જખમ જીગરના કીધા છે;
જે નર કામી થયા હરામી, પામ્યા છે તે કષ્ટ ઘણું,
સુંદરજીની શિક્ષા માનો, નામ તજો પરનાર તણું.

દોહરો.

જોબનવંતા જન તમે, માનો મારૂં કેણ;
પર પ્યારીને પેખિને, ખોશો નહિ નિજ નેણ.

મનહર છંદ.

ઈંદ્ર અને ચંદ્ર આદિ, વિષયથી પામ્યા વ્યાધિ,
રાવણ રોળાણો રણ, સીતાને સતાવીને,
દુષ્ટ બુદ્ધિ દુઃસાશને, દ્રૌપદીને દીધું દુઃખ,
ભીમે તેનો પ્રાણ લીધો, હાથીને હકાવીને;
એકે જો કીધીતી આળ, સો ભ્રાતાનો આવ્યો કાળ,
પર પ્યારી પ્રીતિ તણું, ફળ એવું ઝેરી છે,
ઘણા રાજા રાણા શાણા, કપાણા છપાણા છાપે,
સુંદરજી જારી નારી, કર્મે બો નમેરી છે.

દોહરા.

નારિ રૂપાળિ નિહાળતાં, પ્રગટે અંતર પ્યાર;
પણ દ્રગથી દ્રગ દુર થતાં, શોક પ્રગટ કરનાર.
એક અને બીજી ત્રિજી, ચોથી પાંચમિ નાર;
એમ અનુક્રમ નિરખતાં, કોઈ ન પામ્યા પાર.
ખાલિ વખત ખોવો નહી, જોવો નહિ મળ કુંડ;

એવી ઇચ્છા હોય તો, ભટકો થઇને ભુંડ.
સારી નારી હોય તે, જાર નહીં રમનાર;
જાર રમે તે જાણવી, નિચ નારી અવતાર.
રામા જો કદિ રીઝિને, કરશે તુજ પર મ્હેર;
મુત્ર પાત્ર દેશે તને, નર્ક તણી જે ન્હેર.
જો તેનું તું તનબદન, શું જોયો તેં સાર ?
મુત્ર અને મળથી ભર્યાં, જે છે રસનાં દ્વાર.
ચંદ્રમુખી ચખ જોઇને, ચળશો નહિ જન ચિત્ત;
ઝેરી નાગણ જાણિને, કરજો ત્યાગ ખચીત.
ઉપર સુંદર ચર્મ છે, ભીતર માંસ ભરેલ;
નારિ રૂપી એ યંત્રને, કામિ કહે રસ રેલ.
આશક થાશે જે નરો, પરનારીને જોઇ;
પ્રથમ ખુશી થાશે અને, પાછળ મરશે રોઇ.
કાઢી લેશે કાળજું, વાઢી લેશે શીશ;
પરવશ કરિને પુરૂષને, હરશે ધન હરનીશ.
નખરાં નિરખી નારિનાં, નર ઘેલા થઇ જાય;
આંખ છતાં બનિ આંધળો, ગારે ગોથાં ખાય.
ઇચ્છો હિત જો આપનું, તો તજવો વ્યભિચાર;
સ્વપ્ને પણ કરવો નહી, પરનારીથી પ્યાર.
કશિ વાતે નથિ ફાયદો, આખર છે નુકશાન;
એવું ઉર જાણ્યા છતાં, ભુલે છે નાદાન.
મોહ તણી છે પૂતળી, નર્ક તણી છે ખાણ;
મિષ્ટ વચનના મારથી, હરદમ કરતી હાણ.
વ્યભિચારી વ્યભિચારમાં, મસ્ત રહે છે નીત;
અષ્ટ પ્રહર ઉરમાં રહે, પરપ્યારી પર પ્રીત.
કાણી કુબડી કામિની, દુર્ગંધી દુઃખકાર;
એવીને ધન આપિને, કામિ કરે વ્યભિચાર.
સમરાધિન જે પુરૂષ છે, અનુજ તણો અવતાર;

પોતાની પડતી મુકી, કરે અવર પર પ્યાર.
વ્યભિચારિની નારિઓ, મદન જ્વરે પીડાય;
પોતે પર ઘર ભટકતો, નિજનીને ન ચહાય.

ઇંદ્રવિજય છંદ

પારસ છોડિ ગ્રહો શિદ પથ્થર, બુદ્ધિ તણા અરિ કામિ હરામી,
આપ તણી તરૂણી અળગી કરિ, ચિત્ત ચહો પરનાર નકામી;
ધિક્ક પડ્યો અવતાર અરે નર, કામિ હરામિ સુ શીખ ન માની,
સુંદર સત્ય સુબોધ કરે નિત, કોઈ થશો નહિ કામિ હરામી.

શિખરિણી છંદ.

સ્વનારી વીસારી, પુરૂષ પરનારી ચિત ચહે,
નરો એવા પાપી, પ્રતિ દિવસ પીડા શિર સહે;
વૃથા પૈસો જાશે, ઇજત પણ જાશે જગ વિષે,
વ્યભીચારી કેરૂં, ભ્રમિત નર જેવું ચિત દિસે.

ઇંદ્રવિજય છંદ.

નારિ બિચારિ રડે ઘરની પણ, પ્યારિ તમે પરનારિ કરો છો,
રત્ન અમૂલ્ય તજી નર મૂરખ, કાચ કણી મણિ માનિ ગ્રહોછો;
નિર્મળ ગંગનું નીર તજી નર, વારિ ખરેખર ખારૂં ભરોછો
સુંદરજી કર જોડિ કહે નિત, કોકટ શીદ ફજેત મરોછો.

મનહર છંદ.

વ્યભિચારી જો વિચારી, પરનારી નથી સારી,
અંતે નર્કધારી પર, નારી કરનારી છે,
વિત હરનારી અને, જુઠી પ્રીત કરનારી,
ખરેખર જારી નારી, પ્રાણ હરનારી છે;
ધુતારી ઠગારી નારી, પ્રથમ લાગે છે પ્યારી,
પણ પરિણામે પાપી, મહા કષ્ટ કારી છે,
મારે છે જખમ કારી, છેવટે નઠારી નારી,
યારી તેની સુંદરજી, કષ્ટ કરનારી છે.
મારે દ્રગ મોહકારી, ભાન ભુલે વ્યભિચારી,
અંત છે અકારી પણ, પ્યારી ધારી ધાય છે,

ધરમ શરમ તજી, કરમ કરે છે ક્રુર,
પરમ પ્રભુનો પાપી, ગુન્હેગાર થાય છે;
જેવું પામે શ્વાન માન, તેવું મળે તેને માન,
તોય તે નિર્લજ નર, ધસ્યો ધસ્યો ધાય છે,
સાચું કહે સુંદરજી, અરજી આ ધરો ઉર,
વ્યભિચારી નરનારી, કષ્ટાધિન થાય છે.
પરનારી તણી યારી, કરે શઠ સારી ધારી,
જુએ ન વિચારી તેથી, ખાસડાં ખવાય છે,
પાપી વ્યભિચારીતણી, ગતિ નથી થતી સારી,
મહા દુષ્ટ મતિ અતિ, પાપમાં પીલાય છે;
ભામિની શું કરે ભોગ, તેથી તન થાય રોગ,
શરિરનું સત્વ પર, નારી ચુસી જાય છે,
સુંદરજી વારવાર, કરે છે પોકાર યાર,
વ્યભિચાર કરનાર, નર્કમાં રીબાય છે.

સગ્ધરા છંદ.

હીરાનો હાર છોડી, વનચર મનમાં, વૃક્ષ શાખા ગમે છે.
એવી રીતે હરામી, નિજ તરૂણી તજી, અન્ય સાથે ભમે છે;
કે છે કામાંધ દુષ્ટો, રસ પર પ્રિયમાં, ભૌ ભરેલો દિસે છે,
નિર્ભાગી તે ન જાણે, દુઃખ બહુ પરની, દુષ્ટ દારા વિષે છે.

લાવણી.

પર પ્યારીની પ્રીતિ પહેલાં, શઠ નરને લાગે સારી;
શિર કાપી લેનારી છે પણ, મુરખ વદે મુખથી પ્યારી.
જાણો હળાહળ વિષ વૃક્ષ એ, સુફળ કોઈને નહિ મળશે;
દુરાચારથી દુષ્ટ બુદ્ધિનું, ખાવા પીવાનું ટળશે.
કૈક કપાણા શમશેરેથી, નિચ નરો કર ઉચ્ચ નરો;
છતાં અરે ઓ ! પાપી પ્રાણી, શાને પરપ્રિય પ્રીત કરો.
વ્યભિચારી જે નારી નઠારી, તન મન ધન યોવન હારી;
સુંદર મારી શિખ સ્વીકારી, કોઈ થશો નહિ વ્યભિચારી.

સોરઠા.

કામી કામા માટ, અંધા થઈને આથડે,
વાઢ અને વળિ ઘાટ, જ્યાં ત્યાં રખડે રંડવા.
ધર્મ તણું કંઈ કામ, કરવામાં કાચા ઘણા;
અવર ત્રિયાનું નામ, વ્હાલું બહુ વ્યભિચારિને.
ભટકે ભુંડે વેશ, ભામા પાછળ ભામટા;
હરકત થાય હમેશ, તોય તજે નહિ દુર્ગુણો.

મનહર છંદ.

વિષયની વાસનામાં, વિશ્વનો વિનાશ થયે,
છતાં પણ છકેલાઓ, છેડો નથી છોડતા,
ધરમ કરમ અને, શરમ તજીને શઠ,
દુરાચારી નારી પુંઠે, દશે દિશ દોડતા;
રતિ ખોટી રાખનારી, નર્કમાંહી નાખનારી,
એવી પરનારી સાથે, પાપી પ્રીત જોડતા,
સુંદરજી કહે જેઓ, કામાધિન થયા તેઓ,
નારી અંગો નિરખીને, નેત્ર નિજ ફોડતા.

દોહરો.

વિષય વહાલો અંતરે, છકી ગયેલો છેક;
એવા પામર પ્રાણિને, ક્યાંથી હોય વિવેક?

હરિગીત છંદ.

ગૌરાંગના નિરખી નયન, મન મોહ ઉત્પન્ન થાય છે,
એ મોહ મદિરા પ્રભાવથી, કામાગ્નિનો વા વાય છે;
જાણી અજાણી નારિ કો, દેદાર દઈ વહિ જાય છે,
સુંદર કશી સિદ્ધી નથી, પણ મુરખ મન લોભાય છે.

મનહર છંદ.

સલુણી શ્યામાઓ તણાં, શરિર સુંદર ઘણાં,
મુખાકૃતિ આદિ અતિ, મોહ ઉપજાવે છે,

પયોધર પીનપણું, ચક્ષુ તણી ચપળતા,
અંગ તણો રંગ રાતો, ચિત્તને લોભાવે છે;
એવું છે રૂપાળું છતાં, દિર્ઘ દ્રષ્ટિ કરી જોતાં,
અસ્થિ, ચર્મ, રૂધિરને, માંસનું બનેલ છે,
સુંદરજી કહે જેઓ, કામી ક્રૂર હોય તેઓ,
વ્યભિચારી નારી તણા, ફંદમાં ફસેલ છે.

દોહરા.

જે તન દેખીને તને, મોહ પ્રગટ મન થાય;
તે તન ખૂબી ખોળતાં, કદિ નહિ તું લલચાય.
ડબલું દુર્ગંધી તણું, તરૂણી કેરૂં અંગ;
જોતાં ઝીણી નજરથી, કાંઈ નથી રસ રંગ.
દીપક દ્યુતિ દ્રગ દેખિને, અરપે પ્રાણ પતંગ;
એ રીતે વ્યભિચારિઓ, હોમે છે નિજ અંગ.

મનહર છંદ.

ઇશ્વરે આપેલી હોય, રસ ભરી રંભા રૂડી,
છતાં મહા નિચ નર, પર પ્યારી તાકે છે,
વંઠેલી વનિતા સાથે, વિષયની ધૂન વિષે,
કોઈ સમે કામી નર, ભુંડું કરી નાખે છે;
મોટા અધિકારી છતાં, ઈશ્કમાં બનેલા અંધ,
પોતાની પિયર મુકી, અવરની તાકે છે,
સુંદરજી કહે એવા, કામના ગુલામ નરો,
આખર સ્વકૃત્ય તણાં, કડવાં ફળ ચાખે છે.
ગૃહસ્થના છોકરાઓ, ગણિકાનાં ગ્રહ ગોતે,
નારી તેની બીજા સાથે, જાર કર્મ કરે છે,
આવો અનાચાર આજ, વધી પડયો વિશ્વમાંહી,
નમાલા નરોથી નક્કી, ભુમિ ભારે મરે છે,
મોટા મોટા માણસો તે, બાયલા બનીને બેઠા,
હીટેલી રંડાઓ તણા, ફંદે ફસ્યા ફરે છે,

સુંદરજી કહે જેઓ, પાપી પુરા હોય તેઓ,
અવરની ત્રિયા તણી, આશા ઉર ધરે છે.

હરિગીત છંદ.

માયા તણી છે પૂતળી, વળિ નર્કની જે નેર છે,
તે કષ્ટકારક છે છતાં, વ્યભિચારિને મન લ્હેરછે;
કામણ ભર્યું મુખડું દિસે, કામણ નયનમાં છે ઘણું,
સુંદર કહે કામણ કરણ, સઘળું શરિર તરૂણી તણું.
જે નારિને નિરખી નયન, મન મોહ ઉત્પન્ન થાય છે,
તે નારિનું બગડે બદન, તો પ્યાર ઉતરી જાય છે;
નારી નરકનું હાંડલું, ઉપર અજુ દેખાય છે,
સુંદર પ્રથમ લાગે સરસ, પણ છેવટે ગંધાય છે.

ઇંદ્રવિજય છંદ.

જે નરનું પરનારિ વિષે દિલ, તે નર સ્વાન સમાન ફરે છે,
અન્ય ત્રિયા નિજની કરવા શઠ, લક્ષ કરોડ ઉપાય કરે છે;
હોય ભલે ગુણવાન છતાં પણ, આખર લંપટ મુર્ખ ઠરે છે,
સુંદર અન્ય ત્રિયા તણિ સોબત, કોઇ સમે નકિ પ્રાણ હરે છે.

મનહર છંદ.

કામીજન હોય તેનો, ભરૂષો ન કરે કોઇ,
સજ્જન સમસ્ત સદા, અનાદર કરે છે,
સબંધને લીધે કોઇ, ઉપરથી આપે માન,
પણ નિજ અંતરમાં, દુષ્ટથી સૌ ડરે છે;
કામાધિન પુરૂષોને, અવર ન જ્ઞાન કશું,
વ્યભિચાર વ્હાલો તેમાં, ચિત્ત તેનું ઠરે છે,
સુંદર શ્રીપાત્ર યાને, હોય મોટો અધિકારી,
તદપિ તે કોઇ કાળે, મોત વિના મરે છે.

દોહરો.

કામી જન ઉપર કદી, સુજન કરે નહિ સ્નેહ;
ક્રોધ કરી આપે રજા, જો આવે નિજ ગેહ.

હરિગીત છંદ.

પડશો નહીં પુરૂષો પ્રવિણ, પર પ્યારિ કેરા પ્યારમાં,
નહિતર નક્કી એ નર તમે, વણસી જશો વ્યભિચારમાં;
એ મારગે જાનાર જન, પ્હોંચી ગયા યમ દ્વારમાં
સુંદર કહે સજ્જન સુણો, નથિ સાર કંઈ વ્યભિચારમાં.

દોહરો.

શરમ વગરના શઠ પુરૂષ, શ્વાન સરીખા જેહ;
નિરખે છે નયનો થકી, અવર ત્રિયાને તેહ.

મનહર છંદ.

નારી છે નરક બારી, છતાં તેને સારી ધારી,
સંગત કરે છે શઠ, વિવેક વિદારીને,
કામને આધિન બની, કામ નિત્ય કરે કુડું,
રૂડું રામ નામ તજી, ખરીદે ખુવારીને;
ગોરી ગોરી ગોરીઓને, ગોતે છે ગમાર નિત્ય,
હિત કે અહિત તણી, વાતને વિસારીને,
સુંદરજી કહે એવા, અધમ અનાડી નરો,
પડે છે પતંગ પેઠે, ભોગ પરનારીને.

દોહરો.

ડોળા ફાડી દેખતો, પર પ્યારીનાં મૂખ;
દાનત ખોટી દુષ્ટની, ક્યાંથી પામે સુખ,

મનહર છંદ.

અવરની ત્રિયા તણી, આશા રાખનારા લોકો,
અદ્યાપિ ન જોયા અમે, સુખી આ સંસારમાં,
કુકર્મી કપાણા અને, છાપથી છપાણા ઘણા,
મણા નથી રહી કશી, મોજડીના મારમાં;
શાસ્ત્રને પુરાણ વિષે, દાખલા ઘણાક દિસે,
કામીને કતલ કરી, ઓસી દીધા ખાળમાં,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
રાજાએ ગુમાવ્યાં રાજ, લલના લોતાળમાં.

સોરઠો.

વ્યભીચારનું મૂળ, સોબત શ્યામાઓ તણી;
એથી રેશો દૂર, તો સુંદર બચશો તમે.

હરિગીત છંદ.

નારી નરકનું દ્વાર છે, પણ મોહથી ભરપુર ભરી,
તેથી હજારો માનવી, નારી નયન સર ગ્યા મરી;
દારા દ્રગોથી દેખતાં, મન મોહ પેદા થાય છે,
સુંદર શરિર શ્યામા તણું, નિરખી ભલા ભુલિ જાય છે.

દોહરો.

નયન હણે નખરાં કરે, બતલાવે બહુ રંગ;
ઉત્તમ નર ઇચ્છે નહીં, કુલટા કેરો સંગ.

મનહર છંદ.

એકથી અધિક નરે, ભોગવેલી ભામાઓનો,
સજ્જન પુરૂષ નથી, સતકાર કરતા,
વિષયની પ્યાસી અને, ખાસી શમશેર જેવી,
એવી દુષ્ટ દારાઓથી, રહે દિલ ડરતા;
શાસ્ત્રને પુરાણ જેણે, વાંચીને વિચાર્યા હશે,
તે તો ભુંડી ભામઠીને, ભોગ નથી પડતા,
સુંદરજી કહે જેઓ, નિચ્ચ નર હોય તેઓ,
રખડુ રંડાઓ પુંઠે, રહે છે રખડતા.

દોહરો.

માંસ રૂધિર રસ રંગની, ભૂખી છે પરનાર;
મુશક માફક મરદને, ફોલીને ખાનાર,
ઇશ્ક અજાયબ મારથી, ઇશ્કિ બને છે અંધ;
શુદ્ધ નથી રેતી જરી, થાય નયન બે બંધ.
સમિપ ઉભેલા મનુષને, દેખે નહિ દ્રગ બાર;
એક નજર આવે ત્રિયા, જે છે નિજ દિલ દાર.
જાણે કો જોતું નથી, એવું આણી ઉર;
ભામાને ભેટી પડે, ઇજ્જત મેલે દૂર.

બે બદિયાની રાંડને, ખવરાવે ખુબ દામ;
તો પણ તે આખર વખત, કાંઇ ન આવે કામ.

મનહર છંદ.

નિચ વ્યભિચારી નારી, ભુલાવી ભમાવનારી,
જુઠને જમાવનારી, સજેલી કટારી છે,
પ્રપંચ પઢાવનારી, સત્યને ચુકાવનારી,
મોટપ મુકાવનારી, ભુંડી પરનારી છે;
વાતો કરે ધીરીધીરી, કલેજું નાખે છે ચીરી,
કામીઓનું વિત અને, ચિત્ત હરનારી છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
અવરની ત્રિયા અંતે, દુઃખની દેનારી છે.

લાલચ લગાડનારી, બુદ્ધિને બગાડનારી,
શત્રુને જગાડનારી, લક્ષ્મી લુંટનારી છે,
નર તન નાશકારી, દુરાશાની ખાડી ખારી,
અધમ આચાર વાળી, ધૂતા ધૂતનારી છે;
આંખ્યોના ઈશારા મારી, ઈશ્કીને આધિન કરે,
હરે સુખ સાજ બધાં, એવી નિચ નારી છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
જારી નારી જીગરને, ચીરી નાંખનારી છે.

વ્યભિચારી હોય તેને, કામ ધંધો સુઝે નહિ,
બુઝે નહિ અગ્નિ અંગ, દિવાનો થૈ ફરે છે,
માશુકને મળવામાં, વખત વિતાડી નાખે,
રાખે નહિ ધર્મ શર્મ, કર્મ કુડાં કરે છે;
પુત્ર પરિવાર તણી, પરવા ન રાખે પાપી,
સામાન્યા શ્યામાઓ સાથે, ચિત્ત તેનું ઠરે છે,
સુંદરજી કહે જેઓ, વ્યભિચારી હોય તેઓ,
મોહાબ્ધિમાં લુબ્ધ બની, મોત વિના મરે છે,

આશાગોડી.

કરશો ના કુલટાની યારી, કોઇ કરશો ના કુલટાની યારી. ટેક.
કુલટા નારી કામણગારી, તન મન ધન હરનારી, કોઇ.
પુન્ય વિનાશક પાપ પ્રકાશક, નર્ક તણી છે બારી, કોઇ.
વિષય તણું સુખ લેવા માટે, આતુર અંતર ભારી, કોઇ.
પરણેલાને પડતો મેલી, પર નરથી કરતી યારી, કોઇ.
પ્રથમ પહેલાં મોજ મણાવે, પણ પાછળ દુઃખ દેનારી, કોઇ.
લાખ પ્રકારે લાડ લડાવે, છેવટ જીવ લેનારી, કોઇ.
સુંદરજીની વિનતિ સુણીને, સજ્જન બનો નરનારી. કોઇ.

મનહર છંદ.

પ્યારા મારા મિત્ર તને, પોકારી પોકારી કહું,
અવરની ત્રિયા તણી, આશા તું કરીશ નેં,
ઇચ્છતો હો હિત તારૂં, તો તો કેવું માની મારૂં,
રેઢીયાળ રંડાઓના, ફંદમાં ફસીસ નેં;
કુલટા કામાઓ બધી, કપટ કટારી ધારી,
ગમાર ગણીકા તણી, ગોદમાં ગરીશ નેં,
સુંદર હજાર વાર, કરે છે પોકાર યાર,
પથ્થરને મણિ માની, મોહમાં મરીશ નેં.

દોહરા.

પોતાની પ્રિયપત્નિથી, પૂરણ કરવો પ્યાર;
પર પ્યારીને પરહરો, જે છે દુઃખ દેનાર.
યોવનમાં નિજ નારિનો, સ્નેહે કરવો સંગ;
અરસપરસ મળિ લુંટવો, દંપતિએ રસ રંગ.
પરણેલી પ્યારી વગર, પરની કરિએ આશ;
સુંદરજી સાચું કહે, નિશ્ચે થાશે નાશ.
પરમ પુનિત પરણી પ્રિયા, ઉતારે ભવ પાર;
પણ પરનારી પુરૂષને, નરકે લઇ જનાર.

વંઠી ગયેલી વનિતાઓ વિષે.

દોહરો.

યાર ઘણા જે નારિને, તે કુલટા કેવાય;
પરણેલો પતિ પરહરી, પર નરને ચિત ચ્હાય.

મનહર છંદ.

નિત્ય નિત્ય નવા નવા, આશકોની યારી કરે,
હરે ધન ધામ અને, લુસી ચુસી લીએ છે,
જ્યાં સુધી મળે છે વિત, ત્યાં સુધી પાળે છે પ્રીત,
સ્વાર્થ સરી રહ્યા પછી, દુર કરી દીએ છે;
ગુણી યા ગમાર યાર, તેની દરકાર નહિ,
ફક્ત સ્વાર્થ સાધવાની, તૈયારીમાં રહે છે,
અરજ સ્વીકારી મારી, થશો ન કો વ્યભિચારી,
સુંદરજી કવિ સદા, પોકારીને કહે છે.

દોહરા.

ભ્રષ્ટ થયેલી ભામિની, ભ્રષ્ટ કરે પરિવાર;
એ માટે સજ્જન પુરૂષ, કરતા નથિ સત્કાર.
પતિવૃત પાળક પ્રેમદા, પુષ્પ વડે પૂજાય;
વનિતાઓ વ્યભિચારિણી, પાત્રાણે પીટાય.
પર નરનો પરિચય કરી, કુળ કાળું કરનાર;
એવી રંડાઓ તણા, જીવિતને ધિક્કાર.
વાઘ, વરૂ, ને દીપડા, વશ કરવા છે સ્હેલ;
છેક છકેલી રાંડને, વશ કરવી મુસ્કેલ.
માતપિતાને ભ્રાતની, મર્યાદા મુકિ દૂર;
એવી કુલટા કામિની, બદ કરમે બ્હાદૂર.
ફીટિ ગયેલી રાંડને, આપે કો ઉપદેશ;
મલિન થયેલા હૃદયમાં, અસર થશે નહિ લેશ.
રસિક રૂપાળો રંગિલો, પોતાનો પતિ જેહ;
વ્યભિચારીણી નારિને, કડવો લાગે તેહ.

તૃપ્ત થતી નથિ વિષયથી, વનિતાઓ વંઠેલ;
જારજનો સાથે સદા, કરતી ક્રીડા કેલ.
રાત દિવસ રસ રંગમાં, કાઢે છે નિજ કાળ;
તો પણ ઓલાતી નથી, કામ જ્વરની ઝાળ.
વ્યભિચારીણી નારિઓ, પર ઘર ગોથાં ખાય;
પારસમણિને પરહરી, પથ્થર લેવા ધાય.
નિજ ઘર વર પર પ્રીત નહિ, પરનર પર ઉર પ્યાર;
કુલટા એવી કામિની, કુળ કંટક અવતાર.
અવર પુરૂષના સંગમાં, કાઢે છે નિજ કાળ;
નિજ સ્વામી સાથે સદા, છળ કરતી છીનાળ;
કપટ ભરેલી કામિની, કપટ તણો અવતાર;
કપટ તણા કુર કુંડમાં, નાખે છે નિજ યાર.
અવર પુરૂષના સંગમાં, મુરખી માને માન;
પાપ પ્રતાપે શું થશે ? સમજે નહિ અજ્ઞાન.
વિષમ વિષયના યેગમાં, વનિતાઓ વંઠેલ;
કર્મ હિણું કરવું ઉરે, ગણતી નથિ મુશ્કેલ.
સ્નેહી સંગે સર્વદા, ક્લેશ કરે કમજાત;
જાર કરમ કરવા ઉરે, રટણ રહે દિન રાત.
કામાધિન કામા તણો, કરવો નહિ વિશ્વાસ;
કામ તણા કુર કેફમાં, કરશે નરનો નાશ.
પરણેલો પતિ પ્રિય નહીં, શઠ સંગે લલચાય;
કામી એવી કામિની, રૌરૌ નર્કે જાય.
વંઠેલી વનિતા તણા, હલકા હોય વિચાર;
પતિ પ્રતિ રતિ રાખે નહીં, કામિ હરામી નાર.
કાપી કટકા કીજીએ, કરિએ યત્ન અપાર;
છીનાળું છોડે નહીં, કામાંધી કુર નાર.

સોરઠો.

લાંબી તાણે લાજ, ઝીણું ઝીણું બોલતી;
તેતર ઉપર બાજ, તેમ નરોને તાકતી.

મનહર છંદ.

હુડકાયા શ્વાન પેઠે, હડીઓ કાઢે છે હાટે,
વાટે અને ઘાટે નવા, નરોને નિહાળે છે,
કામી નર હોય તેને, વશ કરી લીએ વેશ્યા,
પાપને પ્રગટ કરી, પુન્યને પ્રજાળે છે;
ખોટા હાવભાવ કરી, ચિત્તડું લીએ છે હરી,
સમરના સેવકોને, મોહ બાણુ મારે છે,
સુંદરજી કહે એવી, અધમ આચારી નારી,
સમય ઉપર નિજ, સ્વામીને સંહારે છે.

દોહરા.

વ્યભિચારિણી નારિને, કરિએ નિત ઉપદેશ;
અધમ ત્રિયા આણે નહીં, અંતરમાં લવલેશ.
ધાર્યું પોતાનું કરે, શોધે સારો યાર;
મોજમજા મન માનતી, માણે કુલટા નાર.
પુત્ર અગર નિજ નાથની, ધરે નહીં દરકાર;
સહુને સૂતાં મેલિને, ખેલે ખુબ વ્યભિચાર.
વાત કરે જન અવરથી, સમજાવે નિજ યાર;
એવી કુલટા કામિની, કપટ તણો ભંડાર.
બચન વદે જૂઠાં અને, જૂઠો જણાવે પ્યાર;
એવી ખોટી નારિને, છે કોટી ધિક્કાર.
પોતાના ક્રુર કૃત્યથી, વડિલ વર્ગ કચવાય;
પરવા નહિ એ વાતની, દુષ્ટાના દિલ માંહ્ય.
ફીટેલી ક્રુર કામિના, ફીટાડે પરિવાર;
વહુ દિકરીને શીખવે, કરતાં નવલા યાર.
શાસ્ત્રકથા નવ સાંભળે, ધર્મ તરફ નહિ ધ્યાન;
પર પુરૂષોના પ્યારમાં, અષ્ટ પ્રહર ગુલતાન.
એક પુરૂષને મૂકિને, બીજાને ચિત્ત ચ્હાય;
બીજાને મૂકી પછી, ત્રીજો લેવા ધાય.

વસ્ત્ર નવાં નિત ઓપતાં, પ્હેરે છે સંસાર;
એ રીતે કુલટા ત્રિયા, બદલે નિત ભરથાર.
નિત્ય નવા નર ભોગવે, દિલ ગમતા દિલદાર;
તો પણ તે શઠ શંખણી, તૃપ્ત ન થાય લગાર.
કામી નરનાં કાળજાં, કુલટા ફોલી ખાય;
નર બદલાવે નિત નવા, તો પણ તે ન ધરાય.
આશાના ફાંસા વિષે, નાખે નિશ્ચે નાર;
સુંદર સ્વારથ સાધવા, જણવે જૂઠો પ્યાર.
લંપટને લલચાવિને, કરિ લે આપાધીન;
મોહ લગાડી મુરખને, નચવે છે નિશ દીન.

મનહર છંદ.

જુદા જુદા પુરૂષોને, જુદું જુદું સમજાવે,
જુદી જુદી વાતો વદે, જુદા જુદા પ્યારથી,
ઘણાને દિલાસા દીએ, સાચી ખોટી વાતો કહે,
મોજ ફક્ત માણે નિજ, મન માન્યા યારથી;
મોહથી મરોડે અંગ, બતાવે વિચિત્ર રંગ,
મરદોને મારી નાખે, નયન પ્રહારથી,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
વંકેલી વનિતા જાણો, તીખી તરવારથી.
મદારીના માંકડાને, મદારી નચાવે જેમ,
તેમ નિચ પુરૂષોને, નારીઓ નચાવે છે,
કાલી ઘેલી વાતો કરી, બુદ્ધિને લીએ છે હરી,
પછી મરિયાદા મુકી, ધાંધલ મચાવે છે;
વિર્ય અને વિત આદિ, અનેક ઉત્તમ વસ્તુ,
લુંટી લઇ નરકનું, બારણું બતાવે છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
ઝાઝા યાર વાળી નારી, માથાંઓ કપાવે છે.

દોહરા.

વ્યભિચારી નારી ધણી, દુર્ગુણનો ભંડાર;
હોય ખરી સતિ સાધવી; સદ્‌ભાગીને દ્વાર.
નારી નગણી જાત છે, નારિ નરકની ખાણ;
નારી વશ નર જે થયા, તે નરને ખર જાણ.
ભામાની ભ્રમણા તજો, ભામા ભય ભંડાર;
ભામા જેને ભોળવે, તે નર નહિ તરનાર.
મુલ્યો રાજા ભરથરી, કરિ અવિચારી પ્રીત;
પ્હેલાં તે સમજ્યો નહીં, નિચ નારીની રીત.

મનહર છંદ.

આશકને મળવાને, માશુક અધીરી બની,
શોધે ચારે પાસ નિજ, યારના દેદારને,
અવર અનેક નર, નજરે પડે છે પણ,
ધારેલા ધણી વગર, આપે નહિ પ્યારને;
સેંકડો મનુષ્યોમાંથી, ગોતી કાઢે આશકને,
પછી તેની સાથે માણે, ઇશ્કની બહારને,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
વારવાર છે ધિક્કાર, અધમ આચારને.

દોહરા.

વીષય લંપટ વાંદરી, વિષય સદા ચિત ચ્હાય;
એ સુખ વિણ એ શંખણી, તૃપ્ત નહીં કદિ થાય.
ભોળાને ભરમાવિને, કરિ લે આપાધીન;
ગુણ અવગુણ જાણે નહીં, કામ ક્રિડામાં લીન.
રત્ન અને પાષાણને, સરખાં સમજે જેહ;
મુલ્ય વગરનાં મોતિની, કદર શિ કરશે તેહ ?
દુષ્ટચારી નારિને, વ્હાલો બહુ વ્યભિચાર;
પરનર પર આશક રહે, પ્રિય નહિ નિજ ભરથાર.

મનહર છંદ.

એકને હસાવે અને, બીજાને રડાવે રાંડ;
ત્રીજાને દિલાસો દીએ, જુદાજ પ્રકારનો,
ચોથાનું ચગાવે ચિત્ત, પાંચમાનું હરે વિત,
છઠ્ઠાને છકાવી દીએ, પાઈ પ્યાલો પ્યારનો;
એવી રીતે પુરૂષોને, પ્રથમ ફસાવી દીએ,
પછી માંહો માંહી રોપે, પાયો તકરારનો,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
વ્યભિચારી નારી નિચ, જાણો કાળ જારનો.

દોહરા.

છેક છકેલી છાકટી, વનિતાઓ વંઠેલ;
સંતતિ તેની નીપજે, તેથી પણ બગડેલ.
દિકરા પ્રગટે ફાતડા, દિકરી થાય છિનાળ;
કુલટાઓના ઉદરથી, કૂટિલ પ્રગટે બાળ.
જે ઘર કુલટા કામિની, જાર કરમ કરનાર,
તે ઘરની નહિ આબરૂ, સહુ જન દે ફિટકાર.
નારી વારી નહિ વરે, કામાંધી કમજાત;
પડશે પૂરણ મોચડા, પછિ રડશે દિનરાત.
રગવાથી રીઝે નહીં, રખડુ થઈ જે રાંડ;
જોડા લઈને જામશો, તોજ સુધરશે માંડ.

સોરઠો.

બહુ બગડેલી હોય, કામાંધી કો કામિની;
સરખી થાશે સોય, પાદ પ્રહારે પૂજતાં.

દોહરા.

ધોળે દિવસે બી મરે, ઘરમાં કે ઘર બહાર;
અરધી રાતે એકલી, શોધે વનમાં યાર.
પુત્ર અને નિજ નાથને, મારી નાખે ઠાર;
એવી કુલટાઓ તણો, કોણ કરે ઇતબાર ?
જે કરશે આ જગતમાં, પરનારીનો સંગ;
બગડી જાશે પલકમાં, સુંદર તેનો રંગ.

ફીટેલી સ્ત્રીને ફીટકાર.

દોહરા.

ધિક ધિક ધિક વ્યભિચારિણી, ધિક ધિક તારી જાત;
ધિક ધિક જનુની તાહરી, ધિક ધિક તારો તાત.
કૂળ લજાવ્યું કુડ કરી, લજવ્યો સઘળો સાથ;
પર નર ભાવ્યા ભામઠી, ગમ્યો નહિ નિજ નાથ.
તેં તારાં દુષ્કૃત્યથી, બોળ્યું સહુનું નામ;
માત પિતા ને ભ્રાતનાં, મોઢાં કીધા શ્યામ.

સોરઠા.

સહુની સાથે વેર, કીધું તેં ક્રુર કામિની;
જણતાં ન દિધું ઝેર, ભૂલી ગઇ તુજ માવડી.
કાળાં કીધાં કામ, સમરાધિન થઇ શંખણી;
ઠરી ન બેઠી ઠામ, હડહડતી હે ! કૂતરી.

કંકાસ કરણી કુભાર્યા વિષે.

હરિગીત છંદ.

કંકાસણી કામા તણો, ભરથાર ભુડે હાલ છે,
નારી નઠારી નાથને, સંકટ કરણ શુળ સાલ છે;
દુઃખમાં બધા દિવસો જતા, સુખ સ્વપ્નમાં નવ સાંપડે,
દુઃખિઓ નહીં એવો અવર, જેને ભુંડી બામા જડે.

દોહરા.

પતિને પેખી પાપણી, આંફયો તાણે આપ;
મનમાં એવું માનતી, કયારે ટળશે પાપ ?

બડ બડ બોલે બોલ તે; લાગે ખારા ઝેર;
જાણે લેતી હોય તે, પૂર્વ તણું કંઈ વેર.
સ્વામી સસરા સાસુનું, કેણુ ધરે નહિ કાન;
વેર વધારે સર્વથી, નિચ નારી નાદાન.
નિચ નારીનો નાવલો; નીચા જોયો થાય;
સુખ સ્વપ્ને નવ સાંપડે, દુ:ખમાં દિવસો જાય.
નિચ નારી નિજ નાથનો, ભાવ નહીં પુછનાર;
જેઠ દિયર જેઠાણિની, રાખે નહિ દરકાર.
પતિને પજવે પાપણી, જપવા દે નહિ જાપ;
સમજે નહિ શઠ શંખણી, પુન્ય થયું કે પાપ ?
નજરે નિરખી નાથને, કરતી કાળું મૂખ;
ધાક ધરે નહિ ધણિ તણી, થાય કહો શું સૂખ ?
કૂ કૂ કરતી કૂતરી, ભસતી ભુંડે વેણ;
ક્રોધ કરીને કંથને, કડવાં કથતી કેણ.
કંથ કહે સવળું વચન, આડું બોલે આપ;
મતિ હિણુ એવી માનુની, પ્રગટ કરે ત્રીતાપ.
હલકી હાલત હોય પણ, હડ કરતી દિન રાત;
પતિને દુ:ખ અતિ આપતી, ધિક એ નારી જાત.
ભુંડી જેને ભારજા, ઉંડી તેને પીડ;
ખુંદી ખોળી કાળજું, ખાય પુરૂષનું ચીડ.
હોય ખિજેલી નાગણી, એવું જેનું મૂળ;
નિરખી નિશ્ચે ડરિ મરે, હોય ભલે કો ભૂપ.

હરિગીત છંદ.

કાળી અને કુબડી છતાં, કામા મિજાજી છે ઘણી,
બહુ બોલકી બકવા કરે, દિલમાં ડરે નહિ શંખણી;
નિજ કંથ આદિક સર્વને, કજીઆ કરી ધમકાવતી,
સુંદર કહે ક્રુર કામિની, ધમશાણુ નિત્ય મચાવતી.

ફુવડ સ્ત્રીના આચાર.

દોહરા.

મેલાં ગંદા છોકરાં, ગુણુડીણું ગમાર;
પોતે પણ ગંદી રહે, એજ ફુવડ અવતાર.
વાળ પવનમાં ફગફગે, લાંબા તસુ ત્રણ ચાર;
બે હાથે ખંજોળતી, ટોલાનો નહિ પાર.
વસ્ત્ર વજનમાં જેટલાં, એથી અદકો મેલ;
આંખ અને મુખડું બધું, કાજળથી રંગેલ.
વાંકા ચુંકા રોટલા, કાચા અગર બળેલ;
ચોટી દીસે ચોતરફ, રાખોડીની રેલ.
દાળ ભાતને શાકનાં, કરિએ કવણ વખાણ ?
એ કરતાં ઉત્તમ બને, મહિષી માટે ખાણ.
કાળપ કચરો કાંકરી, દુર્ગંધીની ખાણ;
એવું અન્ન આરોગતાં, થાય હજારો હાણ.
આલય, ઉંબર, આંગણું, જોતાં ઠારો ઠાર;
કચરો કીચડ કચકચે, દુર્ગંધી દેનાર.
એઠાં જૂઠાં હાંડલાં, વાસણ રાખ ભરેલ;
બીજી પણ બધી વસ્તુઓ, દીસે રેલમ છેલ.
ગોળાની ઉપર અને, અંદર પણ સેવાળ;
પાણીમાં પૂરા અને, કચરાનો નહિ પાર.
તામ્ર અને પીતળ તણાં, વાસણ જે કંઇ હોય;
કાટ ચડી જાતાં દિસે, લોહ સરીખાં સોય.
પુરૂષ બિચારા પ્રેમથી, ઉંચો લાવે માલ;
સ્પર્શ થતાં ગૃહિણી તણો, માલ બને બેહાલ.
આવી ભુંડી ભારજા, કરશે જે ગ્રહ વાસ;
તે ગ્રહ શ્રી શોભા તણો નિશ્ચે થાશે નાશ.

કેફને તિરસ્કાર.

દોહરા.

કેફ કરીને કેફિઓ, કષ્ટ વડે કચરાય;
તોપણ તે તજતા નથી, એજ અધિક અન્યાય.
વ્યસન વળગિયું જેહને, ભુંડા તેના ભોગ;
બુદ્ધિ બળ ક્ષીણ થાય છે, પ્રગટે તનમાં રોગ.
વ્યસન વડે આળસ વધે, વધે કપટ ને ક્રોધ;
વ્યસની નર નહિ સાંભળે, સદ્‌ગુણિનો સદ્‌બોધ.
કેફ વગર કેફી જનો, આકુળ વ્યાકુળ થાય;
નિયમ પ્રમાણે નવ મળે, જીવ ઘણો ગભરાય.
પુરણ મળે નહિ મુરખને, ખાવાને ખોરાક;
નિત્ય નિશો કરવો નક્કી, રંગ, લિલાગર પાક.
તાણી તોડી ખેંચિને, કેફ તણું કરિ કામ;
જ્યાં ત્યાંથી ભેળા કરે, કેફ ખરિદવા દામ.
કેફ કરી પોઢી રહે, થાય નહીં કંઈ કામ;
માંડ મળે ધન કેફનું, ત્યાં ક્યાં એશારામ ?
બુદ્ધિ બળ ઘટી જાય છે; અંગ તજે ગુલરંગ,
તોય તજે નહિ કેફિઓ, કેફ તણો કુર સંગ.
રંગી ભંગી રંગમાં, ચિત રાખે ચકચૂર;
ભંગ રગડ પીધા પછી, રંગ પિયે ભરપૂર.
લાલ રહે દ્રગ લાલનાં, હાલ કહું શું ભ્રાત;
કાં ઉંઘે કાં આથડે, રઝળવાની નહિ વાત.
ચરસે પીતા ચલમ તે, ગાંજ્યા ગાંજાખોર;
રાતા માતા રંગિલા, કેક થયા કમજોર.

ઇંદ્રિવિજય છંદ.

રંગ પિયે શઠ સંગ ઉમંગથિ, અંગ તણો ગુલ રંગ જવાનો,
કેફ કરી દ્રગ લાલ કરે પણ, અંત ખરે ખર ખ્વાર થવાનો;

મસ્ત રહે નિત ચુસ્ત રહે ચિત, તો પણ છેવટ સુસ્ત થનારો,
લાભ નથી પરિણામ જરા પણ, સુંદર આ સદ્બોધ સ્વિકારો.

લાવણી.

તજો તજો તમે કેફ કરમને, નફો નથી જરીએ એમાં;
નિશો કરી નર સુખ ન માનો, દુઃખ અતિશય છે તેમાં,
કોઈ સમે કેફી જન કેરૂં, કેફ પ્રતાપે મર્ણ થશે;
સંકટ શિર પર પડશે મોટાં, ધન દોલત લુંટાઈ જશે.
કેફ કરી મન મગ્ન બનીને, ભીંતોમાં જઈ ભટકાશે;
હાલ હરામી કેફી કેરા, બુરામાં બુરા થાશે.
કંચન જેવી કાયા જેની, તેજહિન તે થઈ જાશે;
રૂધિર બળીને રેશે હાડકાં, કાયા તેની કરમાશે.
પ્હાડ સરીખો હોય પુરૂષ વળી, ચાલે ચંચળ ગજની ચાલ;
એવા નર પણ કરે નિશો તો, અંતે થાશે બુરા હાલ.
મુરખ જન મન મોજ માણવા, પીએ મદિરા પ્રેમ કરી;
કેફ કરીને બને બાવરા, પૃથ્વી પર જઈ પડે ઢળી.
ગણે નહિ મળ મુત્ર બિગેરે, ગણે નહિ કાદવ કચરો;
ગણે નહિ ગંદકી દિલમાંહી, ફરે નફ્ટ થઈ બેફીકરો.
અડવડીઆં જવ આવે ત્યારે, ગમાર તે ગોથાં ખાશે;
ભાન ભુલી બેભાન બને પછી, લોક સહુ જોવા ધાશે.
લાળ પડે છે મુખ થકી ને, નાક થકી લીંટો નિકળે;
કહો નફો શો નિશો કર્યાથી, ફોકટ લોક ફજેત કરે.
બડબડ બડબડ બડબડતો શઠ, પડે પૃથ્વી પર ઢારોઢાર;
મળી માનવિ મારે પથરા, તોય કદી નહિ કરે બિચાર.
ગાંડો થઈને ભાંડે ગાળો, બેઅદબી તે બોલે બોલ;
સજ્જન તો સમજી શકશે સૌ, કેફી જનનો કેવો તોલ.
લાજ લુંટાશે લાખેણી ને, સ્વારથ કાંઈ નહિ સરશે;
બળ્યો જન્મ એ બાળા કેરો, કેફી ઘર જે નાર હશે.
માત પિતા બહુ કરે બળાપો, જોઇ પુત્રનો દુરાચાર;
સગાં સહોદર સ્નેહી સઘળાં, આપે અંતરથી ફીટકાર.

લક્ષ્મીનો લય કીધો તદપિ, નશો નહિ કાંઈ નિકળ્યો;
ધિક્ક ધિક્ક સહુ કરે કેફીને, કેફીનો અવતાર બળ્યો.
ડાચું ફાડે ડોળા ફાડે, મુખ થકી નાખે નિશ્વાસ;
સત્તા રહે નહિ શરિરમાંહી, બળ બુદ્ધિ પામે છે નાશ.
નશો નથી એ નિશ્ચય માનો, કહે સુંદરજી વારંવાર;
માટે મારા દેશી મિત્રો, કરો કેફને સહુ ફીટકાર.

મદિરા છંદ.

કેફ કરી ચકચૂર બને બહુ, અંતરમાં અભિમાન કરે,
મૂજ સમોવડ કોઇ નથી નર, એમ કહી મુછ હાથ ધરે;
વેણ વદે મુખથી વરવાં પણ, તોલ કશો શક તે ન કરે,
થાય ગમાર ખુવાર ખરેખર, સુંદર શીખ ન ધ્યાન ધરે.

મનહર છંદ.

મોટા મોટા રાજારાણા, નિશાથી પામ્યા છે નાશ,
ઇતિહાસમાંહી જેનાં, નામ મશહુર છે,
ઉદેપુર રાણા તણો, નિમિષમાં નાશ થયો,
ગયો ભડ ભૂપ માર્યો, કેફ મહા ક્રુર છે;
નથી કશો સાર એવું, જાણે છે સંસાર બધો,
તથાપિ અજ્ઞાની લોકો, મુખ તેમાં માંડે છે,
સુંદરજી કહે કૈક, કેફથી બેહાલ થયા,
વળી કેફ કરનાર, ધર્મ કર્મ છાંડે છે.

(ક્ષત્રીકલંક કેમ લેશે રે એ-રાગ)

કેફી લોકો તણો કરવો ન સંગ, કે કેફ કદી કરો નહિ રે. ટેક
નિશાપીશો નહિ આણીને ઉમંગ, કેફ.
ગયા ઘણા પુરૂષના પ્રાણ, કેફ.
નિકળી ગયો કૈકનો ઘાણ, કેફ.
નથી નર કોઇ પામ્યા સુખ. કેફ.
પામ્યા પરિણામે મહા દુઃખ, કેફ.
જે જન કરે છે મદ્ય પાન, કેફ.
નથી રહેતી સુંદર તેને સાન, કેફ.

ઇન્દિરા છંદ.

નર નિર્ભાગી, અમૃત ત્યાગી, કેફ કરીને કષ્ટાશે,
શરૂઆતમાં સારૂં લાગે, પણ પાછળથી પસ્તાશે;
નથી નથી નર નક્કી નિશામાં, નિશો કરે નર નિર્લજ જે,
સુંદર શિક્ષા નહિ માને તો, કષ્ટ સહન શઠ કરશે તે.

ઇંદ્રવિજય છંદ.

હાલ હવાલ જુઓ નજરે નર, જે જન કેફ તણા કરનારા,
બાહુક તુલ્ય બનાવિ દિધા બહુ, દૃષ્ટિ પડે દિન બંધુ બિચારા;
માન અને અપમાન તણું નિત, ભાન નથી દિલમાં ધરતા તે,
જ્યાં નિરખે નિજ ટોળિ તણા જન, ત્યાં જઈ સુંદરજી ભળતા તે.

પુષ્પિતાગ્રા છંદ.

સુરણ નવ કરે, સ્વકામ ધંધો,
નકટ થયો શઠ રાજ છેક અંધો;
અહિત હિત ન અંતરે વિચારે,
દુર્જન સંગત દિવસો ગુજારે.

મનહર છંદ.

કેફ કરનાર તણી, સંગત ન કરો કદી,
કરો દિલમાંહી તમે, કેફ કર્મ સંગથી,
લાગે સંગ રંગ અંગ, વળગે વ્યશન છંદ,
પછી નહિ થાય કદી, અળગું તે અંગથી;
કરે કોઈ મદ્યપાન, રહે નહિ શુદ્ધ શાન,
બને બહુ બુરા હાલ, અફીણ પીનારના,
ભંગી રંગી તણા પણ, અંતે થશે એજ હાલ,
સુંદર ન સંગી થશો, ઝેરના પીનારના.

તોટક છંદ.

મળશે ફળ સંગતનાં જનને, નહિ આણિશ સંશય તું મનને;
વળગે વ્યશનો વ્યશની જનથી, પછિ સુંદરજી ન છુટે તનથી.

મનહર છંદ.

બંધાણીની ટોળી મળી, કાઢે છે કસુંબા જ્યારે,
ત્યારે તેના હૃદયમાં, હર્ષ ઉભરાય છે,
અરસ પરસ સહુ, તાણુ ખેંચ કરે બહુ,
ઝાલી કેફ પ્યાલી કર, પીએ અને પાય છે;
અંતર ઉમંગ આણી, વખાણી વખાણી પીએ,
બીએ નહિ બિલકુલ, કેફમાં અંજાય છે,
પ્રાણવત પ્યારો પૈસો, ખોટે રસ્તે ખર્ચી નાખે,
પછી તેના સુંદરજી, હાલ કેવા થાય છે?

શાર્દૂલ વિક્રીડિત છંદ.

કેફી કેફ કરે અને અવરને, પ્રેમે કરી પાય છે;
પોતા તુલ્ય બિજા જનો પણ બને, એવું ચિત્તે ચ્હાય છે;
પૈસા વાવરવા હશે નિજ કને, ત્યાં સૂધિ ફૂલાય છે,
નાણું સુંદરજી મળે નહિ પછી, તે પૂર્ણ પસ્તાય છે.

દોહરો.

અમલિ અમલ આવેશમાં, હોય પ્રથમ હુશિયાર;
પણ પછિ ભાંગી જાય છે, કોટ, કટી, દ્રગ, દ્વાર.

મનહર છંદ.

અમલીઆ અમલને, ઘોળી ઘોળી પીધા પછી,
મુખ મીઠું કરવાને, મીઠાઇ મંગાવે છે,
ખોંખારા હોંકારા કરે, મુછ પર કર ધરે,
લાલ થૈને માલતાલ, અધિક ઉડાવે છે;
કામ કાજ પરહરી, પોઢે છે પથારી કરી,
બુદ્ધિના અરિનો એમ, એળે જન્મ જાય છે,
રહે નહિ શક્તિ જરી, ખાવા પીવા જાય ટળી,
સુંદરજી કહે પછી, કષ્ટે કચરાય છે.

દોહરો.

કેફી કેફ તણાં કરે, મુખથી અધિક વખાણ;
પ્હેલાં શઠ સમજે નહીં, પરિણામે છે હાણ.

સોરઠો.

ગંજેડી ગમ હીણ, ગાંજો ગંજવશે તને;
બળ થાશે બહુ ક્ષીણ, ગાંજો ગર ગણજે નકી.

શાર્દૂલવિક્રીડિત છંદ.

પ્રશ્ન. ગાંજામાં ગુણ શો હશે ? દુઃખ છતાં, પ્રીતે પિનારા પિએ,
તાણે તાન લગાડિને ચલમ બો, જ્વાળાથિ તે ના બિએ;
ગોટા ધુમ્ર તણા ઘણા નિકળતા, જાણે નિંભાડો બળે,
એવો સુંદર સ્વાદ શો સિગરમાં, એ ભેદ શાથી મળે ?
ઉત્તર. દેખીતું દુઃખ છે ઘણું સિગરમાં, સારૂં કશુંએ નથી,
તોયે પ્રેમ ધરી પિયે નર ઘણા, તે હું કહું છું કથી;
પ્હેલાં સ્વાદ દિએ બહૂ વ્યશન સૌ, મીઠાશ લાગે ઘણી,
ચોંટે સુંદર અંગમાં પછિ તમે, જો જો ખુબી તે તણી.

હરિગીત છંદ.

લાગી લગન છૂટે નહીં, તૂટે નહીં તે તાણતાં,
આયુષ્ય બધું એળે જશે, એવી મજાઓ માણતાં;
લાગે ભલું યાને બુરૂં, પણ લાકડું પેસી જશે,
સુંદર કહે તે લાકડું, પેઠા પછી મોટું થશે.

મનહર છંદ.

પ્રથમ ખીલાવે રંગ, આપે છે અધિકાનંદ,
હીલોળે હલાવે અને, સાગરે ડોલાવે છે,
આવે છે ખુમારી જ્યારે, ત્રિભુવન સુઝે ત્યારે,
કટા અને છટા વાળા, શબ્દ બો બોલાવે છે;
અજ્ઞપણા યોગે આવું, પોતાને પુરણ પ્યારૂં,
સારૂં યા નઠારૂં પછી, ઉરે નથી લેખતા,

સુંદરજી કહે સાચું, પછી નથી રેતું કાચું,
ટાચું મળે ગાત્રો ગળે, પીડા એવી પેખતા.

હરિગીત છંદ.

વ્યસની અને વ્યભિચારિનો, અવતાર તો એળે ગયો,
ચોટયા પછી ચાતુર છતાં, પણ નર નકામો તે થયો;
નહિ કામનો નહિ કાજનો, નહિ રાજનો ન સમાજનો,
સુંદર કહે નિર્ભયપણે, કીધો શઠે લય લાજનો.
ચકચુર હશે જવ કેફમાં, તવ લહેરમાં ડૂબી જશે,
ઉતરી જશે જ્યારે નિશો, ત્યારે બધું ભુલી જશે;
વ્યભિચારિને વ્યસની જનો, સુંદર નહીં સુખિઆ કદા,
ધાર્યું કરે નહિ કામ તે, મરજી મુજબ વરતે સદા.
વ્યભિચારિઓ નિચ નારિમાં, મોહિત બની મદમાં છકે,
વ્યસની જનો કરિને વ્યસન, મુખ શબ્દ બહુ બૂરા બકે;
બન્ને જણા નિજ કાર્યમાં, મશગુલ રહે દિન ને નિશા,
સુંદર કહે શઠની થશે, અંતે બહુ બૂરી દશા.
ખોરાક ખોટા ખાય છે, પસ્તાય છે પીડા થતાં,
બહુ વાર એવું થાય છે, તો પણ નથી લક્ષણ જતાં;
મદિરા પિએ મુર્ખાઇથી, પછિ કષ્ટ બહુ વિધ ભોગવે,
તો પણ પિએ સુંદર કહે, નિજ નશીબનું ફળ ભોગવે.

મનહર છંદ.

બીજી બધી વસ્તુ વિના, ચલાવી લેવાય પણ,
વ્યસન તણી વસ્તુ વિના, ચાલે નહિ કોઇને;
મિત્ર લાગે મોહ વડે, પછી શત્રુ થૈને નડે,
વ્યસન પંથે વળેલાઓ, બેઠા બધું ખોઇને;
કામ કાજ કરે નહિ, પાઇ એક રળે નહિ,
વ્યસની તણી નારી નિત્ય, રાબ માગે રોઇને,
સુંદરજી કહે સાચું, તથાપિ જો લાગે કાચું,
ખાંતે ખરી ખાત્રી કરો, જાતે તમે જોઇને.

સોરઠો.

વ્યસની જનનો વખત, વ્યસન વિષે વિતિ જાય છે;
સહન કરે દુઃખ સખત, દુરવ્યસની દુર્બુધ જનો.

દોહરો.

અમલ પિએ છે આંધળા, સમજ વગર શઠ લોક;
ખર્ચે ખાસા ખૂડદા, તોય ફજેતી ફોક.
પૈસા પાસે હોય તો, ખરચીને ખુશ થાય;
ખુટે ખજાને ખૂડદા, ત્યારે મન મુંઝાય.
પરિણામે સારૂં નથી, કેફ કરમ દુઃખકાર;
જે જે જન કેફી થયા, પામ્યા કષ્ટ અપાર.
પ્રથમ પહેલાં પ્રિય ઘણું, પણ પાછળ છે દુઃખ;
નથિ નથિ પામ્યા કેફિ કો, સ્વપ્ન વિષે પણ સૂખ.
સાર નથી જે વસ્તુમાં, ઉલટો ભય ભંડાર;
ગ્રહણ કરો શા માટ તે, ઉત્તમ નર અવતાર.
ભાંગ, સિગરને ભૂરકી, માજુમને ગુલકંદ;
ચંડુલ, ચરસ પિનારનો, ઉડી ગયો આનંદ.
અમલ પિનારો અહરનિશ, જ્યાં ત્યાં ઝોલાં ખાય;
મદ્ય પિનારો છાકટો, ભીંતોમાં ભટકાય.
બિર્ય વિનાશક વસ્તુને, ગ્રહણ કરો છો આપ;
પ્રથમ નથી કંઈ સમજતા, પછિ કરશો પરિતાપ.
જે જન ડુબ્યા વ્યસનમાં, નિરખો તેના હાલ;
ભમતા ભુંડી હાલતે, વ્યસની નર નિર્માલ.
લફરૂં જેને લાગિયું, વ્યસન તણું વળગાડ;
તે જનને શિર ઉગિયાં, કષ્ટ તણાં બહુ ઝાડ.

મનહર છંદ.

શિક્ષા મારી સારી ધારી, અંતર તું લે ઉતારી,
નથી તે નઠારી પણ, હિતકારી સારી છે,

કેફી કષ્ટહારી ધારી, વિચારી વિચારી અતિ,
મતિ મારી પ્હોંચી એવી, અર્જ આ ઉચ્ચારી છે;
જ્યાં સુધી ડુબેલો નથી, ત્યાં સુધી વખાણ કરે,
પણ ડુબ્યા પછી પોતે, જાતે દોષ ગાય છે,
સુંદરજી હવે સુણો, દૃષ્ટિથી દેખેલ ખેલ,
અંતે કેફી લોકો કેવા, પાપથી પીલાય છે.

અફીણીનો હેવાલ.

મનહર છંદ.

પ્રથમ હતું જે પ્યારૂં, હવે તે લાગે છે ખારૂં,
નિવડયું નઠારૂં અરે ! અફીણ અભાગીયું,
નાણાનાં ઠેકાણા વિના, દાણા વિના દુઃખી છતાં,
અફીણ વગર એક, પળ નવ ચાલીયું;
તાવડી કરે છે તાના, બાળક બેઠાં છે છાનાં,
અન્ન પાન વિના હાય! દુઃખી બહુ થાય છે,
સુંદર વચન સારૂં, પ્રથમ સ્વીકાર્યું નહિ,
હવે કષ્ટ કરી મારૂં, મનડું મુંઝાય છે.
નહોતું વ્યશન જ્યારે, ત્યારે મારા કેફી મિત્રો,
અત્યાગ્રહ કરી કરી, કસુંબા પીવારતા,
ખોટા હાવભાવ કરી, વ્યશન ચોટાડયું અંગ,
હવે તેઓ દુષ્ટ કદી, ઓરા નથી આવતા;
સારૂં સારૂં ખાધું પીધું, હતું તે ઉડાવી દીધું,
લીધું દીધું ઘણું કીધું, હવે હું હારી ગયો,
સુંદર સુબોધકારી, શિખ શ્રવણે ન ધારી,
દશા મારી થૈ નઠારી, દુઃખમાં ડુબી ગયો.
ઉદર પોષણ અર્થે, મુશિબત પડે પુરી,
ઝુરી ઝુરી દિન બધા, કેફમાં ગુમાવીઆ,
પૈસાનો પોકાર પડે, સ્નેહી શત્રુ થૈને નડે,

જરે નહિ સુખ સ્વપને, દુઃખી દિન આવીયા;
પ્રથમ મેં ન્હોતું જાણ્યું, અંતે આવે આવું ટાણું,
સુખનું ઠેકાણું નાણું, નાશ પામી જાય છે,
હવે થયું જ્ઞાન મને, કહ્યું તે મેં આપ કને,
ન માને સુંદર શિક્ષા, તે પૂરો પસ્તાય છે.
આ બધો પ્રતાપ જાણો, કેફીની સંગત તણો,
ઘણો મોટો ગેરલાભ, કુસંગથી થાય છે,
વ્યસની નર વ્યસન તણાં, વખાણ કરે છે ઘણાં.
તેથી કરી ભોળા લોક, ભોળવાઇ જાય છે;
વચન જો માનો મારૂં, તો તમારૂં થાશે સારૂં,
તજો સૌ નઠારૂં કાળું, કષ્ટ કરનારૂં છે,
સુંદરજી કહે કથી, લાગી તન બદનથી,
તો પછી ન જાણતા કે, ઉગરવા બારૂં છે.

(માર માર તલવાર ઉભો જુએ છે શું ?—એ રાગ.)

વારવાર કેફી યાર તને કહું છું હું, કહું છું હું રે કહું છું હું, વાર.
કેફ કર્યાથી સાર નથી કંઇ, દિલમાં વિચારી જોને તું ? વાર.
ઘણા જણા બહુ કેફ કરે છે, કહો તે કમાણી કાઢે છે શું ? વાર.
સુંદર મારી શિખ સ્વીકારી, કેફીથી અળગો રહેજે તું. વાર.

રૂચિરા છંદ.

સુણો સુણો સહુ વ્યસની લોકો, અરજ સકળ જન સુખકારી,
દિલમાં જોશો આપ વિચારી, તો થાશો બુદ્ધિશાળી;
દેખ્યું તેવું દાખવિયું મેં, કષ્ટ બિચારા કેફી તણું,
નિજ હિત ધારી કેફિ ન દેશો, સુંદરજીને દોષ અણુ.

દોહરા.

વ્યસન વધાર્યું વધિ જશે, ઘટાડતાં ઘટિ જાય;
માટે વળગ્યું હોય તો, ઘટવા ઘડો ઉપાય,
વિષય અને દુર વ્યસન તે, થાય કુસંગ પ્રતાપ;
જાય નહીં તે જીવતાં, એવાં છે એ પાપ.

વ્યશની યા વ્યભિચારિમાં, હોય હરામી જેહ;
નિજ ગ્નાતી વધવા તણા, યત્ન કરે છે તેહ.
પૈસા ખરચે પદરના, ખવરાવે મિષ્ટાન;
પણ આખર આપે દગો, નર એવા નાદાન.
સ્નેહી બનિ સાથે રહી, શિખડાવે બહ કામ;
લાળ લગાડી ખસિ જશે, ધાર્યું કરિ નિજ કામ.
આવા લોફર લોકનો, કરશે જે ઇતબાર;
ખત્તા તે ખાશે અને, થાશે ખૂબ ખુવાર.
વિષય અને દુરવ્યશનથી, બચવા હોય વિચાર;
તો પાપીના પાસમાં, પડશો નહિ કો વાર.
શાણા સહુ સમજી સદા, અલગ રહેજો યાર;
કેફ કદી કરશો નહીં, જાણી વસ્તુ અસાર.
ભાસ્યું તેવું ભાખિયું, કેવી જન હિતકાર;
કવિ સુંદર કે છે ખરૂં, વ્યસન વિષે નથિ સાર.

સોબત વિષે.

ઇંદ્રિ વિજય છંદ.

યારિ બિચારિ કરો સહુ સજ્જન, તો પરિણામ થશે બહુ સારૂં,
જો અવિચારિજ યારિ કરી કદિ, તો પછિ પાછળ કષ્ટ થનારૂં;
ઊપર ડોળ દિસે અતિ સુંદર, ભીતર છે ખુબ ઝેર ભરેલું,
સુંદર મિત્ર ન માનિશ તે જન, શત્રુ તણું રૂપ એહ ધરેલું.

દોહરા.

નિચ નરના સહવાસથી, ઊંચ પણ નિચ ગણાય;
સંગ રંગ લાગે સદા, કદિ નહિ મિથ્યા થાય.
સત સંગત સુખ રૂપ છે, દુર સંગત દુઃખ રૂપ;
કડવો રસ છે ઝેરનો, અમૃત મિષ્ટ અનૂપ

શઠ સંગે પાનું પડે, દુઃખ દરિયો ઉભરાય;
શઠ સંગત કરનારનાં, સૂખ સમૂળાં જાય.
સ્નેહી સાચો સમજવો, જેહ રહે નિત સંગ;
સુખ દુઃખનો સાથી બની, ટાણે રાખે રંગ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

સારી સંગત જો મળે દુઃખ ટળે, આનંદ વ્યાપે ઘણો,
પામે શ્રી પરમાત્મને પલકમાં, એવો સુસંગી ગણો;
લોહું કાન્ચન થાય છે ઘડિકમાં, પાષાણુ હીરા બને,
પામે સુંદર સોબતી સદ્દગુણી, તો સર્વ સ્નેહે નમે.

મનહર છંદ.

શઠની સંગત વડે, સુજ્ઞપણું નાશ પામે,
આળસ દારિદ્ર આદિ, આફત બો આવે છે,
હોય કુળવાન યાને, વડો વિદ્વાન હોય,
તદપિ તે શઠ સંગે, આબરૂ ગુમાવે છે;
પાપના પ્રભાવે પડે, પાપી સાથે પરિચય,
તો જરૂર નિચ નર, ઉંચને નમાવે છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
લુચ્ચાને લફંગા લોકો, ભોળાને ભમાવે છે.

સવૈયો બત્રીસો.

શા માટે સઠ સંગ કરો નર, ઉચ તણી શુભ સંગત મેલી,
વાયસ વસ્તુ અવસ્તુ ગ્રહે મુખ, ઉત્તમ અમૃતમય ફળ મેલી;
આપ અમીર છતાં નર નિચની, સંગતમાં સપડાઇ મરોછો,
સુંદર સિંહ છતાં બકરા બનિ, વંઠલ વૃંદ વિષે વિચરો છો.

બનજારા.

સુણો સ્વદેશી મુજ ભાઈ, નિચ નરની ન કરવી મિત્રાઈ. ટેક.
નિચ નરથી કરશો પ્રીત, થાશે ખેદ અંતે ખચિત્ત;
નહિ રહે આપ ભલાઇ, નિચ નરની ન કરવી મિત્રાઈ.
કુડ કપટ પ્રપંચે ભરેલો, વળી છેકજ હોય છકેલો;

નિવડે નર એ દુઃખદાઈ, નિચ નરની ન કરવી મિત્રાઈ.
કરે કપટ જાળ વિશાળ, હણતાં ન લગાડે વાર;
એમાં આપ જશો ના ફસાઈ, નિચ નરની ન કરવી મિત્રાઈ.
મુખ પર દર્શાવે પ્રીતિ, પણ ભીતર ભરેલી અનીતિ;
કરે સર્વની સાથ ઠગાઈ, નિચ નરની ન કરવી મિત્રાઈ.
પ્હેલાં ગુણને કીર્તિ તપાસો, મિષ્ટ વાણી વડે ન લોભાશો;
પછી મરવું નહિ પસ્તાઈ, નિચ નરની ન કરવી મિત્રાઈ.
તમે વચન માનશો મારૂં, તો થાશે તમારૂં સારૂં;
કહું સુંદર શિખ સુખદાઈ, નિચ નરની ન કરવી મિત્રાઈ.

હરિગીત છંદ.

ઉપકાર કરિએ દુષ્ટને, તો પુષ્ટ થઈ હરકત કરે,
જો વખત આવે અધમનો, તો આપણું સઘળું હરે;
તે આપ સ્વારથ સાધવા, નર અવરનું બૂરૂં કરે,
એવા પુરણ પાપીષ્ટથી, સુંદર કહે પ્રભુ પણ ડરે.

મનહર છંદ.

અલ્પ બુદ્ધિ વાળા પ્રાણી, નેહ ન નિભાવી શકે,
ઘડા પેઠે ઘડિકમાં, છાકી છલકાય છે,
પલકમાં પ્રીત કરે, પલકમાં તોડી નાખે,
પલકમાં મિત્ર મટી, શત્રુ બની જાય છે;
હિત કે અહિત તણી, રીત નવ જાણી શકે,
એકેંદ્રીનું જ્ઞાન તેના, તાનમાં તણાય છે,
સુંદરજી કહે એવા, શઠ તણા સરદારો,
સજ્જનને ખરેખર, મહા દુઃખદાઈ છે.

હરિગીત છંદ.

નર નીચને નિત ગુણ કરો, પણ એક દિન જો નવ થશે,
નિશ્ચે નરો જાણો તમે, સઘળું કર્યું ફોકટ જશે;
ઈન્સાન પર પર ઉપકાર કર, નાદાનને દૂરથી નમો,
નર ચતુર ચેતી ચાલજો, સુંદર કઠણ છે આ સમો.

મનોહર છંદ.

શઠ જન હોય તેને, શઠની સોબત ગમે,
સજ્જનની સાથે તેનું, મન નથી મળતું;
ક્રુર જન હોય તેને, કોટિ ઉપકાર કરો,
તદપિ હૃદય તેનું, ગાળ્યું નથી ગળતું;
રસ હિન રાગ હિન, તન મન છે મલિન,
એવું ટોળું મળે ત્યારે, ભાવે ભેળું ભળતું,
સુંદરજી કહે એવા, અસજ્જન હોય તેનું,
સજ્જનની સોબતમાં, કાંઈ નથી વળતું.

હરિગીત છંદ.

પ્રાણાંત પણ તજતા નથી, સજ્જન પુરૂષ સજ્જન પણું,
જે સત્યવાદી હોય તે, જૂઠું નહીં બોલે અણુ;
પાપીષ્ટ પુરૂષો પાપથી, નવરા નથી થાતા ક્ષણ,
સુંદર અનાદી નિયમ એ, કારજ કરે સહુ નિજ તણું.

શાર્દુલવિક્રીડિત છંદ.

પાણીથી પથરો નહીં પલળશે, યત્નો હજારો કરો,
સો વર્ષો જળમાં રહે તદપિ તે, કોરો રહેશે ખરો;
એ રીતે શઠને બહુ સમજ દ્યો, લાગે નહીં બોધ કૈં,
કે છે સુંદર મુર્ખ ઉપર તમે, રાખો નહીં ક્રોધ કૈં.

હરિગીત છંદ.

હલકા જનો હલકાઈને, ત્યાગે નહીં શિક્ષા થતાં,
ઉત્તમ નરો ઉત્તમ ગુણો, તજતા નથી તન પડિ જતાં;
ખાશે નહીં ખડ કેસરી, ખર ખાય નહિ કદિ સરકરા,
સુંદર કહે સહુ નિજ ગુણો, અંતે પ્રગટ કરશે ખરા,

મનહર છંદ.

અધમ અનાડી અને, લબાડી લફંગાઓને,
ઉત્તેજન આપવાથી, કુસી ફાટી જાય છે,
ગરીબ ગોલાઓ તણું, કરીએ હમેશ હિત,

તદપિ તે મિત્ર મટી, શત્રુ કટ્ટા થાય છે;
અમીરો ઉદારતાથી, ગરીબ ગણીને પાળે,
મુઢ મતિ માને મન, મુજથી દબાય છે,
સુંદરજી કહે એવા, અધમ અક્કલ અરિ,
ઉપાન પ્રહાર પડે, ત્યારે સીધા થાય છે.

હરિગીત છંદ.

નર નીચને નમતા છતાં, આભાર ઉરમાં નવ ગણે,
ગર્વવ ચરણ મસ્તક ધરો, તો ઉલટો લાતો હણે;
જેના હ્રુદયમાં વિષ ભર્યું, અમૃત નહીં કદિ તે થશે,
સુંદર પલાળો પય વિષે, નહિ એળિયો મીઠો થશે.

સોરઠા.

સુખમાં સાથી હોય, દુઃખમાં દુર ખસિ જાય છે;
સ્વારથ સાધક સોય, મિત્ર ખરા નહિ માનવા.
જાતે જોવી જાત, અનુભવ કરિને ઓળખો;
નિવડે નહિ કમજાત, સુંદર પ્રથમ વિચારવું.
મુખ મીઠું વદનાર, મિત્રો મહિ તળ છે ઘણા;
કપટ રહિત ચિત પ્યાર, મળવા બહુ મુશ્કેલ છે.

દોહરા.

સદ્‌ગુણ સંપન્ન સરળ શુભ, ગુણ ગ્રાહક દાતાર;
ભાગ્ય વગર ભેટે નહીં, એવા ઠારો દાર.
શુભ ઇચ્છે સહુ કોઇનું, અંતર નિર્મળ આપ;
સુંદર એવા સોબતી, ટાળે તન મન તાપ.
સંગ થતાં સત પુરૂષનો, મોક્ષ મળે ગુણ ધામ;
ક્રુર મનુષનાં સંગથી, બગડે કામ તમામ.
શાન્તિ, સૂખ, સંપત તણો, ક્રુરજન કરશે નાશ;
માટે એવા મુરખથી, અલગ રહેવું ખાસ.
અતિ લોભી ધન આગ્રહી, ક્રોધી પણ અતિ હોય;
શ્રેય કરે નહિ કોઇનું, સંગિ ન કરશો સોય.

ભવ સાગર તરવા તણું, માનો મિત્ર વહાણ;
સારો પાર ઉતારશે, હલકો કરશે હાણ.
સુખમાં સત સંગત થજો, દુઃખમાં પણ સતસંગ;
કો કાળે થાશો નહીં, ક્રૂર કુટીલ કુસંગ.

શાર્દૂલવિક્રીડિત છંદ.

દુષ્ટાચાર પણું બધું દુર થશે, વ્યાધી ટળે છે બધી,
નાસી જાય કુકિર્તિ સૌ કળકળી, પામે સુકિર્તી વૃદ્ધી;
ભ્રષ્ટાચાર ભુલાવિને લઈ જશે, સંગી સદાચારમાં,
સ્નેહી સુંદરજી સદા સમજવો, આધાર સંસારમાં,

દોહરા.

સારા જનની સોબતે, સારૂં સરવે થાય;
દોસ્તી કરિએ દુષ્ટની, દુઃખ દરિયો ઉભરાય.
સોબતની શુભ અસરથી, મૂર્ખ બને વિદ્વાન;
તેમજ સોબત અસરથી, નેકિ બને નાદાન.
દોસ્તી કરિએ દુષ્ટની, અચળ નહિ રહેનાર;
ટુંક વખતમાં તૂટશે, નહિ લાગે કંઈ વાર
કારણ વિણ કજિઓ કરે, દોસ્તી મેલી દૂર;
મિત્રપણું અળગું ખરી, શત્રુ બને નર ક્રૂર.
કાગળની હોડી કરી, સાગર પાર જવાય;
તોજ મુરખની મિત્રતા, અવિચળ રહે સદાય.
દુર્બુધ જનની દોસ્તિમાં, જાય નક્કી નિજ પ્રાણ;
પ્રથમ બતાવે પ્રેમ પણ, અંતે કરશે હાણ.
સ્નેહી સારો શોધજો, સદ્ગુણનો ભંડાર;
તો સુંદર સુખ પામશો, કષ્ટ નહીં થાનાર.

મનહર છંદ.

સુખનું સ્વરૂપ સાચું, સતસંગ સમજવો,
સતસંગ સેવ્યા વિના, સુખ શાન્તિ થાય ને,
સતસંગે સ્વર્ગ મળે, સતસંગે ક્લેશ ટળે

સતસંગ સેવનાર, જમપુરી જાય ને;
પર્માનંદ આપનાર, કષ્ટ મૂળ કાપનાર,
પુન્ય વિના સતસંગ, પાપીથી પમાય ને,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
સતસંગનો આનંદ, અંતર સચાય ને.

દોહરો.

મિત્ર કરો તો પ્રથમથી, જો જો જાત કજાત;
વગર વિચારી મિત્રતા, કરશો નહિ કદિ ભ્રાત.

મનહર છંદ.

કુસંગ સમાન કશું, દુઃખ નથી દુનિયામાં,
કુસંગ પ્રતાપે પ્રાણી, કુંભી પાક પડે છે,
કુસંગ ભુલાવે ભાન, ધર્મનું ન રહે ધ્યાન,
કુસંગ થવાથી નક્કી, જગે જોડા જડે છે;
કુટિલ કુસંગીઓને, ગુરૂ જ્ઞાન લાગે નહિ,
પ્હેલાં ન વિચારે પણ, પછી પોકે રડે છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
કુસંગી જે હોય તેને, નવે ગ્રહ નડે છે.

દોહરા.

દુર્જન આ દુનિયા વિષે, દુઃખના છે દેનાર;
સુખ નહિ પામે સ્વપ્નમાં, સોબતનો કરનાર,
ક્રૂર મનુષના સંગથી, કષ્ટ પ્રગટ જે થાય;
એવું બીજું કષ્ટ કો, ઘડયું નથી જગરાય.
ક્રોધિ કૃપણને કુટિલ નર, મનનો મેલો હોય,
એવા અધમ અનાડિને, મિત્ર ન કરશો કોઈ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જો કોઈ શઠ સંગ પ્રીત કરશો, તો કષ્ટ થાશે ઘણાં,
કીધી સંગત જે જને નિચ તણી, તેઓ દુઃખી બા બન્યા;

ઇચ્છો જો સુખ શાન્તિ તો નહિ થશો, સંગી હરામી તણા,
શિક્ષા સુંદરજી તણી સુણિ નહીં, પસ્તાય છે તે ઘણા.

દોહરા.

દુર્જનથી ડરતા રહી, કરવો નહિ કદિ સંગ;
આફત શિર આવી અડે, પડે રંગમાં ભંગ.
દુર્જનના દુર્ગુણ તણો, કથતાં નાવે પાર;
દુર્જન આ દુનિયા વિષે, દુર્ગુણના ભંડાર.
સુંદર રવિનાં રજકણો, ગણતાં ગણી શકાય;
પણ દુર્જનના દુર્ગુણો, લખતાં કદિ ન લખાય.

કપટી મિત્રનાં લક્ષણ.

મનહર છંદ.

મીઠું મીઠું બોલે મુખ, અંતર ભરેલ વિષ,
દગાને પ્રપંચ માંહી, રહે બહુ મ્હાલતો.
કામ નિજ કાઢવાને, કૂડની કરે છે જાળ,
મીન પકડવાને બગ, જેમ ધીરો ચાલતો;
ઉપદેશ આપે કોઇ, શાણો થૈ શ્રવણ કરે,
પણ પાણો પલળે તો, પલળે એ પાપીઓ,
સુંદરજી સજ્જનોએ, વિચારી વિચારી અંતે,
એવો જન હોય તેને, કૂડો મિત્ર માપીઓ.

માલિની છંદ.

વિનય વચન બોલે, અંતરે ઝેર રાખે,
કપટ કરિ જનોના, કંઠમાં ફાંસિ નાખે;
નિજ હિત ચિત ચાહે, અન્યનું કૂર ભાંખે,
સુગુણિ જન તણું તે, કાંઇ સારૂં ન સાંખે.

સદ્ગુણી મિત્રનાં લક્ષણ.

દોહરો.

ઉત્સાહી સદ્ કાર્યમાં, વિમળ વચન વદનાર;
હિત કરતા હર કોઈનું, મિત્ર ખરો એ ધાર.

મનહર છંદ.

શાણો સદ્ગુણી અને, વિવેકે ભરેલો અતિ,
મતિ અતિ રૂડી જેની, સદૈવ સોહાય છે,
કપટ રહિત પાળે, પ્રીત અહોનિશ વળી,
પાછળથી મિત્ર તણા, સદ્ગુણ ગાય છે;
ચાહે નહિ ચિત્ત વિષે, મિત્ર તણું બુરૂં કદિ,
સર્વદા સ્વ સ્નેહીઓને, સંપી સુખી ઇચ્છે છે,
એવો સદ્ગુણી જેને, મિત્ર મળે સુંદરજી,
તેને સાચું સ્વર્ગ સુખ, મિત્ર વિષે દિસે છે.

મદિરા છંદ.

આપ સહે શિર સંકટ તો પણ, મિત્ર તણું દુઃખ દૂર કરે,
નીતિ ધરે નિજ અંતર ભીતર, કૃત્ય કુડું કદિએ ન કરે;
દ્વેષ ન લેશ ન કલેશ કરે કદિ, હર્ષ વિષે દિવસો ગુજરે,
સ્નેહિ મળે ગુણ સાગર સુંદર, જીંદગિ તેહ તણી સુધરે.

લાવણી.

સદાચારમાં સહાય કારક, દુરાચારથી દુર કરે;
પાપ કર્મથી અળગા રાખે, પોતે પણ નવ પાપ ધરે.
મિત્ર મંડળમાં ગુણી ગણાતો, કો સંગે ક્રુરતા ન કરે;
સ્નેહ ભરેલું હૃદય હમેશાં, મધુર વચન મુખથી ઉચરે.
મળી ગએલાં પય સાકરવત, એકાકાર સ્વરૂપ કરી;
અરસપરસમાં પ્રીતિ પુરણ, અંતર, અંતરમાં ન જરી,
સુંદરજી સદ્ગુણ સંપન્નથી, સ્નેહ સદા નિર્મળ ઠરજે;

નેક ટેક છોડીશ નહિ પણ, દુર્જનથી દિલમાં ડરજે.

સગ્ધરા છંદ.

સારો જે હોય સ્નેહી, વિપત વખતમાં, તે ઉગારી લહે છે,
આપે છે મિત્રને તે, પરમ સુખ અને, કષ્ટ પોતે સહે છે;
પોતાનું કષ્ટ પોતે, નિજ હૃદય વિષે, સર્વદા અલ્પ જાણે,
સ્નેહીનું કષ્ટ છોટું, પણ નિજ ઉર તે, કષ્ટ મોટું પ્રમાણે.

દોહરા.

વિનય વિવેક ઉદારતા, પરહિત કારી હોય;
સુંદર એવા સુજ્ઞના, સંગિ થજો સહુ કોઈ.
મુખથી મધુરૂં બોલવું, અંતર અમળ સદાય;
હિત કરવું હરકોઈનું, સજ્જન એજ ગણાય.

પતિવૃત પાળવા વિષે.

દોહરો.

પતિવૃત પાળો પ્રેમદા, પ્રભુપદ પ્રેમ પમાય;
પ્રીત સહિત પતિ પૂજતાં, સ્વર્ગાધિક સુખ થાય.

બનજારા.

તમે ધર્મશાસ્ત્ર વિચારી, પતિવૃત પાળો સહુ નારી. ટેક.
નિજ સ્વામીથી રાખો પ્રીતિ, તજો કૂડ કપટ કુનીતિ;
થશે પ્રસન્ન દેવ મોરારી, પતિવૃત પાળો સહુ નારી.
પ્રિય સ્વામી સંગે રંગે, ખૂબ ખેલ કરો ઉમંગે;
ગુજરે જીવન સુખકારી, પતિવૃત પાળો સહુ નારી.
હોય દીન પતિ પોતાનો, પણ પ્રાણ સમાનજ માનો;
નિજ તનમન ધન એ ધારી, પતિવૃત પાળો સહુ નારી.
કદિ કુરૂપ હોય કે કાણો, તો તે પૂર્વ સંયોગ પ્રમાણો;
નથી બીજાને કહેવાની બારી, પતિવૃત પાળો સહુ નારી.

પૂર્વે થઇ ગઇ જે સતી નારી, તેની કૃતિ જુઓ વિચારી;
કરતી પતિ ભક્તિ ભારી, પતિવૃત પાળો સહુ નારી.
શ્રી સીતા અને દમયંતી, હતી સતી મહા ગુણવંતી;
પામી પ્રભુપદ પતિવૃત પાળી, પતિવૃત પાળો સહુ નારી.
જગ જાહેર જેની સાથે, કર્યું પાણી ગ્રહણ નિજ હાથે;
ખરી રાખવી એહથી યારી, પતિવૃત પાળો સહુ નારી.
જુઓ સુશિલચંદ્રિકા નારી, પામી કષ્ટ અથાગ બિચારી;
પણ સત્ય નહિ તે હારી, પતિવૃત પાળો સહુ નારી.
મળ્યું સત્ય પ્રતાપે સુખ, ગયું સુંદરજી તેનું દુઃખ;
પતિવૃતને છે બલિહારી, પતિવૃત પાળો સહુ નારી.

મનહર છંદ.

પતિ પદ પુજવાથી, પ્રભુ પદ પ્રાપ્ત થાય,
પતિને રીઝવવાથી, પ્રભુ પોતે રીઝે છે;
અનાદર કરે કદી, નિજ નાથ તણો નારી,
તો પ્રભુજી તેના પર, ખરેખર ખીજે છે;
જે નારી સ્વસ્વામી સંગે, સંપીને સંતોષી ચાલે,
તેને આ સંસાર તણાં, સુખ સર્વ મળે છે,
પતિ પદ રતિ અતિ, રાખવાથી સુંદરજી,
મળે છે વિલાસ ખાસ, ક્લેશ કષ્ટ ટળે છે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જે નારી નિજ નાથ સાથ રહિને, આનંદ લેવા ચહે,
તે નારી પતિની રૂડી રતિ વડે, સૌભાગ્યવંતી રહે;
સાચો સ્નેહ સ્વનાથનો સમજવો, બીજો જુઠો જાણજો,
સ્વામી સ્નેહ પ્રતાપ સુંદર કહે, સૌખ્યું રૂડી માણજો.

સ્ત્રગ્ધરા છંદ.

પોતાનો નાથ છોડી, અવર પુરૂષને, કોઈ નારી ચહે છે,
તે નારી ધર્મ લોપે, અહરનિશ ઘણા, કષ્ટ ભારા વહે છે;

પામે પીડા હમેશાં, પરપુરૂષ તણા, ફંદમાં જો ફસે છે,
ફુડાં કર્મો પ્રભાવે, દુઃખ સહન કરી, નર્કમાં તે વસે છે.

મન્દાક્રાન્તા છંદ.

પાળો આજ્ઞા, પ્રિય પતિ તણી, અન્યનો સંગ છોડો,
સ્વામી સાથે, સદ્દગુણ ભરી, સુંદરી સ્નેહ જોડો;
કેવું સારૂં, શિયળ ફળ છે, તે તમે સૌ વિચારો,
પામે પ્યારી, પતિ પુજનથી, પર્મ આનંદ પ્યારો.

રૂચિરા છંદ.

એક ટેક નિજ અંતર રાખો, પતિવૃત પ્રાણાધિક જાણો,
કષ્ટ સહન શિર કરવું તો પણ, પતિ અવગુણ ઉર નહિ આણો;
સૃષ્ટિ નિયંતા રક્ષણ કરશે, શિયળવંત સહુ નારીનું,
સુંદર સઘળાં સુખ સાંપડશે, ટળશે દુઃખ પિયુ પ્યારીનું.

સદ્દગુણી કાન્તા.

સવૈયા બત્રીસા.

સુંદર શાણિ સુગુણની ખાણી, વદે મુખ વાણિ મધુરિ મધુરી,
પ્રીત પતિથી નિરંતર અંતર, ચિત્ત ચહે નહિ સંગત બુરી;
પ્રેમ સહિત પતિ પદ પૂજન, ચાહી કરે જેમ હોય હજુરી,
હોય દયા જગદિશની સુંદર, પ્યારિ મળે સદ્દગુણથી પૂરી.

દોહરા.

પતિને પ્રભુ ગણી પુજતી, સતિ શિરોમણી જેહ;
વ્હાલી લાગે સર્વને, કુળને તારે તેહ.
સાસુ અને સસરા તણી, લોપે નહિ કદિ લાજ;
અંતરના ઉત્સાહથી, કરતી ઘરનાં કાજ.
શુભ આચારે સર્વને, સંતોષે સતિ નાર;
ક્લેશ કરે નહિ કોઈથી, પતિ પર પ્રેમ અપાર.

મધુર વચનથી મેળવે, સકળજનોનો પ્યાર;
શિયળ ચુકે નહિ સ્વપ્નમાં, એજ ખરી સતિ નાર.
વ્હાલાં જનને વ્હાલથી, આપે આદર માન;
પતિ વિણ બીજા પુરૂષને, ગણતી ભ્રાત સમાન.
માતપિતાદિક પ્રિયજનો, પુત્રાદિક પરિવાર;
શિયળ પ્રભાવે સર્વનો, સતિ કરશે ઉદ્ધાર.
ગ્રહિણી ગ્રહ સંસારમાં, તરણી તારણ હાર;
પતિવૃતથી પરિવારને, ઉતારે ભવ પાર.
પતિ પદમાં મન મગ્ન છે, અંતર નિર્મળ ભાવ;
પતિ પ્રભુમાં અંતર નહીં, સુખિઓ તેનો નાવ.

મનહર છંદ.

પ્રાણથી અધિક નિત, પતિ પર રાખે પ્રીત;
રટણ હ્રદય વિષે, પ્રાણ પ્યારા પતિનું,
દુરાચારી નારી તણી, યારી કદી કરે નહિ,
વૃત અહોનિશ પાળે, શાણી શુદ્ધ સતિનું;
પતિનું વચન પ્યારૂં, અમૃત સમાન સારૂં,
માને ન વચન કદિ, અન્ય દુરમતિનું,
સુંદરજી સદગુણી, શામા મળી જે જનોને,
જાણવું એ ફળ સાચું, .પૂર્વની સુકૃતિનું.

દોહરો.

પાપિ નજરથી પરપુરૂષ, પેખે નહિ પ્રાણાંત;
વ્હાલો એકજ વિશ્વમાં, પરણેલો નિજ કાન્ત,

સોરઠો.

ધન ધન સતિ અવતાર, પતિ પદ પૂજે પ્રેમથી,
આપે શાન્તિ અપાર, શાણી શ્યામા સ્વામિને.

મનહર છંદ.

સાસુ અને સસરાને, સેવાથી સંતોષે સદા,
જેઠને જેઠાણી સાથે, સ્નેહ સારો રાખે છે,

દિયર નણંદ અને, નાનાં નાનાં બાળકોને,
ઉપદેશ લાગે એવાં, મૃદુ વેણુ ભાંખે છે;
પ્રેમ રૂપી પુષ્પ વડે, પતિનું પુજન કરે,
મનની મલિનતાનું, મૂળ કાઢી નાખે છે,
એવી સદ્‌ગુણી શ્યામા, કુળનો ઉદ્ધાર કરે,
સુંદરજી કવિ જેવું, દેખે તેવું દાખે છે.

દોહરા.

સાસુ સ્વસુર બહુ આકરાં, વઢતાં વારંવાર;
તો પણ સેવે સ્નેહથી, એ વહુની બલિહાર.
સાસુ લડે, સસરો લડે, દિયર લડે દિનરાત;
પોતે કદિ પણ નવ લડે, એજ ખરેખર જાત.
પ્રથમ જમાડે પ્રેમથી, વડિલ જનોને ખાસ;
તૃપ્ત કરીને તેમને, પછિ પોતે લે ગ્રાસ.

સોરઠો.

ભોજનમાં નહિ ભેદ, સહુને સરખાં રાખતી;
કોઈ ન પામે ખેદ, વરતે એવા વિનયથી,

દોહરા.

પોતે પીડા શિર સહે, કરવા પતિનું હીત;
એવી સન્નારી ઉપર, કેમ ન ઉપજે પ્રીત ?
વ્હાલી થાવા વડિલને, થોડી થોડી થાય;
વાણી મધુરી ઉચરે, સુણતાં મન હરખાય.
કુશળ રહે ગ્રહ કાર્યમાં, પતિ સેવામાં પ્રેમ;
સસરાના કુળને સદા, ઇચ્છે અંતર ક્ષેમ,
ગંગાને ગુણિયલ તણાં, કીધાં વિવિધ વખાણ,
એવી દેવી જો મળે, પછી રહે શી તાણ ?

હરિગીત છંદ.

નિઃસાર આ સંસારમાં, સતિઓજ તારણહાર છે,
વ્યભિચાર વિષ ગણનારને, સતિનો ખરો આધાર છે;

તરણી સરીખી તારણી, સતિને સદા બલિહાર છે,
સુંદર કહે સતિ સાધવી, શુભ સ્વર્ગનું મુળ દ્વાર છે.

માલિની છંદ.

સતિ પતિ પદ પૂજે, અંતરે હેત આણી,
નિજ પ્રિય પતિ પ્રત્યે, ઉચ્ચરે મિષ્ટ વાણી;
મૃદુ મૃદુ વચનોથી, નાથને ત્યાં રીઝાવે,
પતિ પર નહિ શાણી, કાંઈ દુર્ભાવ લાવે.

મહિદીપ છંદ.

સ્વામીને સ્વગુણ વડે, સર્વ સુખ આપે,
મંદ મંદ હાસ્ય કરી, ક્લેશ કષ્ટ કાપે;
દિલગીરી ભરેલ મુખ, પતિ તણું નિહાળે,
પતિ પ્રસન્ન વાક્ય વદિ, શોક દાહ ટાળે.

દોહરા.

નિજ પતિને સતિ સાધવી, આપે અતિ આનંદ;
પ્રેમામૃત પુર પાય છે, અંગ અથાગ ઉમંગ.
ભાવ સહિત નિજ નાથને, રિઝવે પતિવૃત પાળ;
પતિ સેવામાં સુંદરી, કાઢે છે નિજ કાળ.
રતિ રાખે પતિ પદ ઘણી, સતિ શિરોમણી હોય;
સંપત યા સંકટ સમે, સ્વામી સંગે સોહાય.
પતિના દુ:ખે દુ:ખણી, પતિના સુખમાં સૂખ;
સ્નેહામૃત છાંટી સદા, પ્રફુલિત રાખે મૂખ.
પતિને કદિ પજવે નહીં, જીવ જતાં સતિ નાર;
સારો યા ભુંડો ભલે, તો પણ પ્રાણાધાર.
પતિ પતિ કરતી પ્રેમદા, પતિને માને પ્રાણ;
સુંદર એવી સુંદરી, પૂર્વ જન્મ સુખ ખાણ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

કાળે કોપ સ્વનાથ સાથ કરવા, ઉરે ન જાણે જરી,
સ્વામી સંગ ઉમંગથી સતિ રહે, હર્ષે હમેશાં ભરી;

દુર્ભાષા કદિ સ્વપ્નમાં નવ વદે, શાણી સ્વ જાતે કરી,
વાણી સુંદર ઉચ્ચરે મધુ મુખી, રાગે રસેથી ભરી.

દોહરા.

પ્રેમ વચનથી પ્રેમદા, પતિનો પામે પ્રેમ;
ઐક્યપણું રાખી રહે, દંપતિ કુશળ ક્ષેમ.
સતિ સાચી જે હોય તે, પતિને જાણે દેવ;
અડગ અચળ નિજ નાથની, સ્નેહે કરતી સેવ.
સ્વામીના સંયોગમાં, સુખ સમજે સતિ નાર;
પતિ પદ પૂજે પુષ્પથી, સફળ કરે અવતાર.
નારી સારી સાંપડે, પ્રિય લાગે સંસાર;
નારિ મળે નિચ વ્યસની. તો દુઃખનો નહિ પાર.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જેની સાથ રહી રસે ભવ ગયો, ગુજારવો છે ખરો,
તે સંગી કદિ જો કુસંગિ નિવડે, તો સાર શું છે નરો ?
નારી જો રતિવંત હોય નરને, તો ભાગ્યશાળી ગણો,
નારી જો નિચ પ્રાપ્ત થૈ જનમ તો, એળે ગયો તે તણો.

સ્ત્રગ્ધરા છંદ.

પૂર્વે પુજ્યા હશે જો, પરમ પ્રભુ તણા, પાય પ્રેમે કરીને,
નારી સારી રૂપાળી, જગપતિ જનને, દે દયાએ કરીને;
સાચું સંસાર કેરૂં, સુખ સકળ મળે, તારૂણી હોય સારી,
દેજે તું સૃષ્ટિ સ્વામી, સરસ ગુણ ભરી, સુંદરી પ્રેમ વાળી.

દોહરા.

પતિ આદિક નિજ પ્રિયજનો, પુત્રાદિક પરિવાર;
નિકટ સંબંધી સર્વનો, સતિ કરશે ઉદ્ધાર.
જે ગ્રહમાં સતિ નારિ છે, વર્તે ત્યાં આનંદ;
કલેશ અને કંકાસનો, ફાવે નહિ ત્યાં ફંદ.
પરમાનંદે પતિ પ્રિયા, ખેલે નૂતન ખેલ;
કર સંપુટ કરિ કામિની, સ્વામી સમિપ ઉભેલ.

પરિચય પર પુરૂષો તણો, ઇચ્છે નહિ લવ લેશ;
નિજ પતિ પર સતિ સાધવી, રાખે હેત હમેશ.
નિજ પતિને દ્રગ દેખતાં, હર્ષ હ્રુદય નવ માય;
જેમ ઉદય દિનમણિ થતાં, કમળ પ્રફુલ્લિત થાય.
વંદન કરિએ વિનયથી, કરતા કરૂણા કાર;
કવિ સુંદરજી સર્વદા, યાચે છે સતિ નાર.
તરણી સરખી તારણી, કરણી શુભ કરનાર;
કંથ સહિત નિજ કુળ તણો, કરશે બેડો પાર.

અસ્તોદય અથવા ભાવિની પ્રબળતા.

દોહરા.

જે કાળે જે નિમિત છે, તે કાળે તે થાય;
વ્યર્થ જશે સુંદર બધા, કરિએ કોટિ ઉપાય.
દુઃખ દેખી ડરવું નહીં, કરવું નહિ કલ્પાન્ત;
દૈવ યોગથી થાય તે, સહન કરવું થઇ શાન્ત.

માલિની છંદ.

ચડતિ પડતિ આવે, સર્વને શીર ભાઇ,
નથિ નથિ નથિ નિશ્ચે, કાંઇ એમાં નવાઇ;
નિરધન ધન પામી, ભોગવે ભોગ સારા,
લખપતિ ટળિને કો, કાપતા કાષ્ટ ભારા.

દોહરા.

વખત વરતવો પ્રાણિઆ, વખત જગત આધાર;
વખતે બેઠણુ પાલખી, વખતે માથે ભાર.
વખતે જન હરખાય છે, વખતે દિલગિર થાય;
વખતે રોણું રોય છે, વખતે ગાણું ગાય.
વખતે ગજ પર ગાજતા, વખતે ગજ પદ પ્રાણ;
વખતે વિવાહ માણતા, વખતે કરતા કાણ.

વખત વખતનાં વાદ્ય સૌ, વાગે છે દિન રાત;
વખતે જે કંઈ થાય તે, સહન કરો સૌ ભ્રાત.
કોઈ વખત બહુ બુજ ઘને, જન મન પ્રફુલિત થાય;
કોઈ વખત સુંદર કહે, ડગલાથી ન ધરાય.
વખતે ખાતા લાડવા, વખતે ખાતા ખીર;
વખતે સુકો રોટલો, વખતે નિર્મળ નીર.
વખતે ઓઢણ ચીથરાં, વખતે ઓઢણ ચીર;
વખતે ભીક્ષા માગતા, વખતે મરદ અમીર.
વખતે મૂછ મરોડતા, વખતે બહુ લાચાર;
વખતે પાસા પાધરા, વખતે કુચ્ચા બાર.
વખતે પિર કરિ પૂજતા, મોટા મોટા લોક;
વખતે ભુંડી હાલતે, વખત તણો શો શોક ?
સુંદર આ સંસારમાં, વખત વડી છે વાત;
વખતે વિર વરતાય છે, વખતે કમતાકાત.
વખતે સુતા ઢોલીયે, વખતે પૃથ્વી પાટ;
વખતે પેરણ પટકુળો, વખતે તૂટલ તાટ.
વખતે હુકમ હલાવતા, વખતે જાતા જેલ;
વખતે રેવા ઝુંપડી, વખતે મોટા મ્હેલ.

સોરઠા.

વખતે છત્તર છાંઈ, વખતે તડકે તન તપે,
વખત કરે જે કાંઈ, સુંદર મન શોચે નહીં.
વખતે શ્યામા સંગ, રંગ રમ્યા રજનિ દિવસ;
વખતે બાળ્યું અંગ, પંચાગ્નીના તાપથી.

દોહરા.

કો દિન ગુજરે કામમાં, કો દિન બેઠા બેઠ;
કો દિન કરિએ ચાકરી, કો દિન બનિએ શેઠ.
વખતે વસિએ વસ્તિમાં, શાણા જન જ્યાં સોય;
વખતે સુંદર વન વિષે, એકલડો પણ હોય.

કોઈ વખત જન હોય છે, આનંદે ભરપૂર;
કોઈ વખત જન હોય છે, ચિંતામાં ચકચૂર.

સોરઠો.

વખતે ચડતી હોય, વખતે પડતી પણ ખરી;
હરદમ સરખું ન્હોય, સત્ય વચન સુંદર કહે.

દોહરા.

સુખિઆને શિર દુઃખ પડે, અધિકાશ્ચર્ય જણાય;
પણ વખતે વેઠયા વગર, ચાલે નહિ ઉપાય.
અસ્ત ઉદય નિત થાય છે, આદિ નિયમ એ ધાર;
યત્ન અધિક કરિએ છતાં, ઉગ્યું અસ્ત થનાર.
કષ્ટ નથી કોઈ ચાહતું, ચાહે છે સહુ સૂખ;
તો પણ દૈવી યોગથી, આવિ મળે છે દુઃખ.

મનહર છંદ.

વિપત વાદળ જ્યારે, ચારે બાજુ ચડી આવે,
ત્યારે મોટા જન પણ, મનમાં મુંઝાય છે,
દરિદ્ર દબાવી દીએ, શુદ્ધ સાન હરી લીએ,
વિપત પ્રભાવ એવો, વિશ્વમાં વર્તાય છે;
ધૈર્ય ધારી ધીર વીર, સંકટ સહે છે શિર.
તથાપિ તે સુખી હોય, એવું વરતાય છે,
સુંદરજી કહે જેઓ, નાહિમત હોય તેઓ,
દુઃખ દેખી રાંક બની, રોવા મંડી જાય છે.

દોહરા.

રોષ ન રાખો અવર પર, કર્મ તણો ગણિ દોષ;
સુખ દુઃખ સહુ કરવું સહન, માની મન સંતોષ,
સંકટ વેળા સર્વદા, ધરવી અંતર ધીર;
સુખ દુઃખને સરખાં ગણી, સહન કરો સહુ વીર.
દુઃખ જશે પછિ સુખ થશે, એવી છે ઘટ માળ;
શોક હર્ષ શું કામનો ? કામ કરે છે કાળ.

દૈવાધિન દુનિયા બધી, કોઇ નથી સ્વાધીન;
રંક અને શ્રીમંત સહુ, દૈવ કને છે દીન.
વ્હાલાં વૈરી થાય છે, વૈરી વ્હાલાં થાય;
સમય બદલતાં આપણો, સઘળું બદલી જાય.
છાંયો ત્યાં તડકો અને, તડકે છાંયો થાય;
સુંદર આ સંસારમાં, અચળ રહે નહિ કાંઈ.
પોતાને ગમતું નથી, તેમ છતાં જે થાય;
ભાવિ પ્રબળતા જાણવી, એનો નહિ ઉપાય.
સુખની ઇચ્છા સર્વને, કષ્ટ ન ઇચ્છે કોય;
તો પણ કવિ સુંદર કહે, હોનારૂં તે હોય.
હોય લખેલ લલાટમાં, આવિ મળે છે આપ;
શા માટે સુંદર કહે, કરવો વ્યર્થ વિલાપ.
કર્મ કુટેલાં હોય તો, અમૃત વિષ થઈ જાય;
એજ કર્મ સવળાં થતાં, વિષ પણ અમૃત થાય.
સખા હતા શ્રી કૃષ્ણ સમ, આપ હતા બળવાન;
તો પણ પામ્યા પાંડવો, કૌરવથી અપમાન.
દૈવાશ્રિત હોવા છતાં, દુઃખમાં હોય ડુબેલ;
એ પણ સુંદર જાણવા, દૈવ ખુબીના ખેલ.

સોરઠા.

વસ્તી ત્યાં વેરાન, ઉજ્જડમાં વસ્તી વસે;
મેડી ત્યાં શમશાન, શમશાને મેડી બને.
સુખ મળવા દુઃખ દુર થવા, તલસે છે સંસાર;
ભાવિ નથી મિથ્યા થતું, કરતાં યત્ન અપાર.

હરિગીત છંદ.

સંસ્કારને બલિહાર છે, સંસ્કાર સર્વાધાર છે,
સંસ્કારના યોગે કરી, સર્વે થયું થાનાર છે;
નહિ થાય કંઈ સંસ્કાર વિણ, એવું નક્કી નિરધાર છે,
સુંદર કહે સંસ્કારને, વંદન હજારો વાર છે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

સંસ્કારે સર્વે મળે પ્રિયજનો, એવોજ આધાર છે,
સંસ્કારે શઠ સંગ થાય જનને, સૂસંગ સંસ્કાર છે;
સારૂં યા નરસું થવું નસિબમાં, સંસ્કારથી થાય છે,
કે છે સુંદર સૃષ્ટિનાં સુખ દુઃખો, સંસ્કાર દેખાય છે.

દોહરા.

ભ્રાત અગર નિજ પુત્ર હો, તાત અગર હો માત;
કર્મ હશે જે તેહનાં, ભોગવશે ભલિ ભાત.
પ્રિયજનનાં દુઃખ ટાળવા, કરિયે પ્રૌઢ પ્રયાસ;
તો પણ તે તો ભોગવે, કર્મ કરેલાં ખાસ.
આપણથી દુઃખ આપણાં, ટળતાં નથિ તલ ભાર;
તો પછિ દુઃખ બીજા તણાં, કેમ કરી ટળનાર ?

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જ્યાં નિર્માણ થયું હશે મનુષનું, ત્યાં તે સહેજે જશે,
કોટી યત્ન કર્યાં છતાં ભવિષમાં, થાવું હશે તે થશે;
ઇચ્છા હોય ગજેંદ્ર સ્વારિ કરવા, કર્મે ગધેડો મળે,
કે છે સુંદર કર્મ રેખ કહિયે, ટાળી નહીં તે ટળે.

હરિગીત છંદ.

નિજ કર્મની કઠણાઈ, તેમાં દોષ કોને દીજીએ ?
ભુંડું લખેલું ભવિષમાં, સારૂં શિ રીતે લીજીએ ?
જન કર્મનાં થળ ઉભળે, ત્યારે મણા રેતી નથી,
વેળા વિપત સુંદર કહે, વીદિત કરી જાતી નથી.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જે જે વૈભવ સાંપડ્યા વળિ હવે, જે કાંઇ વસ્તૂ મળે,
છે નિર્માણ થયેલ સુંદર કહે, તે ભેદ ભેદૂ કળે;
અજ્ઞાની જન હોય તે મફતનો, બોજો ઉઠાવી ફરે,
થાવું હોય ભવિષ્યમાં તદપિ તે, શેખાઈ ખોટી કરે.

હરિગીત છંદ.

કલ્પાન્ત કરવાથી કદી સંકટ નથી ઓછું થતું,
વિધિએ લખેલું વિગતથી, બરબાદ તે કદિ નથિ જતું;
જેને નથી સાચી સમજ, તે કમ અક્કલ દુઃખ ગાય છે,
સુંદર રડો યા ખુશ રહો, થાનાર તે તો થાય છે.

દોહરા.

કિસ્મતમાં જે હોય તે, આવિ મળે છે આપ;
કિસ્મત વિણુ મળતું નથી, કરવાથી પરિતાપ.
માટીમાંથી ધન મળે, ધન માટી થઈ જાય;
સુંદર એવો સમજવો, કિસ્મતનો મહિમાય.
દુઃખ દુર કરવા કારણે, મનુષ મથે દિન રાત;
માંડેલું મટતું નથી, એવું છે કમ જાત.
દુઃખ મટવા દુનિયા વિષે, એકજ છે ઉપાય;
તૃષ્ણાને તજતાં તુરત, કષ્ટ રવાના થાય.

મનહર છંદ.

લલાટે લખેલું દુઃખ, કહો ક્યાંથી મળે સુખ ?
બુરી દશા બેસે ત્યારે, બુરાં બધાં થાય છે,
ઉપાય અનેક કરે, મ્હેનત કરીને મરે,
તદપિ ન કાર્ય સરે, ભાન ભુલી જાય છે;
પ્રભુ પ્રતિકુળ થતાં, જગ પ્રતિકુળ જાણો,
સગાં સ્નેહી મિત્ર મટી, દુશ્મનો દેખાય છે,
સુંદરજી કહે જ્યારે, વિધિ વામ હોય ત્યારે,
કનકને કોરે મુકી, ધૂળજ ધમાય છે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ખીલે કિસ્મત જે સમે જન તણું, ત્યારે કમી શી રહે ?
થાતાં ભાગ્ય તણો ઉદે જગતમાં, રાજા પ્રજા સૌ ચહે;
પ્હેલાં કો પુછતું નથી પુરૂષને, તું કોણુને ક્યાં રહે ?
જ્યારે દા સરખો પડે નસિબનો, ત્યારે બધાએ ચહે.

દોહરો.

કરમે સંપત સાંપડે, કરમે ભોગ વિલાસ;
કરમે વૃદ્ધિ પરિવારની, કરમે તેનો નાશ.

મનહર છંદ.

સાગર તરંગ પેઠે, માનવીના મનોરથ;
મનમાં પ્રગટે અને, મનમાં સમાય છે,
લાખ કે કરોડમાંહી, એકાદ બે પાર પડે,
બાકી બીજા તર્ક બધા, વાએ વવલાય છે;
ગયાની ગણત્રી નથી, થયાનું ઠેકાણું નથી,
નિત્ય નવા નવા તર્ક, થાય ને ભુલાય છે,
સુંદર સંસાર સહુ, કલ્પના કરે છે ખોટી,
તદપિ લલાટ પટે, લખેલું લોઢાય છે.

હરિગીત છંદ.

કો નર સદા સુખિઆ ફરે, કો કષ્ટથી કચરાય છે,
કો નર ઘણા મસ્તાન છે, કો દૂબળા દેખાય છે;
કોઇ નરો શ્રીમંત છે, કોઈ વળી નિર્ધન દિસે,
સુંદર કહે સરખા નથી, સઘળા જનો સૃષ્ટી વિષે.

દોહરો.

કેક રડે છે રાગને, કેક રડે ધન લાખ;
કેક મજાઓ માણતા, કેક ચોળતા ખાખ.

મનહર છંદ.

છોટા અને મોટાઓમાં, તફાવત નથી બીજો,
ફક્ત અમલ અને, માયાની મોટાઈ છે,
માયા વિના મનુષ્યનું, ન્હાનામાં નોંધાય નામ,
માયા જેની ગાંઠે હોય, એજ મોટો ભાઇ છે;
મોટા જેઓ હોય તેઓ, છોટા પણ થાય ખરા,
છોટા હોય તેઓ વળી, મોટા બની જાય છે,

સુંદરજી સ્થિતિ તણો, કરો નહિ હર્ષ શોક,
સમો આવ્યે સર્વ તણી, સ્થિતિ બદલાય છે.

શિખરિણી છંદ.

લખેલા લેખો જે, નિજ નસિબ વીધી કર વડે,
કરો કોટી યત્નો, જરિક પણ જૂઠું નવ પડે;
સુખી થાવા ઇચ્છા, તદપિ દુઃખ આવે અતિ ઘણું,
નરો નિશ્ચે માનો, પ્રબળ બળ છે કિસ્મત તણું.

મનહર છંદ.

મળે નહિ અન્ન ખાવા, પ્હેરવા સુવસ્ત્ર નહિ,
દામ તણું નામ સુણી, ચમકે જે ચિતથી,
વિવિધ વિલાસ વડે, મોજ મજા માણી નહિ,
જાણી નહિ ગૃહસ્થોની, સ્થિતિને ખચિતથી;
લક્ષ અને કોટિ પતિ, એ તે કેવા નર હશે ?
એવો જેના અંતરમાં, અંદેશો ભો આવે છે,
સુંદરજી એવા તણાં, કિસ્મત જો ખીલે કદી,
પૈસાને પ્રતાપે એજ, આનંદ ઉડાવે છે.

દોહરા.

મજુરી કરિ ભરતા ઉદર, વારે કરતા વેઠ;
કર્મે કીધા તેમને, સુંદર આજે શેઠ.
ભૂખ ભડાકા મારતી, કરતી ગ્રહમાં રાજ;
તે ઘર દૈવી વૈભવો, દીઠા દૃષ્ટે આજ.

મનહર છંદ.

આજીજી અપાર કરે, તથાપિ ન પાઇ મળે,
કરે નહિ કોઈ કદી, આદર સુરીતથી,
મહા મુશિબત વેઠી, પેટ તણું પુરૂં પાડે,
પામે નહિ પુત્ર તેનો, પૈસો એક પ્રીતથી;
માયાવાળા મનુષ્ય તો, મુદલ ન આપે માન,
સહુ શઠ શઠ કહી, કાઢે નિજ દ્વારથી,

સુંદરજી એવા તણા, કિસ્મત જો ખીલે કદી,
તો પછી તેનેજ વંદે, પૂર્વજન પ્યારથી.

દોહરો.

જે જનને જડતી નહીં, ખાવા ખોરી જાર;
તે જન મોટા રાજમાં, બનિ બેઠા સરદાર.

મનહર છંદ.

હુકમ થતાં હજાર, હાજી હાજી કરી પડે,
ખમા ખમા કરે બધા, લોક બહુ સ્નેહથી,
સુવસ્ત્રાલંકાર સજી, મસ્ત બની માણે મોજ,
ભોગવે ન કષ્ટ કદી, પોતે નિજ દેહથી;
ઝુલે ગજરાજ દ્વાર, ગાડીને ઘોડા અપાર,
પૃથ્વી પર પાળા કદી, ચાલે નહિ ચર્ણથી,
સુંદરજી એવા તણાં, કિસ્મત જો ફુટી જાય,
તો પછી તેનાજ શબ્દો, સુણે ન કો કર્ણથી.

હરિગીત છંદ.

કોઈ બિરાજે પાલખી, કો ઉંચકે કિંકર બની,
કોઈ હજારો દાન દે, કોઈ નરો દીસે રણી;
કો લાખનાં લેખાં લખે, કો પાસ પૈ એકે નથી,
સંચિત પુરવનાં ભોગવે, સુંદર ખરૂં કેછે કથી.

મનહર છંદ.

ખામી નથી ખલકમાં, વૈભવ વિલાસ તણી,
મોજમજા માણવાની, વસ્તુઓ અપાર છે,
જેહ સુખ સ્વર્ગમાંહી, તેહ સર્વ સુખ આંહી,
પુન્યશાળી પ્રાણી માટે, તમામ તૈયાર છે;
ભાગ્યશાળી ભોગવે છે, ઇંદ્રથી અધિક સુખ,
હુકમ ઉઠાવનાર, હજુરી હજાર છે,
સુંદર સહર્ષ જેણે, પૂર્વે કીધાં પુન્ય પુરાં,
તેને સુખ શાન્તિરૂપ, સકળ સંસાર છે.

હરિગીત છંદ.

પ્રભુ પાદ પ્રેમે પૂજતાં, કલ્યાણ થાશે તાહરૂં,

ટળશે જનમને મરણ ભય; માનો વચન આ માહરૂં;
દિનતા ટળે, અઘમુળ બળે, પ્રભુ ભક્તિથી મુક્તી મળે,
સુંદર સુખદ સર્વે મળે, પણ પૂર્વ સંચિત નવ ટળે.

લાવણી.

શા માટે જન સોચ કરો છો ? શ્રી હરિ કરશે તે થાશે;
મનના ધારેલ મનસુબાઓ તે સઘળા ફોકટ જાશે.
પ્રભુ ઈચ્છા વિણુ કાંઈ નથી બનતું, કરતા હરતા જગસ્વામી,
મન જાણે છે મેં કીધું પણ, કરનારો અંતર યામી.
પાંચ ભાઈ જે પાંડવ કહીએ, ધર્મ તણું પાલન કરતા;
એવા નર પણ મહા સુખ મુકી, દુઃખીઆ થઈ વનમાં ફરતા.
રાજપાટને રિદ્ધિ સિદ્ધિ, એ સર્વે એકા હારી;
પાંચે ભાઈ પધાર્યા વનમાં, સાથે પાંચાળી નારી.
હરિશ્ચંદ્ર સતવાદી રાજા, રાજ રૂડી રીતે કરીયું;
પણ પરમેશ્વર કોપ્યા ત્યારે, નિચ ઘેર જઈ જળ ભરીયું.
નળ રાજા મહા ધર્મધુરંધર, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમીયાં, નવ મળતાં અન્ન કે પાણી.
જુઓ સતિ સીતાજી મોટાં, જેના શ્રી રઘુવીર સ્વામી;
રાવણ તેનું હરણ કરી ગયો, ત્યારે તે મહા દુઃખ પામી.
એવાં મોટાંને કષ્ટો પડીઆં, બીજાઓનું શું કહેવું ?
કહે સુંદરજી કરી વિનંતિ, રામ રાખે તેમજ રહેવું.

મનહર છંદ.

શા માટે તું દીન બની, કલ્પના કરે છે બહુ,
લલાટમાં લખ્યા વિના, કાંઈ નથી મળતું.
ભાવિ બળવાન જાણી, સમરી લે શુલ પાણી,
હુન્નર હજાર વડે, કષ્ટ નથી ટળતું;
ભલું યાને ભુંડું કાંઈ, થવાનું હશે તે થાશે,
ટાળ્યું નહિ ટળે કદી, ચાહે તેમ કર તું,
સુંદર સુનીતિ ગ્રહી, ભાવિનો ભરૂંસો રાખી,
ફીકર તજીને સદા, બેફીકર ફર તું.

દોહરો.

શા માટે અફશોષથી, બાળો છો નિજ પ્રાણ;
જોર ન ચાલે આપણું, હર્ષ થાય કે હાણ.

હરિગીત છંદ.

માંડેલ મિથ્યા થાય ને, નિજ પ્રાણ કાઢી આપતાં;
સુખ ચેન સહુ કોઇ ચહે, પણ નવ મળે તે માગતાં;
આફત અગર સંપત સકળ, માગ્યા વગર મળશે નકી,
સુંદર કહે સંશય રહિત, રાખો તમે ખાત્રી પકી.

દોહરો.

ઇચ્છા કંઈ કરતા નથી, તેમજ કાંઇ પ્રયોગ;
એમ છતાં જે થાય છે. એજ સબળ સંયોગ.

મુર્ખના મનોરથ.

લાવણી.

અજ્ઞાની નિજ અંતર ભિતર, ઘાટ ઘડે ખોટે ખોટા;
મારૂં તારૂં કરતાં કરતાં, નાશ થયા છોટા મોટા.
માયા મારી કાયા મારી, દોલત સઘળી છે મારી;
ઉંચીને વળી સહુથી સારી, તે પણ મેડી છે મારી.
ગાડી ઘોડા છે મ્હારા વળી, ગજેન્દ્રાદિક વાહન મારાં;
હું છું સહુથી મ્હોટો માણસ, વખાણ કરેછે સહુ મારાં.
દાસ દાસીઓ કામ કરે છે, હજુરી હાજર બેઠા છે;
મુજ સમોવડ કોઇ નથી નર, હુંથી સઘળા હેઠા છે.
મ્હારૂં કરેલું ફરે નહિ કદી, મ્હારૂં લોકો માન્ય કરે;
હું મુખથી જે બોલું કાંઇ, તે સુણવા સહુ કાન ધરે.
કાર્યો મ્હોટાં કીધાં છે મેં, બીજાઓથી થાય નહિ;
જ્યાં મારૂં ત્યાં બાણજ વાગે, ઘા ખાલી કદી જાય નહિ.
કઇક નરોનાં શિર નમાવ્યાં, કઇક નરો બેહાલ કર્યા;
કઇક નરોને લુંટી લીધા, કઇક નરોને ન્યાલ કર્યા.
થયો નથી મ્હારા જેવો જન, થશે નહિ બીજો કોઇ;
ક્રિયા કળા અદ્ભુત કરૂં હું, શત્રુ સઘળા રહે તે જોઇ.

માતા પિતા વિષે.

સ્ત્રગ્ધરા છંદ.

વ્હાલાં બીજાં ભલે સૌ, તદપિ પિતુ અને, માતનો પ્રેમ ન્યારો,
સાચે સાચું કહું છું, અવર જન તણો, પ્રેમ એવો ન ધારો;
દુઃખી દેખી સ્વપુત્રો, જનુનિ પિતુ તણા, દીલમાં દુઃખ લાગે,
વેઠે પોતે તથાપી, નિજ તનય તણી, તે ખરે ભીડ ભાંગે.

લાવણી.

બાળા પણમાં માત પિતાને, દુઃખ અતિશય દીધાં છે;
આપણ અર્થે માતાએ બહુ, કડવાં ઓસડ પીધાં છે,
પોતે પીડા વેઠીને પણ, આપણને સુખ આપે છે;
અનેક યત્નો કરી કરીને, રૂડી રીતે રાખે છે.
આપણને કંઇ દર્દ થાય તો, માત પિતાનું દિલ દુઃખે;
જ્યાં સુધી આરામ થાય નહિ, ત્યાં સુધી નહિ સુવે સુખે.
બાધા આખડી રાખે છે વળી, મિષ્ટ ભોજનનો સ્વાદ તજે;
બાળકને સુખ થાવા માટે, પથ્થરને પ્રભુ તુલ્ય ભજે.
આ સઘળું કરવાનું કારણ, જગત સકળ મન જાણે છે;
મોટા થઇને કરે ચાકરી, અંતર એવું આણે છે.
જે પ્રાણી નિજ માત પિતાને, સમજુ થઈ દુઃખ આપે છે;
તે પ્રાણીને સૃષ્ટિ નિયંતા, કુંભી પાકમાં નાખે છે.
તીરથ બીજાં કરો ભલે પણ, માત પિતા તીરથ મોટું;
સંતોષ્યાં નહિ માત પિતાને, તો સઘળું જાણો ખોટું.
જેણે દીધો જન્મ જગતમાં, તે સાચાં સુખદાઇ ગણો;
સુંદરજી ભુલીશ નહિ કદી, ગુણ અથાગ મા બાપ તણો.

મનહર છંદ.

સ્નેહ ધરી કરી નહિ, પુજા માતા પિતા તણી,
એળે અવતાર ગયો, એમ ઉર જાણજો,
જે પ્રાણી સ્વ માત અને, પિતાને પમાડે પીડા,

નરક નિવાસી નક્કી, તે પ્રાણી પ્રમાણુજો;
માનવું તીરથ મોટું, વયોવૃદ્ધ માતા પિતા,
વળી શુદ્ધ સ્નેહી અને, સાચા હિત કારી છે,
દયાળુ મા બાપ એવાં, પ્રસન્ન ન કર્યાં જેણે,
સુંદરજી કહે તેની, જીંદગી અકારી છે.

મંદાક્રાન્તા છંદ.

પ્રેમે પુજ્યાં, પ્રિય પિતુ અને, માતને જે જનોએ,
લીધો સાચો, જન જગતમાં, લાવ તો તે જનોએ;
સાચાં સ્નેહી, સુખ દુઃખ વિષે, ભાગ લેવા ચહે છે.
પુત્રો માટે, પિતુ જનનિ જો, કષ્ટ કેવાં સહે છે?

રૂચિરા છંદ.

ઘણા જણા નિજ માત પિતાનું, કરતા નિત અપમાન ઘણું,
ખાવા પીવા આપે નહિ શઠ, મૃત્યુ ચહે મા બાપ તણું;
ડોસો ડોસી ટળશે ક્યારે? એવું જે બોલે મુખથી,
સુંદરજી તે પૂર્ણ પીલાશે, માત પિતાના શ્રાપેથી.

સ્રગ્ધરા છંદ.

આજ્ઞા પાળો સપ્રેમે, પિતુ જનનિ તણી, સર્વદા સૂખકારી,
થાશે આનંદ, જાશે, વિપત સકળ જે, છે મહા કષ્ટ કારી;
માનો સૌ ભક્તિ સાચી, પ્રિય જનુનિ તણી, જન્મ જે આપનારી,
જાણો એવા પિતાના, પણ ગુણ શુભ છે, અર્જ આ હ્યો સ્વિકારી.

સોરઠો.

માત પિતાની પ્રીત, એજ ખરેખર પ્રીત છે;
રાખે એ જે રીત, બીજાઓથી નહિ રહે.

વિદ્યા વિષે.

લાવણી.

રમો નહિ ને રખડો નહિને, કદી કરો નહિ કાંઇ ઉત્પાત;
માત પિતાનું વચન પાળવું, ગુરૂ પાસેથી લેવું જ્ઞાન,

નિશાળે જાવું વેળાસર, કરવું ભણવાનું નિત કામ;
મ્હેતાજી જે લેસન આપે, પાઠે કરવું તેહ તમામ.
ભણવાની આળસ નહિ રાખો, તો થાશો મોટા વિદ્વાન;
સરસ્વતી સેવાથી મળશે, મોટપણે મોટેરૂં માન.
મ્હેતાજી કે માત પિતાનું, કરવું નહિ કદીએ અપમાન;
ભાવ ધરીને ભણશો ભાઇ, તો બનશો રૂડા ગુણવાન.
ભણેલા નર ભોગવે છે, અહરનિશ ખૂબ એશારામ;
અભણ નર ખરવત રખડે છે, આપે નહિ કો આદરમાન.
ભણવું અઘરૂં લાગે છે પણ,પાછળથી મળશે બહુ સુખ;
સુંદરજીની શિક્ષા માનીશ, તો નર ટળશે તારૂં દુઃખ.

મનહર છંદ.

વિદ્યામૃત પીધા વિના, શાન્તિ ઉર થાય નહિ,
જાય ન દારિદ્ર અને, જડતા જનો તણી,
જાણવા જેવું જે કાંઈ, જાણી શકે ભણેલો તે,
અભણને ઉર રહે, શંકાઓ અતિ ઘણી;
પુજે સરસ્વતી દેવી, આપે છે બહાર કેવી,
એની ખરી ખુબી એક, વિદ્વજ્જનો જાણે છે,
વિશ્વનો વિચિત્ર રંગ, લાગે છે આનંદ ચંદ,
ભણેલો જે સુંદરજી, મોજ મજા માણે છે.

દોહરા.

વિદ્યામૃત પીધા પછી, બુદ્ધિ પ્રફુલ્લિત થાય;
તિમિર ટળે નિજ હૃદયનું, જડતા જડ ટળિ જાય.
સરસ્વતિ મંદિર શોભતું, વિદ્યા ધનનું ધામ;
ભાવ સહિત ભણતર ભણો, સુધરે કામ તમામ.
સદ્ગુણમય શુભ રત્ન જે, મળશે તમને તેહ;
ચિતથી લેવા ચાહશો, થાશે તોજ ફતેહ.
સરસ્વતિ ચંદ્રોદય થવા, યત્ન કરો પ્રિય ભ્રાત;
વિદ્યા ધન મળવા ધન્ને, ઉદ્યોગી દિન રાત.
સરસ્વતિ સેવક સર્વને, આશ્રય આપો આપ;

તો તમને સુખ આપશે, સ્નેહે સરસ્વતિ માત.
વિદ્વજ્જનો આ વિશ્વમાં, ભોગવશે આરામ;
માત પ્રતાપે પામશે, કવિ સુંદર સન્માન.

શિખરિણી છંદ.

ભણેલા જે પ્રાણી, સરસ્વતિ પ્રતાપે સુખ લહે,
ભણેલાને ભાવે, નૃપ સકળ શાણા ચિત ચહે;
સભામાં શોભે તે, નિરમળ યશાળા નર દિસે,
વિવેકી વિદ્વાનો, પરમ સુખ પામે જગ વિષે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

વંદે વિશ્વ બધું ભણેલ નરને, વિદ્યા પ્રતાપે કરી,
આપે આદર પ્રીતિ પૂર્વક બધા, લોકો વિવેકે કરી;
પૂજા વિદ્વજ્જનો તણી જગતમાં, રાજા પ્રજા સૌ કરે,
વાણી સુંદર બોલતાંજ શ્રવણે, સૌ કોઈ સ્નેહે ધરે.

નારાચ છંદ.

ભણેલ ભોગવે સદૈવ, મોજ શોખ પ્રીતિથી,
મળેજ માન ખાન પાન, સર્વદા સુરીતિથી;
ભણો સદા સ્વદેશિ ભ્રાત, તો તમે સુખી થશો,
સપ્રેમ સર્વ પૂજશે, ભણેલ જો તમે હશો.

નીતિ વિષે.

મનહર છંદ.

જે જને સુનીતિ ગ્રહી, તેજ ખરો ભાગ્યશાળી,
અવર અનીતિવંત, પાપી પૂરા જાણવા,
કપટ કરીને કદી, દ્રવ્યાદિક ભેળું કર્યું,
પણ પરિણામે કહો, રેશે કોણ માણવા;
કુનીતિના કરનારા, સુખ નહિ પામે કદી,
વહી કષ્ટ ભારા અંતે, નર્કમાં જનારા તે,
સુંદર સુનીતિ વડે, સુખ તણો સ્વાદ મળે,
નીતિવાન નર કદી, દુઃખી ન થનારા તે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ખોટી નીતિ ન રાખવી જન કદા, સૌ નીતિ સાચી ગ્રહો,
તો સંસાર તણાં તમે સુખ બધાં, સ્હેજે સદાએ લહો;
સાચી નીતિ પ્રતાપથી સરવ કો, વંદે સપ્રેમે કરી,
સાચું સુંદરજી કહે સરવને, છે નીતિ મોટી ખરી.

લાવણી.

સુનીતિ રાખ્યાથી સજ્જનો, સુખ સઘળાં તમને મળશે;
નીતિ પ્રતાપે દુર્ઘટ સંકટ, તે પણ ક્ષણમાંહી ટળશે.
પાંડવ પામ્યા સુખ પરિણામે, નીતિ ગ્રહણ કરવાથી ખરે;
નીતિ નાવમાં બેસીને નર, ભવ સાગર ભાવેથી તરે.
સુનીતિ સમ સૃષ્ટિ વિષે કાંઇ, અવર કશું સુખદાઈ નથી;
પરમ પદ પણ મળે નીતિથી, વેદ પુરાણે કહ્યું કથી.
નીતિથી ઇચ્છિત ફળ મળશે, ત્રિવિધ તાપ વિનાશ થશે;
અધિકાનંદ પામે સુંદરજી. જે નર નીતિવાન હશે.

દોહરો.

નીતિ ગ્રહણ કરવા થકી, ટળશે કષ્ટ કલેશ;
સુંદર નીતિ પ્રતાપથી, પર્માનંદ હમેશ.

સત્ય વિષે.

દોહરા.

સત પંથે સહુ પરવરો, કૂડ કરો નર દૂર;
સત્ય વિજય વરતાવવા, સૂર બનો બહાદૂર.

સત્ય નહીં તજવું કદી, સત્ય સ્વર્ગનું દ્વાર;
સત્ય પ્રતાપે સાંપડે, ધન દોલત પરિવાર.

સત્ય સર્વથી શ્રેષ્ટ છે, સત્ય જગત આધાર;
નેકી ટેકી નર તમે, પાળો સત્યાચાર.

સત્ય વચન વદનાર નર, સહુથી શ્રેષ્ટ ગણાય;
કૂડ કથન કથનારને, જોડા માર જણાય.

સત્ય થકી સુખ શાન્તિ છે, સત્ય વડી છે વાત;
સુંદર સત્ય ન હારશો, તુષ્ટ થશે જગ તાત.

યશ વિષે.

દોહરા.

યશ ઉજ્વળ જન જેહનો, ધન્ય તેનો અવતાર;
સુંદર સહુ ચાલ્યું જશે, યશ અચળ રહેનાર.
ઝુલે ગજ નિજ આંગણે, ઉભા અશ્વ અપાર;
સુંદર સહુ ચાલ્યું જશે, યશ અચળ રહેનાર.
મણિ મોતી મન માનતાં, હીરા હાર હજાર;
સુંદર સહુ ચાલ્યું જશે, યશ અચળ રહેનાર.
વૈભવમાં ખામી નથી, પ્રૌઢ દિસે પરિવાર;
સુંદર સહુ ચાલ્યું જશે, યશ અચળ રહેનાર.
ખમા ખમા લોકો કહે, પૈસો અપરંપાર;
સુંદર સહુ ચાલ્યું જશે, યશ અચળ રહેનાર.
આવ્યો અમલ ઉમંગથી, લાવ્યો દાસ હજાર.
સુંદર સહુ ચાલ્યું જશે, યશ અચળ રહેનાર.

મંદાક્રાન્તા છંદ.

જન્મીને શું, જન જગતમાં, તેં કરી છે કમાણી ?
આ સંસારે, સુયશકર કે, વસ્તુ સાચી પ્રમાણી;
પામ્યો નેં તું, સુયશ કદિ તો, જીંદગી તેં ગુમાવી,
માટે પ્રાણી, શુભ યશ તણી, બ્હોળ આપો જમાવી.

સ્ત્રગ્ધરા છંદ.

લોકો જે કીર્તિવાળા, સુજન સરવ કો, તેહને બૌ વખાણે,
કૃત્યો સારાં નિહાળી, યશ અધિક દિએ, અંતરે હેત આણે;
બીજું સૌ નાશ પામે, પણ જગત વિષે, કીર્તિ આબાદ રેશે,
સાચો લ્હાવો સુભાગી, નર વગર બિજા, કોઇ પ્રાણી ન લેશે.

માલિની છંદ.

સુયશ વગર પ્રાણી, જીવવું જાણ ખોટું,
સમજ દિલ વિષે તું, કીર્તિથી સર્વ છોટું;

નર સુયશ લઈને, સ્વર્ગમાં જે ગયા છે,
ગુણ અગણિત તેના, આજ ગર્જી રહ્યા છે.

સોરઠો.

પૂર્વે વિક્રમ ભોજ, ગુણિયલ નર જે થઇ ગયા;
યાદ કરે સહુ રોજ, કવિ કોવિદ ગુણ ગાય છે.

શ્રીવાનોને સૂચના.

લાવણી.

ગરીબ જનોનાં દુઃખ દૂર કરવા,સૂરવીર સહુ તૈયાર બનો;
નિરાશ્રિતને આશ્રય આપો, દેશીનાં સંકષ્ટ હણો.
સ્વદેશનું શુભ કરવા કારણ, દ્રવ્યાદિક આપો યારો;
પરમ ધર્મનું કર્મ કરીને, યશ મેળવનો બહુ સારો.
અમલ મળે તો આશ્રય આપો, ગરીબને તનમન ધનથી;
ડરાવશો નહિ ડારા દઇને, વિચારીને નિજ મનથી.
દીન બિચારા દેશી બંધુ, દુઃખ દરીયે ડુબેલા જોઇ;
એવાને ઉત્તેજન દેવા, બહાર પડો સૂરવીર કોઇ.
નિર્ધનીઆને નિર ઉદ્યોગી, વળી હોય જે નિરાધાર.
નવીન હુન્નર શોધી કાઢો, એવા પર કરવા ઉપકાર.
કાપડને વળી માલ બીજો બહુ, અવર મુલકથી આવે છે;
દેશીને જો મદદ મળે તો, એ પણ આંહી બનાવે છે.
શ્રીવાનો સર્વે સંપીને, કારખાનાં કાઢો મોટાં;
ગરીબનું શ્રય થતાં તમારાં, નાણાં નહિ થાશે ખોટાં,
થશે કમાણી સહુને સારી, વિશેષ વૃદ્ધિ વિતની થાશે;
વળી બિચારા દેશીનું દુઃખ, ધંધાથી બિલકુલ જાશે.
અમલ અગર શ્રી પ્રાપ્ત થાય તો, સદુપયોગ તેનો કરજો;
ભુલી ન જાશો ભ્રાતા મારા, દીન દલિલ દિલમાં ધરજો.
મરણ શરણ થાશો તવ માયા, માટીમાં દાટી રહેશે;
કહે સુંદરજી પાછળથી પછી, કો જાણે કો રસ લેશે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

આપો આશ્રય રંકને સરવ કો, સારૂં તમારૂં થશે,
દેશે આશિષ દીન લોક સરવે, કષ્ટો કમી થૈ જશે;
આ લોકે કરશો ગરીબ જનની, સંભાળ સારી સદા,
તો પ્રાણી પરલોકમાં સુખિ થશો, પીડા ન પામો કદા.

સોરઠો.

અમર રહેશે નામ, પરહિતકારી પુરૂષનું;
કીર્તિ રૂપી શુભ દામ, ખુટશે નહિ ખુબ ખરચતાં.

દોહરા.

દુઃખિઆનું દુઃખ ટાળવા, સજ થાઓ પ્રિય ભ્રાત;
આશિષ લેવા રંકની, મરદ મચો દિન રાત.
સંપ રૂપી સુખદાઇની, ગ્રહણ કરો શમશેર;
ઇર્ષાદિક અભિમાનને, કરજો કાપી જેર.
મર્દ પડો મેદાનમાં, પરહિત અર્પો કાય;
ભાથીનું ભુષણ નહીં, પાછો લેવો પાય.
જનહિત કારણ જગતમાં, કરવું પ્રાક્રમ પૂર;
ક્લેશ કુસંપ વિદારવા, લડવું બનિ બહાદૂર.
દ્રવ્ય મળેલું હોય તો, કરજો પર ઉપકાર;
ફરિ ફરિને મળશે નહીં, ઉત્તમ આ અવતાર.
અમલ અગર તો શ્રી તણો, કરવો સદઉપયોગ;
એજ ખરૂં તપ તીર્થ છે, એજ ખરો છે યોગ.
જે જે જન આ જગતમાં, કરતા જનહિત કામ;
પરહિત પુન્ય પ્રતાપથી, રાખિ ગયા નિજ નામ.
સાર્થક સાચું સમજતા, કરવું જન કલ્યાણ;
વિજય થવા નિજ દેશનો, અર્પણ કરતા પ્રાણ.
પરહિત કર પૂર્વે થયા, જેઓ જગ પ્રખ્યાત;
એવા ઉત્સાહી નરો, હજુ પણ છે હૈયાત.
તન મન ધનના ભોગથી, કરશો પર ઉપકાર;
તો સુંદર અઘરો નથી, તરવો આ સંસાર.

સોરઠો.

પરહિત ખર્ચી દામ, ભારતનું કરશે ભલું;
સુંદર ગામો ગામ, કીર્તિ ગવાશે તેહની.

દુર્ગુણી રાજા વિષે.

દોહરા.

પરવશ નૃપના રાજ્યમાં, કષ્ટ તણો નહિ પાર;
ન્યાય પ્રજા પામે નહીં, જો નૃપ હોય ગમાર.
અધિકારી અતિ લાંચિઆ, દીવાના સરદાર;
સમજે નહિ શઠ સ્વારથી, રંક પ્રજા પોકાર.
અંધારૂં જે રાજ્યમાં, દીવો ના દેખાય,
એવા રાજા રાજ્યનો, પ્રલય પલકમાં થાય.
હજુરી હલકા હાજીયા, નાજી નહિ કહેનાર;
પાજી એવા જ્યાં મળે, ત્યાં શું શ્રેય થનાર?
નયન છતાં નૃપ આંધળો, અધિકારી પણ અંધ;
કિચ્ચડ મધ્યે જ્યાં કારમો, ત્યાં શી હોય સુગંધ.
મદિરાદિકના કેફમાં, ચિત્ત રાખે ચકચૂર;
બળહિણુ બીકણુ બાયલો, બતલાવે શું સૂર?
રાંડોના રસ રંગમાં, અંધ બન્યો મતિ મંદ;
રાજ રૂડું નિજ પરહરી, કરતો ક્રૂર કુછંદ.
પ્રજા બરાડા પાડતી, શ્રવણુ ધરે નહિ કોઈ;
ખેલ અજબ અંધેરનો, ત્રાસ છુટે તે જોઈ.
ગરજી કર અરજી ગ્રહી, પાડે પૂર પોકાર;
લાંચ લિધા વિણુ કોઈ પણુ,કરે ન અંગીકાર.
ન્યાયાધિશ શુભ નામ છે, પણુ આપે અન્યાય;
શઠ નિજ સ્વારથ સાધવા, લાલચમાં લપટાય.
પૈસાવાળો જીતશે, કોરટમાં નિજ કેસ;
લાંચ અધમને આપતાં, આંચ ન આવે લેશ.

પોતે નૃપ પરવશ પડ્યો, ભુલ્યો શઠ નિજ ધર્મ;
ક્ષત્રીવટ ખર ખોઇને, અતિશય કરે અધર્મ.
રાજ તણી શુભ રીતનો, કર્યો નહિ સ્વીકાર;
ડર્યો નહિ દુષ્કૃત્યથી, ભર્યો અઘ ભંડાર.
દારૂમાં ડૂલી ગયો, અફિણુ વાળ્યો દાટ;
હરવા પરધન પર પ્રિયા, ઘડતો ઘટમાં ઘાટ.
અધિકારીને આંગણે અસિલ કરે પોકાર;
અમલ તિમિર અંધેરમાં, ધરે નહીં દરકાર.
રૈયતની આશિષ વડે, રાજ્ય તણું શુભ થાય;
રૈયતની ધા લાગતાં, જડ મુળ ઉખડી જાય.
રૈયતને રાજા વગર, કોણુ ઉગારણુ હાર ?
રાજાને રૈયત વગર, કોણુ કરો દેનાર ?
રંક પ્રજા પીડે નૃપો, પાડે પુરમાં ત્રાસ;
એવા નૃપ ક્ષણુ એકમાં, થાય ખરેખર નાશ.

સદ્‍ગુણુ સંપન્ન રાજા વિષે.

દોહરા.

દાન દયા દિલમાં સદા, ધર્મ કર્મ મશહુર;
રાજી રાખે નિજ પ્રજા, નૃપ ગુણિયલ બ્હાદુર.
રૈયતને પજવે નહીં, સચિવાદિક સરદાર;
અમલ અચળ પોતા તણો, બીજાનો નહિ ભાર.

મનહર છંદ.

પોતાની પ્રજાને પ્રેમે, પુત્રવત પાળે પોષે,
અદલ આપીને ન્યાય, રાજી રાજી રાખે છે.
નેકી અને ટેકી તેમ, વિવેકી પૂરણુ દિસે,
સત્ય સહવર્તમાન, મિષ્ટ વાણી ભાખે છે;
લુચ્ચાને લખાડી લોક, ફાવી નવ જાય કોઈ,
એવો જેણુ સ્વરાજ્યમાં, બંદોબસ્ત બાંધ્યો છે,

અનીતિની ભીતિ ઉર,નીતિ પર પ્રીતિ પૂર,
સુંદર સુનીતિ વડે, ધર્મ તંત્ર સાધ્યો છે.

દોહરો.

પાપિ પ્રપંચી પુરૂષનો, કરે નહીં ઈતબાર;
કવિ પંડિત ગુણિજન તણો, સઘ કરે સત્કાર.

સોરઠો.

નિર્મળ ન્યાયિ નૃપાળ, પ્રેમ પ્રજાપર પૂર્ણ છે;
ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ,અચળ રહો આ અવનિ પર.

સાહસ વિષે.

ઈંદ્ર વિજય છંદ.

સાહસ કર્મ કદી ન કરો નર, સાહસથી સઘળાં સુખ જાશે,
ધીરજ ધારિ વિચારિ કરો કૃત, તો તમને અતિ લાભ જણાશે;
ગાફલ થૈ કરશો કદિ સાહસ, તો અતિ પાછળથી દુઃખ થાશે,
સુંદર સાહસથી સઘળાં સુખ, જાણુ જરૂર વિનાશજ થાશે.

લાવણી.

કાર્ય કર્યા પહેલાં સહુ ચારો, અંતરમાંહી વિચાર કરો;
ઉતાવળ કરશો નહિ કદીએ, ધિરજવંતા ધિર ધરો;
પ્રથમ નહિ વિચાર કરો તો, પાછળથી બહુ પસ્તાશો;
સાહસ ફળ કડવાં નિવડશે, પછી તમે બહુ મુંઝાશો,
ધિરજનાં ફળ મીઠાં એવું, શાણા સહુ મુખથી કહે છે;
ધિરજવંત નર ધિર પ્રતાપે, સુખ સઘળાં સ્હેજે લે છે.
અમૃત ફળનો સ્વાદ ચહો તો, સાહસ કોઈ નહિ કરશો;
સુંદર શિક્ષા હિતકારી આ, ગુણિયલ નર અંતર ધરશો.

આળસ વિષે.

ઇંદ્ર વિજય છંદ.

આળસ એજ અભાગણુ છે અતિ, ત્યાગ કરો સહુ સજ્જન તેનો,
ચુસ્ત બનો નિજ કાર્ય વિષે નિત, આળસથી જય થાય ન કોનો;
જે જન આળસુ હોય નિરંતર, તે જનને નિરભાગિ પ્રમાણો,
આળસથી ઉછળે દુઃખ સાગર, સુંદર શીખ સદા સત જાણો.

દોહરા.

આળસ એજ દરિદ્ર છે, દુઃખનું કારણ ખાસ;
એ માટે આળસ તણો, નિશ્ચે કરવો નાશ.
આળસથી બગડે બધું, ધાર્યું ધુળ મળિ જાય;
લાભ થવાનો હોય ત્યાં, ઉલટી હાની થાય.
આળસથી ઉંધું વળે, આળસ આફત રૂપ;
આળસમાં ઉડી ગયા, મોટા મોટા ભૂપ.
આળસથી અળગા રહો, ચુસ્ત બનો હે ! યાર;
કાર્ય સફળ થાશે બધાં, નહિ લાગે કંઇ વાર.
અક્કલના અરિ આળસુ, ઉંઘે ઉંઘે મૂખ;
રખડે પણ રળતા નથી, કયાંથી પામે સૂખ ?
આળસ અતિ રાખ્યા થકી, દુઃખ દરિયો દેખાય;
ચુસ્ત બનો નિજ કાર્યમાં, તોજ વિજય વર્તાય.

મનહર છંદ.

આળસ જે રાખે નર, જાણો જન તેને ખર,
દુઃખને દરિદ્ર બધું, આળસથી આવે છે,
કરે નહિ કાજ તેથી, લોકમાં ઘટે છે લાજ,
વળી સર્વ લાભ પણ, આળસુ ગુમાવે છે;
ઉંઘે કાંતો આંટા મારે, ધાર્યું નહિ કરી શકે,
બકે બહુ વ્યર્થ વાત, ગપાટા ચલાવે છે,
સુંદરજી કહે અરે, આળસુ અભાગી નર,
અમીરી ન ગમે તને, ભુખ કેમ ભાવે છે ?

દોહરા.

આળસ મૂળ ઉખેડિને, હરદમ થા હુશિયાર;
ટળશે દુઃખ દારિદ્રતા, મળશે લાભ અપાર.
આળસ મિત્ર દરિદ્ર છે, લક્ષ્મી સાથે વેર;
તેથી દુષ્ટ દરિદ્રને, ઘસડી લાવે ઘેર.
નિર્ધન થા ધનવાન હો, હોય ભલે કો ભૂપ;
તો પણ આળસ તેહુને, દેખાશે દુઃખ રૂપ,
પાથરિઓ છે પોઢવા, પ્રેમે પુષ્પ પલંગ;
તેમ છતાં ભોંયે સુએ, એ આળસનો રંગ.
ભોગ ભલા મન માનતા, વૈભવ વિવિધ પ્રકાર;
તેમ છતાં માણે નહીં, એદીનો સરદાર.
આળસને દે આશરો, આળસ તેને ખાય;
આળસ રાખે અંગમાં, એજ મનુષ પીડાય.
યુક્તિ વડે આળસ તણો, કરશો વિબુધ વિનાશ;
તો તે કદિ નહિ આવશે, પુનઃ તમારી પાસ.
કાર્ય કુશળ થાવું અને, ચુસ્ત રહેવું ચીત;
કલ્પેલા શુભ કાર્યને, કરવું પાર ખચીત.

કવિતા કરવા વિષે.

દોહરા.

કવિતા પ્રભુ કરૂણા વગર, થાય નહીં હે ! ભ્રાત;
ઉત્તમ રસ ઉત્પન્ન થવો, સરળ નથી એ વાત.
તાણી તુષિ કવિતા કરે, રસમય તે નહિ થાય;
કર્ત્તાની કરૂણા વિના, પ્રોઢપણું ન પમાય.
જે કવિ રસ ભંડાર છે, કાવ્ય રસિક કરનારઃ
આપે તે જન અવરને, બોધ ભલો હિતકાર.

અભિમાન વિષે.

દોહરા.

મદધર મૂરખ માનવી, મદમાં નથિ કંઈ માલ;
મદમાં મોટા મહિપતી, અંત થયા બે હાલ.
ગિરિધરને ગમતો નથી, ઉન્મદ ને અવિચાર;
રણમાં રોળ્યો રાવણો, વિપળ ન લાગી વાર.
જે જે જન ગરવી થયા, પામ્યા પૂરણ ત્રાસ;
કૈરવ કંસાદિક તણો, અંતે કીધો નાશ.
શ્રીવાનોએ શ્રી તણો, ગર્વ ન કરવો લેશ;
મનમાં નોંધી રાખવું, બદલે સમય હમેશ.

સોરઠો.

કેણ ધરે નહિ કાન, અભિમાની જન હોય તે;
ભૂલે સઘળું ભાન, અમલ તિમિરના તોરમાં.

દોહરો.

મિથ્યામાની માણસો, મૂકે નહિ અભિમાન;
અંતે એવા મુર્ખનું, થાય અધિક અપમાન.

ગરજ વિષે.

દોહરા.

ગરજ પડે જો ગરિબની, અરજ કરે શ્રીવાન;
સુંદર આ સંસાર સૌ, ગરજે થાય ગુલામ.
ગરજે દરદી વૈદને, વંદે વારંવાર;
દર્દ મટાડો માહરૂં, ભુલીશ નહિ આભાર.
દર્દ ગયું જડ મૂળથી, દરદિ થયો તૈયાર;
પછિ રાખે શા માટ તે, વૈદ તણી દરકાર ?
ગરજ ગળી લાગે ઘણી, સાકરથી શ્રીકાર;

સુંદર ગરજે ભલભલા, ઉપાડે શિર ભાર.
ગરજ સમે ગુણિયલ નરો, મૂરખને દે માન;
આદર આપે અધમને, આપ સહે અપમાન.

સોરઠા.

ગરજે ગરજી લોક, દાસ થતાં ડરતા નથી;
જાય ભલે નિજ નોક, તો પણ સ્વારથ સાધિ લે.
જેની સાથે વેર, તેને પણ નમવું પડે;
વિસરી જઇએ વેર, ગરજ પડે છે જે સમે.

દોહરા.

ગરજે સઘળા પરસ્પર, આપે આદર માન;
કાર્ય સફળ કીધા પછી, કોઇ દિએ નહિ કાન.

સંપ વિષે.

દોહરા.

હોય સર્વમાં સંપ તો, માણે મોટી મોજ;
સંપામૃત રસ પાનથી, ફીટે ફિકરની ફોજ.
સંપ વગર સુરવિરપણું, શોભે નહિ સંગ્રામ;
સંપ વગર કહિ આપણું, સફળ થશે નહિ કામ.
ઇર્ષાને અળગી કરી, સંપ ગ્રહણ કર યાર;
સંપી જંપી ચાલતાં, સહુ કરશે સત્કાર.
ઇશ્વર આગળ યાચવો, સંપ સદા સુખકાર;
સુંદર સંપ પ્રભાવથી, સફળ થશે અવતાર.

સોરઠો.

જેના ઘરમાં સંપ, સુખિઓ તેને સમજવો;
જે ઘર હોય કુસંપ, એ ઘર દુઃખનું જાણવું.

સંતતિ વિષે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

નારી યા નરને નકી ઉર વિષે, બચ્ચાં વહાલાં બહુ,
રાખે અંતરમાં સદા રતિ અતી, શ્રીમંત આદી સહુ;
ચેષ્ટા બાળકની બધા મનુષને, લાગે વહાલી ઘણી,
કેછે સુંદર ધન્ય છે બહુકને, શ્રી શ્યામ જેના ધણી.

હરિગીત છંદ.

સંતાનને ઉછેરવામાં, કેટલું બધું કષ્ટ છે,
સેવા કરાવે સર્વદા, એ વાત સર્વે સ્પષ્ટ છે;
જો દર્દ કંઈ તેને થયું, તો આપણે દિલ દુઃખ થશે,
લઘુ બાળના ઉપચારથી, સુંદર સહુ કાયર હશે.

દોહરો.

પ્રથમ પડે છે શ્રમ ઘણો, કષ્ટ તણો નથિ પાર;
પણ પછિ બાળક સર્વને, દે આનંદ અપાર.

હરિગીત છંદ.

લઘુ બાળ નિજ પિતુ માતને, પજવે અને પીડા કરે,
માતા પિતાજી તે છતાં પણ, રોષ કદિ દિલ ના ધરે;
તૂટલ અને વળિ તોતળા, પણ શબ્દ પ્રિય લાગે ઘણા,
સુંદર સુભાગી નર વગર, જાણે ન ગુણ બાળક તણા,

દોહરા.

જે ગ્રહમાં નથિ પારણું, તે ગ્રહ ખાવા ધાય;
સુંદર સંતતિ વગર સૌ, સુન્ય સદાય જણાય.
ભવ્ય ભુવન ભભકે ભર્યાં, લક્ષ કરોડો દામ;
આમ થયો નહિ પુત્ર તો, એ સઘળું શમશાન.
બાળાપણમાં બાળકો, ગેલ કરે ગુલજાર;
તે જોઈ પિતુ માતને, પ્રગટે છે બહુ પ્યાર.

બાળકના આનંદની, અનુભવિને ગમ હોય;
સત્ય વચન સુંદર કહે, અવર ન જાણે કોઈ.

મનહર છંદ.

સંતાન સમાન બીજું, સુખ નથી સૃષ્ટિમાંહી,
સંતાન પ્રતાપે શુભ, સમૃદ્ધિ પમાય છે,
આધિ અને વ્યાધિ આદિ, ઉપાધિ અનેક છતાં,
સંતાનોની ગમતમાં, વખ્ત વીતી જાય છે;
પ્રથમ ઉછેરવામાં, પરિશ્રમ પડે ખરો,
પણ પછી પરિણામે, એજ સુખદાઈ છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
સદગુણી સુત સાચો, સ્વર્ગે લઈ જાય છે.

દોહરો.

કીર્તિ વધારે કુળ તણી, ધન્ય કહાવે માત;
પુત્ર પવિત્ર પ્રતાપથી, થાય પિતા પ્રખ્યાત.

સમતા.

દોહરા.

સાગર સમ સમતા સજો, સમરો શ્રી હરિનામ;
સમતા પંથે પરવરો, મળશે અક્ષય ધામ.
સમતા ગુણ ગંભીર છે, સમતા સુખ શિરતાજ;
સમતાથી આ સૃષ્ટિમાં, સુધરે સઘળાં કાજ.
ધૈર્ય ધરે નહિ જે ધણી, અધિરો થઇ અકળાય;
માથું ફોડે મફતનું, ભાવિ ન મિથ્યા થાય.
વિષ પીવું બહુ વિકટ છે, તો પણ તે પીવાય;
ગમ ખાવી અઘરી છતાં, ખાનારા તે ખાય.
ગમ સાકર સરખાં ગણી, જે કો ખાંતે ખાય;
તો તેને સુંદર કહે, શાન્તિ સહાય જણાય

કરજ વિષે.

દોહરા.

કરજ કદી કરવું નહીં, કરજ કષ્ટની ખાણ;
કરજ કર્યાથી થાય છે, તન મન ધનની હાણ.
કરજી પર અરજી કરે, લેણાવાળા લોક;
પ્રથમ સમજ વિણ આદરે, પાછળ પાડે પોક.
ધન દેતાં ઢિલ થાય તો, તુર્ત કરે ફરિયાદ;
કોરટ ફ્રી સાથે પછી, માગે છે તે દાદ.
કરજ વધારે થઇ જતાં, થાય મનુષ લાચાર;
વળિ તેને કોઈ કશું, આપે નહિ ઉધાર.

સોરઠા.

દેણું મોટું દુઃખ, જપ વળશે નહિ જીવને;
સ્વપ્ને પણ નહિ સૂખ, કરજ હશે જો કોઇનું.
વદતો વરવાં વેણ, લેણાવાળો લાડમાં;
કડવાં ખાટાં કેણ, સુરવિરથી સંખાય ને.
હલકા પેટાં હોય, અધિરાં ને ઉતાવળાં;
એવા જનનું કોઇ, કરજ કદી કરશો નહીં.

દોહરા.

ટોકે ચૌટે ચાલતાં, શરમ ન રાખે લેશ;
કરજ પતે નહિ જ્યાં લગી, ત્યાં લગિ કલેશ હમેશ.
લેણા વાળો હોય તે, લાગે કાળો કાળ;
દીઠે તેને દેખતાં, પડે પેટમાં ફાળ.
દામ ડબલ દેવા પડે, તેમ છતાં મોકાણ;
કરજ પ્રતાપે થાય છે, હરદમ મોટી હાણ.
કરજ સરીખું મનુષ પર, દુઃખ દુજું નથિ કાંઈ;
અષ્ટ પ્રહર કરજી મનુષ, થાય દહન દિલ માંઇ.
આ બધિ બાબત પ્રથમથી, ચેતી ચાલે જેહ;
સુંદર આ સંસારમાં, સુખી રહેશે તેહ.

દેણું કરતાં દિલ વિષે, કરશો પૂર્ણ વિચાર;
તો તમને નડશે નહીં, દેણું દુઃખ દેનાર.
પ્રગટ થવા દેશો તમે, કરજ રૂપી અરિ કોઈ;
પ્રથમ ખુશી થાશો કદી, પણ પછિ મરશો રોઈ.
કરજ શિરે કહિ હોય તો, કરજો તેનો નાશ;
વૃદ્ધિ થતી અટકાવજો, કરિને પ્રૌઢ પ્રયાસ.
દ્રવ્ય મળો યા નવ મળો, તેની નહિ દરકાર;
કરજ રહિત રાખે પ્રભુ, એજ કરો પોકાર.
અવર સકળ અરિ અલ્પ છે, કરજ કટ્ટો અરિ જાણ;
મુક્ત રહેવું કરજથી, જો રાખે ભગવાન.

કામ પ્રબળતા વિષે.

મનહર છંદ.

કામને આધિન કોઇ, થશો નહિ મિત્ર મારા,
કામ મહા ક્રુર અને, કષ્ટ કરનારો છે.
બુદ્ધિને બગાડનાર, શત્રુને જગાડનાર,
પાપનો પ્રકાશ કરી, પુન્ય હરનારો છે;
જે જનો થયા છે લીન, તેઓને બનાવ્યા દીન,
એવો એ અધમ અને, નર્કે નાખનારો છે,
સુંદર આ સૃષ્ટિ વિષે, કામ રૂપી કટ્ટો રિપુ,
સ્વર્ગે જતા સજ્જનોને, રોકી રાખનારો છે.

દોહરા.

સંતાપે છે સર્વને, મદન મહા બળવાન;
પશુ પક્ષી નર નારને, મદન ભુલાવે ભાન.
સમર શરિરમાં સંચરી, માંડે છે તોફાન;
તેથી મોટા મુનિશ્વરો, ભુલે છે તન ભાન.
કૈક નરો જપ તપ તજી, જપવા લાગ્યા કામ;
કૈક મદન મદ મારથી, બની ગયા બેફામ.

અડગ નરો ડગિ જાય છે, ટેકી તજી દે ટેક;
કામ તણા ક્રુર કેફમાં, છકી ગયા કૈં છેક.
કામ જખમકારી ઘણો, પીડે આઠે અંગ;
બુધ્ધી બદલી જાય છે, વળિ બદલે તન રંગ.
કામ મહા ક્રુર કર્મ કર, કામ મહા દુઃખકાર;
કામ શરમને ભરમનો, તોડી નાખે તાર.
વિષય નચાવે વિશ્વને, વિશ્વ વિષય આધીન;
છોટાં મોટાં સર્વ કો, કામ ક્રિડામાં લીન.
ડોલાવ્યા બહુ દેવતા, ડોલાવ્યા રૂષિ રાજ;
એવા બળિઆ કામથી, હરિ હર રાખે લાજ.

શાર્દૂલવિક્રીડિત છંદ.

જ્યારે કામ પ્રદિપ્ત થાય તનમાં, ત્યારે ભુલાવી દિએ,
કાળાં કર્મ કરે છતાં દિલ વિષે, કામી જનો ના બિએ;
ભુલ્યા કામ પ્રતાપથી ભલભલા, યોગીશ્વરો આદિ સૌ,
કે છે સુંદર કામને વશ થયા, પામ્યા પિડા તેહ બૌ.

દોહરા.

જે જન કામાધિન થયા, પામ્યા તે બહુ દૂઃખ;
કામે કામી કૈકનાં, કાળાં કીધાં મૂખ.
કામ કટ્રો અરિ જાણિને, કરવો તેનો ત્યાગ;
અંતરમાં નહિ આણવો, અવર ત્રિયા પર રાગ.
જે જન જીત્યો કામને, તે જીત્યો સંસાર;
કામ કને હારી ગયો, તે નર નર્ક જનાર.
કામ નર્કનો કુંડ છે, કામી માટે ખાસ;
એ માટે એ શત્રુનો, નિશ્ચે કરવો નાશ.
યોવન મદ યા રાજ મદ, લક્ષ્મી મદ લેખાય;
એ સઘળાથી મદન મદ, અધિક દિસે દુઃખદાઇ.
વિષયાધિન કદિ નવ થયો, જગત વિષે જન જેહ;
પૃથ્વીમાં પૂજાય છે, દેવ તરીકે તેહ.

વિનય વિવેક વિચારથી, કબજે રાખે કામ;
લલિતા દ્રગ લલચાય નહિ, એજ પુરૂષ ગુણ ધામ.
દ્રગ દેખી દેવાંગના, ડોલે નહિ દિલ માંહિ;
તેને બળિઓ મદન પણ, કરિ શકશે નહિ કાંઇ.
એક મદન અરિ જીતતાં, જગત બધું જીતાય;
ધન્ય જીવન એ પુરૂષનું, રતિપતિને પી જાય.
મોહીની દ્રગ મારથી, મોહ ન પામ્યા જેહ;
સુંદરજી આ સૃષ્ટિમાં, સુરવિર સાચા તેહ.
તરૂણી તન નિરખી નયન, પ્રગટે છે તન કામ;
એ માટે જોવું નહીં, તરૂણી અંગ મુદામ.

સોરઠો.

કબજે કરશો કામ, જગત બધું કબજે થશે;
અંતરમાં આરામ, સુંદરજી રહેશે સદા.

લોભ વિષે.

દોહરા.

કોણી કેરા ગોળ છે, લોભીનાં ધન ધામ;
મેળવતાં મુશિઅત પડે, સરળ નથી એ કામ.
કૃપણ જનોના હસ્તમાં, હોય ઘરા ધન ધામ;
પરમારથના કાર્યમાં, કદિ નવ લાગે કામ.
પાપ પ્રપંચ પ્રતાપથી, પૈસો પામે જેહ;
ખરચે નહિ શઠ ખંતથી, ધર્મ કર્મમાં તેહ.
ચોર ધુતારા મફતિયા, અણ હકનું ખાનાર;
એવા લુંટી જાય છે, પાપીનો ભંડાર.
કૃપણ કદી રીઝે નહીં, કરીએ શુભ ઉપાય;
પણ ઠગ વિદ્યા ઠાઠથી, આપે આધિન થાય.
કપટ કરી સંચય કરે, એ ધન અધમ ગણાય;
આપે નહિ તે અવરને, પોતે પણ નહિ ખાય.
મિથ્યા પાપ પ્રપંચમાં, રાચી રહ્યા જન જેહ;

તન મન ધનથી કોઇનું, હિત કરશે નહિ તેહ.
કૃપણ કરે ધન એકઠું, લિએ ન પોતે લ્હાવ;
ભોક્તા દાતા થાય છે, ભવિષ તણો એ ભાવ.
ચમડી ચીરી આપવા, તુર્ત બને તેયાર;
દમડી દેવી દોહલી, એવો કૃપણાચાર.
લાખો ધન સંચય કરે, ખર્ચે નહિ કદિ પાઇ;
જાણે અનુભવિ હોય તે, લોભીની લુચ્ચાઇ.
યાચકને નિરખી નયન, દાતા દિલ ખુશ થાય;
કૃપણજનોનાં કાળજાં, અમથાં ઉડી જાય.
લોભ કરાવે ક્રુર કરમ, લોભ તજાવે લાજ;
લોભે ખોયાં ખલકમાં, મહિપતિએ નિજ રાજ.
પથ્થર કદિ પલળે જળે, હોય ભુખરવો જેહ;
કાળો પથ્થર કૃપણ જન, પલળે નહિ કદિ તેહ.

સોરઠો.

કરિએ ક્રોડ ઉપાય, દમડી દે નહિ લોભિઓ;
વંધ્યા કદિ નહિ વાય, સત્ય વચન સુંદર કહે.

અક્કલ વિષે.

દોહરા.

અક્કલ અદ્ભુત વસ્તુ છે, અક્કલ સુખનું સાજ;
અક્કલથી અંગ્રેજનું, રાજે રૂડું રાજ.
અક્કલના પૈસા પડે, અક્કલ મોટી વાત;
અક્કલથી વરતાય છે, જાત અને કમજાત.
નિજ હિત યાને અહિતની, રીત ન જાણે જેહ;
સંકટ સાગર જઇ પડે, અક્કલના અરિ એહ.
અક્કલ હીણા માણસો, વ્યર્થ ભૂમિને ભાર;
સમજે નહિ શઠ શુભ અશુભ, એજ અણુગ અવતાર.

સોરઠો.

ઇશ્વરની આપેલ, અક્કલ છે જે જન કને;
તેને મન મુશ્કેલ, કાર્ય કશું નથિ લાગતું.

કળિયુગ વિષે.

દોહરા.

કપટ વધ્યું કળિયુગમાં, પુન્ય ગયું પાતાળ;
મલિન મનુષનાં મન થયાં, હડ હડતો આ કાળ.
ધર્મ ગયું ધરણી તજી, કર્મ ગયું કચરાઇ;
શર્મ રહી નહિ નેત્રમાં, ભર્મ ગયો ભુંસાઇ.
શું થયું શું થાય છે ? હજી પણ શું થાનાર?
કળિયુગની કાળી ધ્વજા, ફરકે ઠારો ઠાર.

સોરઠો.

નાસ્તિક નરનું જોર, પ્રતિ દિન બહુ વિધ વધિ પડયું;
દુષ્ટ તણો બહુ દોર, ફેલાણો કળિયુગમાં.

પટલાઇ વિષે.

દોહરા.

પર ઘરની ચોવટ કરે, ઘરમાં મગે ન પાઇ;
દાણા વિણ દુઃખિ છોકરાં, બળિ એવી પટલાઇ.
વિવિધ વડી વાતો વદે, ડપણમાં દટવાઇ;
ગરિબ તણું ભુંડું કરે, બળિ એવી પટલાઇ.
મોટ કુટુંબ પ્રતાપથી, શઠ કરતા શેરાઇ;
સવળાનું અવળું કરે, બળિ એવી પટલાઇ.
શક્તિ વગરના શઠ જનો, વ્યર્થ વદંત વડાઇ;
ફોકટ ફાંકાં મારતા, બળિ એવી પટલાઇ.
સહુનો સવળો મત પડે, આપ કરે આડાઇ;
વેર વધારે વાતમાં, બળિ એવી પટલાઇ.
જેમ સુખી નિજ નાતિલા, તેમ કરે નહિ કાંઇ;
ભુંડે ભડપણ દાખવે, બળિ એવી પટલાઇ.
જાણે પણ જૂઠું કરે, એ સઘળી લુચ્ચાઇ;
નિર્દોષીને દોષ દે, બળિ એવી પટલાઇ.

ગડબડિઆ ગોટા ગણે, મફત કરે મોટાઈ;
અંત ન આણે કામનો, બળિ એવી પટલાઈ.
માથું ફોડે મફતનું અભિમાની અન્યાઇ;
સત્ય વચન નવ સાંભળે, બળિ એવી પટલાઈ.
ક્લેશ અધિક નિજ નાતમાં, વધવાથીજ વધાઈ;
ચાલે તેથી ચોવટું, બળિ એવી પટલાઇ.
કરજ કરી કારજ કરે, શોભાવે શેઠાઈ;
જશ બદલે જોડા જડે; બળિ એવી પટલાઈ.
શિક્ષા મારી સાંભળી, નાત સુધારો ભ્રાત;
યત્ન કરો સુંદર તમે, સુખણી થાય સ્વજાત.

શેઠાઈ વિષે.

દોહરા.

હીત કરે નિજ નાતનું, ચિત રાખે ચતુરાઈ;
રૂડું કરિ રાજી રહે, શોભે એ શેઠાઇ,
સારા ધારા બાંધવા, સભા મળે સુખદાઈ;
સારૂં કરવું સર્વનું, શોભે એ શેઠાઇ.
હોય ગરિબ નિજ નાતિલા; ઉદ્યમવિણ દુઃખદાઈ;
એવાને દે આશરો, શોભે એ શેઠાઇ.
બંધન બાંધે બેવડાં, સહુની થાય સવાઈ;
કપટ ન રાખે કોઈથી, શોભે એ શેઠાઈ.
હોય કુછંદી જે જનો, નિજ નાતીલા ભાઈ;
ઘટતી શિક્ષા આપવી, શોભે એ શેઠાઈ.
દડે દોષિત દીનને, કરમીને નહિ કાંઇ;
અંધારૂં એવું નહીં, શોભે એ શેઠાઇ.
અરસપરસ કરિ એકયતા, સરસ કરે સરસાઇ;
દ્વેષ નહીં જ્યાં લેશ પણ, શોભે એ શેઠાઈ.
એક બિજાના કાર્યમાં, જાણે નહિ જૂદાઇ;

સંપ વધારે સર્વમાં, શોભે એ શેઠાઈ.
દેશ અને પરદેશમાં, ભભકે ભલમનસાઈ;
જય જય થાયે જગતમાં, શોભે એ શેઠાઈ.
કન્યાવિક્રય કરણને, સખત કરે સખતાઈ;
પાઈ ન લેવી પુત્રિની, શોભે એ શેઠાઈ.
પુત્રી અથવા પુત્રની, શોધી કરે સગાઈ;
કોઈ કજોડું નવ કરે, શોભે એ શેઠાઈ.
વહુથી મોટો વર નકી, ખામી નહિ તન કાંઈ;
દંપતિ આશિષ આપશે, શોભે એ શેઠાઈ.
બાળ લગ્નથી બળ સકળ, શૌર્ય જશે શોભાઈ;
એ બાબત બંધન કરે, શોભે એ શેઠાઈ.
કરજ કરી કારજ કદી, કરવું નહિ કચવાઈ;
પહોંચ પ્રમાણે વર્તવું, શોભે એ શેઠાઈ.
કામ, ક્રોધને ક્રુર કરમ, લાલચને લુચ્ચાઈ;
એ અવગુણ અળગા કરે, શોભે એ શેઠાઈ.
કપટ રહિત ચિત રાખિને, કરતા જે પટલાઈ;
પક્ષ કરે નહિ કોઈનો, શોભે એ શેઠાઈ.
શિક્ષા કરવી કોઈને, અથવા થવું સહાય;
મત સઘળાનો મેળવે, શોભે એ શેઠાઈ.
આવા ઉત્તમ શેઠિયા, જો અગ્રેસર હોય;
નાત સુધારે સ્નેહથી, સુંદર શાણા શોય.

ક્રોધ વિષે.

દોહરા.

ક્રોધાધિન કદિ નહિ થવું, ક્રોધ સદા દુઃખ ઝાળ;
ક્રોધ કરાવે ક્રુર કરમ, ક્રોધ કરાવે કાળ.
તાત હણે નિજ પુત્રને, પુત્ર હણે નિજ તાત;
સ્નેહી યાને શત્રુની, ક્રોધ કરાવે ઘાત.

ક્રોધ તજાવે સદ્ગુણો, તર્ક વિતર્ક વિનાશ;
ક્રોધી ક્રોધાવેશમાં, નિજ તન કરશે નાશ.
સુંદર આ સંસારમાં, અવર બધા લઘુ કાળ;
પ્રાણ હરે પળ એકમાં, ક્રોધજ કાળ કરાળ.
ક્રોધ ચડે મન જે સમે, ગમ ખાવી એ વાર;
આકુળ વ્યાકુળ નહિ થવું, કરવો પૂર્ણ વિચાર.
સાહસ કરશો જો તમે, ક્રોધ પ્રગટ જવ થાય;
તો પાછળ રડશો નકી, વાઢ્યું નહિ ચોડાય.
ધૈર્ય ધરો ધિર વિરનરો, અધિર થશો નહિ યાર;
થાય અધિરના પાળિયા, એ કુહેવત ઉર ધાર.
ક્રોધી ક્રોધાવેશમાં, આવે છે જે વાર;
એ વખતે રહેતો નથી, વિનય વિવેક વિચાર.
ક્રોધ પ્રગટ જવ થાય તવ, કરવો પૂર્ણ વિચાર;
નહિતર નિશ્ચે સુખ બદલ, ઉલટું કષ્ટ થનાર.

સોરઠો.

ગુણિયલ થાજો આપ, અવગુણને અળગા કરી;
ક્રોધીની ક્રુર છાપ, લેશો નહિ મુજ મિત્ર કે.

ચોપડી વિષે.

મનહર છંદ.

ઉઠતાં ચોપડી વાંચું, બેસતાં ચોપડી વાંચું;
રાચું મારા હૃદયમાં, ચોપડી નિહાળીને,
સુતાં અને ખાતાં પીતાં, ચોપડી ચોટી છે ચિત,
ચોપડીનાં ગીત ગાઉં, સ્વપ્નમાં સંભાળીને;
ચોપડી પાછળ કદી, દેહ મારો પડી જાય,
તોયે પણ ચોપડીને, છાતી પર રાખું હું,
ચોપડી વગર પળ, ચાલે નહિ સુંદરજી,
કહો કેમ ચોપડીને, દૂર કરી નાખું હું.

દોહરા.

ચોંટી ચિતમાં ચોપડી, કેમે ના ભુલાય;
લાગિ લગન તન બદનથી, તજતાં તે ન તજાય.

ડોળી માણસો વિષે.

દોહરા.

મિથ્યા ડોળી માણસો, ફોકટ કરતા ફંદ;
ભીતર ભગવત જાણતો, ઉપરથી આનંદ.
વસ્ત્ર પહેરે ઉજળાં, મુખડું રાખે લાલ;
ઉપરનો એ ડોળ પણ, ભીતર ભુંડે હાલ.
મીસ્તર થઈ મ્હાલે ભલે, ચાલે ચટકતિ ચાલ;
ઉપરનો એ ડોળ પણ, ભીતર ભુંડે હાલ.
ડોળ બતાવે શાહનો, લોકો કે છે લાલ;
ઉપર ઓપ ચડાવિઓ, ભીતર ભુંડે હાલ.
મોટી પણ ખોટી તદન, સાર વગરની વાત;
પડકારે છે પંચમાં, વ્યર્થ થવા વિખ્યાત.
આટો ઘરમાં નહિ છતાં, જમવા તેડે જાન.
એવા મુર્ખ મનુષ્યનું, થાય બધે અપમાન.
પોતાને ઠરવા તણું, હોય નહીં ક્યાં ઠામ;
શી રીતે તે અન્યને, આપિ શકે આરામ.
ભુંડે હાલે ભટકતો, ધાન વગર હેરાન;
ક્યાંથી કાંચન કોકને, આપે એ નાદાન.
વાત વડી મુખથી વદે, કાર્ય કરે નહિ લેશ;
એવા લોફર લોકથી, રેવું અલગ હમેશ.
ગપ્પા મારે નિત નવા, વધુ પડતી કરિ વાત;
ડાહ્યા થઇ ડોળે સદા, ફોકટની પંચાત.
આપે છે નિજ મિત્રને, શ્વાન સરીખા કોલ;
એવા ડોળી દુષ્ટના, પળ પળ બદલે બોલ.
લુખ્ખી લાલચ આપિને, કરશે સહુને ખ્વાર;
સુંદર એવા અધમનો, કરશો નહિ ઇતબાર.

ઇશ્ક વિષે.

હરિગીત છંદ.

ઘાયલ થયો જે ઇશ્કમાં, તેનો પતો પાતાળમાં,
કાંતો હશે રણ રખડતો, ક્યાં કાળ કેરી જાળમાં;
જે સ્થાનમાં ઇશ્કી ભમે, તે સ્થાન બીજા નવ જશો.
સુંદર કહે ઇશ્કી તણા, કો સોબતી કદિ નવ થશો.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ફીદા છે સહુ ઇશ્કમાં જગત આ, ઇશ્કે ફસાણા ઘણા,
લાગ્યો ઇશ્ક છુટે નહીં નર નકી, યત્નો કર્યે તે તણા;
જ્યારે આ તનને તજી જીવ જશે, ત્યારેજ તે છૂટશે,
કે છે સુંદર ત્યાં લગી નહિ તજે, એવો બુરો ઇશ્ક છે.

દોહરા.

ઇશ્ક ફજેતી કેટલી ? ઇશ્કી જાણે આપ;
પ્રસુતાની પીડા તણું, વંધ્યાને શું માપ ?
શિર કાપે શમશેરથી, બાળી નાખે લાસ;
ત્યાં સૂધી ઇશ્કી ઉરે, ઇશ્ક ઉપર અતિ પ્યાસ.

સોરઠો.

વરસે જ્યાં શમશેર, સુરવિર નર પણ થરથરે;
ત્યાં પણ ઊલટ ભેર, ઇશ્ક ધસે ઊતાવળો.

પ્રાત:કાળ.

નારાચ છંદ.

પ્રભાતના પહોરમાં, સ્વઇષ્ટ નામ લીજીએ,
પછી ખુશીથિ આપનાં, સુકામ કાજ કીજીએ;
સ્વધર્મ કર્મ મર્મથી, સુપાત્ર દાન દીજીએ,
થયું થવું વિચારિને, સુજ્ઞાન અર્ક પીજીએ.

દોહરા.

રાત રહે જવ ખટ ઘડી, તજવો નિદ્રા સંગ;
સ્નાન ક્રિયા કીધા પછી, સમરો સહુ શ્રીરંગ.
લખવું અથવા વાંચવું, ભણવું ગણવું હોય;
પ્રાતઃસમે અનુકુળ પડે, હોય કઠણ કદિ તોય.
શાન્તિ તણો સુંદર સમય, પ્રાતઃ નકી નિરધાર;
તર્ક તણું મુળ દ્વાર જે, ઉઘડે છે એ વાર.
યોગીજન જે હોય છે, આરંભે છે યોગ;
ભોગીજન જે હોય તે, ત્યાગી દે છે ભોગ.
કવિ પંડિત જન હોય તે, ગુંથે ગુણમય ગ્રંથ;
વેદ, પુરાણો, શાસ્ત્રના, શોધે સારા પંથ.
સતિ નારી નિજ નાથને, કરતી પ્રથમ પ્રણામ.
આજ્ઞા લઈ આરંભતી, ઉત્સાહે ગૃહ કામ.
પ્રાતઃ સમે સજ્જન સકળ, શાન્ત સ્વરૂપ જણાય;
મધુર પવન લ્હેરો વડે, મધુર બધે દર્શાય.
હરિના ભક્તો હોય તે, હરિગુણનાં ગીત ગાય;
ભૈરવિ આદિ પ્રભાતિયાં, લલકારી ખુશ થાય.
નિત્ય વહેલા સુઈ જવું, ઉઠવું વ્હેલું નિત્ય;
સુંદર સહુએ સર્વદા, રાખવિ એવી રીત.
મંત્રાદિક જપ સાધનાં, સ્નાન અને પ્રભુ ધ્યાન;
અવર વખત નહિ લાગશે, પ્યારાં પ્રાતઃ સમાન.
ઉત્તમ કર્મારંભનો, ઉત્તમ સમય પ્રભાત;
એ માટે નિદ્રા તણો, કરવો ત્યાગ પ્રભાત.
સુસ્તી સકળ ઉડી જશે, સુસ્ત થશો નિજ કામ;
સુંદર બોધ સ્વિકારતાં, મળશે લાભ તમામ.

માયાનો મહિમા.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જંજાળે બહુ બાંધિને જગતમાં, ડોલાં ખવારે ખરે,
લોભાવી લલચાવિને લગનિથી, ભાઠે ભરાવે અરે;
દેખાડે દુર ડુંગરા પણ પછી, પાષાણુ દષ્ટે પડે,
માયા સુંદર વિશ્વ સ્વાધિન કરી, સૌથી સુરી આથડે.
ડોલાવ્યા સહુ દેવતા મુનિશ્વરો, ઇંદ્રાદિ ડોલાવિયા,
બ્રહ્મા રૂદ્ર મહા તપોબળ તણા, લંગોટ છોડાવિયા;
જ્ઞાની ધ્યાનિ અને બધા તપસવી, ગોથાં સદા ખાય છે,
સેવે સુંદર સદગુરૂ ચરણને, તો તે તરી જાય છે.
મ્હાલે મસ્ત બની બધા મુલકમાં, મ્હોટા નરોને હણે,
સંગ્રામે સુર સાથ સુંદર લડે, તે કોઇને ના ગણે;
પાપી વા ધરમી ભલે તદપિ તે, સૌને ડરાવી દિએ,
સાચા જ્ઞાનિ વિના બિજા સરવને, ખાત્રીથિ ખેંચી લિએ.

ઉદ્યોગ વિષે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ઉદ્યોગી જન સર્વદા સુખ લહે, ઉદ્યોગ યોગે કરી,
સેવે ઉદ્યમ સ્નેહથી પુરૂષ તો, દારિદ્ર જાયે ડરી;
ઉદ્યોગી પુરૂપોતણું મન ઘણું, આનંદિ રે છે સદા,
ધંધો સુંદર જો કરે જીગરથી, કષ્ટો ન પામે કદા.

હરિગીત છંદ.

ઉદ્યોગને બલિહાર છે, ઉદ્યોગ સુખ દાતાર છે,
ઉદ્યોગના યોગે કરી, સુખ શાન્તિ સૌ મળનાર છે;
ઉદ્યોગથી કદિ નહિ નરે, વ્હેવારમાં વિપતો જરી,
સુંદર કહે ઉદ્યોગથી, સંકટ જશે સર્વે ટળી.

મનહર છંદ.

આશા બાંધી બેસવાથી, કાર્ય સિદ્ધ થાય નહિ,
જાય ન દારિદ્ર દૂર, કલ્પનાઓ કીધાથી;
વ્યર્થ માથું કુટી મરે, લુખે લુખી વાતો કરે,
એમ નહિ અર્થ સરે, ડબાળાઓ દીધાથી;
હૃદય હિમ્મત ધરો, ઉમંગે ઉદ્યોગ કરો,
સંકષ્ટ સમસ્ત જશે, શ્રમ સાચો લીધાથી,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
દરદ દહન થશે, જડી બુટ્ટી પીધાથી.

દોહરા.

ઉદ્યોગી જન મેળવે, ધારેલાં સુખ સાજ;
અંગ્રેજો ઉદ્યોગથી, પામ્યા મોટું રાજ.
માંડેલું મટશે નહીં, એ નિશ્ચય છે ખાસ;
તો પણ તન મનથી સદા, કરવો ઘટિત પ્રયાસ.
ઉદય થવાનો હોય તો, ઉદ્યમ સૂઝે આપ;
ઉદ્યમથી લક્ષ્મી મળે, ટળે સકળ સંતાપ.
પ્રાપ્ત થશે પૈસો નકી, કરતાં પૂર્ણ પ્રયાસ;
પ્રભુ પૂરે છે પ્રેમથી, ઉદ્યોગીની આશ.

હરિગીત છંદ.

ઉદ્યમ કરો ધીરજ ધરો, કદાંત કો દિન આવશે,
હરિને સમરશો હર ઘડી, તો તે વિજય વરતાવશે;
દુઃખ સાગરેથી મુક્ત થઇ, સુખ સાગરે પડશો નરો.
હરદમ નહીં સરખું રહે, સુંદર નિડર નિજ મન કરો.
કાયર થવું નહિ કાર્યથી, કાયર થયે કંઈ નહિ સરે,
હિમ્મત જશો હારી તમે, તો મશ્કરી લોકો કરે;
શક્તી પ્રમાણે સર્વ કો, ઉદ્યમ કરો ઉત્સાહથી,
દારિદ્ર થાશે દુર બધું, સુંદર કવિ કહે છે કથી.
ભ્રાતા અને ત્રાતા તણી, દરકાર દિલ રાખો ઘણી,

સેવા કરો ખુબ સ્નેહથી, સેવક તમે સાચા બની;
મા બાપ પુન્ય પ્રતાપથી, વિદ્યા ભલી લેવી ભણી,
સમજૂ થતાં રળતાં શિખો, સુંદર સદા સુરવિર બની.
આશા ન રાખો અવરની, પૂરણ વયે પ્હોંચ્યા પછી,
પોષણ થવા પ્રિયજન તણું, ઉદ્યમ કરો કમ્મર કસી;
પરવા નહીં રળવા વિષે, ભ્રાતા પિતા પ્રિય જનતણી,
સુંદર કહે દ્રઢ દિલ કરી, શ્રી શ્યામને ધારો ધણી.
ઉદ્યોગ કરવો આપણે, એ આપણું નિત કર્મ છે,
થાવું થશે તો પણ ખરે, ઉદ્યોગ સાચો ધર્મ છે;
હિમ્મત ધરી જન જો મચે, તો શાન્તિ સિંધૂ ઉછળે,
ઉદ્યોગ પાર્થ પ્રતાપથી, સુંદર બધું સ્હેજે મળે.

દોહરા.

શ્રમ પડતાં શરૂઆતમાં, શિથિલ થશે જન કોઈ;
ઉત્તમ ફળ ઉદ્યોગનાં, નહિ પામે નર સોઈ.
ઉદ્યોગી ઉત્સાહથી, સાધે સઘળાં કામ;
બિન ઉદ્યોગી મનુષને, અંતર નહિ આરામ.
આળસને અળગી કરી, આદરશો ઉદ્યોગ;
તો સુંદર મળશે નકી, ફળ તમને તમ જોગ.

સ્વાર્થ વિષે

મદિરા છંદ.

સ્વાર્થ સમાન મિઠાશ નથી કશિ, સાકર આદિક વસ્તુ વિષે,
સજ્જન યા નર હોય અસજ્જન, સ્વારથ સાધક સર્વ દિસે;
તાપ ગણે નહિ તાઢ ગણે નહિ, જંગલમાં દિન રાત વસે,
સુંદરજી નિજ સ્વારથ કારણ, માનવિ સાગર પાર ધસે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

સર્વે સ્વારથ સાધવા અવતર્યા, રાણા અને રાંકડા,
લાભાર્થે નર નીચને વિનયથી, વંદે નરો ફાંકડા;

પોતાનું હિત સર્વને ઉર ગમે, બીજા પડે પાટમાં,
એવું સુંદર સ્વારથી જગત આ, રાચ્યું કુડા ઠાઠમાં.

મનહર છંદ.

નિજ હિત કરનારો, સહુને લાગે છે સારો,
પુછતું નથી કો પાડ, પ્રમાણિક પણાંનો;
નીતિ કે અનીતિ નવ, ગણે નિજ હિત થતાં,
એવો ગુણ સ્વાભાવિક, જોયો જન ઘણાનો;
દયાળુ દાતાર અને, ઈનસાફ આપનારો,
લાગે નહિ સારો કદી, સ્વારથ જો સરે નૈ,
સુંદરજી શાણો અને, સદ્‌ગુણી હોય છતાં,
સ્વારથ વગર તેની, પ્રશંસા કો કરે નૈ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

પુત્રો બે ત્રણ હોય એક સરખા, તો કર્મિ કોને ગણો ?
પૈસો પ્રાપ્ત કરે અને સુખ દિએ, તે પુત્ર પ્યારો ઘણો;
પ્યારો એકજ પુત્ર હોય રસિલો, રંગે રૂપાળો બહુ,
લાવે જો રળિ તોજ સુંદર કહે, સારો કહેશે સહુ.
જે જે વૃક્ષ વિષે હશે ફૂળ ફુલો, પક્ષી વસે ત્યાં ઘણાં,
સૂકેલું તરૂ હોય તે સ્થળ વિષે, શા શબ્દ પક્ષી તણા;
આરોગે સહુ લોક અક્ષત અને, ફેંકી દિએ ફોતરાં,
કે છે સુંદર સ્વાર્થ કારણ મથે, મોટાં અને છોકરાં.

દોહરો.

સ્નેહી સઘળાં સ્વાર્થનાં, સ્વારથ વિણુ નહિ સ્નેહ;
સ્વારથ સાધી સર્વ કો, આખર આપે છેહ.

મનહર છંદ.

જેનું તમે સારૂં કરો, તે તમોને સારા કહે,
ભુંડુ જેનું કરો તેઓ, ભુંડા કરી ભાંખે છે,
તમારામાં સ્વાર્થ હોય, તોજ તમે લાગો વ્હાલા,
દુધ દેતી ગાય તણી, પાટુ સહુ સાંખે છે.
પૃથ્વીમાંહી પ્રાણીઓને, પોતાનો પાળક પ્યારો,

ધારો છે અનાદિ એવો, ડાહ્યા નરો દાખે છે,
સુંદરજી કહે કોઈ, કોઇની ઘરે ન ધાક,
દુનીયા સ્વતંત્ર શ્યાણી, રાખે તેની રાખે છે.

દોહરા.

સ્વારથિ સ્વારથ સાધવા, સારાં બોલે વેણ;
સ્વારથ જો ન સધાય તો, કડવાં કાઢે કેણ.
કપટી સ્નેહી સર્વદા, સુખના સંગી જાણ;
દુઃખમાં દુર ખસિ જાય છે, જાણે હોય અજાણ.
બોલાવ્યા બોલે નહીં, મનમાં લાવી માન;
સ્વારથ સાધક એ બધા, માયાનાજ ગુલામ.
ગાંઠે ધન જો હોય તો, આવે દેતાં દોટ;
દ્રવ્ય તણો લય થઇ જતાં, ભાગિ જશે ચડિચોટ.
ફુલ્યા ફાલ્યા વૃક્ષનો, સહુ કો લે છે લ્હાવ;
પત્ર અને ફળ ફુલ વગર, કોઇ ન પુછે ભાવ.

મફતીયાં માણસો વિષે.

હરિગીત છંદ.

ખાતાં પરાયું મફતનું, નામર્દ બહુ રાજી રહે,
ટુકડો દિએ જે તેહને, તેનેજ તે શઠ ચિત ચહે;
અન ઉદરમાં છે જ્યાં લગી, ત્યાં લગણુ તે આધિન રહે,
પાચન થયું પછિ થઈ રહ્યું, સુંદર સદા સાચું કહે.
એવા હરામી હોય જે, તેને ન દેવો દોકડો,
ધુતી લિએ તે જેહને, તેને કહેશે ફોકડો;
કદિ હોય દ્રવ્ય હરામનું, તો અવર સ્થળ ફેંકી દિઓ,
દેશો નહીં ધન દુષ્ટને, સુંદર વચન સમજી લિઓ.

મનહર છંદ.

મફતનો માલ તાલ, ખાનારા ખંતીલા ઘણા,
નાણાં નાખનારા નરો, જવલે જણાય છે,

લુંટી ઝુંટી દ્રવ્ય હરે, ભોગવે ભંડાર ભરે,
કરે નહિ પુન્ય કદિ, ખપે તેનું ખાય છે;
બાપનું બચાવનાર, અન્યનું ઉડાવનાર,
એવી વૃત્તિ વાળા આજ, અધિક દેખાય છે,
સુંદર શરમ તજી, દામના ગુલામ નરો,
ગમે તેનું ગળું કરી, ધન લેવા ધાય છે.

સંસાર વહેવાર વિષે.

હરિગીત છંદ.

તરવારની ક્રુર ધાર સમ, વ્હેવાર વસમો છે ઘણો,
આંટી અને ઘુંટી ઘણી, નહિ પાર આવે તે તણો;
એ રમત છે અતિ અટપટી, નર ચતુર ચેતી ચાલજો,
શુભ તર્કના સંયોગથી, સુંદર જહાજ ચલાવજો.
સંચે નહી શ્રી સમય પર, ટાણે દુઃખી તે થાય છે,
અટકી પડે છે જે સમે, તે વખત મન મુંઝાય છે;
વ્હેવારમાં રહેનારને, વિતનું ઉચિત નિત કામ છે,
સુંદર કહે છે સર્વને, નિત વિત વડે આરામ છે.
લેવું અને દેવું તુરત, વ્હેવાર રૂડો રાખવો,
માયા મળે મનભર છતાં, વ્હેવારનો રસ ચાખવો;
કો વખત તંગી હોય તો, સંગી ખરો વ્હેવાર છે,
સુંદર કહે છે સર્વદા, વ્હેવારને બલિહાર છે.
કરવી કમાણી જેટલી, એથી ખરચ ઓછું કરો,
કરકસર જો કરશો તમો, વ્હેવાર તો રેશે ખરો;
કરવું ખરચ તે વાજબી, ખોટું ખરચ કરવું નહીં,
સુંદર રળો નિત ન્યાયથી, અન્યાયથી રળવું નહીં.
આસ્થા અડગ ઇશ્વર ઉપર, દુઃખમાં દિલાસો જાણવો,
ભાવી ભજવશે ભાવ નિત, સંશય નહીં મન આણવો;
સંકટ સમય ધીરજ ધરી, સંકષ્ટ સઘળું પી જવું,

સુંદર કહે વ્હેવારમાં, મરદે સદા મજબુત થવું.
ધારી વિચારી કાર્ય સૌ, કરજો તમે ક્રુરતા તજી,
સાવધ રહી સંસારમાં, શ્રી શામને લેજો ભજી;
વ્હેવારમાં રેશો કુશળ, શુભ નીતિ રૂપ આયુધ સજી,
સુંદર કહે કદિ નહિ જશે, લક્ષ્મી તમારૂં ગૃહ તજી.

સંતોષ વિષે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

સંતોષી જન સૃષ્ટિમાં સુખી સદા, સંતોષ શ્રીકાર છે,
તૃષ્ણા પાપિ પિશાચણી સરવને, સંકષ્ટ ભંડાર છે;
લોભાણા જગ જાળમાં જન બધા, તેથીજ લાચાર છે,
કે છે સુંદર સર્વનાં સુખ તણો, સંતોષ આધાર છે.

સાસુ વહુની લડાઇ.

દોહરા.

સાસુ અને વહુ સંપિલાં, જે ગ્રહ વસતાં હોય;
સુંદર આ સંસારમાં, સુખિયું ગ્રહ છે સોય.
સાસુ વહુ નણદી તણો, ક્લેશ મચે જે ઠાર;
સુંદર એ ગ્રહમાં સદા, વરસે છે અંગાર.
ક્લેશ થતાં નિજ ગ્રહ વિષે, પુરૂષો થાય ઉદાસ;
વિઘ્ન પડે ધંધા વિષે, લક્ષ્મી પામે નાશ.
બૈરાંઓ જે કમઅકલ, ક્લેશ કરે દિન રાત;
ભુંડી ગાળો ભાંખવા, કુશળ રહે કમજાત.

હરિગીત છંદ.

કંકાસનું મુખ બાળવું, કંકાસ કાળો નાગ છે,
જે ગ્રહ વિષે કંકાસ છે, તે ગ્રહ તણાં દુર્ભાગ્ય છે;
આનંદનો લય થાય છે, સુખ શાન્તિ સહુ લુંટાય છે,
સુંદર કહે કંકાસથી, હાની હજારો થાય છે.

દુહો.

આવે છે કેવું કદું, કજીયાનું પરિણામ;
વાંચો નીચેની કથા, પડશે સમજ તમામ.

હરિગીત છંદ.

સાસૂ વહૂ લડતાં હતાં, લોકો ઘણા જોવા મળ્યા,
બન્ને તણી તકરારમાં, પંચાતિયા બીજા ભળ્યા;
સાસૂ વઢે વહુને અને, વહુ પણ વઢે સાસૂ સમી,
સુંદર વચે નણુદી પડી, પાછળ રહી પછિ શી કમી?
સાસૂ અને નણુદી મળી, વહુને હણી લઠ લાકડી,
ધોકો ગ્રહી કુદી પડી, વહુ પણ લડી બહુ ફાંકડી;
ભુંડા વચન ભાંખે વહૂ, સાસૂ બકે બહુ જોસથી,
સુંદર સદન ગર્જી રહ્યું, કંકાસના ક્રુર ઘોશથી.
કો બોધ વહુને આપતાં, કો સાસુને સમજાવતાં,
હો હો કરંતાં માણસો, ટોળે વળીને આવતાં;
નવરાં ઘણાં નરનારિઓ, કંકાસ વધવા ચિત ચહે,
સુંદર મચે ઘમસાણ તો, લોફર મનુષ રાજી રહે.

મનહર છંદ.

સાસુએ સાંબેલું માર્યું, વહુના કપાળમાંહી,
જોતાં જોતાં સાસુએ તો, રૂધિર રેલાવીઆં,
વહુના વડિલો મળી, અદાલતે અર્જી કરી,
તેથી કરી ન્યાયાધિશે, કોર્ટમાં બોલાવીઆં;
સાસુને નણુદ તણું ક્રુરપણું જોયું ઘણું,
તેથી તેના હસ્તચર્ણ, સજ્જડ બંધાવીઆ,
સુંદરજી કહે પછી, પોલીસના પ્હેરા સાથે,
સાસુ અને નાણુદને, જેલ મોકલાવીઆં.

હરિગીત છંદ.

બીજે દિવસ કોરટ વખત, માતા સુતા હાજર થયાં,
પોલીસના પ્હેરા સહિત, જજની સમિપ ઉભાં રહ્યાં;

કીધા ઇજતના કાંકરા, કંકાસનાજ પ્રતાપથી,
સુંદર કહે બન્ને જણી, બહુ રોઈ કરૂણાલાપથી.

મનહર છંદ.

બન્ને જણી બેઠી રોવા, માણસો બૌ મળ્યાં જોવા,
હાહાકાર કરી મુકયો, કોર્ટના મકાનમાં,
હજારો માણસ વચ્ચે, લાખેણી લુંટાણી લાજ,
આવી પડી બન્ને જણી, વિપત વેરાનમાં;
એવે ટાણે દીન બની, પોકે પોક રડી પડી,
પ્રથમ વિચાર્યું નહિ, હુંપણાના તાનમાં,
સુંદરજી કહે જ્યારે, ખતા ખૂબ ખાધા ત્યારે,
બન્ને જણી સીધી થઈ, સમજી ગૈ સાનમાં.

હરિગીત છંદ

જજને ઉરે આવી દયા, શિક્ષા બહુ થોડી કરી,
વહુને કદી નહિ મારવી, એવી લખાવી ખાતરી;
કંઈ ખર્ચ લાગ્યું ખાનગી, જાહેર પણ કંઇ ભોગવ્યું,
સુંદર કહે આવી રિતે, ક્રુર કલેશનું ફળ ભોગવ્યું.

મન પ્રબળતા.

દોહરા.

મોટા મોટા મદભર્યા, માતંગો વશ થાય;
મન પોતાનું છે છતાં, તે નહિ કબજ કરાય.
ચિત સરખું ચંચળ અને, બળવંતું નથિ કોઇ;
સ્વાધિન થતું નથિ સાધતાં, ઉમ્મર આખી ખોઇ.
મન વેરી મન મિત્ર છે, મન મોટો આધાર;
સુંદર મનને વશ કરો, તોજ ઉતરશો પાર.
મનને વશ કીધા વગર, માયા નહિ મૂકાય;
એ માટે કરવો પ્રથમ, સુંદર એજ ઉપાય.
જેણે મનને વશ કર્યું, તે જીત્યો ત્રીલોક;
મન સ્વાધિન કીધા વગર, સાધન સઘળાં ફોક.

શરીર વિષે.

હરિગીત છંદ.

સાજું શરીર જો હોય તો, સારૂં બધું લાગે સદા,
પ્રગટે શરીરે રોગ તો, કાંઇ નથી ગમતું તદા;
આરોગ્યતા આ અવનિમાં, આનંદનો આધાર છે,
સુંદર કહે તન બગડતાં, દુઃખકાર આ સંસાર છે.
કાદવ તણી છે કોથળી, આ શરિર જે સુંદર દિસે,
દેખત રૂપાળું છે છતાં, કાંઈ નથી કાયા વિષે;
ઉપર અચ્છું ભીતર બુરૂં, એવું અરે આ અંગ છે,
સુંદર કહે છે સર્વને, ખોટો ખચિત તન રંગ છે.

નોકરી વિષે.

મનહર છંદ.

વિશેષ વિચારી જોતાં, નોકરીમાં માલ નથી,
કદર ન કરે કોઈ, ભલા યાને બુરાની,
આંખ્યો ખોલી અધિકારી, તપાસ ન કરે તેથી,
ઉપજે કિમ્મત એક, કાયરને સુરાની;
દરેક ખાતામાં દિસે, ખોટે ખોટી ખટપટ,
ઇન્તેજારી રાખે બધા, અધિકારી થવાની,
સુંદરજી આવી રીતે, નોકરી નમાલી વિષે,
હાય ! દોષ ગાઈ ગાઇ, જીંદગાની જવાની.
નાના નાના નોકરોનાં, પેટ પણ નાનાં તેથી,
અરસપરસ લડી, કલેશ બહુ કરે છે,
અક્ષરનું જ્ઞાન નહિ, ભવિષ્યનું ભાન નહિ,
અક્કલના અરિ છતાં, મિજાજમાં મરે છે;
એક બીજા માંહોમાંહે, ધાંધલ મચાવે તેથી,
ઉપરીની આબરૂને, નુકશાન કરે છે,
સુંદરજી સરદારો, અંતે એવા નોકરોને,

લાત મારી હાંકી કાઢે, ત્યારે તેઓ ઠરે છે.
ઘણાખરા નોકરોની, દાનત દિસે છે ખોટી,
મોટી મોટી વાતો કરી, ધન ધુતી જાય છે,
વિદ્વતાનો ડોળ ઘાલી, દમામ દેખાડે ભારે,
માંહે નહિ માલ છતા, ફોકટ ફુલાય છે;
ખોટી ખુશામત કરી, ઉપરીને રાજી રાખે,
પછી બેધડક બની, લુંટી ઝુંટી ખાય છે,
સુંદર સજ્જન અને, હક્કનું ખાનાર થોડા,
નિમકહરામ ઘણા, દૃષ્ટિએ દેખાય છે.
અધિકારી હોય છતાં, હુકમ ન માને કોઈ,
તો પછી એ અધિકાર, મળ્યો તે શું કામનો ?
હુકમ સ્વ જાતે કરે, નોકરો ન કાન ધરે,
તાબામાં રેનારા પણ, ગણે બે બદામનો;
આવી રીતે અપમાન, સહન કરે છે સદા,
તાબેદારો તેને ગણે, અધિકારી નામનો,
સુંદરજી કહે એવા, નમાલા જે અધિકારી,
પડયા પડયા ખાય ફક્ત, પગાર હરામનો.
ન્હાની નોકરીમાં નથી, મોજ મજા બિલકુલ,
સત્ય પંથે ચાલે તેને, સખત મજુરી છે,
થોડોક પગાર મળે, ચિન્તાથી રૂધિર બળે,
પગાર પ્રમાણ જોતાં, મહેનત પુરી છે;
કામ કરી થાકી જાય, ઘડી ન વિસામો ખાય,
છતાં અધિકારી કહે, અક્કલ અધુરી છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
પરાધિન રાખનારી, નોકરી બો બુરી છે.
હક્કનું ખાનારા અને, સત્ય પંથે ચાલનારા,
મહા મુશિબત વેઠી, પેટ નિજ ભરે છે,
કપટના કરનારા, પાપે પેટ ભરનારા,
મફતનો માલ ચુગી, ફાંકડા થૈ ફરે છે;

જેને છે પ્રભુનો ડર, એવા સદ્દગુણી નર,
દુષ્ટ કૃત્ય કરવાથી, દિલમાંહી ડરે છે,
સુંદરજી કહે જેઓ, પાપથી ન ડરે તેઓ,
ગરીબોનાં ગળાં કરી, ધુતી ધન હરે છે.
રૈયતને રોવરાવી, લુંટીને લેનારા લાંચ,
નિમકહરામી નીચ, વિશેષ વર્તાય છે,
મોટા અધિકારી અને, છોટા કારકુન આદિ,
ઘણાખરા નોકરો તો, ખુલ્લી લાંચ ખાય છે;
જેનો ફેરો ફાવે તેઓ, અધર ઉડાવે માલ,
ફાવી શકે નહિ તેઓ, મનમાં મુંઝાય છે,
સુંદરજી કહે આવા, લાંચના લેનારા અને,
મફત ખાનારા માલ, પાછળ પસ્તાય છે.
અવરને આપી આંચ, લાંચીયા લીએ છે લાંચ,
ત્યારે તેઓ અંતરમાં, ખુશી ખુબ થાય છે,
હરામનું ખાવા તણા, હેવા છે પડેલા તેથી,
હરામનું દ્રવ્ય મળ્યે, હૃદય હર્ષાય છે;
પાપી પાપ પ્રપંચથી, પાપનો ભરે છે કુંભ,
પછી જ્યારે ફુટે ત્યારે, ફજેતી લુંટાય છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
લાંચના લેનારા અંતે, જેલમાંજ જાય છે.
પગાર પ્રમાણ જોતાં, ખરચ અધિક કરે,
છતાં પણ પ્રતિદિન, વિત વૃદ્ધિ થાય છે,
વરસ કે બે વરસ, નોકરી કરે છે ત્યાં તો,
ગરીબ મટીને ધનવાન બની જાય છે;
નોકરીમાં રહ્યા પ્હેલાં, ઝુંપડી ન હતી જેને,
તેને ત્યાં તો બહુરંગી, બંગલા દેખાય છે,
સુંદરજી કહે આવા, પ્રપંચ પ્રયોગ બધા,
દિર્ઘ દૃષ્ટિ કરી જોતાં, જાહેર જણાય છે.

તૃષ્ણા વિષે.

દોહરા.

તૃષ્ણા પાપિ પિશાચણી, સદ્ગુણને ખાનાર;
આપાધિન કરિ આખરે, નર્કે લઇ જાનાર.
અર્થ નથી સરતો છતાં, તલસાવે દિન રાત;
એવી છે એ રાક્ષણી, તૃષ્ણા જાત કજાત.
તૃષ્ણાને કદિ ત્યાગિએ, અંતર આણિ અભાવ;
તો પણ સત્સંગત વિના, ટળતી નથિ તે સાવ.
સારિ નઠારી વાસના, અંતરમાં છે જેહ;
સુંદર શ્રમ લીધા વગર, ટળશે નહિ કદિ તેહ.
આશાના ફાંસા વિષે, સૃષ્ટિ સમસ્ત ફસેલ;
એ બંધનથી અવનિમાં, વિરલા પુરૂષ બચેલ.

ગુરૂ મહિમા.

શાર્દૂલવિક્રીડિત છંદ.

ગોટાળું જગ છે બધું ગુરૂ વિના, જાણી શકો ને જરી,
સાચો પંથ બતાવશે સદગુરૂ, ખાત્રી કરાવે ખરી;
ભેદ્ર ભેદ બતાવશે ભલપણે, ત્યારે થશે શાન્તિ સૌ,
કે છે સુંદર આત્મજ્ઞાન અરપી, ભાંગે ગુરૂ ભ્રાન્તિ સૌ.

દોહરો.

ગુરૂ વગર ગમ નહિ પડે, વાંચે મોટા ગ્રંથ;
શુદ્ધ અને વળિ સરળ જે, ગુરૂ બતાવે પંથ.

દારિદ્ર વિષે.

દોહરા.

દુઃસહ દુષ્ટ દરિદ્ર છે, એથી આડો આંક;
પેઠું જેના ભુવનમાં, કીધાં તેને રાંક.
પ્રથમ હરે ધનધામને, વૈભવ વસ્તુ તમામ;
પછિ તન મન પર ઊતરી, દાઝયા પર દે ડામ.

વ્હેમ વિષે.

હરિગીત છંદ.

વિધવિધ વૃધી થઇ વ્હેમની, આ આર્ય લોકોમાં અરે !
રાજા પ્રજા વ્હેમી થયા, વ્હેમે સરવ ખોયું ખરે;
અબળા અને અણુઘડ નરો, સહુથી વધૂ વ્હેમી દિસે,
સુંદર કહે પડશો નહીં, નર વ્હેમના ખાડા વિષે.

દાતાર વિષે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

દાતાને કર દોકડા નવ રહે, આવે અને જાય છે,
આપે દ્રવ્ય ઉમંગથી ગરિબને, પોતે પછી ખાય છે;
માયા મોહ નહીં જરી ઉર વિષે, ખર્ચી ખુશી થાય છે,
દાતા સુંદર સર્વદા યશ વિષે, અત્યંત લોભાય છે.

એકાન્ત વિષે.

હરિગીત છંદ.

એકાન્તમાં આનંદ છે, એકાન્ત આફતકાર છે,
એકાન્તમાં ઇશ્વર મળે, એકાન્ત ભ્રષ્ટાચાર છે;
કુકર્મ અર્થે કરવી નહીં, એકાન્ત સુંદરજી કહે,
એકાન્તમાં કરવું ભજન, શુભ સાર તો સર્વે લહે.

ઉદર પોષણ વિષે.

ઇંદ્ર વિજય છંદ.

સુંદર આ તન પોષણ કારણ, માણસ કૈક મજૂરિ કરે છે,
કૈક જનો સહિને શિર સંકટ, માંડ મુશીબત પેટ ભરે છે;
માણસને અતિશે દુઃખ દાયક, પેટ પ્રપંચ ફજેત કરે છે,
કૈક જનો કરવા કુળ પોષણ, દેશ તજી પરદેશ ફરે છે.

દોહરા.

મેણાં ટોણાં ખાઇને, પોષે પાપી પેટ;
એક ઉદર પોષણ કરણ, વિધ વિધ કરવી વેઠ.

જીવ સકળને જગદિશે, આપ્યાં પાપી પેટ;
એજ ખરેખર જાણવી, સહુથી મોટી વેઠ.

પશુ પક્ષી યા મનુષ હો, હય ગજ યા મૃગરાજ;
તન મનથી તલસે બધા, ઉદર પોષણ કાજ.

અવર સકળ કષ્ટો કઠણ, ત્યાગી ભાગિ શકાય;
પણ વળગેલું મધ્યમાં, પેટ અલગ નવ થાય.

વચન પાળવા વિષે.

હરિગીત છંદ.

નિજ વચન નિશ્ચે પાળવું, કિમ્મત વચનની છે ઘણી,
પાળે નહીં નિજ વચન તો, હલકો પડે છે તે ધણી;
નેકી અને ટેકી થવું, નિજ બોલ નહિ કદિ હારવો,
સુંદર ગ્રહીને સત્યતા, પાપી પ્રપંચ પ્રજાળવો.

દોહરો.

વચન જવા દેવું નહીં, તન ધન છો લૂંટાય;
સુંદર સતવાદી નરો, પૃથ્વીમાં પૂજાય.

હરિગીત છંદ.

નર મરદ તેને માનવા, નિજ વચન પાળે સર્વદા,
ખોટા અને ખદડા નરો, પાળશે નહીં વચને કદા;
બોલ્યું પળે નહિ જે જનો, તે અવરને દુઃખકાર છે,
સુંદર કહે જૂઠા તણું, જીવિત પણ ધિક્કાર છે.

ઈર્ષા વિષે

હરિગીત છંદ.

ઇર્ષા ટળી નહિ ઉર થકી, જ્ઞાતા પણું શા કામનું ?
મદ મોહને આધિન થયો, તો જ્ઞાન જાણો નામનું;
જ્ઞાતા ખરા તે જાણવા, જેણે બધું દીધું તજી,
સુંદર કહે ઇર્ષા તજી, શ્રી શ્યામને લેવા ભજી.

સોરઠો.

ખોટો રાખે ખાર, અવર તણું શુભ જોઇને;
ઈર્ષાનો કરનાર, આતસ વિણુ સળગે સદા.

હરિગીત છંદ.

સુખ જોઈને બીજા તણું, નારાજ જે જન થાય છે,
તે દુષ્ટના દિવસો બધા, દુબ્ધા વિષે વિતિ જાય છે;
વિણુ વાંક પણુ નિંદા કરે, ઈર્ષા ધરે અંતર વિષે,
સુંદર કહે એવા મનુષ, પરના સુખે દુઃખિયા દિસે.

ખોટું આળ ચડાવનારને ઠબકો.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ખોટું આળ ચડાવતાં દિલ ડરો, મોટો દુરાચાર છે;
ખોટું આળ ચડાવનાર નરને, સો વાર ધિક્કાર છે;
એવા દુષ્ટ અધર્મિના જુલમથી, આત્મા દુભાશે નકી,
નર્કે તે નકિ જાય સુંદર કહે, ખાત્રી મને છે પકી.

દોહરો.

સાચાને ખોટો કહી, આળ ચડાવે જેહ;
કવિ સુંદર કે છે ખરૂં નર્કે જાશે તેહ.

સોરઠો.

નિષ્કપટી નિર્દોષ, નિર્લોભી નર હોય જે;
તેને દેવો દોષ; એથિ અધિક અઘ છે કયું?

દોહરો.

બીજાને દુઃખ થાય તો, તેની નહિ દરકાર;
આપ શિરે આવી પડે, ત્યારે થાય વિચાર.

ભક્ત વિષે

દોહરા.

ભક્ત થવું બહુ છે ભલું, ભક્ત જગત આધાર;
સુંદર સાચા ભક્તનો, સહુ કરજો સત્કાર.
નામ ભક્ત ધારણ કરે, કામ અધમ કરનાર;
ભક્ત નહિ એ ભામઠા, ખત્તાના ખાનાર.
સાચા ભકતો શોધિને, કરવી પૂરણ પ્રીત;
ખોટા દાંભિક દુષ્ટથી, અલગ રહેવું નિત્ય.

યોગ્ય અહાર કરવા વિષે.

દોહરા.

ખાવું ખપતું રૂચતું, તન મન તાજાં થાય;
જે તે ઝાપટવું નહીં, તબિયત બગડી જાય.
બુદ્ધી બળ આરોગ્યતા, સ્વાદ સરસ દેનાર;
એ ભોજન ઉત્સાહથી, આરોગો નરનાર.
બહુ ખાટાં ખારાં ચિકટ, તિક્ષ્ણ તેલ વધાર;
એવાં ભોજન આખરે, કરશે વિવિધ વિકાર.

બદફેલ વિષે.

દોહરા.

બદફેલી બદફેલમાં, કાઢે છે નિજ કાળ;
તેથી હીત અહીતની, રેતી નથિ સંભાળ.
બદફેલી જન જે થયો, જાણો તેહ ગમાર;
પ્રથમ નથી શઠ સમજતો, પછી થશે બહુ ખ્વાર.
પોતાના બદફેલથી, પોતાને દુઃખ થાય;
એ માટે બદફેલથી, રેવું અલગ સદાય.

કુટિલ મનુષ્યના સંગથી, વળગે છે બદફેલ;
સજડ થયા પછિ લાકડું, નીકળવું મુશ્કેલ.
પાપી સંગ પ્રસંગથી, લપ કંઈ લાગી હોય;
તે તજવાને કારણે, યત્ન કરો સહુ કોઈ.

દ્રઢતા ફળવા વિષે.

દોહરા.

કવઠી પા કરમાં નથી, કરવું મ્હોટું કામ;
લાજ રહેશે ક્યમ કરી, શોચે જન મન આમ.
શબ્દ થયો એવે સમે, ઉઠ ઉઠ થા તૈયાર;
યત્ન વડે ફળશે કરમ, હિમ્મત નર નહિ હાર.
અંતર નિર્મળ રાખિને, કીધો યત્ન અપાર;
કાર્ય થયું ક્ષણ એકમાં, લવ લાગી નહિ વાર.
હિમ્મત કદિ હારો નહીં, ધીર વીર બ્હાદૂર;
જોતાં જોતાં જડિ જશે, મરદ મદદ કર સૂર.
થાશે સિદ્ધી કાર્યની, મળશે રિદ્ધી હાથ;
મસ્ત થશો આનંદમાં, ધન ધન સુંદર નાથ.
ઈશ્વર પર ઈતબારથી, જે આરંભે કામ;
નિશ્ચય સુંદર નહિ ફરે, દ્રઢતાનું પરિણામ.

શાર્દૂલવિક્રીડિત છંદ.

જેને છે ઈતબાર શ્રી હરિ તણો, તે તો તરી જાય છે,
ભાવી ભક્તિ પ્રતાપથી ભવ વિષે, લ્હેરો લહેવાય છે;
પાકો નિશ્ચય થાય અંતર વિષે, શ્રી શ્યામ સ્નેહે મળે,
કે છે સુંદર શ્રી પતી ભજનથી, સંસાર ફેરો ટળે.

દોહરા.

નર તું તુજ અંતર વિષે, નિશ્ચય રાખિશ એક;
તો શ્રી રઘુપતિ રાખશે, સુંદર તારી ટેક.
રઘુ કુળ ભૂષણ રામનો જેને છે ઈતબાર;
તે પ્રાણી તરિ જાય છે, સુંદર આ સંસાર.

હદમાં રહેવા વિષે.

દોહરા.

કાર્ય કશું કરવું નહીં, હદ ઊપર કો વાર;
હદમાં સઘળું શોભશે, કરી જો જો વિચાર.
મેવો મીઠો લાગશે, ખાવા ટાણે ખાસ;
વધુ પડતો ખાનારનો, નિશ્ચે કરશે નાશ.
આંબા આદિક ફળ વિષે, અમૃત સરખો સ્વાદ;
હદ ઊપર ખાનારની, બગડિ જશે ઓકાદ.
હદમાં ખાવું ખેલવું, હદમાં કરવું કામ;
હદમાં મળશે મનુષને, મન માન્યો આરામ.
વિશ્વ બધું વરસાદને, ચાહે છે બહુ ચીત;
તો પણ તે વધુ વરસતાં, ઉપજે ઊર અપ્રીત.

વિનય વિષે.

દોહરા.

વિનય પ્રતાપે વિશ્વમાં, કીર્તિ કલિત ફેલાય;
વિનય વચન વદવા વડે, વેરી પણ વશ થાય.
જે જનમાં ગુણ વિનયનો, મોટો તેહ મનાય;
સજ્જન મંડળમાં સદા, વિનય વિવેક પુજાય.
વિનય વિવેક વિચારથી, વિશ્વ સકળ વશ થાય;
વળિ એ ઉત્તમ યોગથી, પર્માનંદ પમાય.
અમર અજર બળ અકળ છે,મન વિશ્વે વખણાય;
વિનય વિવેકે વારતાં, એ પણ સ્વાધિન થાય.

બાળ વિલાસ.

દોહરા.

રમવું જમવું ઊંઘવું, કજીયા કરવા ખાસ;
નિષ્કપટી ચંચળ વૃતી, એવો બાળ વિલાસ.

પરવા નહિ ધન ધામની, નહિ વૈભવની પ્યાસ;
અષ્ટ પ્રહર રહેવું ખુશી, એવો બાળ વિલાસ.

સોરઠો.

હાની યા નુકશાન, દેખી દિલ ડરતું નથી;
ગમ્મતમાં ગુલતાન, એવો બાળ વિલાસ છે.

ચા વિષે.

ઇંદ્ર વિજય છંદ.

ચાહ તણી જન ચાહ તજે સહુ, ચાહનિ ચાહ દિસે દુઃખદાઇ;
ચાહ પિવાથિ થયા દરદી તન, ચાહ અફીણ તણો લઘુ ભાઇ;
ચાહ પિનાર દિસે તન દુર્બળ, ચાહથિ જાય રૂધીર સુકાઇ,
સુંદરજી સુખચાહક ચાતુર, ચાહનિ ચાહ તજો સુજ ભાઇ.

દોહરા.

વેળા સર ચા જો મળે, તો તો લાગે ઠીક;
મોડું સુંદર થાય તો, મગજ ફર્યાની બીક.
નીમેલ વખતે નકી, જો ન મળે તૈયાર;
તબિયત ખાટી થઇ જતાં, લાગે નહિ જરિ વાર.

ચોગી વિષે.

દોહરો.

જોગી થઇ જંગલ વસે, જ્યાં બહુ થોડા લોક;
પંચ અરી વશ નવ કરે, તો તે સઘળું ફોક.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જોગી થૈ ભટકે ભલે વન વિષે, સંસાર ત્યાગી સદા,
આત્માને નવ ઓળખે અકલથી, મુક્તી ન પામે કદા;
અંગે ભસ્મ લગાડિ સુંદર છતાં, તૃષ્ણા ટળી ને જરા,
માયામાં લપટાઇને લટકતા, તે જોગિ શાના ખરા ?
જોયા જોગિ જટા ધરા જબર તો, ક્રીયા કળામાં પુરા,

સાધે મંત્ર મસાણુમાં નિડર થૈ, સાચા બનીને સુરા;
લોકોને લલચાવિને ઠગલથી, પૈસા પટાવી લિએ,
મોક્ષે કેમ કરી જશે મુરખ તે, પાપોથિ જે ના બિએ.
વેશાધારિ વસે ઘણા વિમળ થૈ, બાવા બનીને ઠગે,
ભોળા ભાવિકને ભમાવિ ભવમાં, સૌને દબાવે દગે;
કાં તો કામણ મંત્રના ભય વડે, કાંતો સિધાઇ કરી,
કાં તો છેવટ છાકટા છળ કરી, માયા લિએ છે હરી.

દોહરા.

માળા મોટી કર ગ્રહી, ઠીક બન્યો ઠગ રાજ;
છોડી નહિ મન મલિનતા, કેમ સુધરશે કાજ.
બગ ભક્તો બાવા બન્યા, ખાવા મળે ન અન્ન;
દાનત ખોટી દુષ્ટની, પ્રભુ કયમ થાય પ્રસન્ન.
બીજાને બાવા કરે, ઠગ બાવા જે હોય;
સોબત એવા સાધુની, કરશો નહિ કદિ કોઇ.

હરિગીત છંદ.

યોગી થવું તો પ્રથમથી, વહેવારને વિસારવો,
નિર્ભયપણે દિલ દઢ કરી, પછિ યોગને સંભાળવો;
યોગી થવું તો યોગમાં, કરવો ગમન નિજ કાળને,
સુંદર કહે પછિ સ્વપ્નમાં, જોવો નહીં સંસારને.
જ્યારે જવું રણક્ષેત્રમાં, ત્યારે પુરા સૂરા થવું,
હિમ્મત પુરી નવ હોય તો, સંગ્રામમાં કદિ નવ જવું;
કોમળ અને બહુ કઠણ છે, જ્ઞાની થવું પ્રભુ જ્ઞાનમાં,
સુંદર કહે મોક્ષે જશો, તન મન દિઓ પ્રભુ તાનમાં.

દોહરા.

જ્ઞાની ધ્યાની યોગિઓ, ઇશ્વર ઓળખનાર;
સુંદર એવા સંતનો, સહુ કરજો સત્કાર.
લોભ નહીં લાલચ નહીં, નહિ માયા પર પ્રીત;
સુંદર એવા સંતને, સેવો સ્નેહે નિત્ય.

અબળા પ્રબળા.

દોહરો.

સિંહણ સાપણ સાચવે, એવા અગણિત હોય;
કામાને વશ કરિ શકે, એવા વિરલા કોઇ.

મનહર છંદ.

સિંહણના સુત સાથે, સંગ્રામ સજે છે સુરા,
માતેલા માતંગ તણું, મસ્તક મરોડે છે,
બાહુ બળના પ્રભાવે, ડુંગર ડોલાવી દીએ,
વજ્ર તણી સાંકળને, તૃણ ગણી તોડે છે;
પદના પ્રહાર વડે, ધરાને ધ્રુજાવનારા,
સખત શિલાને સુરા, ફૂંક મારી ફોડે છે,
સુંદરજી એવા એવા, બહુ બળવાન નરો,
મૃગાનેણી મુગ્ધાઓને, હેતે હસ્ત જોડે છે.

હરિગીત છંદ.

રણમાં રિપૂને રોળવો, સુરવીરને મન સ્હેલ છે,
સીકાર કરવો સિંહનો, નર મર્દને મન ગેલ છે;
ગજરાજ સરખું પ્રાણિ તે, બળિયા પુરૂષ મન ખેલ છે,
અબળા પ્રબળ નિજ વશ થવી, સુંદર કહે મુશ્કેલ છે.



પ્રસ્તાવિક.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

શું કેવું કથવું હવે જગતને? બાકી કશુંએ નથી,
મોટા પંડિતને ઘણા કવિજનો, કેતા ગયા બો કથી;
ગુંથ્યા ગ્રંથ અપાર સુંદર કહે, જૂદી જુદી જાતના,
વાંચીને ચિત થાય છે પ્રસન્ન ગૌ, ગાયા ગુણો ખ્યાતના.

દોહરા.

સુંદર આ સંસારમાં, સુખ દુઃખ સહુને શીર;
ધૈર્ય ધરે સંકટ સમે, એજ ખરો સુરવીર.
પ્હેલું સુખપછિ દુઃખ પડે, દુઃખ પાછળ સુખથાય;
લાગી રહિ સુંદર સદા, અકળ કળા ન કળાય.
વિપત વખત વસમો ઘણો, વિપતે વપુ શોષાય;
વિપત વખત વ્હાલાં જનો, દવલાં થઈ દુર જાય.
સુખિયાને સુખિયો મળે, સુખનાં થાય વખાણ;
દુઃખિયાને દુઃખિયો મળે, ઉખળે દુઃખની ખાણ.
મૂરખને મૂરખ મળે, વ્યર્થ કરે પંચાત;
ગર્ધવને ગર્ધવ મળે, મારે મોં પર લાત.
ગુણિયલને ગુણિયલ મળે, ગુણની ગણના થાય;
સાકર સાથે પય મળે, અમૃતવત થઇ જાય.
નિર્ધનને ધન સાંપડે, કુણી ફાટી જાય;
અમલ મળે બેકદરને, આપે તે અન્યાય.
અમલ મળે યા શ્રી મળે, લાખ મળે કદિ માન;
તોય છળે છાકે નહીં, વિશ્વ વિષે વિદ્વાન.
સુખથી સબળા થાય છે, દુઃખથી દુબળા થાય;
પુષ્પ પ્રફુલ જળથી રહે, જળ વિણ પુષ્પ સુકાય.
સુંદર આ સંસારમાં, બહુ રંગી બહુ લોક;
એકજ રંગી માનવી, જડશે જોતાં કોક.

સોરઠો.

હીરો લાગ્યો હાથ, પણ પડયું નહિ પારખું
મેલ્યો પથ્થર સાથ, કિમ્મત કંઇ કીધી નહીં.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

આ સંસાર વિષે બહૂ દુઃખ દિસે, સ્વપ્ને નથી કો સુખી,
રાજા રંક ફકીરને અમિર સૌ, દીઠા બધાને દુઃખી;
કોઇ તો ધન કારણે દુઃખિ દિસે, કો પુત્ર માટે રડે,
કે છે સુંદર સૃષ્ટિમાં સુખિ સદા, જોતાં જનો ના જડે.

દોહરા.

શ્રાપ સતી આપે નહીં, કષ્ટ પડે શિર તોય;
શ્રાપ દિએ સતિ તો પછી, મિથ્યા કદિ નવ હોય.
એ દાતા શું કામના? યાચક લાંઘે ઘેર;
દાતા નહિ પણ દુષ્ટ એ, જેને નહિ મન મ્હેર.
જનુનિ વિના આ જગતમાં, બાળકને બહુ દુઃખ;
માત પયોધર પય વિન, ભાંગે નહિ કદિ ભુખ.
આશા એ જન જીવિત છે, આશા ભય ભંડાર;
સુંદર આશાથી ઘણા, પ્હોંચ્યા પેલે પાર.
જોયાં જગમાં જોડલાં, દંપતિ અપરંપાર;
પણ સારસ સમ સૃષ્ટિમાં, જોડું નહિ જડનાર.
વીત વગરનાં માણસો, વિતને ચિતમાં ચ્હાય;
વિત વાળા પણ વળવળે, એજ અધિક અન્યાય.
પોતે હલકા હોય તો, હલકા મળશે મિત્ર;
સુંદર દિલ ખોળી જુઓ, તર્ક અને પય ચિત્ર.
કામ વગર જાવું નહીં, પર ઘર વારંવાર;
મુર્ખ ગણીને માણસો, કરશે નહિ સત્કાર.
સંકટ શિર આવી પડે, લાગે અંગે લ્હાય;
એ વખતે ઇશ્વર વગર કોઇ ન થાય સહાય.
મ્હાસાગરના મધ્યમાં, વ્હાણ ચડે ચકડોળ;

એ વખતે હરિ ભજન વિણ, અવર ન કરવો ડોળ.
સ્નેહિ સબંધી બંધુઓ લેશે દુઃખમાં ભાગ;
એવિ અસત આશા તણો, કરવો મનથી ત્યાગ.
ખેતર ખેડી વાવિએ, લણવાની ઉર આશ;
હરિની કરૂણા હોય તો, ફળિભુત થાય પ્રયાસ.
કોઈ વખતની ખેડમાં, બમણું પાકે ધાન;
કોઇ વખતની ખેડમાં લાગે છે નુકશાન.
લેણું સાચું હોય તો, લઇએ લક્ષ પ્રકાર;
અમથું કો આપે નહીં, કંજુસ કે દાતાર.
ચોસઠ દેવી શાસ્ત્રમાં, વાંચી ઠામો ઠામ;
પાંસઠમી સુંદર કહે, લેણા દેવી નામ.
કોઈ વખત થોડે શ્રમે, મોટું કાર્ય કરાય;
કોઇ વખત મોટા શ્રમે, ન્હાનું કાર્ય ન થાય.
નિર્ધન પણ નિજ મન વિષે, લક્ષાધીપતિ થાય;
સુંદર એ સંપત વડે, કાર્ય કશું ન કરાય.
પાપિ પ્રપંચી પ્રાણિનાં, જેવાં અંતર શ્યામ;
તેવાં તેનાં જાણવાં, કુડાં કાળાં કામ.
હોય નહીંને સાંપડે, ધન દોલત પરિવાર;
મનમાં બહુ મલકાય તે, નિરખી નિજ ઘરબાર.
દ્રવ્યાધિન દુનિયા બધી, નિર્ધન યા ધનવાન;
એક નથી આધિન થતો, જેને આતમ જ્ઞાન.
આજ્ઞાધિન અર્ધાંગના, આજ્ઞાધિન પરિવાર;
આજ્ઞાધિન સેવક સકળ, એજ સફળ અવતાર.
કરિએ બહુ બહુ કલ્પના, ઘડિએ બહુ બહુ ઘાટ;
ધાર્યું કંઇ થાતું નથી, એજ હમેશ ઉચાટ.
સુખની ઇચ્છા હોય તો, કરવાં સારાં કામ;
દેવું દાન ગરીબને, લેવું શ્રીપતિ નામ.
લવ લક્ષ્મીની લાલચે, લાંબો લાભ લુંટાય;
વિષય તણા આનંદમાં, બ્રહ્માનંદ ભુલાય.

કો રંગે રંગાય છે, કો કષ્ટે કચરાય;
કોઈ સહે દુઃખ ભૂખનું, કોઈ મલીદા ખાય.
કો જન રાતા રંગિલા, કો દુબળ દેખાય;
કોઈ નિરોગી નિત રહે, કો રોગે રીબાય.
કર્મ કરેલાં ભોગવે, આ દુનિયાના લોક;
કરિએ તેવું પામિએ, એમાં શાનો શોક ?
પુન્ય વધારે હોય તો, પર્માનંદ પમાય;
પાપ વધારે હોય તો, દુઃખમાં દિવસો જાય.
અવસર અનુકુળ હોય તો, કરવો સદ ઉપયોગ;
હિત કરવું હર કોઈનું, એજ ખરો ઉદ્યોગ,
અસત દિલાસા આપિને, લલચાવે જન જેહ;
એ નર કદિ કરશે નહીં, ધાર્યું કાર્ય ફતેહ.
પાપી જન જે હોય તે, પાપે પૂર્ણ પિલાય;
તો પણ તે તજતા નથી, પાપ કર્મ દુઃખદાઈ.
પાપ કર્મથી પ્રાણિને, પ્રગટે છે તન રોગ;
તો પણ તેના મન વિષે, ભાવે છે બહુ ભોગ.
મન ભર ધન મળવા છતાં, લંબાવ્યો નહિ હાથ;
ખાધું ખવરાવ્યું નહીં, બીડી બેઠા બાથ.
આશા પુરિએ અવરની, રાજી કરિએ રાંક;
ધર્માર્થ ધન આપિએ, એથી આડો આંક,
કાર્ય કશું કરવા તણો, તર્ક ઉઠે જે વાર;
સુંદરજી શુભ હોય તો; તુર્ત થવું તૈયાર.
જે કંઇ તારા હસ્તથી, સુકૃત સોદો થાય;
તે કરવા સુંદર કહે, સત્વર શોધ ઉપાય.
સમય ગયો નહિ સાંપડે, કરિએ ક્રોડ ઉપાય,
સુસ્ત રહે જો સમય પર, તોજ ખરૂં સુખ થાય.
હાથી ખુચ્યો હોય તો, હાથી કાઢે બ્હાર;
બળ ચાલે નહિ બળદનું, બીજાનો શો ભાર ?

નાટક ચેટક નિરખિને, મોહિત થાય ગમાર;
સજ્જન મન પ્રગટે નહીં, અસત ઉપર કદિ પ્યાર.
બિન સાધન બનતું નથી, કાર્ય કશું હે! ભાઈ;
સાધન જેને સાંપડે, તેને સરળ સદાય.
સુરવિર પણ સાધન વગર, મનમાં બહુ મુંઝાય;
સાધન યોગે શઠ નરો, કાર્ય કરી મલકાય.
મણ બે મણની જરૂર જ્યાં, શેર થકી શું થાય ?
હાંડો પાણી હોય પણ, હાથી કેમ ધરાય ?
કોરીનો ખપ હોય ત્યાં, પૈસો આપે આપ;
કેમ ઠરે જળ છાંટથી, બળતો મોટો તાપ.

મનહર છંદ.

હુન્નર હજાર કરે, ત્યારે એક પેટ ભરે,
એવો આ સંસાર તણો, વહેવાર ચાલે છે,
કેક શેર અન્ન માટે, ભમે છે વાટેને ઘાટે,
કેક નરો આનંદથી, મેડી માંહી મ્હાલે છે;
ચાહે તો બીરાજે મેડી, ચાહે તો બીરાજે કેડી,
ચાહે એડીના આધારે, જીંદગી ગુજારે છે,
ગમે તેવી સ્થિતિ હોય, તથાપિ હે ! સુંદરજી,
મોટા યાને છોટા બધા, ગોથાં બહુ મારે છે.

સોરઠો.

કરવાનું જે કામ, તે કોડ કરતા નથી;
અવળે રસ્તે આમ, ભેળું થશે નહિ ભટકતાં.

દોહરા.

યત્કિંચિત્ પણ આપણો, કાંઇ સરે નહિ અર્થ;
એ ઉદ્યમ શા કામનો ? વખત ગુમાવે વ્યર્થ.
છાતી સીરે શેકિએ, કળતર પર પચ પાન;
દર્દ દવા જાણ્યા પછી, વૈદ્ય તણું શું કામ ?
જેને જે અનુકુળ પડે, તેને મન તે સ્હેલ;

નટ નાચે દોરી ઉપર, કઠિઓ બાંધે મ્હેલ.
તોય તૃષાતુર મનુષ્યની, તરસ તુર્ત હરનાર;
ભોજન હરશે ભૂખને, પય તન પુષ્ટી કાર.
લ્હાવો લેશું આપણે, કરશે બીજા કામ;
રાખે મૂરખ માણસો, મનમાં એવી હામ.
રાતી પઈ રળતો નથી, કરતો નથિ કંઈ કામ;
વિત વિણ વૈભવ માણવા, મનમાં મોટી હામ.
કોટિ અબજ ધન સાંપડે, દાસી દાસ અપાર;
સુંદર એ સઘળો સમજ, સ્વપ્નાનો શણગાર.
વ્યસ્ની રાજી વ્યસ્નથી, વ્યસ્ન મળ્યે સુખ થાય;
અવર સકળ વૈભવ છતાં, વ્યસ્ન વગર અકળાય.
દેવ વિમુખ જવ હોય તવ, કોઈ સહાય ન થાય;
દેવ પ્રસન્ન થવા થકી, દુનિયા લાગે પાય.
પર દોલત પર પત્નિને, જે જન ચતમાં ચ્હાય;
સુંદર તે નરને નકી, સ્વપ્ને સુખ નહિ થાય.
વસ્તુ વહાલી વિશ્વમાં, જેની હોય જરૂર;
જેને જેની લગ્નિ છે, તે તેમાં ચકચૂર.
મન વાંચ્છિત સંપત અને, પ્રૌઢ હિસે પરિવાર;
તો પણ તેમાં સુખ નથી, દુઃખિઓ આ સંસાર.
ભવ્ય ભરેલા દ્રવ્યના, પાંચ પચિસ ભંડાર;
આખર વખતે એ બધા, અંહિના અહિં રેનાર.
દાનવ માનવ દેવતા, ગુણ હિણ યા ગુણવાન;
વિધિવત સુંદર વિશ્વમાં, કોઇ નથી બળવાન.
અલ્પાયુષને કારણે, કરવાં મોટાં પાપ;
એથી સુંદરજી કહે, અધિક કયો પરિતાપ ?
કળિયુગમાં બહુ કઠણ છે, ઊદર ભરવું એક;
મોટા મોટા મરદને, કાયર કીધા છેક.
દુઃખિયાનું દુઃખ સાંભળી, દુઃખ કરી દે દૂર;
સુંદર એવા સૃષ્ટિમાં, બહુ થોડા બ્હાદૂર.

પય પાતાં લય થાય તો, શાને દેવું ઝેર ?
સુંદર સ્હેજે સમજતાં, કરિએ નહિ કહિ વેર.

સોરઠો.

ફોફાં ખાંડે ફોક, ચોખા લેવા ચિત ચહે;
હાંસી કરશે લોક, સત્ય વચન સુંદર કહે.

દોહરા.

અણધાર્યું દુઃખ આવતાં, ભુલે છે જન ભાન;
ડાહ્યો તે ગાંડો બને, સૂર બને નાદાન,
બાળપણે ગમતી ગમત, યૌવનમાં સ્ત્રી સંગ;
સુંદર આ સંસારમાં, નિત નિત નવલા રંગ.
સુખમાં શ્યામા સાંભળે, સંકટમાં શ્રી શ્યામ;
ભુખ્યાં ભોજન સાંભળે, તરસ વખત જળ પાન.
રેતી સંચે નાખિને, પીલે વારંવાર;
તેલ નહીં કદિ નીકળે, શ્રમ ફોકટ જનાર.
આફત દળ ચડિ આવતાં, જણવે ઝાઝું જોર;
સત સમતા શમશેરથી, હણવી હરકત ઠોર.
સંપતમાં આવી મળે, સ્વારથ સાધક લોક;
વિપત પડયે વીંખાય છે, એમાં શાનો શોક ?
સંગી નહિ મન માનવાં, માત પિતા કે ભ્રાત;
સંગી સાચાં સમજવાં, પુન્ય અને વળિ પાપ.
કો રડતા કો ગાય છે, કો કરતા ગુલતાન;
કો દુર્બળ કંગાલ છે, કો નર બહુ બળવાન.
નિર્ધનપણું કેવું હશે ? શું જાણે શ્રીવાન;
પ્રસુતાની પીડા તણું, વંધ્યાને શું જ્ઞાન ?
યાદ નથી કદિ આવતો, સંકટમાં શૃંગાર;
વસ્ત્રાભુષણ વિપતમાં, લાગે છે અંગાર.
ખાવું પીવું ખેલવું, કરવી લીલા લ્હેર;
એ સઘળું સંકટ સમે, લાગે કડવું ઝેર.

બાળકને ઉછેરતાં, મ્હેનતનો નથિ પાર;
જણતાં પીડા જેટલી, એથી અતિ ઉર ધાર.
સારૂં નરસું માનવી, સહવાસે સમજાય;
કોકીલાને કાગડો, વાણીથી વરતાય.
મધુમય કોકિલ કંઠ છે, શ્રોતાને સુખકાર;
કડવો સ્વર છે કાગનો, કંટાળો કરનાર,
અમલ વગરનો આદમી, ભમતો ભુંડે હાલ;
અમલ મળ્યો બદલી ગયો, અજબ અમલનો ખ્યાલ.

સોરઠા.

અમલ વિષે અંધેર, બહુ સ્થળ દ્રગ દર્શાય છે;
અમલ કરે છે કેર, અંદેશો નહિ આણશો.
કો આગળ ધન લાખ, કો આગળ ધન ક્રોડ છે;
વિત વિણુ ચોળી ખાખ, બાવા પણ બહુ બનિ ગયા.

દોહરા.

પુત્ર પ્રસવ થાતાં ખુશી, મરણુ થતાં દુઃખ શોક;
સમય તણાં ગિત ગાય છે, આ દુનિયાના લોક.
સુંદર બિંદૂ કયાં પડયું ? કયાં પ્રસવીયું બાળ ?
ક્યાં વૈભવ સુખ માણશે ? કયાં કરશે નિજ કાળ ?
ખબર નથી કોને ખરી, કયારે ખાશે કાળ ?
અણુધાર્યાં મરી જાય છે, વૃધ, યુવાન યા બાળ.
તત્વ ખરેખર શું હશે ? જ્ઞાનીને ગમ હોય;
ભેખ ધરીને ભટકતા, તે નવ જાણે કોઈ.
સિંહ ક્ષુધાના કષ્ટથી, મરણુ શરણુ થાનાર;
પણ નિજબળ અભિમાનથી, ખડ કદિ નહિ ખાનાર.

સોરઠા.

કુળમાં પ્રગટે ક્લેશ, અરસ પરસ કજીયા કરે;
બંઠે ત્યારે વેશ, કડવાં ફળ કંકાસનાં.
હેત હૃદયમાં હોય, આવી ઉભે આંખમાં;

મૂખ મરોડે તોય, પ્રીત છુપાવી નહિ છુપે.
આવિ મળે છે છેક, સંકટ સઘળાં સામટાં;
યત્ન ન ચાલે એક, ઇશ્વર ગતિ અદ્દભૂત છે.
ગાયન ગુણુ કરનાર, શીખો સદ્દભાગી સદા;
અમૃત રસ પાનાર, સુંદર સંગિત શાસ્ત્ર છે.
પર પ્રિય પાછળ પ્રાણુ, આપે ઉદ્ધત માણુસો;
તો પણુ કરતી હાણુ, વ્યભિચારીણી વાંદરી.
ભારે જાણ્યો ભેદ, શાસ્ત્ર પુરાણો શીખિઓ;
વાંચ્યા ચારે વેદ, તો પણુ કંઈ ખામી ખરી.
પુન્ય પ્રગટ કરનાર, અગણિત સદ્દફળ આપશે;
સ્વર્ગ તણું મુળ દ્વાર, સુંદર સત સંગત કરો.
પુત્રાદિક પરિવાર, દૈવ દયાથી થાય છે;
વળિ તે વિમુખ થનાર, એ પણુ દૈવાધીન છે.
હીરો સાચો હોય, કમ અકલ કહી કાચ કે;
હીરો કાચ ન હોય, હીરો તો હીરો ખરો.

દોહરા.

સ્થિર થઇને બેઠી નહીં, રત્નાકરની જાઇ;
અસ્થિર થઇ અતિ આથડે, શાન્તિ તને નથિ ક્યાંઇ.
પેરણુ ફાટલ ચીથરાં, ખાવા ખોરી જાર;
સૈય્યા સુખ સ્વપ્ને નહીં, નિર્ભાગીને દ્વાર.
પીતળ પેખી ચળકતું, કનક કહે કહિ કોય;
પીતળ તો પીતળ રહે, કેમ કનક તે હોય?
સુખ દુઃખના શા ઓરતા? પળ પળમાં પલટાય;
શોચ કરો યા ખુશ રહો, ભાવિ ન મિથ્યા થાય.
મનનું માન્યું સૂખ છે, મનનું માન્યું દુઃખ;
સંતોષી જન સર્વદા સંતોષે લે સૂખ.

સોરઠા.

કરવું જે કંઇ કામ, પ્રથમ વિચારી વરતવું;

પછિ નવ હારો હામ, પ્હેલાંથી પાકું કરો.
હીરા હાટો હાટ, નાણું દેતાં નહિ મળે;
શિર ફોડો શા માટ ? રત્ન રખડતાં હોય ને.
જેવો વૈભવ હોય, એવી ઉપાધિ જાણવી;
કરશો નહિ કહિ કોઈ, અંદેશો એ વાતમાં.
માણી નહિ કંઇ મોજ, રસિકા રસ લીધો નહીં;
ખરી કરી અંતર ખોજ, હરિ સેવા પણ કરિ નહીં.
પાત્ર પ્રમાણે માય, અધિક થયે છલકાય છે;
શ્રમ લીધે ન સમાય, સાગરનું જળ સર વિષે.
પીડાનો નથિ પાર, પગલે પગલે છે પીડા;
થાય ભલે થાનાર, સુંદર મન શોચે નહીં.
જેને જેનું કામ; તે જન તેનો જપ કરે;
બીજું લઇએ નામ, નાકારો નિશ્ચે ભણે.
મયુર ચહે ઘન ઘોર, ચંદ્રોદય ચાહે નહીં;
ચાહક ચંદ્ર ચકોર, શ્યામ ગગન ચાહે નહીં.
ઇચ્છા વિણ જે થાય, રંગ રહિત તે જાણવું;
કરિએ કોડ ઉપાય, મન મળ્યા વિણ કંઇ નહીં.
કાઢી લે નિજ કામ, પછિ પડતું મૂકિ દિએ;
એવું જગત તમામ, સુંદર કોને દોષ દે.
હૃદય કપટ કે શુદ્ધ, ભુંડો યાને હો ભલો;
સુંદર જન બળ બુદ્ધ,સમય ઉપર સમજાય છે.
વિધિ કર અંકિત લેખ, ટાળ્યા તે ટળશે નહીં;
મારી માથે મેખ. સુંદરજી સાંકે નહીં.

દોહરા.

મિત્ર છતાં પણ જે જનો, હોય તદન અજ્ઞાન;
કાર્ય ભરૂષે સોંપતાં, કરશે તે નુકશાન.
જ્યાં સૂધી દુઃખ નિમિત છે,ત્યાં લગિ તે નહિ જાય;
વ્યર્થ જશે સુંદર બધા, કરિએ અબજ ઉપાય.
અહિણ સર્કરા સંગમાં, રાખો માસ છ માસ;

તદપિ અફિણ તજશે નહીં, આપ તણી કડવાસ.
સોબત કરિએ નીચની, ઉચ્ચ થવાની આશ;
અમલ અર્ક આરોગતાં, કેમ મળે મીઠાશ?

સોરઠા.

સુંદર જેવું બીજ, ફળ તેવું નિવડે નકી;
ખાલિ કરો નહિ ખીજ, મૂળ તપાસો માનવી.
પ્હેલું કરતાં પાપ, આપ હિલે ડરતા નથી;
પછિ કરવો પરિતાપ, સુંદર એ શું કામનું ?

દોહરા.

મસ્ત નગારાં ગડગડે, વાદ્ય તણો વરસાદ;
સુંદર ત્યાં કો સાંભળે ? તૂતી કેરો નાદ.
લક્ષ્મી વાળો લોભિઓ, નિર્ધનિઓ દાતાર;
સુંદર એ શું કામના ? બેઉ નક્કામા ધાર.
સમજ વગર સંસારમાં, સાર નથી તલભાર;
હર ભજ હરદમ હેતથી, તોજ પડિશ તું પાર.
એક બિજાથી અધિક છે, નિજ મન ન્યુન્ય ન કોઇ;
સહુ સહુનામાં મસ્ત છે, ધનિ યા નિર્ધનિ હોય.
લઘુ વય વિદ્યા મેળવો, યૌવનમાં ધન ધામ;
શાન્તિ સ્વિકારો વૃધ વયે, સમરો સુંદર શ્યામ.
મા ભગિની કે ભામિની, કરતિ હોય વ્યભિચાર;
સહન કરે તેને સદા, ગણવો નર નાદાર.

સોરઠા.

નહિ વિદ્યાનો વાસ, લક્ષ્મી પણ નથિ લાડતી;
ત્યાં શાં દાસી દાસ, જતિ સ્થળ હોય ન સીધવો.
ધારે વિવિધ વિચાર, પાર પડે નહિ એક પણ;
નર એવા નાદાર, વખત વિતાડે વાતમાં,
કારણ વિણુ કહિ કોઇ, કાર્ય કશું કરતા નથી;
સહુ કારણ સહુ કોઈ, મથી મરે છે માનવી.
મળતું નથી જ્યાં માન, સજ્જન ત્યાં જાતા નથી;

સમજે મન શમશાન, બહુ રંગી બહુ બંગલા.
લેવો થોડો લાભ, લોભીને ગમતો નથી;
આડો ફાટે આભ, મળતું નથિ પછિ મૂળગું.
અધર રહે નહિ કોઇ, અધર ચડે તે ઊતરે;
પુન્ય સ્વરૂપ જન હોય, એજ અધર આરામ લે.
હેત અને વળિ વેર, દૃષ્ટિ વિષે દર્શાય છે;
જાણો નહિ જરિ ફેર, આબેહુબ દ્રગ દાખવે.
જ્યાં વાગે રણતુર, કાયરનું ત્યાં કામ શું ?
શોભે રણમાં સૂર, સત્ય વચન સુંદર કહે.
કંજુસને પ્રિય વીત, કામીને પ્રિય કામ છે;
શશિ પર ચાતક પ્રીત, મયુરોને પ્રિય મેઘ છે.

દોહરા.

જેવું સુખ સંતાનથી, તેવું તેથી દુઃખ;
જોયું નહિ આ જગતમાં, ફકત એકલું સૂખ.
મન ભર ધન આરોગ્યતા, પુત્રાદિક પરિવાર;
અમન ચમન તન મન મગન, એજ સુખીનર ધાર,
નિર્ધનને ધન આપિએ; ખુશ ખુશ ખુબ થઈ જાય;
આશિષ આપે અંતરે, જય જય કાર જણાય.
વિશ્વ તણા વ્હેવારમાં, દિવસ અને નિશિ જાય;
પંચ અરીની પીડમાં, ભગવત કેમ ભજાય ?
છત છાની રેતી નથી, અછત તણું પણ એમ;
અર્ક ઉદય જે થાય તે, ગુપ્ત રહેશે કેમ ?
સાચો સહુનો શેઠિયો, સૃષ્ટિ સકળ સરજનાર;
શેઠ અવર સહુ નામના, કામ નહીં કરનાર.
મોટાં મોટાં કાર્ય પણ, કરવાથી થઈ જાય;
ધીરે મધુરે ચાલતાં, લાંબે પંથ જવાય.
થોડું થોડું સંચિએ, દ્રવ્ય અગર હરકાંઈ;
જમલે ઝાઝું થઇ જશે, ખીલે ખોદી ખાઈ.
ઓષધ કડવું લાગશે, પાન પ્રસંગે ચાર;

પણ પ્રેમે પીનારને, અગણિત ગુણ કરનાર.
ચોરી જારી જે કરે, તેમ રમે જુગાર;
ગુણિયલ નર કદિ નહિ કરે, એઓનો ઇતબાર.
સિંહાસન પર ખર તણો, હોય નહીં કદિ વાસ;
એમ છતાં કદિ જો જશે, નિશ્ચય થાશે નાશ.
એક તરફ આતસ બળે, યત્ન વડે ઓલાય;
ચોપ તરફ લાગ્યા પછી, ઠરવી મુશ્કિલ થાય.
શક્તિ પ્રમાણે સર્વ કે, કરિ શકશે નિજ કામ;
વધતું કરતાં ઊલટું, બગડે કામ તમામ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

દારા દ્રવ્ય ગરાસ માટ સરવે, મોટાં યુધો આદરે,
મિથ્યા સ્વારથ સાધવા અવરને, પાપી પિડા બો કરે;
મોટાં યુદ્ધ થયાં અને નર ઘણા, સંગ્રામ સ્થાને મુવા,
તેનું કારણ એજ સુંદર કહે, ચોથું બહાનું જુવા.

દોહરા.

ગુણિયલ સ્વામી સુંદરી, ગુણમાં રહિ ગુલતાન;
વ્યભિચારી નર નારિને, ગણતાં શ્વાન સમાન.
અવર પુરૂષ દ્રગ દેખિને, થાય પ્રસન્ન જે નાર;
નારી તે સારી નહીં, અધમ ત્રિયા અવતાર.
સારી નારી હોય તો, માણો વિવિધ વિલાસ;
અમુક વિષયમાં ઉર વિષે, કરવો નહિ વિશ્વાસ.
તનથી મનથી વચનથી, કરીશ નહિ તું પાપ;
તો તુજને સુખ આપશે, ઇશ્વર આપો આપ.
તૃષા ટળે નહિ કોઇની, કરતાં મૃગજળ પાન;
એ રીતે ખોટે ભ્રમે, મળશે નહિ ભગવાન.
બલિહારી એ શંખલી, થોડું પણ દેનાર;
લ્યાનત છે એ શંખને, માત્ર મુખે કેનાર.
નીચા કુળની નારિમાં, ઉંચા ગુણ નવ હોય;
શ્વેત થાય નહિ કાગડો, સાબુ ઘસીએ તોય.

જેનું જેમાં હિત હશે, તે તેને ચિત વ્હાય;
સ્વહિત વગર આ સૃષ્ટિમાં, કોઈ સગું નવ થાય.
જેમ અવર જન જાય છે, મેલિ ધરા ધન ધામ;
તેમજ તારૂં લેખજે, થાશે મર્ણ સુદામ.
યત્કિંચિત્ સુખ કારણે, ખોયો લાંબો લાભ;
ભજન વગર આખર જતાં, દુઃખના ઉગ્યા ડાભ.
પાપ કર્મ કરતાં પ્રથમ, પાછો ભર્યો ન પાય;
ફળ કડવાં ફાલ્યા પછી, પસ્તાવો બહુ થાય.
પોકો પાડીને રડે, લોકો જોવા જાય;
રડતા કો રાખે નહીં, ઉલટી હાંસી થાય.

સોરઠા.

બહુ રંગી બહુ ધામ, બીજાનાં દ્રગ દેખિને;
કરવા એવાં કામ, કેક કરે છે કલ્પના.
મરવું છે દિન એક, એવો નિશ્ચય છે છતાં;
માયામાં લિન છેક, રે છે મૂરખ માણસો.
હિંસાનો કરનાર, ઘોર નર્ક વાસી થશે;
ખાશે જમનો માર, હિંસા કોઈ કરશો નહિ.

દોહરા.

જે કરવા જે નિમિત છે, તે તેમજ કરનાર;
સજ્જન સહુને સુખ દિએ, દુર્જન દુઃખ દેનાર.
પાપ કર્મથી પાપિને, અટકાવે જન જેહ;
હિતચિંતક હોવા છતાં લાગે કડવો તેહ.
ધન સંચય કરવા વિષે, હોય ઘણો હુશિયાર;
ધર્મે ધન ખર્ચે નહીં, એજ કૃપણ અવતાર.
સુંદર સદ્ ઉપદેશથી, સુધરે છે સંસાર;
પુનિત પ્રબોધ પ્રતાપથી, કરવો કુળ ઉદ્ધાર.
પોતાના પરિચય વિષે, જે આવે નર નાર;
તેને સહુ સજ્જન તમે, ઊતારો ભવ પાર.
સદ્ગુણ સંપન્ન હો તમે, બુદ્ધીના ભંડાર;

તો સુંદર તમ સંગિનો, કરજો આપ ઉદ્ધાર.
પ્રથમ સુધારો કુળ બધું, પછી સુધારો નાત;
પછી સુધારો દેશને, પ્રસન્ન થશે જગતાત.
દુર્જન દિલ સજ્જન ઉપર, આવે નહિ કદિ હેત;
દેવ તણા દેદારથી, પ્રસન્ન થશે નહિ પ્રેત.
કરણીનાં ફળ ભોગવે, આ દુનિયાના લોક;
એ બાબત શાણા જનો,કરતા નથિ કંઇ શોક.
પાપીનો પરિચય તજી, અલગ રહેવું નીત;
દુર્જનથી ડરવું દિલે, સુંદર એજ ઉચીત.
પાપ થતું અટકાવિએ, તો તે અટકી જાય;
બેદરકારી રાખતાં, વધતાં વાર ન થાય.
ખરને ખુબ ખંખેરિને, ચંદન ઘસિએ અંગ;
આળોટે જઇ રાખમાં, નિજ નાતીલા સંગ.
અવર તણું દુઃખ દેખિને, જે જન મન કચવાય;
તે જન પણ નિજ શત્રુના, શોણિતથી ન ધરાય.
નિજ કુળ યા વૈભવ તણો, જે જન ઇચ્છે નાશ;
શત્રુ કટો સમજી તમે, કરજો તેનો નાશ.
હણિએ જો નિર્દોષને, તો લાગે છે દોષ;
પાપીને હણતાં ઉરે, પૂર્ણ થશે સંતોષ.
પોતાને ગમતું થતાં, સહુ કો રાજી થાય;
ઇચ્છાથી ઉલટું થતાં, મનુષ નકી મુંઝાય.
રખડે મસ્તક રણ વિષે તેની નહિ ઉર ધાક;
પણ સુરવિરનું સૃષ્ટિમાં, કોઇ ન કાપે નાક.
સતિ સંકટ સઘળાં સહે, પ્રાણ જતાં પર્યંત;
પણ નિજ પતિવ્રત સાંચવે, એજ ધર્મ એ ખંત.
વિપત પડે વિદ્વાનને, તોજ ખિલે છે ખાસ;
ચંદન ઘસવાથી દિએ, સુંદર મધુર સુવાસ.
પાપીનું મન પાપમાં, મસ્ત રહે છે નીત;
ધર્મ કર્મ શુભ ધ્યાનમાં, ચોટે નહિ કદિ ચીત.

સદ્ગુણ દઇ સમજાવિયે, મનમાં લાવી મ્હેર;
પણ પાપી અટકે નહીં, કરતાં કાળો કેર.
સુખદુઃખ સઘળાં છે વૃથા, મન કલ્પિત છે નામ;
જ્ઞાની કંઇ ગણતા નથી, હરિ બેઠા જે ઠામ.
ભ્રષ્ટ થયેલી ભામિની, બગડિ ગયેલું દૂધ;
અભડાયેલું અન્ન ઉદક, થાય નહીં કદિ શૂદ્ધ.
મુર્ખ મનુષ ઊપર તમે, જે કરશો ઉપકાર;
ફોકટ તે જાશે બધો, ફળ કદિ નહિ મળનાર.
અધમ અને નિર્દય અરી, ડગી ગયેલો દાંત;
મૂળ ઉખેડી નાખિયે, ત્યારે થાય નિરાંત.
લાડ લડાવે લાડિને, ખરચિને ખુબ દામ;
આપાધિન રાખે સદા, એજ મર્દનું કામ.
સુશિલા સંગે હોય તો, સુધરે આ સંસાર;
સુશિલા વિણુ સુંદર કહે, વસવું વન મોઝાર.
કાં તો પડખે પ્રેમદા, કાં પડખે પાષાણ;
કાં વસિયે કૈલાસમાં, કાં તો વાસ મસાણ.
ખેંચ્યાં દુષ્ટ દુઃશાસને, પંચાળીનાં ચીર;
યુદ્ધ સમે પાંચાળિયે, પીધું ખુબ રૂધીર.
કંઇ જન કરતા ક્રોડથી, ધંધો ધમ ધોકાર;
તો પણ કદિ ટળતો નથી, રાબ તણો પોકાર.

સોરઠા.

બીજાં સઘળાં કામ, આરંભે ઉત્સાહથી;
લેતાં હરિનું નામ, આળસ થાય અભાગિને.
બળબળતા લઇ દામ, કામ કરે નહિ દિલ દઇ;
જાણો એજ હરામ, સુંદરજી સાચું કહે.
હીજડ પંથી હોય, નાથ નમાલો જેહનો;
નારી નચવે તોય, વઢી શકે નહિ વેવલો.
હોય પુરૂષ હુશિયાર, તોજ ત્રિયા વશ થાય છે;

નહિતર નિર્લજ નાર, નાગી થઈ નાચે નકી.
દંપતિ હોય ભણેલ, સરખે સરખું જોડલું;
સ્વર્ગ નથી મુશ્કેલ, સુંદર એ રસ રંગમાં.

દોહરા.

હોય ભણેલી ભામિની, કંથ અભણ નાદાન;
તો પતિનું રહેતું નથી, માનુનિ આગળ માન.
સ્વામી સ્વાધિન સુંદરી, સફળ કરે અવતાર;
કોડ પુરે નિજ કંથના, અધિક વધે નિત પ્યાર.
વસ્ત્ર અને આભૂષણે, વનિતાઓ વશ થાય;
રામા રાજી રાખવા, કરવો એજ ઉપાય.
ખાધા ખવરાવ્યા વિષે, ખરચે નહિ પા પાઈ;
એવા કૃપણાચારિની, કોણ કરે મિત્રાઈ?
હિત કરિએ જે જન તણું, તે જન રાખે રોષ;
કર્મ કુટેલાં આપણાં, દઈએ કોને દોષ?
ભગવત ભાવે ભાંગશે, ભક્ત જનોની ભીડ;
જેનો જેને આશરો, તેની તેને પીડ.
સાચી પ્રીતી પાળવી, સાચી વદવી વાત;
એવા હેવા જેહને, સમજો તેજ સુજાત.
ખોટા બોલાં માણસો, બોલે ખોટા બોલ;
ખોટાને કરવા ખરૂં, ખોટા આપે કોલ.
વાંક વગર અબળા ઉપર, જુલમ ગુજારે જેહ;
સુંદર આ સંસારમાં, અધમ પુરૂષ છે એહ.

સોરઠા.

પ્રતિ દિન પીડા કાર, શત્રુ થઈ સાલ્યા કરે;
નર એવા નાદાર, કળથી કાપી નાખવા.
મૂર્ખ મનુષને માન, ઉલટું દુઃખદાઈ થશે;
એને તો ઉપાન, આપો સૌ ઉત્સાહથી.

દોહરા.

પર નરનો પરિચય પુરણ, પર ગ્રહમાં નિત વાસ;

શાળા એ વ્યભિચારની, નારી માટે ખાસ.
જાકારે જાતી નથી, જૂની થઇ જે ટેવ;
દાનવ માનવ હોય કે, હોય ભલે કો દેવ.
પોતાના દુઃખ દર્દનું, ઓષધ પોતે ખાય;
તોજ ટળે વ્યાધી અને, દુઃખથી મુક્ત થવાય.
પરણેલી પ્રિય પત્નિને, પાળો પ્રાણ સમાન;
સ્વાધિન રાખો સર્વદા, તોજ તમે વિદ્વાન.
કાંટો કાઢી નાખિએ, તોજ ટળે સંતાપ;
નિદ્રા નાવે નયનમાં, હોય સદનમાં સાપ.
કુટુંબ સહિત જે સ્થળ વિષે, કરવો નિત્ય નિવાસ;
ત્યાં કશિ વ્યાધી હોય તો, તજવું તે સ્થળ ખાસ.
વસવું એવા સ્થાનકે, જ્યાં નહિ દુઃખનો લેશ;
સજ્જનના સહવાસમાં, ગુજરે દિવસ હમેશ.
સદગુણ સંપન્ન સુંદરી, શોભાવે સંસાર
ભામા ભુંડી ભામઠી, ભાસે ભય ભંડાર.
સુખ દુઃખ આ સંસારમાં, આવે જાય હમેશ;
એ બાબત ચિન્તા તજી, રટવા રોજ રમેશ.
હિત કરવું હર કોઇનું, એવી રાખો ટેવ;
તો તમ ઉપર રીઝશે, દેવ તણો જે દેવ.
લેખાં લખતો લાખનાં, લેતો દેતો લાખ;
તો પણ બંદા તાહરી, અંતે થાશે ખાખ.
ધૃત અગ્નીથી ઓગળે, પરિચય પડતાં વાર;
પુરૂષો પિગળી જાય છે, નિરખી નજરે નાર.

સોરઠા.

નારી નયન કટાર, વાગે નહિ જે વીરને;
એ જન પ્રભુ અવતાર, સુંદર આ સંસારમાં.
અર્થી ઊપર પ્યાર, આવે ઓછો અંતરે;
સ્હેજ કરે સત્કાર, સામો સજ્જન હોય તો.

મનહર મુક્તા હાર, ડાબી ડોકે બાંધિઓ;
ચ્યાર અગર નહિ ખાર, ડોબીના દિલમાંજરા.
દાતા આપે દાન, પૈસા ખરચે પદરના;
નીચ કૃપણુ નાદાન, નાહક નાખુશ થાય છે.
હાતા દેવા દામ, પ્રમુખ બનાવે કૃપણુને;
સુધરે નહિ એ કામ, સત્ય વચન સુંદર કહે.

દોહરા.

ઉત્સાહેથી આપવું, આપ્યું એજ ગણાય;
રડતાં મરતાં આપવું, આપ્યું નાખ્યું થાય.
કાંતેલુ કાંતે અને, પિષ્ટ પિસે છે જેહ;
તેમજ છાપ્યું છાપશે, ફોકટ શ્રમ છે તેહ.
નિર્લજ નર યા નારિને, વઢિએ વારંવાર;
તો પણ તે સમજે નહીં, મૂરખનાં સરદાર.
આપે કો નર અધમને, યત્કિંચિત અધિકાર;
જુલમ ગુજારે જરૂર તે પાપીનો પરિવાર.
સહર્ન કર્યાં સંકટ ઘણાં, કથતાં નાવે પાર;
પ્રતિ દિન વધતાં જાય છે, ક્યાં કરવો પોકાર ?
ઘામ પ્રથમ કરિને પછી, વરસે છે વરસાદ;
પ્રભુ પણ સુખ સંપત દિએ, રસ કસ કાઢયા બાદ.
ઘડિમાં મન રાજી રહે, ઘડિમાં મન કેચવાય;
એવો શા માટે પ્રભૂ, આપો છો અન્યાય.
લચપચતા લઈ લાડવા, ખાવા બેઠો ખાસ;
પીડ પ્રગટ થઇ પેટમાં, જ્યાં લીધા બે ગ્રાસ.
અજ્ઞાની અફશોષમાં, ડૂબેલા દેખાય;
જ્ઞાની જ્ઞાનાનંદમાં, મસ્ત સદાય જણાય.
જૂદી જૂદી વસ્તુના, જ્ઞાની હોય અનેક;
સાચો જ્ઞાની સમજવો, આતમ જ્ઞાની એક.
શા માટે રડવું ? અને, રડવું કોની પાસ ?
સચરાચર છાઈ રહ્યો, એકજ બ્રહ્મ પ્રકાશ.

મજુરી કરતલ મનુષનું, રાખે પેટ ભરાય;
માલ મલીદા મફતના, માગણ માગી ખાય.
હુકમ જહાંગિર શાહનો, એજ હુકમ કેવાય;
વચન પ્રમાણે તુર્તમાં, અમલ બરોબર થાય.
સુત સેવકને સુંદરી, કેણુ ધરે નહિ કાન;
એવા નરનું અત્તર કો, કેમ કરે સન્માન ?
રસિક રૂપાળી રાંકડી, ગોરી ગુણ ભંડાર;
એવી દેવી જોઈને, જાર દિએ ફિટકાર.
પુત્રી પાળી પોષિને, મોટિ કરે મા બાપ;
જોતાં જગત, જમાઈને, આપી દે છે આપ.
અન્ન વગર દુઃખ ઉપજે; ત્યારે માગે અન્ન;
અન્ન મળે મન માનતું પછી માગે છે ધન.
વાત વદે કો ભેદની, મુર્ખ મનુષ મુંઝાય;
અનુભવિ પાકો હોય તે, સાને સમજી જાય.

સોરઠો.

હસ મૂખાં જન હોય, હસે હસાવે હેતથી;
સારાં લાગે સોય, સજ્જન મંડળમાં સદા.

દોહરા.

સુમન સુગંધી સરસ પણ, ઉગ્યાં ઉજ્જડ રાન;
સુંદર શુભ સ્થાનક વગર, ક્યાંથી પામે માન ?
ગાય બળદ પશુ જાતિ સો, ઘાસ ચરે છે ખાસ;
તો પણ નિજ પાળક તણો, રાખે છે મન ત્રાસ.
ગાફલ નર બળિયો છતાં, ફોસી ફાવી જાય;
સાવધ શાણા માણુસો, છળિયાથી ન છળાય.
પાપી કાપી નાખવો, ધર્મીનો એ ધર્મ;
કાંટો કાઢી નાખતાં, કહિ નવ લાગે કર્મ.
નિષ્પાપીને નાખવા, ખાડો ખોદ્યો ખાસ;
પાપી પોતે જઈ પડ્યો, તુર્ત થયો તન નાશ.
પરને પીડા આપવા, ઈચ્છે છે જન જેહ;

નર્ક નિવાસી થાય તે, એમાં નહિ સંદેહ.
ભટકે ભિક્ષા કારણે, જે જન છે કંગાળ;
એવાને પણ પ્રેમથી, આપે પ્રભુના લાલ.
નિર્લજને વળિ લાડકી, આબરૂ છે દુઃખદાઇ;
સંભાળી રાખ્યા છતાં, ઘડિમાં જાય રિસાઈ.
રાંકાં હોય રિસાળવાં, કજીયામાં કાબેલ;
ભુંડી ગાળો ભાંખવી, એ તેને મન ગેલ.

સોરઠા.

ચોર તણું જ્યાં, જોર ધન સંભાળી રાખવું;
શત્રુ કરે જ્યાં શોર, ચેતીને ત્યાં ચાલવું.
તન મન છે તૈયાર, કાર્ય કરી લે આ સમે;
પછી લાગશે વાર, જ્યારે તન જીરણ થશે.

દોહરા.

સ્વાર્થ કશા પણ કાર્યનો, હોય નહીં લવ લેશ;
તો પછિ સુંદર નહિ કરે, સેવા કોઈ હમેશ.
એક બિજાનાં આપણે, અંતર જાણી જાત;
તો સુંદરજી સર્વને; પુર્ણ પડત પંચાત.
મુખથી મધુરૂં બોલવું, અંતર અમળ સદાય;
હિત કરવું હરકોઈનું, સજ્જન એજ ગણાય.
જે ગ્રહમાં તરૂણી તણું, હોય હમેશાં જોર;
તે ગ્રહમાં દીપક છતાં, રે અંધારૂં ઘોર.
તન મનથી ધન ખરચિએ, ખુશ કરવાને ખાસ;
તેમ છતાં ક્રુરતા કરે, તો તજવો સહવાસ.
શ્વાન સબળને મારવા, મોકલિએ માંજાર;
કાર્ય સફળ કરશે નહીં, ઉલટો ખાશે માર.
શ્યામાને સુખ આપવું, સ્વામીનું એ કામ;
પણ વનિતાને વશ થઇ, બનવું નહિ બદનામ.
સારૂં ખાવાને મળે, નરસું કોઇ ન ખાય;

લચપચતા લાડુ તજી, રખડી કોણ ચલાય ?
સોની સારો હોય પણ, સોનું સિરાવિ જાય;
એ ઘડિ અગ્નિને આવરો, નેવે મૂકે ન્યાય.
દમથી દુનિયા વશ થશે, દમથિ હરાય ફરાય;
દમથી દમને શોધતાં, દમમાં દમ મળિ જાય.
ઉપર પાટો બાંધિયે, ભીતર કાંટો હોય;
શી રીતે નિદ્રા કરે, નિર્ભય થઈ નર સોય.
ત્યાગ નથી કરવો કશો, રાગ તાણું પણ તેમ;
સાચી હકિકત સમજવી. ત્યારે પડશે ચેન;
સાચું ખોટું સમજવું, એજ ખરૂં છે જ્ઞાન.
સમજ વગર સુંદર કહે, ભટકે છે હેવાન.
હોય સદાચારી છતાં, વસતું થાય કુઠામ;
ચેતીને ચાલે નહીં, થાય નકી બદ નામ.
પાપીને હોતો નથી, પાપ કર્મનો ત્રાસ;
ઉલટો તે ફૂલાય છે, કરતાં પાપ પ્રકાશ.
ચાલે નહિ ચતુરાં કને, ચતુર પુરૂષ ચતુરાઈ;
કરતી કુલટા કામિની, સહુની સાથ ઠગાઈ.
સંપીલાં સાદાં સદા, હોય પડોશી જેહ;
હળિ મળિ ચાલે હેતથી, એમા નહિ સંદેહ.
કાળાં મુખવાળાં અને, કરનારાં કંકાશ;
એવાં પાપી પ્રાણિમાં, કરવો નહિ કદિ વાસ.
અજ્ઞાની અતિશય છતાં, એવું ઉર અભિમાન;
મુજ સરખો જ્ઞાની અને, કોઈ નથી વિદ્વાન.
પડછાયો પોતા તણો, નિત્ય રહે છે સંગ;
એવી રીતે પૂર્વનાં, ચોટ્યાં કર્મ સ્વ અંગ.
માત પિતા સુત ભ્રાતથી, સજડ હશે બહુ સ્નેહ;
આખર તે તજી દઈશ તું, પડશે જ્યારે દેહ.
માત પિતાના કષ્ટની, રાખે નહિ દરકાર;
પુત્ર નહીં પણ શત્રુ તે, નર્કે લઈ જનાર.

સોરઠા.

શું કરિએ ઘરબાર, શું કરિએ પરિવારને;
રહેવું અંહિ દિન ચાર, આખર જાવું એકલું.
મુર્ખ મનુષની પ્રીત, ટકતી નથિ ઝાઝી ઘડી;
એવી અનાદિ રીત, અનુભવિ જાણે એકલો.

દોહરા.

માત પિતા નિજ પુત્રને, પાળે પ્રાણ સમાન;
પુત્ર કરે સેવા સદા, જો નિપજે ગુણવાન.
પિતા ચહે ચિત પુત્રને, પુત્ર ઉરે નહિ પ્યાર;
એ પણ સુંદર સમજવી, કળિયુગની બલિહાર.
માતપિતા વૃદ્ધ વાંકલાં, તેનો કરિને ત્યાગ;
રસિક રૂપાળી નારમાં, રાખે રસિયા રાગ.
શત્રુ સુતેલો જોઇને, સુઇ જશો નહિ આપ;
નહિતર તે દેશે દગો, પછિ થાશે પરિતાપ.
ફુટેલું મોતી અને, સદગુણ વગર સ્વરૂપ;
બન્ને સરખાં સમજવા, ભીખારીને ભૂપ.
નમન કરે સહુ નેહથી, રોફી જનને જોઈ;
મિથ્યામાની માણસો, ચૅં ચું કરે ન કોઈ.
રાજા રોફી હોય તો, રૈયત રાખે માન;
રોફ વગરના ભૂપનું, કોઇ સુણે નહિ કાન.
કાચા પોચા પુરૂષને, દે નહિ દારા દાદ;
માનનિ આગળ મનુજની, મોટાઈ બરબાદ.

સોરઠા.

હોય પુરૂષ હુશિયાર, વનિતાની વિદ્યા વિષે;
તોજ તરલ દ્રગ નાર, વશ વરતે એ વીરને.
કામીને પ્રિય કામ, ચોરી પ્યારી ચોરને;
લોભીને પ્રિય દામ, ભક્તો પ્રિય ભગવાનને.
મેદી મળતી જાર, ચોખા લેવા જ્હાય છે;
એ પણ એક ગમાર, લોભીમાં લેખાય છે.

દોહરા.

કામ કશું કરવા તણી, ઇચ્છા જો ઉર થાય;
ઉમંગે આરંભતાં, સફળ નકી તે થાય.
નાવું ખાવું ઉંઘવું, વખતે અમૃત સાર;
વખત ગયા પછિ સાંપડે, વ્યાધી થાય અપાર.
પરઘર કદિ જાવું નહીં, વગર પ્રસંગે વીર;
સ્વાસન પર શોભે સદા, પુરૂષ બનીને પીર.
આફત આવે તો ભલે, આવે ને વહિ જાય;
આફતવિણ સંપત તણી, કિમ્મત કદિ નવ થાય.
ઠીક થયું ઠિક થાય છે, થાશે તે પણ ઠીક;
એવો નિશ્ચય થઇ ગયો,તો પછિ રહિ શી બીક ?
અનુભવિ આ અવની તણા, શાસ્ત્ર તણા પણ જાણ;
એવા જનના વચનને, જાણો રઘુપતિ બાણ.

સોરઠો.

નાનું મોટું કામ, કરવાથી થઈ જાય છે;
આળસુના થઈ જામ, બેઠાથી બનશે નહીં.

મનહર છંદ.

આનંદ લેવાની ઇચ્છા, હોય જો હૃદય માંહી;
તો તું તજવીજ કરી, મેળવી લે માયાને.
યાને મન મસ્ત બની, ભક્ત બની જા તું ભાવે,
રટણથી રીઝવી લે, રઘુપતિ રાયાને;
કાં તો માગો પ્રભુ પાસે, વૈભવ વિલાસ ખાસ;
કાં વિકટ વન વિષે, કસો નિજ કાયાને,
સુંદરજી કહે બેમાં, એકે જો ન થયું સિદ્ધ,
તો તો જન જાણજો કે, ભારે મારી જાયાને.

દોહરા.

ભાર, માર, શિત, ઉષ્ણનો, અનુભવ જેને થાય;
એજ મનુષ જાણે ઉરે, વ્યાધિ તણો મહિમાય.

શ્વાન ભસે છે સામટાં, ગણુતો નથિ ગજરાજ;
પક્ષી ટોળું પેખિને, બીએ નહિ કદિ બાજ.
સતિ સાધવી સુંદરી, પતિ પર રાખે પ્રીત;
સુજન ચહે પરણી પ્રિયા, એજ અનાદી રીત.
કુલટા કામા કંથને, જાણો જન દુઃખ દેણ;
અક્કલ હીણા પુરૂષ પણ, ત્રિયા તણા જીવલેણ.
વરઘેલી વનિતા અને, વહુ ઘેલો વર હોય;
સુંદર આ સંસારમાં, સુખિઆં સાચાં સોય.
પ્રહુ સુંદર મરજી મુજબ, પ્યારી પુર્ણ પવિત્ર;
સદ્‌ગુણ સંપન્ન સુત સુતા, એજ સુખી ગ્રહ ચિત્ર.
દ્રવ્ય પૂર્ણ દીધા છતાં, ઓછો આપે માલ;
એવા વેપારી અધમ, થશે નહીં કદિ ન્યાલ.
જગત જનો જગ જુઠ કહે, સેવે સત્ય સમાન;
મોહ તણો મહિમા ગહન, જાણે શ્રી ભગવાન.
બાળો ગાળો બહુ શ્રમે, શોધો વાર હજાર;
તો પણ પીતળ હોય તે, કદિ નહિ કનક થનાર.

સોરઠા.

જોઈ પરાઈ પીડ, સજ્જન દિલ દુઃખ થાય છે;
ભાંગે જ્યારે ભીડ, ત્યારે તેને જપ વળે.
જોઈ પરાઈ પીડ, પોતાને પ્રગટે પીડા;
એવા વિરલા વીર, જોયા થોડા જગતમાં.

દોહરા.

ભુલ ભલે નાની છતાં મોટું છે નુકશાન;
વાગ્યું નહિ અવસર ઉપર, ક્યાંથી લણવું ધાન?
બીલિ બિચારી હોય પણ, દેખે દષ્ટે દૂધ;
પલટિ જશે પળ એકમાં, રેશે નહિ મન શુદ્ધ.
હોય ભલે ભલિ ભામિની, કપટ કળાથી દૂર;
તો પણ રેઢી રાખતાં, નિવડે નિશ્ચે ક્રૂર.

રેહું ધન રાજા તણું, અલ્પ શ્રમે ચોરાય;
રક્ષણ કારક રંકનું, હેવું મુશ્કેલ થાય.

સોરઠા.

જાળ બિછાવે જાર, પ્રમદાઓને પાડવા;
ભોળી ભટકતિ નાર, ફસી પડે એ ફંદમાં;
હોય ખરી હુશિયાર, પતિવ્રત પાળક પ્રેમદા;
જાર શિરે પેજાર, મારે તે મન મોહિની.

દોહરા.

ઉત્તમ પુરૂષોથી કદી, નીચું કામ ન થાય;
મુક્તાહારી હંસલાં, વિષ્ટા કદિ નહિ ખાય.
ડગે નહીં દ્રઢ ડુંગરો, પડતાં પવન પ્રહાર;
એમજ ધર્મ ધુરંધરો, અડગ રહે જગતાર.
પવન ઝપાટો લાગતાં, લઘુ તરૂ ઉખડી જાય.
પણ ઉંડા મુળ જેહનાં, તેને કંઇ નહિ થાય.
દૃઢતા પૂર્વક દેવની, આસ્થા રાખો ઉર;
તો સુંદરજી સમજવું, દેવ નથી જરિ દૂર,
ઢોંગીને નથિ ધીરતો, ધરણીધર ધીમંત;
શોધે છે તે સર્વદા, સુંદર સાચો સંત.
મારૂં કરિને માનવું, એજ ખરે ખર દુઃખ;
મારૂં તારૂં મટિ જતાં, નિશ્ચે થાશે સૂખ.
સાસુ શ્વસુર યા સ્વામિને, ભાંડે ભુંડી ગાળ;
એ રંડાને જાણવી, છટકેલી છીનાળ.
નજર શિકારી નર તણી, ખાજ તરફ ખેંચાય;
લાગ બરોબર લાગતાં, લેતાં નહિ લજવાય.
ગણકારે નહિ ગુણિજનો, ગાંડો ભાંડે ગાળ;
માત પિતા નથિ કોપતાં, બહુ વિધ પજવે બાળ,

સોરઠો.

ધનના હેરૂ હોય, હેરે ધન હર કોઈનું;
સ્વારથ સાધક સોય, મૂકે નહિ નિજ મિત્રને.

દોહરા.

શબને જોઈ સળગતું, અંતર ઉપજ્યો ત્રાસ;
એક દિવસ આ તન તણો, એમજ થાશે નાશ.
બહુ ઝાઝું બકવું નહીં, થોડું વદવું ઠીક.
ઘટિત વચન વદનારને, બંધનની નહિ બીક;
મુદત મળી ત્રણ દિવસની, ત્રીસ દિવસનું કામ;
શી રીતે પૂરી થશે, સુંદર મનની હામ.
ધન ખૂટયું ખૂટી ધરા, ખૂટયું ખાવા ધાન;
સુંદરજી ખૂટયું નહીં, મનનું મિથ્યા માન.
મૌન રહેતું માનવી, મોટું મનુષ મનાય;
મૌન રહે હદ ઊપરે, તો તે મુર્ખ ગણાય.
અન્ય તણું કરવું ભલું, એજ ભલું કેવાય;
અવસર આવ્યેથી તમે, કરજો એજ ઉપાય.
જ્ઞાન ગ્રહણ કરવા જતાં, ભુલી જવાય સ્વભાન;
એથી આ અવની વિષે, અધિક નથી નુકશાન.
કરતો નથિ કશું એ છતાં, કરતાનું અભિમાન;
સુંદરજી આ સૃષ્ટિમાં, એજ વડું અજ્ઞાન.
સમય વગર શોભે નહીં, કરવું કાંઈ કામ;
સમય ઉપર શોભે સદા, દાન અને સન્માન.

સોરઠો.

ઉપડે એવો ભાર, ઉત્સાહે ઊપાડવો;
વધુ પડતો વ્હેવાર, તજી દેવો તેને તુરત.

દોહરા.

શોચ કદી કરવો નહીં, હારી જવિ નહિ હામ;
પૂરૂં યા અધુરૂં રહે, આરંભેલું કામ.
દુઃખથી ડરિને ભાગતાં, પાછળ દોડે આપ;
એ માટે સામા થવું, તો તે હડશે પાપ.
મિથ્યાને સત માનિએ, મિથ્યા સત નવ થાય;

રજ્જુને મણિધર માનિએ, કરડે નહિ તે કાય.
હરિ સમરણ કરતા છતાં,હરકત જો ન હરાય;
તો પછિ કો કરશે ભજન,કષ્ટ સહી નિજ કાય.
હરિને ભજતાં હિત થશે, એ છે વાત નિઃશંક;
હરિને વ્હાલા હરિજનો, હોય ધની યા રંક.
અંતર નિર્મળ રાખિને, કરશે સુંદર સેવ;
તો તેના પર રીઝશે, દેવ સકળનો દેવ.
મોક્ષ તણો મારગ સરળ, ભક્તિ સમો નથિ કોઇ;
પાર ઉતારે પલકમાં, હૃદય અમળ જો હોય.
સુખ દુઃખને કરવાં સહન, ધૈર્ય ધરી ધીમંત;
એક દિવસ આવી જશે, સુખને દુઃખનો અંત.
કષ્ટ સમે થાવું કઠણ, સુખમાં થાવું શાન્ત;
કર્મ રૂડાં કરવાં અને, ભજવા કમળા કાન્ત.
કામ વિયોગી જન તણો, જાણો કાળો કાળ;
તેમાં પણ અબળા તણા, પ્રાણ હરે તત્કાળ.
ધૈર્ય ધરે કદિ પુરૂષ પણ, અબળા ધરે ન ધીર;
કામાગ્ની તન પ્રગટતાં, બાળા થાય બધીર.
મસ્ત રહેવું માનમાં, કરવી નહિ મોતાજ;
તો તુજને મળશે નકી, સ્વર્ગ તણું પણ રાજ.
નિર્લજને ભય નહિ કશો, ભય રાખે કુળવાન;
જેના મનમાં હોય છે, ઉજવળ કુળ અભિમાન.
માત પિતાને ભ્રાતનું, સગપણ સાચું જેહ;
સાસરિયાંના સંગમાં, ખોટું લાગે તેહ.
યોગ્ય પણા કરતાં અધિક,પદવી મોટિ પમાય;
તો તે બહુ ટકતી નથી, અધવચ ઉડીજાય.
સાચી વસ્તુ સાંપડી, ખોટી ગઈ ખોવાઇ;
સુંદર સત સમજ્યા પછી,હાની થતિ નથિ કાંઈ.
વાણી મધુરી બોલવી, શ્રોતાને સુખકાર;
અપ શબ્દો નહિ ઉચરો, અન્ય અહિત કરનાર.

કાર્ય કશું અઘરૂં નથી, જો કરવા ચિત ચ્હાય;
ભક્તિ વડે મુક્તી મળે, તપથી રાજ્ય પમાય.
આસ્થા જરિ નથિ રાખતા, દેવ ઉપર દિલ માંહ્ય;
એવા મુર્ખ મનુષ્યનું શ્રેય થતું નથિ ક્યાંઇ.
લાલચથી લોભાય છે, લોભે પરવશ થાય;
ફંદીલાના ફંદમાં, ભોળા એમ ફસાય.

સોરઠો

દાતા દેવ સમાન, પૃથ્વીમાં પૂજાય છે;
યાચકનું અપમાન, થાય ઘરોઘર ભટકતાં.

દોહરા.

વિનય હિણા વિફરેલને, વાત વિચાર ન હોય;
ધાર્યું પોતાનું કરે, નિજ હિત અહિત ન જોય.
તરૂણી તન નિરખી નયન, મોહ ન પામે જેહ;
સંસારી હોવા છતાં, યોગી સાચો તેહ.
મૃગ નયની દ્રગ મારથી, ડગ્યો નહિ જે ધીર;
સુંદર આ સંસારમાં, સાચો એ સુરવીર.
જે તન યોવન મદ વડે, ચળકે ચંદ્ર સમાન;
તે તનને પણ આખરે, સંઘરશે શમશાન.
ઓછું મળતું મૂકિને, અદકું લેવા ધાય;
વખતે સરખું ઊતરે, વખતે મુળગું જાય.
ધન દાટેલું ધરણિમાં, મુખ પર ઝળકે નૂર;
વાત અને વઢવાડમાં, ચડે ચોગણું સૂર,
જેવું જેમાં સૂખ છે, તેવું તેમાં દૂખ;
ભાર ઉપાડે કાર્યનો, એ નર થાય પ્રમુખ.
લાડ કરે બાળક બધાં, કોડ પુરે મા બાપ;
બાળક રાજી રાખવા, કષ્ટ સહે શિર આપ.
શ્રમ લેવાથી સાંપડે, સંપત સહ સુખ સાજ;
શ્રમ વિણુ સુંદર સર્વદા, સફળ થતું નથિ કાજ.

નિત્ય નિયમનાં કાર્યનો, ચોકસ નિમવો વખ્ત;
વગર નિયમ કરવા થકી, પડશે શ્રમ બહુ સખ્ત.
માત પિતા ગુરૂ ભ્રાતનું, કરતા જે અપમાન;
સુંદર તેને સમજવા, હત ભાગી હેવાન.
વૃદ્ધ મનુષથી ગ્રહ તણું, રક્ષણ જેવું થાય;
ન્હાનાંઓથી નહિ બને, એવું કાર્ય કદાચ.
હુકમ થતાં ગુરૂ જન તણો, અમલ કરે તત્કાળ;
એજ ખરેખર જાણવો, ઉત્તમ આજ્ઞાપાળ.
વ્હાલાં સાચાં વિશ્વમાં, બાળકને મા બાપ;
રાત દિવસ રક્ષણ કરે, એ આભાર અમાપ.
નિજ હિતકર વચનો તણો, કરશે જે સત્કાર;
તે જન સ્હેજે તરિ જશે, અઘરો આ સંસાર.
કૃત્ય કયું સુખકર થશે ? કૃત્ય કયું દુઃખ દાઈ;
અશુભ અને શુભ સમજવું, એજ ખરી ચતુરાઈ.
એક પિંડા કરિએ અલગ, ચોટે આવી ચાર;
શી રીતે સુંદર કહે, આવે તેનો પાર.
સુખ દુઃખ જાણે જાગતા, ગુણ અવગુણનું જ્ઞાન;
નિદ્રાધિન થાવા પછી, સુખ દુઃખ સર્વ સમાન.
લાખોનાં લેખાં લખે, લોભીમાં લેખાય;
પૈ પૈને વાંધે વઢે, એજ મુરખનો રાય.
માયા મળિ માણી નહીં, લિજ્જત ન લીધી લેશ;
માટીમાં દાટી અને ખાલી કીધો કલેશ.
પ્યાર તણા સ્થાનક વિષે, પ્રગટે સાચો પ્યાર;
પ્યાર ખરો આ પૃથવિમાં, હોય ન ઠારો ઠાર.

સોરઠો.

રાજા યા શ્રીવાન, લોભીમાં લેખાય તો;
રૂઠયો તેને રામ, એમ નકી જન જાણજો.

દોહરા.

સાચી સતિ પર પુરૂષને, મનમાં નાણે મૂળ;

ખાય નહીં ખડ કેસરી, જેનું ઊંચું કુળ.
અમલ ચલાવ્યો ચાલશે, કરશે સઘળા કેણ;
બેદરકારી રાખતાં, સુણશે નહિ કો વેણ.
સરસ્વતિ સાથે લક્ષ્મિને, લાગે છે કૈં વેર;
તેથી તે ટકતી નથી, બન્ને એકજ ઘેર.
સરસ્વતિ પૂરણ હોય તો, શ્રીનો હોય અભાવ;
શ્રી પૂરણ જો હોય તો, સરસ્વતિ હોય ન સાવ.
સરસ્વતિ શ્રી એકજ સ્થળે, ભેળી જો થઇ જાય;
અનુભવિ જાણે ઉર વિષે, એ સુખનો મહિમાય.

મનહર છંદ.

સ્વતંત્ર થવાને સહુ, અતિશે આતુર દિસે,
પોતાનું કરેલું થાય, એવું ચિત્તે ચ્હાય છે,
માતા પિતા ભ્રાતા આદિ, ગુરૂજન સાથે રહી,
આજ્ઞાધિન બનવામાં, અતિ શરમાય છે;
ભામાના ભંભેરવાથી, વડિલોની સાથે વઢે,
એમ કરી અંતે પછી, જુદા થઈ જાય છે,
જુદા થયા પછી જ્યારે, ગૂઢ કાર્ય આવી પડે,
ત્યારે તેઓ મુઢ મતિ, મનમાં મુંઝાય છે.

દોહરા.

કુટિલ પડોસી હોય તો, કરવો તેનો ત્યાગ;
પડછાયો પાપી તણો, દેખીને દુર ભાગ.
શોધ કરે તો સાંપડે, સદ્ગુણ સંપન્ન કોક;
શોધ્યા વિણુ નજરે પડે, લાખો લુચ્ચા લોક.
મન મોટું નિત રાખવું, કરવાં મોટાં કામ;
સિંહ વૃતિવડે સૃષ્ટિમાં, અવિચળ કરવું નામ.
દ્રવ્ય મળે યા ના મળે, તેની નહિ દરકાર;
ઈશ કને કરવી અરજ, કુશળ રહે પરિવાર.
માત પિતાને સુત સુતા, ભ્રાતા ભગિની હોય;

અંતર એવું ઇચ્છવું, સુખિઆં રહેજો સાય.
હલકાં જન હદ ઊપરે, જો પામે સન્માન;
તો તે ફુલણુ ફૂલિને, ફાટી જાય નિદાન.
જાતી રહિ બધિ જીંદગી, જોઈ નહિ દ્રગ પાઈ;
અણધારી આખર વયે, લક્ષ્મી આવી ધાઈ.
આવી શ્રી અલબેલડી, લાવિ સકળ સુખ સાજ;
દેવીના દેદારથી, સફળ થયાં સહુ કાજ.
જરને માટે જેટલું, લખિએ લાંબું લખાણ;
થોડું તે મન લાગશે, સુણતાં વીત વખાણ.
ધન મેળવતાં શીખવું, સ્હેલું નથિ એ કામ;
તન મનથી મ્હેનત કરે, તો દેખે દ્રગ દામ.
વડિલોના પૈસા વડે, ચલવે બહુ સંસાર;
એ કરતાં અતિ શ્રેષ્ઠ છે, નિજ બળથી રળનાર.
બીજાના બળથી રળે, એમાં શી મોટાઇ ?
ભુજ બળથી રળનારની, થાય સદાય સવાઈ.
સૈન્ય બળે રણક્ષેત્રમાં, છો લડતા રણધીર;
અરિ દળમાં પડિ એકલો, વિજય કરે તે વીર.
નિજ કળ બળને બુદ્ધિથી, કરશે જે જન કામ;
તેને આ દુનિયા વિષે, સ્હેલાં કામ તમામ.
ડરવું નહિ દિલમાં કદી, કરવું નહિ બદ કામ;
મરતાં લગિ નહિ મૂકવું, શ્રી હરિનું શુભ નામ.
આશ્રય એકજ ઇશનો, ઇશ વડો આધાર;
સુખ દુઃખ સઘળાં સાંપડે, ઇશ કૃપા અનુસાર.
જુઠાં જાણે છે ઘણા, સુખ સંપત ઘરબાર;
પણ અંતરથી એહને, તજતાં લાગે વાર.
કામિનિ છે બહુ કામની, જો હિતચિંતક હોય,
એવી સેવા સ્નેહથી, કરિ શકશે નહિ કોઈ.
વખત ગયો પ્રભુભજનમાં, સંચિ શક્યો નહિ દામ;
તો પણ સુંદર સમજવું, ઠીક થયું એ કામ.

ધન સંચય કરિ ધરણીમાં,દાટયું દસ વિસ લાખ;
શ્રી પતિને સેવ્યા નહીં, તો જાણો એ રાખ.
સુખ દુઃખને સરખાં ગણી,કરવાં સજ્જન સહાય;
તો પછિ તમને નહિ નડે,કષ્ટો વિકટ કદાય.
બાળક, બાળા, અશ્વને, છુટાં મુકીએ છેક;
તો તેને ચોટી જશે, ખોટી ટેવ અનેક.
દુર કરવાં નહિ દ્રષ્ટિથી,તરૂણ ત્રિયા લઘુબાળ;
પ્રાણ પ્રમાણે રાખવી, સાવધ થઈ સંભાળ.

સોરઠો.

કર્મ તણી કડવાઈ, આડિ સકળ સ્થળ આવશે;
સુખમાં પણ દુઃખ દાઈ, પાપ પ્રગટ થાશે નકી.

દોહરા.

નબળાને આપે નહીં, સગળો આદર માન;
મન જાણે કંઈ માગશે, એવું કરિ અનુમાન.
કરતા નથિ જન કોડથી, તન તોડીને કામ;
દેખે ક્યાંથી દ્રષ્ટિએ, દોઢ પ્રભૂ સમ દામ.
સુત અરૂ સુંદર સુત સુતા, સુખમાં રમતાં હોય;
દેખે એવું દ્રષ્ટિએ, ભાગ્ય ભલાં જો હોય.
પાળ્યાં પોષ્યાં જેહને, તેજ થયાં દુઃખદાઈ;
કષ્ટ કથા કોની કને, કથવી દિલ કચવાઈ.
વ્હાલાં થઈ વેરી તણું, ક્રૂર કરે છે કામ;
સુંદર શી રીતે સહે, એવા દુઃખના ડામ.
શરમ વગરના શઠ જનો, નિચ્ચ કર્મે નિંદાય;
તો પણ એ બદમાસને, ટેવ પડી નવ જાય.
સુખ દુઃખ સઘળાં સમય પર,આપે અળગાં થાય;
કર્મ ભલાં અથવા બુરાં, રેશે સંગ સહાય.
તનની છાયા તન તજી, જો કદિ જુદી થાય;
તોજ તને તજશે કરમ, અન્ય નથી ઉપાય.

આંબે આંબા ઊતરે, કેળે કેળાં થાય;
થોરે ખરખોડાં થશે, એજ નિયમ એ ન્યાય.
યોવન મદ આવ્યા છતાં, જે ન બન્યો નર અંધ;
એ જન કહિ રાખે નહીં, કુલટા સાથ સંબંધ.
સાસુ વગર ન્હાની વહુ, તાત વગર લઘુ પુત્ર;
સરળ પણે એ બેયથી, ચાલે નહિ ગ્રહ સુત્ર.
મર્યાદામાં હોય તો, વાર્યું વારિ શકાય;
મર્યાદા મુકયા પછી, વશ કરવું દુઃખદાઇ.
નીતિ ધરમ નિજનિતનિયમ,ભુલ્યો નહિજેભાઈ;
તેણે આ દુનિયા વિષે, કીધી સત્ય કમાઈ.
આપણને દુઃખિ દેખિને, દુશ્મન દિલ ખુશ થાય;
ઠીક ન લાગે તોય પણ, કરવો શો ઊપાય ?
રામાને રામો ગમ્યો, રામે કીધો કેર;
શેઠાણી સ્વાધિન કરી, શેઠ કરે પછિ લ્હેર.
મોટા ગ્રહ ગોટા તણા, ભેદુ જાણે ભેદ;
ક્રૂર કથા કરતાં શ્રવણ, અંતર ઉપજે ખેદ.
અમરાધીપતિ ઇંદ્રને, કાળ કુટિલ ગળિ જાય;
તો પછિ પામર પ્રાણિનો, શું ચાલે ઊપાય ?
તલસે મન જન કારણે, રેતી નથિ જરિ ધીર;
એ દુઃખ કૈ નથિ કાપતા, પેગંબર કે પીર.
કોઇ વખત રે ક્રોધમાં, કોઇ વખત રે ઠીક;
એ જન પરિચય રાખતાં, બહુ લાગે છે બીક.
યોવનમાં આ તન વિષે, જોર હતું બહુ જેહ;
આખર વય આવ્યા પછી, ઉડી ગયું બધું એહ.
દીન બિચારા રંકને, ધમકાવે ધનવાન;
રાવ કરે રાજા કને, તે પણ દે નહિ કાન.
મરવું નિશ્ચય છે પછી, ડરવું શાને દીલ;
કાળ વખત પર ગળિજતાં, કરશે નહિ જરિ ઢીલ.
કાયા સુંદર જોઇને, જે જન રાખે રાગ;

કાયા કુબડી થઈ જતાં, કરશે તે નહિ ત્યાગ.
અર્થ ન જાણે કાવ્યનો, કવિની કાઢે ભૂલ;
વિદ્વજજનો એ મૂર્ખને, ગણશે તરણાં તુલ્ય.
પથ્થર પર કંકર પડે, ઉછળી ઉઠી જાય;
જળમાં તેને નાખતાં, તળિયે જઈ ભટકાય.

સોરઠો.

અણઘડને ઉપદેશ, ઉતરે નહિ અંતર વિષે;
લાયકને લવ લેશ, ચોંટી જાશે ચિત્તમાં.

દોહરા.

ઈશ્વર અનુકુળ હોય તો, અરિ પણ અનુકુળ થાય;
પરમેશ્વર પ્રતિ કુળ થતાં; પ્રતિ કુળ જગત જણાય.
માયા મળવાનો નકી, નિયમ નથી કંઇ એક;
ઈશ્વર ચાહે આપવા, તો છે માર્ગ અનેક.
રડતા યા રાજી રહો, યા તો પાડો પોક;
મૃત્યુ નહીં મૂકે કદી, શ્રમ લેવો સિદ્ધ ફોક.
કાં દેજે વૈભવ પુરણ, કાં દેજે પ્રભુ યોગ;
એ વિણ અધવચ લટકતાં, તેનો ભુંડો ભોગ.

સોરઠો.

જળ વિણ જેવું મીન, તડફે તરફડતું દિસે;
લક્ષ્મીમાં અતિ લીન, એ રીતે અકળાય છે.

દોહરા.

ઘન રમતાં તન મન વિષે, આવે છે અતિ જોર;
શબ્દ અજબ સુણિ દબ્બનો, સૂજે શોર બકોર.
હાથીનો હુડદો સહે, હાથી સામો હોય;
મૃગપતિ વિણ આવી અવર, ટક્કર લે નહિ કોય.
ગુણવંતા ગજ રાજનું, અવરૂં જોઈ જોર;
ઈર્ષા અંતર આણિને, ધ્યાન મચાવે શોર.
કાંટો લઈને કાટલાં, સાંખ્યાં વારંવાર;
મનમાં જાણ્યું વાણિયો, જાડું કીધો વેપાર.

સોરઠા.

ક્રોધ કથન કથનાર, પાછળથી પસ્તાય છે;
શાન્તિ ગ્રહણ કરનાર, પરિણામે હરખાય છે.
કરવું છે જે કામ, તે બિલકુલ બનતું નથી;
કુપથમાં ક્ષમ લવાન, સૂઝે છે શઠને સદા.
વખતે કરવો ક્રોધ, વખતે ધીરજ રાખવી;
વખતે દેવો બોધ, વખતે લેવી લાકડી.

દોહરા.

કરવી ઘટતી કરકસર, બનવું ઘટિત ઉદાર;
ઘટતાં કરવાં કાર્ય સૌ, ઘટતાં વિનય વિચાર.
બકવું નહિ પણ બોલવું. કરવો તેનો તોલ;
પાછો મુખ પેસે નહીં, નિકળિ ગયો જે બોલ.
કુળહિત કરવા કારણે, ધન ખુબ રળતા હોય;
દિવસ સુધારે દીકરા, સદ્ગુણ સંપન્ન સોય.
તાત પળાનો પાડને, ફરી મુકે કંગાળ;
પુત્ર નહીં પણ શત્રુ તે, નર્કે લઈ જનાર.
વસવું નિત્ય વિદેશમાં, કસવું કરે અંગ;
તો પણ સુખ સમજે સદા, હોય ત્રિયા નિજ સંગ.
થાપણ પૂરણ થાય તો, કરવો નહિ બહુ કલેશ;
પણ દુઃખ દરિયો ઉછળે, ત્યારે તજવો દેશ.
કાણાં કુબડાં લંગડાં, ઉત્કટ હોય હમેશ;
ટાણું ખંડિત મૂર્તિ એ, ભજવે નિજ ગુણ વેશ.
દુઃખમાં સુખ લાગે નહીં, જામે નહિ તન કામ;
કષ્ટ કટક યદિ આવતાં, ભૂલાવી દે ભાન.
પોતે પોતાને હણે, જાણી બૂઝી જાન;
એવાને ઉગારવા, કરશે કોણ અજાણ?
ઠકર કરણ હરકત હરણ, શરણાશ્રિત પ્રતિપાળ;
વિરલા છે આ વિશ્વમાં, ભોજ સમા ભૂપાળ.

સોરઠા.

દરદે પૂર્ણ પિલાય, ઓષધ આરોગે નહીં;
સાજો તે શે થાય ? ઓષધ વિણ ઉપચારથી.
પાણીને પરિવાર, હાળે હળતાં જોઇને;
તર્ક વિતર્ક અપાર, ઉપજે છે મુજ અંતરે.
ક્રુર મનુષ્યને કોઈ, કાઢી આપે કાળજું;
રીઝે નહિ શઠ સોઈ, હલકાં હીણાં હોય તે.

દોહરા.

પથ્થર પારસ જાણિને, સેવે કો બહુ કાળ;
તો પણ તેના હૃદયની, ઓલાશે નહિ ઝાળ.
વાંક વગર દિન જન ઉપર, જુલમ ગુજારે જેહ;
પ્રથમ વખત પલટી જતાં, પસ્તાશે બહુ તેહ.
લોભી રીઝે તો હસે, મુખમાં આપે માન;
દાતા રીઝે તો દિએ, ધૈર્ય, ધરા, ધન, ધાન.
જેણે ત્યાગ્યાં જગતમાં, પર દોલત પરનાર;
એજ ખરો આ અવનિમાં, અમર તણો અવતાર.
દોડું દેતાં દેખિયા, રાજા રંક શ્રીમંત;
દ્રવ્ય ખજાને નાખવા, ખલક બધીને ખંત.
જપ તપ તીરથ વ્રત કરો, યજ્ઞ કરી દો દાન;
અંતરમાં નહિ આણવું, કર્ત્તાનું અભિમાન.
ઉગતો અરિ સંહારિએ, ઉગતો હણિએ રોગ;
તો અંતરમાં જાણવું, સારા છે સંજોગ.
અંકુશથી વશ થાય છે, ગજ સરખા બળવાન;
બિન અંકુશનું શ્વાન પણ, બહુ કરતું તોફાન.
નેવે મેલી આબરૂ, નેવે મેલ્યું નાક;
કેનારૂં કો નવ રહ્યું, તેને મન શી ધાક ?

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જારીણી સુખ હારિણી પુરૂષને, મોક્ષે જતાં સાલ છે,

લોભાણા લલના તણી લિજતમાં, તેના બુરા હાલ છે;
નાખે છે નરને નકી નરકમાં, નારી નઠારી સદા,
એ માટે ઇચ્છતા નથી પર પ્રિયા, જ્ઞાની ગુણી કો કદા.

દોહરા.

ભલિ ભુંડી પણ ભામિની, ભ્રમિત કરે નર ચીત;
એ માટે એ જાતિથી, અલગ રહેવું નીત.
ફંદ કરીને ફેરવે, ગરિબ ગળે તલવાર;
પીડ ન પ્રીછે રંકની, એજ અધમ અવતાર.
દીન દમી રાજી રહે, વગડાવે બહુ હાક;
મરજો એવા માનવી, નિર્દયને નાપાક.
સ્વજન દલિલ દિલ ના ધરે, પરજન પર પુર પ્યાર;
સુંદર તેને સમજવો, મૂરખનો સરદાર.

સોરઠા.

નગણાને ગણ ન્હોય, નગણા નુગરા જાણવા;
મસ્તક આપો તોય, નગણા ગણ માને નહીં.
ક્લેશ પ્રગટ કરનાર, ભેદે ભીતર કાળજું;
સજ કરેલ તરવાર, દુર્જન કેરાં વાકય છે.

દોહરા.

ધરમીનો સઘળે સ્થળે, સહુ કરશે સત્કાર;
પાપી પાપ પ્રતાપથી, ખાશે જમનો માર.
કરિએ મનમાં કલ્પના, ધરિએ સાચી હામ;
કોઇ સમે થાશે સફળ, ધારેલું મન કામ.
ઇશ્વર અનુકુલ હોય તો, અનુકુળ થાય તમામ;
પરમેશ્વર પ્રતિકુળ થતાં કોઇ કરે નહિ કામ.
ધન મળવાની કલ્પના, અજ્ઞાની મન થાય;
આતમ જ્ઞાની હોય તો, ધનમાં નહિ લોભાય.
ડાંગર ખાંડે સર્વ કો, ચોખા લેવા કાજ;
ફોકટ ખાંડે ફોતરાં, એજ મુરખ શિરતાજ.

મનહર છંદ.

દૂર વ્યસને ડુલી ગયો, વ્યભિચારી પૂરો થયો,
વખત વ્યતિત કરે, જુગારીના સંગમાં,
લુંટારા ધૂતારા તણો, સ્નેહ સદા રાખે ઘણો,
અવર અપ્રિય બધું, રચ્યો રામા રંગમાં;
કોઇની ન રાખે લાજ, સ્વેચ્છાએ કરે છે કાજ,
પ્રતિ દિન વૃદ્ધિ થતી, પાપીષ્ટ આચારની,
સુંદરજી કહે અરે, કુસંગ પ્રતાપે કરી,
બુરી દશા થાય બહુ, નર તે નાદારની.

હરિગીત છંદ.

જે કષ્ટથી કચરાય છે, આ વિશ્વમાં વસિને સદા,
દુઃખ સાગરે નિત ડોલતો, સુખ શાન્તિ નવ પામ્યો કદા;
એવા જનોને સુખ મળે તો ગર્વથી ફૂલાય છે,
સુંદર કહે તે શઠ પછી, નબળો વખત ભુલિ જાય છે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

પુત્રી તેમજ પુત્રને પ્રથમથી, શિક્ષા ન સારી દિએ,
તો તેના પિતુ માતથી દિલ વિષે, બચ્ચાં કદી ના બિએ;
સામો ઉત્તર આપતાં શરમ નૈં, કેવું કરે નૈં કદા,
રાખે નૈં વશ સંતતી પુરૂષ તે, સંકષ્ટ શોષે સદા.

દોહરા.

અર્થ સરે નહિ આપણો, પરહિત પણ નવ થાય;
એવો ઉદ્યમ આદરે, એજ ગમાર ગણાય.
નિર્ધનને ધન આપવું, ભુખ્યાંને અન્ન પાન;
અંગ ઉઘાડાં મનુષને, વસ્ત્ર તણું દ્યો દાન.
જ્ઞાન કથન કરવા થકી, પ્રભૂ પ્રસન નહિ થાય;
જ્ઞાન ગ્રહણ કરવા થકી, રીઝે છે રઘુરાય.
ઉપરથી હરિજન દિસે, ભીતર મેલ ભરેલ,
સુંદર તેને સમજવો, પુંછ વગરનો બેલ.

વૈભવ પૂર્ણ ન સાંપડયો, સમર્યા નહિ શ્રી શ્યામ;
સુંદર એવા પુરૂષનું; કાંઇ સર્યું નહિ કામ,
કાં દેવી વૈભવ મળે, કાં ભક્તી નિષ્કામ,
તો જન જાણો તેહનાં, સફળ થયાં સહુ કામ.
માયાવી મુઠ મનુષ્યને, માયા ઊપર પ્રીત;
બીજું બોલ્યું તેહને, ચોટે નહિ કહિ ચીત.
ચીત વડે ચોરી કરે, પર ધન, યા પર નાર;
તેને કાંઇ ન સાંપડે, ખાલી થાય ખુવાર.
પોતાનાં જન પરહર્યાં, પરનાં સાટે પ્રાણ;
વ્હાલાંને વેરી કર્યાં, કળિયુગનાં એંધાણ.
સકળ પદારથ સૃષ્ટિના, કેળવતાં શુભ થાય;
શોધેલું સૂવર્ણ જે, કુન્દન તે કેવાય.

સોરઠા.

દાતા આપે દાન, કંજુસ મન કચવાય છે;
નર એવા નાદાન, જોયા બહુ આ જગતમાં.
નિજ હિતના કરનાર, નિરખ્યા નજરે નર ઘણા;
અવર ઉપર ઉપકાર, કરનારા થોડા દિસે.

દોહરા.

ભુખ્યો જન તે ભડભડે, દુઃખિઓ દુઃખડાં ગાય;
સુખિઓ તે નવ સાંભળે, ઉલટો મન કચવાય.
જેનાથી જે નીપજે, તેનાથી તે થાય;
બીજાથી બનશે નહીં, કરતાં સબળ ઉપાય.
સુખિઆ,દુઃખિઆ થાય છે, દુઃખિઆ,સુખિઆ થાય;
કરણીનાં ફળ ભોગવે, રંક હોય યા રાય.
કષ્ટ નિકટ આવ્યા અવલ, કરિએ જો ઉપાય;
ભાવિ ભલે થાશે છતાં, ફેર ઘણો પડિ જાય.
કલ્પે છે સુખ દ્રવ્યમાં, બિન અનુભવિ જે લોક;
તર્ક કરી જોતાં દિસે, દ્રવ્ય તણું સુખ ફોક.

વેશ જુઓ તો સાધુનો, કામ જુઓ તો શ્યામ;
એવા કપટી માણસો, લજવે છે નિજ નામ.
એક પિતાના પુત્ર બે, સરખા છે હકદાર;
તો પણ કરમી પુત્રનો, થાય અધિક સત્કાર.
ધનના ચાહક ધરણિમાં, મળશે ઠારો ઠાર;
મનના ચાહક માણસો, બહુ થોડા મળનાર.
ગુણના ગ્રાહક ગુણિજનો, દુર્ગુણ ગ્રાહક દુષ્ટ;
ધરમી ધરમે રાચશે, પાપી પાપે પુષ્ટ.
આપ તણા દુઃખ અંતનો, આપ કરો ઉપાય;
અવર ભરૂંસો રાખતાં, કષ્ટ કમી નહિ થાય.
આબેહુબ દ્રગ દેખિએ, આવે ને વળિ જાય;
એવું સાચું જગત તે, મિથ્યા કેમ મનાય ?
આ ઠેકાણે સ્વપ્નનું, લેવું દ્રઢ દ્રષ્ટાંત;
તો તમને નિશ્ચય થતાં; અંતર થાશે શાન્ત.
સ્વપ્નામાં જે વૈભવો, દેખો છો દ્રગ ખાસ;
ઉંઘ ઉડી જાશે પછી, થાશે તેનો નાશ.
જેવું જૂઠું સ્વપ્ન છે, તેવો આ સંસાર;
એવું જ્યારે જાણશો, ત્યારે પડશો પાર.
બંધનમાંથી છૂટવા, કરવો કાંઇ પ્રયાસ;
સુંદર યત્ન પ્રતાપથી, થાશે કષ્ટ વિનાશ.
માલ વગરનો માનવી, પુંછ વગરનો ઢોર;
ભાગ્ય સમજવાં ભેંસનાં, ખાય નહીં તે ખોળ.

હરિગીત છંદ.

જ્યારે નવિન ચિજ હોય છે, ત્યારે બધા જન બહુ ચહે,
છોટા અને મોટા મનુષ, નિરખી નયન રાજી રહે;
કાળે ક્રમે જીરણ થતાં, ઉર ભાવ ઓછો થાય છે,
સુંદર કહે સઘળા જનો, નિત નવિનમાં લોભાય છે.

સોરઠા.

હ્રદય વિષે હરખાય, તસ્કર ખાતર પાડતાં;

પણ જ્યારે પકડાય, ત્યારે ગમ પડિ જાય છે.
કુર્ત ટળે નહિ ટેવ, જીર્ણ થયેલી હોય તે;
મનુષ મથે યા દેવ બદ ખસલત બદલાય ને.
કર્મ તણી ગતિ કોઈ, જાણે નહિ જડ જોસિઓ;
હોનારૂં તે હોય, સત્ય વચન સુંદર કહે.
હોય ન શઠ શિર સીંગ, પીઠે પણ નહિ પૂછડું;
વગર વિવેકી ઢીંગ, એ જનને શઠ સમજવા.

દોહરા.

અંધા આગળ આરસી, બ્હેરા આગળ ગાન;
તરૂણ ત્રિયા વ્યંઢળ કને, શું પામે સન્માન ?
અચળ રહે નહિ પ્રીતડી, અચળ રહે નહિ વેર;
સચળ સકળ જગ સમજવું, સુંદર સાગર લ્હેર.
ફીટેલાને ફૂટડા, નર નાલાયક જેહ;
વ્યભિચારીણી વશ ફરે, એમાં નહિ સંદેહ.
દાતા પ્યારો સર્વને, કંજુસ કડવો ઝેર;
સજ્જન સંગે મિત્રતા, દુર્જન સંગે વેર.
જાણ્યું નહિ પતિ જીવતાં, રિઝવ્યો નહિ નિજ નાથ;
મરણ શરણ પ્હોંચ્યા પછી, ઘસવા બેઠી હાથ.
અમૃત મુખ આગળ ધર્યું, પણ કીધું નહિ પાન;
સમજ સમજ સુંદર સમજ, કેમ વળે આરામ ?
એક બિજાને આશરે, ચાલે છે સંસાર;
સિંહ નભે વન આશરે, વનને સિંહાધાર.
એક ઉપાધી હોય તો, તેથી મુક્ત થવાય;
એક કરે બે બાકિ રે, શી રીતે સુખ થાય ?
જેવું જેના ઉર વિષે, એવું મુખ ઉચરાય;
અંતર પટમાં હોય તે, વાણીમાં વરતાય.
પેટ ભરે છે સર્વ કો, તો પણ છે બહુ ફેર;
એક સહે સંકટ ઘણાં, એક કરે છે લ્હેર.

મુખથી તો ભગિની કહે, વહુ કરવાની વાત;
એ નરને ખર સમજવો, જાત નહીં કમજાત.
સમજે નહિ શઠ સાનમાં, ભાન રહિત નાદાન;
સ્વહિત અહિત ઉર નવ લહે, એ જનને શઠ માન.
અજ્ઞાની અતિશય છતાં, જ્ઞાની થાવા જાય;
હંસ તણી ગતિ ચાલતાં, વાયસ ગતિ વિસરાય.

સોરઠો.

જાર કરમ કરનાર, કરજી ગરજી કેફિઓ;
જૂઠ તણો ભંડાર, સત્ય વચન સુંદર કહે.
વખત ન ચૂકો યાર, ચૂકે તે પસ્તાય છે;
કરિએ યત્ન અપાર, ફરિને નહિ પછિ ફાવિએ.
વેરીનો વિશ્વાસ, કોઈ દિવસ કરવો નહીં;
નિશ્ચે થાશે નાશ, અરિ કર શિર નવ આપિએ.

દોહરા.

લોભીને વળી લાલચુ, ચોરીનો કરનાર;
ધૂર્તપણું જન જે કરે, સત્ય કવચિત કથનાર.
માતાને પ્રિય બાળકો, બાળકને પ્રિય માત;
તાત ચહે છે પુત્રને; પુત્ર ચહે છે તાત.
પ્રીત પરસ્પર હોય છે, જગત તણી એ રીત;
નભશે નહિ લાંબો વખત, એક લઠી જે પ્રીત.
સાગર કદિ છલકે નહીં, સર સરિતા છલકાય;
સાગર જો છલકે કદી, પ્રલય વખત વરતાય.
સર સરિતા ખાબોચિયાં, છલકે વારંવાર;
એમ ઉદધિ છલકે નહીં, નર નિશ્ચે નિર્ધાર.
દાતા બહુ થોડા દિસે, કૃપણ તણો નથિ પાર;
તો પણ દાતા છે ઘણા, તું તુજ કૃત્ય વિચાર.
ઊપર રૂડાં હોય પણ, ભીતર ભુંડાં જેહ;
થાય પ્રસંગે પારખું, જાય સકળ સંદેહ.

વિદ્વજ્જનોને વિશ્વમાં, વિદ્વજ્જનો દે માન;
એકદરાને આયલા, છો કરતા અપમાન.
મર્કટ આગળ મેલિયે, મણિ મુક્તાનો હાર;
કિમ્મત કેમ કરી શકે? જાતે જેહ ગમાર.

સોરઠા.

રસમય રૂડો ગ્રંથ, સરસ્વતિ અરિ કર આપિએ;
કેમ કટે દુર પંથ? ચરણ મળે નહિ ચાલવા.
સુંદર આ સંસાર, સહુ સહુને સુઝતું કરે;
બીજાને શો ભાર? કર્મ કરે તે ભોગવે.
અવગુણ મિશ્રિત આપ, અવખોડે શઠ અવરને;
એજ અધિક સંતાપ, નિજ દુર્ગુણ દેખાય ને.

દોહરા.

નિજ બળની સરહદ તજી, અધિક ઉપાડે ભાર;
તે નર ખત્તા ખાય છે, સુંદર વચન સ્વિકાર.
જે જન મણ બે ચારનો, માંડ ઉપાડે ભાર;
સુંદર તે કયમ સહિ શકે, બોજો મણ દસ બાર.
શિર જોરીથી શિર ધરે, બતલાવે ચતુરાઇ;
અલ્પ વખત ટક્કર લહે, છેવટ જાય ફસાઇ.
હદ ઊપર દેવું નહીં, લેવું પણ નહિ તેમ;
શક્તિ પ્રમાણે વરતિએ, રહિએ કુશળ ક્ષેમ.
સ્થાનક વિણ ઠરતો નથી, ઉત્તમ રસ અધ હાર;
સિંહણનું પય કનક વિણ, બીજે નહિ ઠરનાર.
સાગર સમ સરિતા શ્રવે, ઉપમા એમ અપાય;
તો પણ સરિતા હોય તે, સાગર કદિ નહિ થાય.
ઢારે સહુ ઢગલો કરે, ખાડા ત્યાં ખોદાય;
મફત મળે શ્રીમંતને, નિર્ધનિઓ લુંટાય.
શાન્તિ નથી આ સૃષ્ટિમાં, રડતા સઘળા લોક;
જેને જેવી આપદા, પાડે તેવી પોક.
જડ સાથે શિર ફુટતાં, જન મન જડ થઇ જાય;

મૂરખને સમજાવતાં, આપ અનાદર થાય.
સારી યા બૂરી ભલે, જેને જેવી ટેવ;
ટાળી તે ટળશે નહીં, મથિ મરતાં અહમેવ.
શઠને કંઈ શિખડાવિએ, કાવ્ય કળા ચતુરાઈ;
તે અંતે નિવડે નકી, આપણને દુઃખદાઈ.
વાકય વિચારીને વદે, વિશ્વ વિષે વિદ્વાન;
વગર વિચાર્યું બડબડે, જે નર છે નાદાન.

સોરઠા.

જાશે જ્યારે પ્રાણ, કાયા માય મેલિને;
ત્યારે નર નિર્માણ, જપ વળશે આ જીવને.
હતૂ ભાગી જ્યાં હોય, સુંદર ત્યાં તું જઈશ નેં;
દુઃખમાં ડુબ્યો સોય, બીજાને શું તારશે ?
દુઃખ દરિયે ડુબેલ, સુખ સ્વપ્ને દીઠેલ નહિ;
છાકયો છેક છકેલ, અમલ તિમિરના તોરમાં.

દોહરા.

શાન્તિ વડે સુધરે બધું, શાન્તિ સદા સુખ રૂપ;
શાન્તિ વગર સુખિઓ નહીં, હોય ભલે કો ભૂપ.
શાન્તિ મળે શા સાધને ? પ્રશ્ન કરે કદિ કોઈ;
મન વશ રાખે માનવી, શાન્તિ પ્રગટ તવ હોય.
વિજય કરી આ વિશ્વમાં, રાખ્યું નહિ નિજ નામ;
જોયું નહિ જાણ્યું નહીં, જીવ્યાનું શું કામ ?
ખદડા ખાંડે નવ લડે, ખાંડે ખેલે વીર;
દુશ્મન દળ ચકચુર કરી, બતલાવે નિજ નીર.
સમજ પડી નહિ શાસ્ત્રમાં, સુખ દુઃખ શાથી થાય !
અણધાર્યા આવે અને, અણધાર્યાં ઉડિ જાય.
કેવું તો કરવું નકી, અગર ન લેવું નામ;
કેવું પણ કરવું નહીં, નિચ નરનું એ કામ.
કંટકનું સુખ કાપવા, તુર્ત થવું તૈયાર;

દેહ અણિશુદ્ધ હોય તો, દુઃખ દેશે કો વાર;
વેરા કર બહુ વધિ પડયા, જ્યાં ત્યાં વેરા વેઠ;
કર ક્યાંથી આપે કહો ? ભરવું મુશ્કિલ પેટ.
વીર પડો મેદાનમાં, વગડાવો રણ તુર;
ક્રોધ અને મદ કામને, તુર્ત હણો બહાદુર.

સોરઠા.

અન જળનું શુભ દાન, આપો સ્નેહે સર્વ કો;
નિકળે નિજનું નામ, દેશ અને પરદેશમાં.
ખોટો ઘાલે ડોળ, દુર્બળને દુઃખ આપવા;
ખાય નહીં તે ખોળ, તોય જનાવર જાણવો.
બહુ બગડેલું હોય, તેને જે સૂધારવું;
નથિ મરશે સહુ કોઈ, સહેજે નહિ તે સૂધરે.
શામ અને વળિ દામ, ભેદાદિક સદ્બોધથી;
સુધરી જશે કામ; નહિતર છેવટ દંડ દો.
શિક્ષા સાથે દંડ, ભેદ ભણાવો ભાવથી;
કરવો યત્ન પ્રચંડ, કાંઈક ફળ કર લાગશે.

દોહરા.

સંત સમાગમ સાધિને, શોધ્યો સરજનહાર;
સુંદર એવા સાધુનો, સમજ સફળ અવતાર.
અન્નજળ ઉપડે જે સમે, લાગે નહિ લવ વાર;
જ્યાં સુધી અન્નજળ હશે, ત્યાં લગિ વ્યર્થ વિચાર.
યાચક ચાલ્યો યાચવા, ગયો કૃપણને દ્વાર;
પ્રાપ્તિ થઈ નહિ પાઈની, ખાલિ થયો ખુબ ખ્વાર.
સુખમાં સુખ મળિ જાય છે, દુઃખમાં દુઃખ મળિ જાય;
સુંદર સહુ નિજ નાતમાં, ટાણે ભેળાં થાય.
દરિયો નજરે દેખતાં, દિલ દરિયો ઉભરાય;
કાવ્ય કથન કરવા ઘણું, મન મારૂં લલચાય.
કર્તા સહુનો એક છે, પણ કરણીમાં ફેર;
કો કરમી કો કર્મહિણ, કો વ્યંડળ કો શેર.

બહુ બોલાં બહુ કુલણિયાં, બહુ કરતાં બકવાદ;
બોલિ બગાડે ઘડિકમાં, વ્યર્થ કરે વિખવાદ.
સારૂં પીતળ શોધિને, ઘડિએ સુંદર ઘાટ;
ચળકે તે દિન ચાર પણ, કાળે ખાશે કાટ.

સોરઠો.

કાવ્યામૃત રસ પાન, જે જન મન વ્હાલું નહીં;
કવિનું ત્યાં શું કામ ? સત્ય વચન સુંદર કહે.

દોહરા.

સ્વારથ સાધક સર્વ કો, પરમારથકર કોક;
આસ ધરે સહુ સુખ ભણી, આ દુનિયાના લોક.
કરતિ ટહુકા કોકિલા, હરતી તન મન તાપ;
શબ્દ મધુર શ્રવણે સુણી, પ્રગટે પ્રેમ અમાપ.
અવળું ઇચ્છે અવરનું, સવળું નિજનું ચ્હાય;
ખાડ અવર માટે ખણે, પણ પોતે પડિ જાય.
અજ્ઞાની કંઈ ઉચ્ચરે, વણ સમજણની વાત;
ગુણિયલ નર કદિ નવ ગણે, અવગુણ નાણે આપ.
કેમ તજે ભલપણ ભલો; સાચી હોય ભલાઈ;
પોતે પામે કષ્ટ પણ; બીજાને સુખદાઈ.
આફત શિર આવી પડે, ગંભિર નહિ ગભરાય;
મુક્ત થવા માટે ભલો, શોધે સદ્ય ઉપાય.

સોરઠો.

ઉદ્યમ કરે અપાર, કવડી કર લાગે નહીં;
કિસ્મતની બલિહાર, સત્ય વચન સુંદર કહે.

દોહરા.

હોય લલાટે પાંદડું, તે કદિ જો ખસિ જાય;
કર્ત્તાની કરૂણા વડે, નિર્ધનિ ધનિ બનિ જાય.
હિમ્મતમાં કિમ્મત ઘણી, હિમ્મત જીતે હોડ;
હિમ્મત રાખી જન મચે, કૃષ્ણ પુરે મન કોડ.
નિમક હરામી નોકરો, ચોરી ચાટી જાય;

સ્વારથ વશ સમજે નહીં, ન્યાય અગર અન્યાય.
ખોટી દાનત રાખિને, કામ કરે પણ વેઠ;
નિજ સ્વારથ સાધી લિએ, છો મરતો નિજ શેઠ.
સરત ચુકાવી શેઠની, ચોરી કરવા ચ્હાય;
માલ અગર રોકડ રકમ, અધર ઉડાવી જાય.
આમ કુડાં કર્મો કરી, માલ મફતનો ખાય;
તો પણ તે પાપી તણું, પેટ પુરૂં ન ભરાય.
ચંદ્ર ચુડામણિ ચરણમાં, મન તું થા મસ્તાન;
અડગ રહી કરવું સદા, ગૌરી પતિ ગુણગાન.
શક્તિ વગર શું થાય છે? શક્તી સર્વાધાર;
ભક્તી યુક્તી મુક્તિને, શક્તીનો આધાર.
શક્તિ રહિત જે માનવી, પુંછવિણુ પશુ પ્રમાણ;
શક્તિ વગરનું સુન્ય સૌ, સુંદર નકિ નિર્માણ.
ગૌ માતા ધન આપણું, યવન કરે છે નાશ;
શા માટે અટકાવવા, કરતા નથી પ્રયાસ ?
જૂઠા જનનો જગતમાં, કો ન કરે ઈતબાર;
જૂઠે રૂઠે જગપતી, જુઠને જોડા માર.

સોરઠા.

કાવ્ય કદર કરનાર, ભૂપ ગયા ભડ સ્વર્ગમાં;
આ વખતે ઊદાર, રાજા બહુ થોડા રહ્યા,
પાણી અથવા દૂધ, અણગળ કદિ નવ વાપરો;
ગળિને કરવું શુદ્ધ, પાન પછી કરવું સદા.
ધન સંચય તો થાય, લોભાધિન થાવું પડે;
દાતા જે કેવાય, જર તેથી જોડાય ને.
મરવું હક્ક દિલદાર, મરવા વિણુ ચાલે નહીં;
કરિએ યત્ન અપાર, તો પણ મરવુ તો ખરૂં.

દોહરા.

ન્હાય નહીં ધોવે નહીં, ગંદું રાખે અંગ;

સુસ્ત રહે શઠ સર્વદા, બગડે તન મન રંગ.
સિંહ પુરેલો પાંજરે, કર કોટે જંજીર;
શી રીતે શત્રુ હણે ? પરાધીન જે વીર.
અતિ મૂરખ નહિ સૂધરે, યત્ન અફળ જાનાર;
શુષ્ક થયેલા કાષ્ટમાં, નિર નહિ નીકળનાર.
તકરારી સાથે તમે, કરશો નહિ તકરાર;
ચતૂર ચેતી ચાલજો, નહિ તો ખાશો માર.

મનહર છંદ.

નવીનમાં નવીનતા, આપે ઓળખાઈ આવે;
ઉતારો કરેલો તે તો, ઉતારો જણાય છે,
પરાયું પોતાનું કહી, દમામ દેખાડે ખોટો,
એવા મુર્ખ મનુષ્યની, આબરૂ લુંટાય છે;
કવિ પદ ધરવું તો, કરવું નવીન કાંઈ;
ત્યારે તેની લોકોમાંહી, લાયકી લેખાય છે,
સુંદર જીગર તોડી, કવિતા કરે છે તેની,
વિદ્વજ્જનોમાંહી નક્કી, કિમ્મત અંકાય છે.

દોહરા.

અવસર ઊપર જે બને, બિન અવસર નવ થાય;
લગ્ન તણાં જે ગીત તે, મર્ણ સમે ન ગવાય.
મોહ ખરેખર મનુષને, ભટકાવે ભવ માંહ્ય;
મોહ મટી જાવા પછી, કષ્ટ રહે નહિ કાંઇ.
શ્રી હરિના દરબારમાં, જાવા હોય વિચાર;
તો નિજ નેકી નીતિને, તજશો નહિ તલભાર.
પડશે અમૃત પાત્રમાં, વિષનું બિંદુ એક;
તો પણ સુંદર જાણજો, વણસી જાશે છેક.
વારી લે મન વિષયથી, મારી જ્ઞાન કટાર;
ધારી લે ધીંગો ધણી, પાર્વતિ પ્રાણાધાર.
અહિત અગર અપમાનથી, ક્રોધ પ્રગટ તન થાય;

અમલ કરે ઉતાવળો, શાન્ત પુરૂષ પી જાય.
નિમિત વગર બનતું નથી, કાર્ય કશું કો વાર;
એ માટે સુંદર કહે, નિમિત તણી બલહાર.
પરહિત આદિક કાર્ય શુભ, કરવું વગર વિલંબ;
તોજ ખરેખર આવશે, સુંદર સાચો રંગ.

સોરઠા.

કુદરત કૃત કાળાશ, ધોયે ધોળી થાય ને;
નકલ તણો છે નાશ, અસલ કદી બદલાય ને.
વ્હાલાં વ્હાલ વિયોગ, અવસર ઉપર સાંભળે;
સુખમાં માણ્યા ભોગ, દુઃખમાં તે નજરે તરે.
અંતરનું જે હેત, એજ ખરે ખર હેત છે;
સ્વારથનું જે હેત, સુંદર મન તે પ્રેત છે.

હરિગીત છંદ.

પોતા તણું સહુ પોટકું મસ્તક ધરી ફરતા ફરે;
બીજા જનોને શી રિતે ? તે નર મદદ કરશે અરે !
શિર ભાર છે વધુ કોઇને, વળિ કોઇને ઓછો દિસે,
સુંદર કહે નિરભાર નર, કોઈ નથી દુનિયા વિષે.

મનહર છંદ.

દ્રવ્ય છે ભજનમાંહી, વિઘ્ન કરનારૂં તેથી,
શ્રી હરિ સ્વ સેવકોને, દ્રવ્ય હીન રાખે છે,
સુખ ધામ રામ નામ, રટે છે જે અષ્ટ જામ,
એવા ભાવી ભકતોનેજ, ભુખે મારી નાખે છે;
જોતું હોય શેર ત્યારે, આપે છે પાશેર માંડ,
એજ રીતે બધી વાતે, કષ્ટ અતિ આપે છે,
સુંદરજી કહે એવી, કસોટીમાં ચળે નહિ,
તો પછી શ્રી હરિ તેને, ન્યાલ કરી નાખે છે.

દોહરા.

સિંહ સરપ ઉન્મત અરી, નિદ્રાધિન છો હોય;
તદપિ ભરૂંસો તેહનો, કરશો નહિ કદિ કોઇ.

સુખમાં આવી સુખ મળે, દુઃખમાં આવે દુઃખ;
માયામાં માયા મળે, ભુખમાં ભળશે ભુખ.
કાર્ય કશું બનતું નથી, દરિદ્ર થતું નથિ દૂર;
સુખ સંપતની વાત શી? કર્મ થયું જ્યાં ક્રૂર.
પ્રેમે પિરને પૂજતા, પોતે થાવા પીર;
ધર્મ નિમિત ભિક્ષા કરી, ખાય મલીદા ખીર.
ઈશ્વર અનુકુળ હોય તો, અરિ પણ અનુકુળ થાય;
ઈશ્વરના કોપે કરી, સઘળે કોપ જણાય.
હંસ અચાનક ઉડિ જશે, ખબર થશે નહિ ખાસ;
અલગ થશે પળ એકમાં, સુંદર ભોગ વિલાસ.
જેવો જે જન શ્રમ લિએ, તેવું ફળ તે ખાય;
ઉંઘે તેનો બળદિયો, જાગે તેની ગાય.
કાટેલી શમશેરથી, મસ્તક નહિ મોળાય;
એમજ આતમ જ્ઞાનિનો, ઉદ્યમ મંદ જણાય.
તનની વ્યાધી ટાળવા, વૈદ્ય ઘણા તૈયાર;
મનની વ્યાધિ મટાડવા, વૈદ્ય દિસે કો ઠાર.
ખાસ ખરા કારણ વગર, જાવું નહિ પર ઘેર;
નિજ આસન ઉપર સદા, કરવી લીલા લ્હેર.
ઓપે છે આસન ઉપર, મનુષ્ય મણિ નખ દંત;
દઢ આસન શોભે સદા, શુભ આચારી સંત.
સાચાં દેવી દેવતા, સાચા છે મ્હાદેવ;
સાચું અંતર જો હશે, તો ફળશે તતખેવ.
સરસ્વતિ કરતાં શ્રી તણો, મહિમા અધિક જણાય;
તો પણ સરસ્વતિ સેવકો, સરસ્વતિનેજ ચહાય.
ભાગ્ય ભલાં છે જેહનાં, સુખ માણે છે સોય;
ભાગ્ય હિણા દુઃખ ભોગવે, મિથ્યા કદિ નવ હોય.
કરવું કંઇ ઉત્સાહથી, એજ કર્યું કેવાય;
ઉત્સાહ વિણ કો કાર્યમાં, સ્વાદન હોય જરાય.
દેશીથી દેશી મળે, દેશી સાચો ભાઈ;

પરદેશી ભાઇ ખરો, પણ જાણો પિત્રાઈ.
શ્યામા સેવક સૃષ્ટિમાં, જોયા ઠારો ઠાર;
માત પિતાના સેવકો, બહુ થોડા મળનાર.
હુકમ ત્રિયાનો સાંભળી, અમલ કરે એ વાર;
માત પિતાના હુકમની, બિલકુલ નહિ દરકાર.
હોય હુકમ તરૂણી તણો, સંગ રહે મા બાપ;
નારી નાખુશ હોય તો, રાખિ શકે નહિ આપ.
માત પિતાનાં હિત વચન, લાગે સ્વાદ રહિત;
પ્યારિ વચન પર પુરૂષને, પ્રગટે પૂરણ પ્રીત.
સૂત સુતાને સુંદરી, એજ ગણે પરિવાર;
એ વિણુ શાળા શાળિઓ, શ્વસુર પ્રજા બલિહાર.

મનહર છંદ.

પરિચય વાળાઓને, પીડાકાર થવું નહિ,
પોતે સહી લેવી પીડા, એજ સૌથી સારૂં છે,
સ્વારથ વગર યા ને, સ્વારથ સાધવા સારૂ,
બીજાઓને દુઃખ દેવું, કાર્ય એ નઠારૂં છે;
કષ્ટકાર થવા માટે, જવું નહિ અન્ય દ્વાર,
નિજાસન બેસી રેવું, એ પ્રભુને પ્યારૂં છે,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
અન્ય પીડાકાર પ્રાણી, સર્વને અકારૂં છે.

દોહરા.

અવર સકળ દુઃખ સૃષ્ટિનાં, સહન કર્યાં ધરિ ધીર
પણ પાપી પરતંત્રતા, વેઠાતી નથિ વીર.
અજ્ઞાનીને આપિએ, અધિકાધિક અધિકાર;
ઓછી અક્કલ યોગથી, જીરવિ નહિ શકનાર.
પાત્ર પ્રમાણે પિરસવું, કરવો પૂર્ણ વિચાર;
ઓછું નહિ ચાલે અને, વધતું વ્યર્થ જનાર.
હુકમ ગયો નિજ હસ્તથી, સાથે ગઇ શમશેર;
પિંજર પણ પરવશ પડ્યું, પછી રહી શી લ્હેર ?

સુખમાં વ્હાલા વૈભવો, દુઃખમાં વ્હાલા રામ;
જોયા ઝાઝા જગતમાં, એવા ઠામો ઠામ.
સુખમાં પણ શ્રીહરિ ભજે, દુઃખમાં પણ એ નામ;
સુંદર એવા દૃઢ મનુષ, જડશે થોડે ઠામ.
વિષયિ અગર દુર વ્યસનિને, વારો વાર હજાર;
તો પણ તે વરતે સદા, નિજ ઇચ્છા અનુસાર.
કર્યો નહિ કદિ કોડથી, પરજન પર ઉપકાર;
તો સુંદરજી સમજવું, અફળ ગયો અવતાર.

મનહર છંદ.

જેણે સત્ય સેવ્યું અને, સત્યમાંથી શોધ્યું તત્વ,
તો પછી તે અસત્યથી, અલગજ રહે છે,
સત્ય વૃત સેવવાથી, હજારોની હાની થાય;
છતાં સત્ય વૃત વાળા, સત્યને જ ચહે છે;
સત્યના પાળક સાચા, નેકી ટેકીને વિવેકી,
સત્ય રાખવાને માટે, સંકટો બૌ સહે છે,
અસત્યના યોગે થતો, લાખો તણો લાભ તજી,
સત્યમાંથી સુંદરજી, અલ્પ લાભ લહે છે.

દોહરા.

કરવાથી બનશે બધું, એ નિશ્ચય પર જાવ;
તો સુંદર મળશે નકી, મનનો માન્યો લાવ.
વિષય વિનાશક વસ્તુથી, બચવા હોય વિચાર;
સ્વપ્ને પણ કરવો નહીં, પર પ્રમદા પર પ્યાર.
તેજ હશે તુજમાં અધિક, દ્રવ્યાદિક સુખ સાજ;
તો તુજને દુનિયા બધી, ગણશે શિરનો તાજ.

સોરઠો.

આપે જે કંઈ ઇશ, માન્ય કરી લે માનથી;
કરવી નહિ કદિ રીસ, ભાવી ભાવે ભોગવો.

મનહર છંદ.

આત્મ તત્વ જાણ્યા છતાં, ઉપાધિ કરે છે અતિ,
મારૂં તારૂં કરી મિથ્યા, ભાર સીદ વહે છે ?
આવું થોડું કરવામાં, વખત વ્યતિત કરે,
ધાર્યું નથી થાતું છતાં, ચુસ્ત બહુ રહે છે;
ખોટી છે ખલક અને, ખોટા છે વૈભવ બધા,
એવું ઉર જાણ્યા છતાં, તેને ઉર ચહે છે,
આવું અર્ધદગ્ધપણું, છોડી દે છકેલ મન,
સુંદરજી કવિ સદા, પોકારીને કહે છે.

દોહરા.

કરશે તેજ પ્રમાણમાં, હીરા રત્ન પ્રકાશ;
પુરૂષો પુરૂષારથ કરે, શક્તિ પ્રમાણે ખાસ.
અન્ય ભરૂંસે આદરે, કાર્ય સફળ નહિ થાય;
નિજ કળ બળ નિજ શક્તિથી, ધાર્યું કાર્ય કરાય.
પ્રેમીને પ્રેમી મળે, પ્રેમ પ્રકાશિત થાય;
પ્રેમી સાથે મુઢ મળે, બન્ને દિલ કચવાય.
સાચું ખોટું શોધતાં, કાઢી નાખ્યો કાળ;
તો પણ સુંદરજી હજી, પામ્યા નહિ કો પાર.
સમય અનુસરી ચાલશે, સુજન ગણાશે તેહ;
એથી ઉલટા અનુસરે, મૂર્ખ મનાશે તેહ.
ઉત્સાહે આરંભવું, મરદે કામ તમામ;
તો સુંદરજી આવશે, અતિ ઉત્તમ પરિણામ.
મરદાઇમાં મ્હાલવું, બનવું સહુ સુખ રૂપ;
ઇન્સાફે સરખાં ગણો, ભીખારી ને ભૂપ.

સોરઠા.

પ્રશ્ન. એવો શું ઇલાજ ? ધનના ઢગલા થઇ પડે;
સુધરે સઘળાં કાજ, ધર્મ કર્મ નિર્મળ રહે.
ઉત્તર. પૂર્વ ધર્મની ખાણ, ઉખળે જ્યારે આપણી;
નર નિશ્ચય નિર્માણ, ત્યારે ધનના ઢગ થશે.

દોહરો.

પ્રશ્ન. ઇધર ઉધરથી આવશે, હરદમ એજ વિચાર;
સુંદર તેનું શું થશે? કર તેનો વિસ્તાર.

સોરઠો.

ઉત્તર તર્ક તણો નથિ પાર, કરવું કર્ત્તા કર વિષે;
થાય ખરૂં થાનાર, લાલચ રેશે લટકતી.

કૃષ્ણ વિલાસ.

ગરબી.

(મારા રે સ્વામી બોલોને બાળા—એ રાગ.)

અલબેલા અરજ સુણો મારી, છેલ છબીલા ગિરધારી;
ગમે એક મૂર્તિ તારી પ્યારી, અલબેલા અરજ સુણો મારી.
પ્રભુ પ્રભુ સમરૂં છું દિન રાત, અવર ન લાગે વ્હાલી કાંઇ વાત;
દુઃખ હરો દર્શન દઈ સાક્ષાત, અલબેલા અરજ સુણો મારી.
વ્યાકુળ થઇને ફરૂં વનમાં, વિરહ વ્યાધિ વ્યાપી અતિ તનમાં;
મોહન આવી વસો મારા મનમાં, અલબેલા અરજ સુણો મારી.
કામણ ગારા કામણ તેં કીધું, ચિતડું ચકોર ચોરી લીધું;
વ્હાલા મારા વ્હાલ વિસારી દીધું, અલબેલા અરજ સુણો મારી.
મનહર મોહન મોરારી, દયા કરી આશ પુરો મ્હારી;
છબીલાજી હું છું દાસી તારી, અલબેલા અરજ સુણો મારી.
એક વાર આવો તમે હરિ હાથ, ક્ષણ એક અળગા ન મેલું નાથ;
વદું વાર વાર જોડીને હાથ, અલબેલા અરજ સુણો મારી.
પ્હેલાં પાઈ પ્રેમ તણા પ્યાલા, હવે નવ તરછોડો નંદલાલા;
કરૂં કૃષ્ણજી હું કાલા વાલા, અલબેલા અરજ સુણો મારી.
ત્રીકમ તમ ચરણે મસ્તક નામી, ગોપીકાઓ અરજી કરે સ્વામી;
તારો ભવસિંધૂથી બહુ નામી, અલબેલા અરજ સુણો મારી.

ગરબી રાગ સદર.

વ્હાલા મારા વેરાગણ કીધી, શુદ્ધ બુદ્ધ સઘળી હરી લીધી;
શામળીયા સાન ભુલાવી દીધી, વ્હાલા મારા વેરાગણ કીધી.
પ્રથમ પ્યારા પ્રીતિ પૂરણ કીધી, દ્રગ બાણ વડે વશ કરી લીધી;
પછી પ્યારા શાને વિસારી દીધી ? વ્હાલા મારા વેરાગણ કીધી.
આપ પાછળ આથડીએ વનમાં, શરદ તાપ સહન કરી તનમાં;
વ્હાલા તોયે વિચારો નહિ મનમાં,વ્હાલા મારા વેરાગણ કીધી.
મોહન તારા નેત્ર તણા ચાળા, કલેજું કાપે છે કામણગારા;
લાડીલાજી લાલ છો લટકાળા, વ્હાલા મારા વેરાગણ કીધી.
કીધો મારા કલેજામાં ઘા કારી, પ્રીતિની કટારી મને મારી;
હવે હરિ હું રહી છું હારી, વ્હાલા મારા વેરાગણ કીધી.
વ્રજ વનિતા વિનવે જોડી હાથ, નિર્દય કેમ થયા છો નાથ;
ગ્રહો આવી દુઃખીયારી દાસીનો હાથ,વ્હાલા મારા વેરાગણ કીધી.
કોડીલા કોડ પૂરો મારા, ચરણ કમળ પ્રાણવત પ્યારા;
સુંદરજીના સ્વામી છો રઢીયાળા, વ્હાલા મારા વેરાગણ કીધી.

ગરબી બારમાસી.

(જોડી તેં નવ જોડ માડી—એ રાગ.)

સખી પ્રથમ માસ ગુમાવ્યો— બે વાર.
રાહ ઘણી મેં જોઈ તથાપિ, કૃષ્ણ હજુ નાવ્યો.
મારૂં મનડું હરણ કરી લીધું— બે વાર;
માસ બીજો હાય ! વીતિગયો પણ,દર્શન નવ દીધું.
પ્રગટયો પોષે અંગારો— બે વાર.
કૃષ્ણ જીવણ વિણ એળે જાયે, જન્મારો મારો.
મહા મહિનામાં મળવા માટે— બે વાર,
રજની દિવસ હું રખડી મરી બહુ,વાટેને ઘાટે.
ફાગણમાં રંગે રમવા— બે વાર.
ચિત ચાતુર આતુર હરિ સંગે ભોજનીયાં જમવા.
ચૈત્રે ચિત પ્રગટી ચીન્ગી— બે વાર.

વૃંદાવન વાસી વિરહે હાય ! જાશે કયમ જીંદગી.
વૈશાકે વ્હાલા વાંસે— બે વાર.
જોગણુ થઇ ભટકી જંગલમાં, કોઇ નહિ પાસે.
જેઠે બહુ લાગી માયા— બે વાર.
બંસીધર બહુ નામી વગરની, સુકાણી કાયા.
નથી શક્તિ રહી જરી તનમાં— બે વાર.
માસ અસાડ વીતિ જતાં રહી ગઇ, મન તણી મનમાં.
શ્રાવણમાં શામળીયો નાવ્યો— બે વાર.
હાય સખી તન લાય થાય છે, કૃષ્ણ કોણે ભરમાવ્યો ?
ભાદરવે ભર ચોમાસું— બે વાર.
ઝુરી ઝુરીને વખત ગુજારૂં, નયન ભરૂં આંસુ.
આવ્યો આશ્વિનને દિવાળી— બે વાર.
સુંદરજીના સ્વામી લેજો, ખબર હવે મારી.

અયોગ્ય પતિથી અબળાઓને થતું દુઃખ.

મનહર છંદ.

કન્યાનો વિક્રય કરી, પૈસાના લેનારા પાપી,
સજોડું કજોડું એવું, કાંઈ નથી જાણતા,
પૂરા પૈસા આપે એજ, પતિને પસંદ કરે,
ઉમ્મર પ્રમાણ કાંઇ, ઉર નથી આણતા;
બાળક યા બુઢ્ઢો હોય, તે તો નથી જોતા સોય,
માત્ર માયા વાળાનેજ, લાયક પ્રમાણતા,
સુંદરજી કહે આવા, મહા મૂઢ મતિ નરો,
પુન્યના પ્રભાવને તો, નથીજ પીછાણતા.

દોહરા.

કન્યા ખટ દસ વરસની, વરની વય ખટ ચાર;
પરણાવે એ ઉભયને, સુધરે શું સંસાર ?
બાર વરસની બાળકી, બાસઠનો વર રાય;
લગ્ન કરે લક્ષ્મી લઇ, પાછળથી પસ્તાય.
આ રીતે રથ એકમાં, હય ગજ જ્યાં જોડાય;

સુંદર શી રીતે નભે ? એવો ક્રુર અન્યાય.
ઘરડો કે બરવો પતી, યાને લઘુ વય હોય;
પ્રસન્ન થશે નહિ પ્રેમદા, કાન્ચન મઢિએ તોય.
યોવનવંતી નારિને, લાયક વરનું કામ;
વર નાલાયક હોય તો, બગડે કામ તમામ.
બીજાં સુખ બહુ હોય પણ, નારી નહિ ગણનાર;
નારી ઉર ઇચ્છે સદા, નિજ લાયક ભરથાર.
લાયક વરની લાડકી, લક્ષ કરે છે લાડ;
નાલાયક પતિની પ્રિયા, હોમે છે નિજ હાડ.
અણુગમતા પતિ યોગથી, હ્રદય બળે દિન રાત;
રડતી રાતે પાણિએ, યાદ કરી નિજ તાત.
ખાવું પીવું ખર્ચવું, કરવા ખાંતે ખેલ;
એવું સુખ સ્વપ્ને નહીં, દુઃખ દરિયે ડૂબેલ.
કામ સતાવે ક્રુરપણે, બાળે કાન્ચન કાય;
એ કારણ યોવન સમય, અબળા અતિ અકળાય.
આ રીતે પતિ કષ્ટથી, અકળાયેલી જેહ;
આત્મઘાત કરશે અગર, વણસી જાશે તેહ.
કુળવંતી સતિ સાધ્વી, કષ્ટ સહે નિજ કાય;
હીણા કુળની હોય તે, વેગે વંઠી જાય.
આ બાબત સહુ કોઇને, વિનવું વારંવાર;
હિતચિંતક હો પુત્રિના, કરજો વાત વિચાર.
એક પિતાના પુત્ર હો, મર્દ ખરા હો યાર;
તો કન્યા વિક્રય તમે, કરશો નહિ કો વાર.
નિજ કરથી ખાડો ખણી, નાખે નિજ પરિવાર;
એજ ખરેખર જાણવો, નર પશુનો અવતાર.
દિકરીની દોલત વડે, માણે જે જન મોજ;
નાશ થશે ત્રણ દિવસમાં, રૂહેશે નહિ તે રોજ.
દિકરીના લઇ દોકડા, શેઠ બને શઠ જેહ;
પણ પાછો નિર્ધન બને, અલ્પ વખતમાં એહ.

અધન અચળ રેતું નથી, રેશે નહિ કો કાળ;
એ માટે કરતા નથી, સજ્જન અધન સ્વિકાર.
કન્યા વિક્રય દ્રવ્યનો, કરશો જો ઈન્કાર;
તો તમને પ્રભુ આપશે, બીજા લાભ હજાર.
હોય કજોડું જે સ્થળે, વર ઘરડો યા બાળ;
કષ્ટ કથા કરતાં શ્રવણ, પ્રગટ થશે તન ઝાળ.

મનહર છંદ.

કજોડાંની કષ્ટ કથા, જોઈ જાણી હશે જેણે,
તેને તો જરૂર ઉર, અરેરાટી આવે છે,
નાઝુક નવેલી અને, કામથી બનેલી ઘેલી,
વનિતાનો વલોપાત, શ્રોતાને મુંજાવે છે;
નિચેનું વૃતાંત વાંચી, લક્ષમાં લેનારા લોકો,
અયોગ્ય પતિથી નિજ, પુત્રીને બચાવે છે,
સુંદરજી કહે સાચું, નમાલા પતિના યોગે,
યોવનમાં અબળાને, સમર સતાવે છે.

દોહરા.

યોગ્ય પતીથી પુત્રિને, પરણાવે જન જેહ;
પુત્રીની આશિશ વડે, સ્વર્ગ સિધાવે તેહ.
અણગમતા પતિ કષ્ટથી, દિકરી દેશે શ્રાપ;
સુંદરજી એ શ્રાપથી, નર્ક જશે મા બાપ.

બાળ પતિનો બળાપો.

ગરબી.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.)

નાવલીઓ ન્હાનોરે મ્હારો જોઇને,
મનડું મારૂં થાય અતિ ઉદાશ જો;
મેણાં મુજને મારે સખીઓ માહરી,

તેથી તનમાં પ્રગટે છે બહુ ત્રાસ જો, નાવલીઓ.
સખીઓના શૃંગારો સુંદર જોઈને,
દિલમાં મુજને પ્રગટે છે બહુ દુઃખજો;
શું સુખે શૃંગાર સજું હું આ સમે,
ફાળ પડે છે જોઈ પતિનું મુખ જો, નાવલીઓ.
માતાને પિતા રે મુજ વેરી થયાં;
કર્યો નહિ કાંઈ તેઓએ વિચાર જો,
બાળકડું સોંપ્યું રે લઈને મુજને,
જેને જોઈ ઉપજે અંતર ઝાળજો, નાવલીઓ.
કંથ તણી ઉમર છે વર્ષજ આઠની,
મને થયાં છે બાર અને વળી ચાર જો;
સિંહ સંગાથે બકરાંને લઇ બાંધીયું,
કહો તે ચાલે શી રીતે સંસાર જો? નાવલીઓ.
યોવનીયું ખીલ્યું છે આજે માહરૂં,
રતિપતિ મુજને મારે છે બહુ માર જો;
સુંદરજીના સ્વામી શિવને વિનવું,
લીઓ હવે તો અબળાની સંભાળ જો, નાવલીઓ.

દોહરા.

લઘુ બાળકના સંગમાં, રમતો જોઇ કાન્ત;
હ્રદય બળે આતસ વગર, થતું નથી તે શાન્ત.

શિખરિણી છંદ.

નિહાળી સ્વામીને, ચર ચર બળે છે ચિત ઘણું,
કહું શું હું કોને, હ્રદય સળગે છે મુજ તણું;
હતી હું કુંવારી, પતિ ચરિત જોવા મન થતું,
હશે કેવો? સ્વામી, ભ્રમિત ચિત મ્હારૂં ભટકતું.
પિતા માતા પાપી, સ્વહિત ચિત ચાહી ક્રુર કર્યું,
લિધા પૂરા પૈસા, અણુઝ વર સાથે ઘર કર્યું;
પતી પાસે જાવા, શયન ગ્રહમાં દાખલ થઈ,

નિહાળીને શોભા, મગન મનમાંહી બહુ થઈ;
લિલા પીળા તખ્તા, ઝુમર લટકે સુંદર અતી,
ચિત્રો છે ચિત્રેલાં, સકળ સ્થળ ખીલી રહિ રતી;
પલંગે પોઢેલો, અકલહિણુ સ્વામી મુજ તણો,
નિદ્રાએ ઘેરેલો, અણુઝ શિશુ ઉંઘે અતિ ઘણો.
જગાડયો ના જાગે, અતિ સખત મેં મ્હેનત કરી,
કિધા હાવો ભાવો, તદપિ સમજ્યો નૈ શઠ જરી;
કઢંગાની સંગે, નયન નખરાં મેં બહુ કર્યાં,
છતાં તે પાપીને, મદન સર અંગે નવ અડયાં.
રમે તે શું રંગે ? ખબર નથિ જેને રસ તણી,
સ્તનોને ખીલેલાં, નિરખિ મન પામ્યો ભય ઘણી;
પરાણે સાહીને, તન ઉપર તેનો કર ધરૂં,
ઉપાડી લે પાછો, પિડ પ્રબળ આ કયાં જઈ કહું ?

દોહરા.

પ્રેમામૃત પાવા પિવા, હતિ અતિ ઊર ઉમેદ;
પણ જોઇ પતિ મૂર્ખતા, ઉલટો પ્રગટયો ખેદ.
જે રજની રસ રંગમાં, જાવા હતિ મન હામ;
તે રજની અફશોષમાં, રડતાં વીતિ મુદામ.
માતા, ભગિની, ભામિની, ભેદ નથી જે ઊર;
શી રીતે તે લુંટશે ? યોવન આ ભરપૂર.
મુખ વીલ્લું કરિ માગતો, પીતા પાસે પાઇ;
એ પતિ મુજને શી રિતે ? થાય અરે ! સુખદાઇ.
માતાના ઉછરંગમાં, આળોટે છે આપ;
માતા થપ્પડ મારતાં, રડતો કરિ આલાપ.
ગોળ અગર દઇ દાળિયા, શાન્ત કરે છે માત;
એ ચેષ્ટા નિરખી નયન, સળગું છું દિન રાત.
ભડકે છે ભાળી મને, સળકે છે દ્રગ જોઈ;
ઝાલું જો જબરાઈથી, તુર્ત પડે તે રોઇ.
મા પ્હેરાવે પોતડી, પિતુ બંધાવે પાઘ;

શી રીતે રસ જામશે ? એ મૃગને હું વાઘ,
માત કમર પર બેસવા, છે મનમાં હજુ હામ;
કેમ કરી એ કંથજી, શાન્ત કરે મુજ કામ.
સખિઓ સઘળી સાનમાં, બતલાવે પતિ બાળ;
કરતી મારી મશ્કરી, જોતાં પ્રગટે ઝાળ.
દિવસ સકળ જન સંગમાં, માંડ વિતે સુંઝાઈ;
પણ જાતી નથિ પાપણી, રાત મહા દુઃખદાઈ.
શાન્ત થવા કરતી સદા, બિનય વિવેક વિચાર;
પણ કુસુમાયુધ ક્રુરપણે, અકળાવે આ વાર.
ઘાટ ઘરેણાં છે ઘણાં, વસ્ત્રો વિવિધ પ્રકાર;
પણ પ્રભુએ આપ્યો નહીં, મુજ લાયક ભરથાર.
જેણે આ અબલા મને, વળગાડી છે ખાસ;
મુજ સુખનાં એ શત્રુનું, જાશે સત્યાનાશ.
કળકળતી મુજને કરી, ઉપજાવ્યો બહુ ત્રાસ;
તે સ્વારથ સાધક જનો, કરજો નર્ક નિવાસ.
અંતરમાં આવી નહીં, માત પિતાને મ્હેર;
અણગમતો વર આપિને, જીવિત કીધું ઝેર.
અણઘટતા આ લગ્નમાં, અનુમોદન દેનાર;
પડશે કુંભીપાકમાં, ફેર નહીં તલ ભાર.
મામો, માસી ને વળી, બીજાં આગેવાન;
એ પણ ભુંડી હાલતે, વળવળશે વેરાન.
બિપ્ર મુખે કરતો હતો, વરનાં વિવિધ વખાણ;
તે દુષ્ટે લલચાવિને કાઢયો મારો ઘાણ.
કરવી જઈ કોની કને, આ દિલ દુઃખની વાત;
સુણનારાં શત્રૂ થયાં, તાત અને મુજ માત.
કવિ કોવિદ સહુ સાક્ષરો, મનમાં લાવી મ્હેર;
કષ્ટ કથા આ માહરી, કરજો જગ જાહેર.
કોઇ કજોડું નવ કરે, કરજો એ ઉપદેશ;
આશિષ દેશે આપને; અબળા જાત હમેશ.

મેં તો કાઢયો કષ્ટમાં, એળે આ અવતાર;
પણ બીજી બ્હેનો તણો, કરજો આપ ઉધાર.
વિપતો મેં વેઠી ઘણી, અંતર આણી ધીર;
પણ મદને મદ મારથી, શોષ્યું મુજ શરીર.

મનહર છંદ.

વિયોગી વનિતાઓને, સમર સતાવે પણ,
સંયોગ થવાથી પછી, કષ્ટ નષ્ટ થાય છે,
અયોગ્ય પતિની પ્રિયા, પતિ પાસે હોવા છતાં,
મદનના માર વડે, પ્રાણાંત પીડાય છે;
આવી રીતે યોવનમાં, કામથી બળેલી બાળા,
પરિણામે ભયંકર, રોગ ભોગ થાય છે,
સુંદરજી કહે આવી, કજોડાંની કષ્ટ કથા,
સુણવાથી સજ્જનોનાં, હૃદય ચીરાય છે,

દોહરો.

સજ્જન સાચા હો તમે, સાચા હો વિદ્વાન;
પાત્ર બરોબર જોઇને, દેજો કન્યા દાન.

લાયક પતિ મળવાથી સ્ત્રીને થતો આનંદ.

લાવણી.

(જોડી તેં નવ જોઈ માડી–એ રાગ.)

મળ્યો મને શોખીલો સ્વામી— બે વાર.
છેલ છબીલો નવલ રંગીલો, નથી કશી ખામી.
દેખી દ્રગ છાતી ઠરે મ્હારી— બે વાર.
પ્રેમામૃતનું પાન કરાવી, મોજ કરે ભારી.
સજું હું શૃંગારો જ્યારે— બે વાર.
વદન મનોહર પ્રફુલ્લિત રાખી, નિરખે છે ત્યારે.
જાણે રસીલો રસની રીતિ— બે વાર.
પ્રેમાલીંગન આપી મુજને, દર્શાવે પ્રીતિ.
મદ મસ્ત દિસે છે છેલી— બે વાર.

ચપળ નયનની ચાતુરીથી, કીધી મને ઘેલી.
વદે વિમળ વચનો પ્યારો— બે વાર.
શાસ્ત્ર કથા ઈતિહાસ સુણાવી, કોડ પુરે મ્હારો.
વ્યભિચારી નઠારી નારી— બે વાર.
પ્યારો મારો એવી સાથે, કરે નહિ યારી.
ખરી લગ્ની મુજથી લાગી— બે વાર.
પતિ પ્રતાપે આ જગમાં હું થઈ ખડી ખડ ભાગી.
ઉર કદી અભાવ નવ લાવે— બે વાર.
કૂડ કપટથી અલગ રહેવા, વિવેકે સમજાવે.
પામી હું સ્વામી સુખ સારૂં— બે વાર.
શ્રી સ્વામી કરૂણાથી થયું છે, ભાગ્યોદય મ્હારૂં.
ગિરિજેશ હમેશ હું સેવું— બે વાર.
એથી ઉમાપતિએ આપ્યું છે, સુખ મુજને એવું.
સજોડે સુખ જે થાતું— બે વાર.
કહે સુંદરજી કરી વિનંતિ, કથ્યું નથી જાતું.

મનહર છંદ.

સદ્‌ગુણી સ્વામી સમ, સુખ બીજું કાંઈ નથી,
કથી કથી કેતાં મને, પ્રેમાનંદ થાય છે,
આનંદ ઓચ્છવ થાય, દંપતિનું દુઃખ જાય,
મોજને મજામાં બધી, જીંદગાની જાય છે;
કર્યું જેણે લગ્ન મારૂં, તેનું સદા થાજો સારૂં,
એવું મારૂં મન તેને, આશિર્વાદ આપે છે,
સુંદર શોખીન સ્વામી, પિતાને પ્રતાપે પામી,
હવે નથી ખામી કાંઈ, હર્ષ ઘણો વ્યાપે છે.

લાવણી.

પતિ લાયક મળવાથી મુજને, સુખ મળ્યું સંસાર તણું;
આશિષ દઉં મુજ માત પિતાને જીવો જગમાં તેહ ઘણું.
જે પોતાની પ્રિય પુત્રીનું, યોગ્ય પતિથી લગ્ન કરે;

તે પોતે સુખ પામે પુરણ, દિકરી દિન સુખમાં ગુજરે.
જે પાપી જન પૈસા લેવા, દિકરીને દુઃખ આપે છે;
તે નર પર પ્રભુ કોપ કરીને, નર્ક કુંડમાં નાખે છે.
કરશો નહિ કદિ કોઈ કજોડું, જોડું શુભ સહુ કો કરજો;
સુંદરજીની શિક્ષા સારી, આર્ય બંધુ અંતર ધરજો.

દોહરા.

વૈભવ થોડો કે ઘણો, તેની નહિ દરકાર;
પણ સુંદરજી સૃષ્ટિમાં, લાયક પતિ બલિહાર.
સરખે સરખું જોડલું, દંપતિ દઢ દિલદાર;
પાય પિએ રસ પ્રીતથી, ઉત્તમ એ અવતાર.
એક બિજાની આંખમાં, અમૃત ઝરણુ જણાય;
દ્રગ સંગે દ્રગ મેળવે, હૃદય પ્રફુલ્લિત થાય.
પ્યારીને પ્યારો પ્રિયે, પ્યારાને પ્રિય નાર;
આનંદી મુખ ઉભયનાં, ઉત્તમ એ અવતાર.
આજ્ઞા પાળે કંથની, શ્યામા સ્નેહ સહીત;
સ્વામી પણ પરણી પ્રિયા, ચાહે એકજ ચીત.
રૂપ ગુણે સમ તુલ્ય છે, દંપતિ ગુણ ભંડાર;
ક્લેશ કરે નહિ સ્વપ્નમાં, ઉત્તમ એ અવતાર.

સોરઠા.

જગમાં જે ઘર હોય, સરખે સરખું જોડલું;
સુખિઓ સાચો સોય, સુંદર આ સંસારમાં.
ભામાને ભરથાર, સદ્દગુણ શીખી શીખવે;
દંપતિ દુષ્ટાચાર, સ્વપ્નામાં સમજે નહીં.

દોહરા.

ભાવ સહિત ભેળાં રહે, પ્રતિ દિન વધતો પ્યાર;
સારસ સરખું જોડલું, જૂદાં નહિ પડનાર.
એક દુઃખે દુઃખ બેઉને, અંતર પૂરણ પ્યાર;
સરખે સરખાં પતિ પ્રિયા, સફળ સમજ અવતાર.

દંપતિ નિર્મળ નેહમાં, આવે જે આનંદ;
વર્ણન એ સુખ શાન્તિનું, કેમ કરે મતિ મંદ.
પ્રેમી જોડું સર્વદા, કરે પ્રેમનું પાન;
જીવ જતાં લગી જાળવે, હારલ કાષ્ટ સમાન.

મનહર છંદ.

શાણા સદ્‌ગુણી અને, અનુભવી હોય તેઓ,
જાણે છે જગતમાંહી, સજોડાંનાં સુખને,
રૂપ સદ્‌ગુણ સાથે, ગુણમાં સમાન હોય,
તે દંપતિ દેખે નહિ, દૃષ્ટે કદિ દુઃખને;
પતિ પર નારી ત્યાગી, સતી પતિ પદ રાગી,
એવાં પતિ પ્રિયા માણે, સ્વર્ગાધિક સુખને,
સુંદર સ્વજ્ઞાતિ તણા, આગેવાનો એક મતે,
સજોડાં જોડીને કાઢો, કજોડાંનાં દુઃખને.

સરોવર સમાગમ.

દોહરા.

સાંજ સમય હું શોખથી, ગયો સરોવર તીર;
ત્યાં તારૂણી તુજને જોતાં થયો અધીર.

હરિગીત છંદ.

મન મગ્ન થાવા સર તિરે, ફરતો હતો આનંદમાં,
જોતો હતો વૃક્ષો વિષે, ટોળાં વિચિત્ર વિહંગનાં;
મધુરા પવનની લ્હેરખી, લળિ આવતી હતિ મુજ ભણી,
તેમાં વિશેષે કોકિલા, કરતી ખુશી દિહુ દિહુ ભણી.
એવે સમે મુજ અંગમાં, આનંદ રંગ રહ્યો ફરી,
ત્યાં આવિ તું લટકાળિ નારી, યોવનાળી મદ ભરી;
અતિ ચપળતા ભરિ ચાલથી, ચતુરાઇ જણાવી ચારૂ તેં,
પછિ મૂખનાં મૃદુ હાસ્યથી, મોહિત કર્યું મન મ્હારૂં તેં.
કાન્તા બતાવી કાન્તિ તારી, કાન્તિ મુજ લીધી હરી,
કરિ કતલ તું મુજ કાળજું, પછિ ગૃહ ભણી પાછી ફરી;

આવી હતી ચિત ચોરવા, મુજ ચિત ખચિત ચોરી ગઇ,
કરિ નેત્રનાં નખરાં અરે ! તું પ્યાર મુજ ખેંચી ગઈ.
તું પ્રેમ પ્યાલી પાઈને, મુજ ચિત ભ્રમિત કરતી ગઈ,
વળિ પ્રેમના સાગર વિષે, પ્રિય પ્રાણને હરતી ગઇ;
આવ્યો હતો આનંદથી, લેવા ઉરે આનંદને,
ઉલટું થયું અતિ દુઃખ દિલે, વિસરી ગયો સ્વાનંદને.
મન્મથ સતાવે છે મને, એ તાપ સ્હેવાતો નથી.
વ્હાલી થતાં વિયોગ તારો, કષ્ટની કંઇ હદ નથી.
દુઃખનું કટક દળ દેખિને, અંતર પિડા ઉપજી ઘણી,
ત્યાં તર્ક શુભ દિલ આવિયો, તે માન્ય કીધો મણિ ગણી;
કે પત્ર લખું હું પ્યારીને, મુજ પ્રેમ કષ્ટ જણાવવા,
તેથી લખું છું હું તને, આ પ્યારની ભરિ પત્રિકા.
માટે મુકી તુજ માનને, તું માન્ય કર મુજ માગણી,
દુઃખ માહરૂં મેં તુજ કને, ઉપર જણાવ્યું વર્ણવી;
તેથી કરી મુજ મન તણા, સુવિચાર તું સમજી હશે,
કર મ્હેર તું મૃગ લોચની, તો કષ્ટ સઘળાં દુર ખસે;
વંદન કરૂં બહુ વાર હું, કવિ સુંદરજીના સ્યામને,
કરશે પુરણ પ્રભુ પ્રેમથી, નિજ દાસના મન કામને.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

આવી તું ચિત ચોરવા ચિત તણી, ચોરી કરી ગૈ અરે !
ભુલાવ્યો બહુ ભામિની ભવ વિષે, માયા લગાડી ખરે;
જેવું આતુરતા ભર્યું મુખ હતું, પ્રેમી પ્રિયા તાહરૂં,
તેવું સુંદર તેં કર્યું ચિત હવે, આવે સમે માહરૂં.

વિદેશ જતા પતિ પ્રત્યે પ્રિયાની અરજ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

સ્વામી સાંભળજો તમે અરજ આ, બે હાથ જોડી કહું,
જાઓ જો પિયુજી મને પરહરી, તો જીવતી શે રહું ?

ભાસે રાન સમાન સૌ તમ વિના, સારૂં ન લાગે જરી,
છોડો વાત વિદેશમાં વિચરવા, અર્જી દિલે આ ધરી.

બનજારા.

તમે વિનતિ લીઓ સ્વીકારી, કરે અરજ દાસી તમારી ટેક.
છો પ્રાણ થકી પિયુ પ્યારા, કેમ કરૂં ઘડી એક ન્યારા;
તમ વિયોગ છે દુઃખકારી, કરે અરજ દાસી તમારી.
પરદેશ જવાની વાત, શીદ કરો છો સ્વામીનાથ;
કદી એકલી નહિ રહેનારી, કરે અરજ દાસી તમારી.
રસીલા રસમાંહી રમાડો, કરી મ્હેરને લ્હેર ઉડાડો;
છું નવ યોવન હું નારી, કરે અરજ દાસી તમારી.
આ તન મન છે જે મારૂં, તે સમજો સ્વામી તમારૂં;
નથી આપ થકી હું ન્યારી, કરે અરજ દાસી તમારી.
અતિ ઉમંગે રમવા રંગે, ચિત ચ્હાય પિયુ તમ સંગે.
ખરી જુવાની ખીલી છે મારી, કરે અરજ દાસી તમારી.
મુકો વિદેશ જવાની વાત, જો જશો તો કરીશ હું ઘાત;
પણ વિયોગ નહિ સહેનારી, કરે અરજ દાસી તમારી.
ખરૂં યોવન ખીલે જ્યારે, પતિ વિદેશ જાય જો ત્યારે;
પુરી અભાગણી એ નારી, કરે અરજ દાસી તમારી.
રંગ ભૂવન છે રઢીયાળાં, મુજ ઉર તે લાગે અકારાં;
જો જાઓ પિયુજી વિસારી, કરે અરજ દાસી તમારી.
ચાંપું ચર્ણ પ્યારા તમારા, નવ મેલું નેત્રથી ન્યારા;
જાઉં આપ ઉપર હું વારી, કરે અરજ દાસી તમારી.
નહિ નયને નિદ્રા આવે, તેમ મિષ્ટ ભોજન નવ ભાવે;
લાગે વિવિધ રસોઈ ખારી, કરે અરજ દાસી તમારી.
તમ દર્શન વિણ દિન જાય, તે કોટિ કલ્પવત થાય;
નથી રહેતી ધીરજ ધારી, કરે અરજ દાસી તમારી.
કદી એકલી મુકી જો જાશો, તો પાછળથી પસ્તાશો;
વદું વિનય વચન વિસ્તારી, કરે અરજ દાસી તમારી.

તમે ત્યાગ કરો કદી મારો, તો હું પ્રાણ તજું મુજ પ્યારો;
પણ વિખુટી નહિ રહેનારી, કરે અરજ દાસી તમારી.
જળ જંતુ જળ તજી જાશે, તો મોત કમોતે થાશે;
કહું વાત ખરી વિચારી, કરે અરજ દાસી તમારી.
મને મેલો તમે જો અળગી, તો હું જાઉં વિરહથી સળગી;
મને મદન નાખે મારી, કરે અરજ દાસી તમારી.
તમ વિણ સકળ સુખ સાજ, નિરખી હું થાઉં નારાજ;
ભાસે ભુવન ભયાનક ભારી કરે અરજ દાસી તમારી.
મને સજીવ જોવા હોય મરજી, તો ધ્યાને ધરો આ અરજી;
જવું વિદેશ મેલો વિસારી, કરે અરજ દાસી તમારી.
નથી વખત વિદેશ જવાનો, છે પુષ્કળ માલ ખજાનો;
ખાલી ખોટી શી કરવી ખુવારી, કરે અરજ દાસી તમારી.
દીધી દોલત દૈવે પુરી, નથી ઇંદ્ર ભુવનથી અધુરી;
હવે વિશેષ શું કરશો વધારી? કરે અરજ દાસી તમારી.
કહે સુંદરજી કરી વિનતિ, હોય પ્રમદા તણી શુદ્ધ પ્રીતિ;
તો પ્યારી ન કરશો ન્યારી, કરે અરજ દાસી તમારી.

મનહર છંદ.

યોવન બહાર જ્યારે, ખરેખરી ખીલે ત્યારે,
પુરૂષોએ પ્રેમદાને, પોતા પાસે રાખવી,
ખીલેલી કુસુમ કળી સુગંધીથી હોય ભરી,
લાયક નરોએ તેની, લીજ્જતને ચાખવી;
વખત વ્યતિત થાય, વાસના વિનાશ થાય,
કળી કરમાઈ જાય, કષ્ટ નિજ દાખવી,
સુંદર સુગંધી અને, કોમળ કુસુમ કળી,
વાસ લીધા વિના તેને, મુકવી ન નાખવી.

દોહરા.

વિરહ વ્યથા બહુ વિકટ છે, મુજથી નહિ રહેવાય;
સુંદર પ્યારા પતિ વિના, કરમાશે આ કાય.

લાવણી.

(જોડી તેં નવ જોઈ માડી—એ રાગ.)

શે સહી શકું વિયોગ તમારો— બે વાર.
ઘડી એક મુજને ચેન પડે નહિ, જીવ તલપે મારો.
લાગે સંસાર સઘળો ખારો— બે વાર.
મદન અરિ ઉર ક્રોધ કરીને, દેહ દમે મારો.
જામે નિશા અંધારી ભારી— બે વાર.
એકલી ભૂવનમાં નક્ત સમય હું, ભય પામું ભારી.
હણો પ્રથમ મુજને સ્વામી— બે વાર.
પછી ખુશીથી વિદેશ પધારો, કહું છું શિર નામી.
નહિ વિરહ વેઠું પ્યારા;— બે વાર.
પ્રાણ જતાં પણ પ્રાણપતિ હું, કરીશ નહિ ન્યારા.
રહેશું નિત સંગે ઉમંગે;— બે વાર.
સુંદરજી છેડો નહિ છોડું, રમવું છે રંગે.

રૂચિરા છંદ.

રમશું જમશું ખાશું પીશું, મોજમજા કરશું પ્યારા,
પ્રાણેશ્વર મુજ પ્રાણ જશે પણ, અલગ થશે નહિ આ દારા;
જાવાનું જ્યાં કીધું આપે, આતસ અંતરમાં સળગી,
માટે સુંદર માનો મારૂં, મેલો નહિ મુજને અળગી.

(ક્ષત્રી કલંક કેમ લેશોરે—એ રાગ.)

સુણો સુણો સલુણા સ્વામીનાથ,વિયોગ હું વેઠીશ નહિ રે.
કહું છું જોડીને હાથ, વિયોગ.
તમે છો મમ પ્રાણ આધાર, વિયોગ.
આપ વગર સુનો સંસાર, વિયોગ.
તમ વિરહે બનું બેભાન, વિયોગ.
લાગે ગૃહ મુજને શમશાન, વિયોગ.
પિયુ પરહરી જાશો પરદેશ, વિયોગ.
થશે પાછળથી પૂરો કલેશ, વિયોગ.
જો જાશે કદી મારો જાન, વિયોગ.

છે સ્વામી સેવાનું મને માન, વિયોગ.
નહિ તજું તમારો સંગ, વિયોગ.
સુંદર સજોડે રહેવાનો ઉમંગ, વિયોગ.

અરજનો પ્રત્યુત્તર.

માલિની છંદ.

મનહર મુખ તારૂં, માનુની પ્યારિ મારી,
નિરખિ નયનથી મેં, ખોઈ છે શુદ્ધ સારી;
જરૂર જવું પડે છે, તેથિ લાચાર છું હું,
તુરત વળિશ ત્યાંથી, ધૈર્ય ધારી રહે તું.

શિખરિણી છંદ.

મૃગાનેણી તારાં, ચપળ નયને ઘાયલ થયો,
નિહાળી ચાતૂરી, હરખ મનમાંહી અતિ થયો,
છબી પ્યારી તારી, અવર નવ લાગે પ્રિય મને,
અહોરાત્રી તારૂં, રટણ કરવું અંતર ગમે,
દ્રગેથી દેખીને, પરમ સુખ પામું મન વિષે,
જરા છેટે જાતાં, દુઃખદ પ્રગટે છે દિલ વિષે;
નથી બીજું વ્હાલું, તરૂણિ તુજમાંહી ચિત ઠરે,
છતાં પ્યારી મારી, અવર વશ શું સુંદર કરે?

બનજારા.

યોવનમાં તજતાં ન્યારી, નથી હિંમત ચાલતી મારી. ટેક,
ઘણું ઘણું મનમાંહી વિચાર્યું, પણ ધર્યું રહ્યું મુજ ધાર્યું;
પછી છેવટ ગયો હું હારી, નથી હિંમત ચાલતી મારી.
તને તજીને જવું નથી ગમતું, મુજ ચિત રહે તુજમાં ભમતું;
પણ પરવશથી લાચારી, નથી હિંમત ચાલતી મારી.
મુજ માત તાતને ભ્રાતા, થયાં વેરી સહુ દુઃખદાતા;
કહે કર વિદેશ તૈયારી, નથી હિંમત ચાલતી મારી.
મેં જવા ઈતરાજી જણાવી, તે વાત તેને નહિ ભાવી;

કહે દાનત ખોટી છે તારી, નથી હિંમત ચાલતી મારી.
બહુ મેણાં મુજને મારે, નથી શક્તિ રળવાની તારે;
ક્રુર વચન વદે ફીટકારી, નથી હિંમત ચાલતી મારી.
અલ્પ વખતમાં આવીશ હું, નહિ સંશય મન લાવીશ તું;
મળશું સુંદર પિયુ પ્યારી, નથી હિંમત ચાલતી મારી.

સોરઠો.

વડિલો વારંવાર, ઇચ્છે અંહિથી કાઢવા;
પણ પ્યારી તુજ પ્યાર, રોકી રાખે છે મને.

ઇંદ્રવિજય છંદ.

પ્રેમ નિઘા પટકી મુજ ઊપર, ઘાયલ ચિત્ત કર્યું પ્રિય પ્યારી;
હાય ! હવે કયમ શાન્તિ થશે ઉર, લાગિ ખરેખર પ્રેમ કટારી;
ચેન નહીં દિન રેન પડે ચિત, હું મળવા પ્રિય આતુર પૂરો,
સુંદરજી દ્રગ બાણ વડે મુજ, કાળજું ચીરિ કર્યું ચકચૂરો.

શિખરિણી છંદ.

અરે ! ઓ પ્યારી તેં, કવણ મુજને કામણ કર્યું ?
ભુલાવી લોભાવી, રસિક પ્રિય મારૂં મન હર્યું;
દ્રગો કારી મારી, હૃદય મમ ભેદી ચુર કર્યું,
શશીકાન્તા શાણી, સમર સરથી સર્વસ હર્યું.

મનહર છંદ.

પ્યારી મોહકારી તારી, છબીલી છબી છે ન્યારી,
ધારી ધારી જોવા મને, ચિત ચાહ થાય છે,
મૃગાનેણી મૃદુવેણી, કેણી કર્ણ પ્રિય કર,
સુણતાં હૃદય મારૂં, પ્રફુલ્લિત થાય છે;
સુખ ઉપજાવનારૂં, કષ્ટ નષ્ટ કરનારૂં,
પ્યારૂં તારૂં મુખ સારૂં, અન્ય દુઃખદાઇ છે,
વિલોલ નયન તારા, વિવિધ વિલાસ પ્યારા,
સુંદરજી યાદ કરી, ખુશી ખુબ થાય છે.

સોરઠો.

કારી નયન કટાર, મારી તેં મુજ હૃદયમાં;
અલબેલી હે ! નાર, સુંદર તન મુજ સારિયું.

દોહરો.

તું સાચી સુખદાઈની, તું સાચી હિતકાર;
તું સુંદર જીવન સદા, તું હૈયાનો હાર.

ઈંદ્રવિજય છંદ.

આણુપ્રિયા મુજ પ્રાણ જશે પણ, હું તુજથી નહિ અંતર રાખું,
પ્રીતનિ રીત ખચીત હું પાળિશ, સોગન ખાઈ યથારથ ભાખું;
અંતર એટજ નામ પ્રિયે તુજ, અન્ય વડે કદિએ નહિ રાચું,
સુંદર અન્ય ભલે સુખ સાગર, તો પણ તું વિણુ છે સહુ કાચું.

સોરઠો.

ગોળી ગેબી માર, તેથી તન બચશે કદી;
તરલ નયન સર માર, લાગે તે જીવે નહીં.

માલિની છંદ

તરલ નયન તારાં, રંગિલી છે રૂપાળાં,
મુજ મન હરનારાં, પ્રાણ જેવાંજ પ્યારાં;
વિજ વત ચળકાટે, ભાન ભુલાવિ દીધું,
રસિલિ રસ લગાડી, તેં મને આ શું કીધું ?

સોરઠો.

નયન રૂપી બે બાણ, અજબ કળા એમાં દિસે;
થશે પ્રાણની હાણ, તો પણ તે નહિ વીસરે.

તોટક છંદ.

નિરખી મુજને નખરાં કરતી, કરિ ચંચળતા ચિતડું હરતી;
તલકે મળવા પ્રિય તું મુજને, ક્યમ સુંદર હું ન ચહું તુજને ?

દોહરા.

ગોરૂં ગોરૂં અંગ છે, ગોરા ગોરા ગાલ;
એ શોભામાં અધિકતા, ઓષ્ટ દિસે છે લાલ.

તોટક છંદ.

ચળકે વિજળીવત કાન્તિ પ્રિયા, લળકે કટિ સિંહ સમાન ત્રિયા;
દ્રગ બાણ વડે તન સારતિ તું, છકમાં ખુબ છાતિ ઉછાળતિ તું.

હરતાં ફરતાં નજરે ચડતી, દ્રગથી દ્રગ મેળવિને લડતી;
પદને ઠણુકે રણુકે ઘુઘરી, પ્રિય સુંદરજી ચિત લીધું હરી.

સોરઠો.

તાકી માર્યું તીર, તરૂણી તેં તક જોઈને;
સાર્યું સુંદર શરિર, રૂઝવું બહુ મુશ્કેલ છે.

ઇંદ્રવિજય છંદ.

દામનિ તુલ્ય દિસે ચખ ચંચળ, અંતર ભેદક વાણુ મધૂરી,
હાસ્યવિનોદ કરી હરતી ચિત, પ્રીત તણી રિત જાણુછ પૂરી;
શાસ્ત્ર કથા લખનાર કવિશ્વર, પદ્મણિ આદિ સુ નાર વખાણી,
એથિ અધીક ગુણો તુજમાં પ્રિય, સુંદર ભાલ ભલે તું લખાણી.

શિખરિણી છંદ.

રજા દે રાજી થૈ, પર મુલક જાવું શશિમુખા,
રડીને શોકેથી, ન કર મુજને હે! પ્રિય દુઃખી;
મને છે બૈ ચિન્તા,તુજ મુજ તણા યોવન તણી,
રડે તું શા માટે? રસિલિ કરશે રક્ષણ ઘણી.

પતિ વિરહ.

મદિરા છંદ.

પ્રાણપ્રિયે પરદેશ ગયા મમ, એકલિ મૂકિ ગયા મુજને,
અંતરમાં અગની સળગે અતિ, કષ્ટ કહું સખિ શું તુજને;
નાથ વિયોગ તણું સખિ સંકટ, નાથ વિયોગણ જાણિ શકે,
સુંદર જીવનહાર વિના મુજ, પ્રાણ નહીં પળ એક ટકે.

ચામર છંદ.

કાન્તિ પામિ નાશને હુલાસ નાશ પામિયો,
નાથના વિયોગથી ન જીવ ક્યાં વિરામિઓ;
અંગનો ગુલાબિ રંગ તે પિળો પડી ગયો,
રોઈ રોઇ થાકિ હાય! તોય નાથ નાવિઓ.

બનજારા.

જે છે પ્રાણ થકી મને પ્યારો, થયો નાથ નમેરો મારો. ટેક.

ગયાં વિદેશ વર્ષ થયું એક, હું છું યૌવન બાળે વેશ;
તજ્યા શ્રેષ્ટ સહુ શૃંગારો, થયો નાથ નમેરો મારો.
મને મળવા દીધી હતી આશા, તે તદન થઇ છે નિરાશા;
હાય ! હવે પ્રેમ ખરો ઉતાર્યો, થયો નાથ નમેરો મારો.
હું ઝુરૂં છું સ્વામીને મળવા, પ્રિય પ્રાણની સેવા કરવા;
પ્રગટયો અંગે અંગારો, થયો નાથ નમેરો મારો.
કરે સતી પતિની સેવા, પ્રભુ પદ પંકજ સુખ લેવા;
પામે પ્રમોદ પત્ની ને પ્યારો, થયો નાથ નમેરો મારો.
કાંઈ પૂર્વે કર્યાં હશે પાપ, આવ્યાં આડાં તે આપોઆપ;
તેથી થયો પતિથી જુદારો, થયો નાથ નમેરો મારો.
કોઈ સખી સજે શૃંગાર, મુજ અંતર પ્રગટે ઝાળ;
લાગે સંસાર સઘળો ખારો, થયો નાથ નમેરો મારો.
થયું આતુર અંતર મારૂં, જોવા મુખ પતિનું પ્યારૂં;
થશે સંયોગ કયારે સારો, થયો નાથ નમેરો મારો.
થાય અસ્ત દિવાકર જ્યારે, પામે સંકોચ કમળો ત્યારે;
છે રવિ કમળને પ્યારો, થયો નાથ નમેરો મારો.
સહે કમળ નિશાએ દુઃખ, પાછું પામે પ્રભાતે સુખ;
પણ મારો ન આવે આરો, થયો નાથ નમેરો મારો.
થયાં કૃપણ સાસુ શ્વસુર, દયા આણતાં નથી તે ઉર;
ગણ્યો પુત્રથી પૈસો પ્યારો, થયો નાથ નમેરો મારો.
જાય જોબન ઝોલાં ખાતું, નહિ મળે તે પાછું વેચાતું;
જશે એળે બધો જન્મારો, થયો નાથ નમેરો મારો.
મને ગાન તાન નથી ગમતું, રહે ચિત ભ્રમિતવત ભમતું;
મહા કષ્ટે કરૂં દિ ગુજારો, થયો નાથ નમેરો મારો.
પીડે મદન આઠે જામ, નથી સુઝતું કાંઇ કામ;
જાદુ કરી ગયો કામણગારો, થયો નાથ નમેરો મારો.
તજી ધર્મને થાઉં વ્યભિચારી, તો લાજે જનેતા મારી;
પામે કુળ બંધું ધીટકારો, થયો નાથ નમેરો મારો.
કદી જાર કરમ હોય કરવું, તો તેથી ભલું છે મરવું;

પર નર કરવો નહિ પ્યારો, થયો નાથ નમેરો મારો.
પતિવૃત પાળે જે નારી, પામે સુખ સંપત બહુ સારી;
સત્ય વચન સુંદરજી સ્વીકારો, થયો નાથ નમેરો મારો.

મન્દાક્રાન્તા છંદ.

ખાવું પીવું, પ્રિય નહિ મને, દુઃખમાં છું ડુબેલી,
શાણા સ્વામી, દરશન વિના, હું બની છેક ઘેલી;
સાથે જાવા, અરજ કરિ મેં, માનિ ને વાત મારી,
રે! રે! પ્યારી, પ્રિય પતિ વિના, મારિ થૈ બો ખુવારી.

સમાનિકા છંદ.

નાથને નથી દયા, તેથિ તે તજી ગયા,
એકલી મુકી ગયા, હાલ હાય! શા થયા?
ધ્યાન અંતરે ધરૂં, યાદ એકને કરૂં,
હાય હું ભલે મરૂં, નાથને ન વીસરૂં.

ગરબી.

(અલબેલા અરજ સુણો મારી—એ રાગ.)

સાંભળ મારી પ્યારી સખી શાણી, કહું મારાં કર્મ તણી કહાણી.
કારતક માસ રૂડો આવ્યો, ભોગી ભ્રમરને મન ભાવ્યો;
મારો નાથ નમેરો નવ આવ્યો, સાંભળ મારી પ્યારી સખી શાણી.
માગસરે મનડું રહ્યું મોહી, પ્રિતમ તણી રાહ ઘણી જોઇ;
લાવ્યું નહિ સ્વામી સંદેશો કોઈ, સાંભળ મારી પ્યારી સખી શાણી.
પોષ મહિને શિતળ વા વાય, દિવસ ટુંકા નિશા મોટી થાય;
સ્વામી વિના મંદિર ખાવા ધાય, સાંભળ મારી પ્યારી સખી શાણી.
મહા મહિને ચિત ચિન્તાતુર, મળવા પ્રિતમને થઇ હું આતુર;
ખીલ્યું મારૂં જોબનીયું ભરપૂર, સાંભળ મારી પ્યારી સખી શાણી.
ફાગણે દંપતિ રંગે રમે, મિષ્ટ મિઠાઈ ભોજનીયાં જમે;
વ્હાલા વિના મુજને ન કાંઈ ગમે, સાંભળ મારી પ્યારી સખી શાણી.
ચૈતરે ચિતડું થયું ચકચૂર, એળે જાયે જુવાની ભરપૂર;

નાવલીઆ વિના ઉડી ગયું નુર, સાંભળ મારી પ્યારી સખી શાણી.
વૈશાખે વાવલીઆ વાયા, સ્વામી વિના સુકાણી કાયા,
મારે નાથે ઉતારી નાખી માયા, સાંભળ મારી પ્યારી સખી શાણી.
જેઠે જોબનીયું ઝોલાં ખાય, તાપ તપે તનડું અકળાય;
સ્વામી વિના શાન્તિ મને નવ થાય, સાંભળ મારી પ્યારી સખી શાણી.
અસાડે અલબેલી નારી, પિયુ સંગે રંગે રમે પ્યારી.
મોજ્યું માણે માણીગરો ભારી, સાંભળ મારી પ્યારી સખી શાણી
શ્રાવણે સોળ સજી શૃંગાર, કનક મણી મય ગ્રહીને થાળ;
ચાલે ચંચળ ચતુરાં શંકર દ્વાર, સાંભળ મારી પ્યારી સખી શાણી.
ભાદરવે પણ આવ્યો નહિ ભરથાર, પ્રાણ પ્યારે ઉતારી નાખ્યો પ્યાર;
અળખામણા લાગે સુંદર શૃંગાર, સાંભળ મારી પ્યારી સખી શાણી.
આશ્વિન આવ્યો સખી શાણી, વહે ચક્ષુથી ચોધારાં પાણી;
રતિ પતિ તાપે અતિ તપાણી, સાંભળ મારી પ્યારી સખી શાણી.
એમ કરતાં વીત્યા બારે માસ, તોય ન પુરી થઇ મારી આશ;
રહી સદા નાથ વિયોગે નિરાશ, સાંભળ મારી પ્યારી સખી શાણી.

દોહરો.

આશામાં ગુજરી ગયા, દુઃખના દિનકર માસ;
તો પણ સુંદર માહરી, પુર્ણ થઈ નહિ આશ.

સોરઠો.

કનક સરીખી કાય, પતિ વિરહે પીળી પડી;
કરવો શો ઉપાય ? સુંદર પિયુ મળવા હવે.

શિખરિણી છંદ.

ગયો શાણો સ્વામી, પર મુલક પાછો નવ ફર્યો,
હવે ક્યારે પ્યારો, રસિક મળશે તે રસ ભર્યો;
દુઃખે દાબી દીધી, સુખ નવ નિહાળ્યું પતિ વિના,
કહેતાં લાજું છું, દિલ દરદની હું મુજ બીના.

તોટક છંદ.

સળગે વિણ આતસ આ તનડું, દિન રાત ઉદાસ રહે મનડું;
મુજને રસ રાગ નથી ગમતો, મુજ જીવ સદાય રહે ભમતો.

દુઃખ સાગરમાં ગઇ હું લપટી, પતિ દર્શન માટ મરૂં ભટકી;
દિવસો મમ જાય સદા દુઃખમાં, કદિ સુંદર હું ન રહી સુખમાં.

સિતાજીના મહિનાનો રાગ.

થયો નિર્દય નણદીનો વીર, વિસારી મુકી મને;
નથી લેતો સ્વામી સંભાળ, કષ્ટ કહું કેટલું તને;
મારૂં હૃદય બળી થાય ખાખ, લાગી લ્હાય તન વિષે;
રંગ ભૂવન ખાવા ધાય, ગમે નહિ ગ્રહ વિષે.
અહો નિશ અંતરમાં વિચાર, પ્રિતમ મળવા તણા;
પામું કષ્ટ અરે ! હું અપાર, નથી કાંઇ મણા
સ્વામી વિયોગ તણું મહા દુઃખ, કોઇ કથી ના શકે;
દયા કરશે સુંદરજીનો શામ, ત્યારે મારૂં દુઃખ જશે.

સ્રગ્ધરા છંદ.

શાણા સ્વામી વિનાની, અહરનિશ અરે ! હું ઉદાસી ફરૂં છું,
પ્યારી પ્યારા વિયોગે, મદન જ્વર વડે, હાય હું બો બળું છું;
કીધું શું પાપ એવું, પતિ વિરહ વિષે, મેં જુવાની ગુમાવી,
કષ્ટે કીધી દિવાની, પતિ વિણ સુખની, હાય ! વેળા ન આવી.

ઠુમરી.

વિરહે તન ડું બળી ખાખ થયું, પ્રિય પ્રાણ વિના નૂર નાસી ગયું. વિરહે.
ચિત ચેન નથી પડતું મુજને; સખી સંકટ શું હું કહું તુજને. વિરહે.
મદને મુજને બહુ દુઃખી કરી; શુદ્ધ સાન તમામ હું ગઇ વિસરી. વિ.
ગમતું નથી ગાન કે તાન મને, મમ ચિત ભ્રમિત સમાન ભમે. વિ.
મળશે મુજ પ્રાણ પતિ જ્યારે; દુઃખ દૂર થશે સઘળાં ત્યારે. વિ.
નથી ધીરજ હાય હવે રહેતી; પતિએ મુકી દીધી મને વહેતી. વિ.
રડતીજ રહી સખી હું દુઃખણી; કરશે પતિ ક્યારે મને સુખણી. વિ.
નિસિ વાસર નાથ કરૂં અરજી; દુઃખ ટાળી કરો સુખી સુંદરજી. વિ.

મનહર છંદ.

કમળ ચહે છે રવિ, શશિને કુમુદ ચહે,
મેઘ મળવાને માટે, ચાતક ચહાય છે,
કૃષ્ણને ઇચ્છે છે ગોપી, ઉમા ભોળો નાથ ઇચ્છે,

રામનું રટણુ સીતા, હ્રદયમાં થાય છે;
વિયોગી સંયોગ ચહે, સતિ પતિ પદ ચહે,
કંજુસને ચિત નિત, વિત ઇચ્છા થાય છે,
એજ રીતે મન મારૂં, પતિ પદ પુજવાને,
પ્રતિ દિન સુંદરજી, અધીરૂં જણાય છે.

દોહરા.

સર્વ કહે શશિ શિતળ છે, અમૃતનો દાતાર;
પણ મુજને પ્રિય પતિ વિના, લાગે છે અંગાર.
શાન્તિ થવા આ તન તણી, કીધા બહુ ઉપચાર;
તો પણ પતિ વિણુ હે ! સખી, અંગ ઝરે અંગાર.
નાથ વિયોગણુ નારિને, કષ્ટ તણો નહિ પાર;
બીજાં સુખ બહુ હોય પણ, ધણિ વિણુ છે ધિક્કાર.
પતિ વિરહે ઘેલી બની, ભૂલી ગઈ તન ભાન.
સ્વામી વિણુ આ સૃષ્ટિમાં, કયાંઇ ન પામી માન.
સંયોગી સુખ શાન્તિમાં, કાઢે છે નિજ કાળ;
વિરહી દંપતિ વિશ્વમાં, અંતર સળગે ઝાળ.
શાન્તિ નથી ક્રુર કામને, પીડે મુજને અંગ;
યત્ન કરે છે અતિ ઘણા, કરવા પતિવૃત ભંગ.
જીવ જશે કદિ માહરો, તો પણ નથિ દરકાર;
વિપત ભલે વેઠું છતાં, પતિવૃત નહિ તજનાર.
નાથ નમેરો માહરો કીધો તેણે ત્યાગ;
કંથ વગર કોની કને, કરિએ જઇને ચાગ ?
સ્વામી સંગે સુંદરી, ખાંતે ખેલે ખેલ;
સંપ કરીને દંપતી, રે છે રસ ભીંજેલ.
અબળાની અરજી ઉપર, લક્ષ દિઓ હે ! નાથ;
કવિ સુંદર કરૂણા કરી, ગ્રહણુ કરો મુજ હાથ.
પ્રેમ સહિત હું પાઠવું, મુજ કર અંકિત પત્ર;
વગર વિલંબે નાથજી, આપ પધારો અત્ર.

સોરઠો.

ચમકે છે દસ દીશ, વેરણુ થઇને વીજળી;
કાહું કયાં જઇ રીસ ? પતિ નાવ્યા પરદેશથી.

દોહરા.

ચમકારા બિજળી તણા, ચમકાવે મુજ ચીત;
જો નહિ આવે નાથજી, લેશે પ્રાણુ ખચીત.
સતિઓને સ્વામી વગર, દુઃખ રૂપ છે સંસાર;
જળ વિણુ સુંદર માછલી, ઠરતી નથિ કો ઠાર.
પતિ વિરહે જીવિત વૃથા, નારીનું નિરધાર;
કંથ વગર સુંદર કહે, સુન્ય બધો સંસાર.
પ્રેમ કદર કર પુરૂષને, વિનવું વારંવાર;
ભર જોબનમાં ભામિની, તજશો નહિ કો યાર.

કાન્તા વિરહ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ગાઢું છે તુજ હેત તે સરવ હું, જાણું હમેશાં ખરૂં,
ચાલે ને પળ એક તું વગરની, તેનું હવે શું કરૂં ?
સાલે છે અતિશે વિયોગ વનિતા, તારો સદાએ મને,
તેથી સુંદર યાદ હું નિત કરૂં, પ્રાણેશ્વરી હે ! તને.

બનજારા.

પ્યારી પ્રેમ કટારી મારી, તુજ બિયોગે જીંદગી અકારી. ટેક.
કાંઈ કામણુ મુજને કીધું, મારૂં મન હરણુ કરી લીધું;
જેથી જંખના કરૂં છું તારી, તુજ વિયોગે જીંદગી અકારી.
દિવસે ભોજન નવ ભાવે, નિશાએ નિદ્રા નાવે;
હાય ! હવે હું કરૂં શું પ્યારી ? તુજ વિયોગે જીંદગી અકારી.
મમ સુખદાઈ મુખ તારૂં, તે જોવા તલપે મન મારૂં;
કીધાં જખમ જીગરમાં કારી, તુજ વિયોગે જીંદગી અકારી.
વ્હાલી વિયોગ થાતાં તારો, પ્રગટે છે કષ્ટ હજારો;

કહું સંકટ શું વિસ્તારી ? તુજ વિયોગે જીંદગી અકારી.
નિશ દિન તુજને સંભાળું, કદીએ પણ ના વીસારૂં;
ગમે છબીલી છબી એક તારી, તુજ વિયોગે જીંદગી અકારી.
રસથી રસીલી તું રસેલી, મુજ માટે બનતી ઘેલી;
તુજ પર જાઉં બલિહારી, તુજ વિયોગે જીંદગી અકારી.
દ્રગ સર પ્રિય પ્યારી તારાં, મમ પ્રાણુ હરણુ કરનારાં;
ભેદે છે ભીતર ભારી, તુજ વિયોગે જીંદગી અકારી.
તુજ દૃષ્ટિ મોહે ભરેલી, કયાં ગઇ તું મુજને મેલી;
કહે સુંદરજી હે ! પ્યારી, તુજ વિયોગે જીંદગી અકારી.

સોરઠો.

પ્યારી તારી પ્રીત, ભેદે છે મુજ કાળજું;
સંભાળું છું નીત, તરલ નયન તરૂણી તને.

મન્દાક્રાન્તા છંદ.

વાણી તારી, મધુર મય છે, સુંદરી પ્રાણુ પ્યારી,
વીના તારા, વિધુ વદનિ છે, જીંદગી આ અકારી;
સંભાળું છું, સદ્દગુણ પ્રિયા, તુંજ છો કષ્ટ હારી,
આળેખી છે, મમ હ્રદયમાં, રંગિલી મૂર્તિ તારી.

સોરઠો.

ચિત ચડયું ચગડોળ, ગોરી કંઇ ગમતું નથી;
સજી શૃંગારો સોળ, કામા કંઈ કરતી ગઈ.

લાવણી.

(જોડી તેં નવ જોઇ માડી-એ રાગ.)

કર્યું કતલ કાળજું મારૂં— બે વાર.
તેથી તરૂણી મનમાંહી નિત, ધ્યાન ધરૂં તારૂં.
થયો હું પ્રેમાનંદે ઘેલો— બે વાર.
રંગ લગાડી ને રસિકા તેં, દીધો હડસેલો.
અરે ! આ કામ કાળજું કાપે— બે વાર.
વિરહ તણી જ્વાળા પ્રગટી તન, કષ્ટ અતિ આપે.
તુજ હાવ ભાવને ચાળા— બે વાર.

યાદ કરૂં છું ત્યારે દિલમાં પ્રગટે છે જ્વાળા.
તુજ તરલ નયન મન મોહ્યું— બે વાર.
પ્યારી તારા પ્યાર વિના મેં સુખ સઘળું ખોયું.
તું તુજ સખીઓ સાથે મ્હાલે— બે વાર.
લલિતા લગની લાગી મુજને, પળ પણ નવ ચાલે.
કેમ તું રોશે ભરાણી શાણી— બે વાર.
સુંદરજી નિજ પ્યારા ઉપર, દયા નહિ આણી.

સોરઠો.

રૂધિર બળી થયું ખાખ, ખાલી ખોખું આ પડયું;
મુખ પર ઉડે રાખ, તેજ સકળ તું હરિ ગઇ.

મનહર છંદ.

ચંદ્રનાં શિતળ કિર્ણો, આતસ સમાન ભાસે,
પ્રજ્વલિત પટકૂળ, ઉષ્ણ અંગ લાગે છે,
મોગરોને જાઈ જુઇ, ચંબેલી ગુલાબ આદિ,
કુસુમ જે કોમળ તે, વજ્ર જેવાં વાગે છે;
સુંદરી સિતાર સૂર, ખેદ ઉપજાવે ઉર,
સારંગીનો સ્વર મને, ભયાનક ભાસે છે,
સુંદર સુંદરી વિના, દીન જેવો દિસે ડોળ,
હૃદય કમળ માંહી, આતસ પ્રકાશે છે.

સોરઠો.

દોલત અપરંપાર, વૈભવમાં ખામી નથી;
મુજ મનમાં અંગાર, લાગે વ્હાલિ વિયોગથી.

લાવણી.

પલંગ બીછાવ્યો પ્રેમે કરીને, અત્તર છાંટયું અપારજી;
પુષ્પ તણી તો ચાદર ઓઢી, પુષ્પના પહેર્યા હાર રે. નિદ્રા ન આવેજી.
હાંડી તખ્તાને ઝમરૂખો, વૈભવનો નથી પારજી;
તુજ વિના તે શુન્ય લાગે છે, પ્યારી પ્રાણાધાર રે. નિદ્રા.
વાજીંત્ર મુજને વ્હાલાં હતાં તે, દવલાં થઈ દુઃખ આપેજી;
સુંદર સૂર જે સારંગીનો, કાળજડાંને કાપે રે. નિદ્રા.
કનક જેવી કાન્તિ હતી તે, કરમાઇ કાળી થઈ છેજી;

વિયોગ વનિતા તારો થાતાં, શુદ્ધ બુદ્ધ મારી ગઇ છે રે. નિદ્રા.
આતસ વિના અંગ દાઝે છે, લાગે નહિ કાંઇ સારૂંજી;
ચકોર ચંદ્રનું ધ્યાન ધરે તેમ, ધ્યાન ધરૂં છું તારૂં રે. નિદ્રા.
છેલ છબીલી નવલ રંગીલી, મુખડું બતાવ તું તારૂંજી;
મળવા માટે પ્યારી તુજને, મન તલસે છે મારૂં રે. નિદ્રા.
નામજ તારૂં દિલને પ્યારૂં, અન્ય અકારૂં લાગેજી;
પ્રાણેશ્વરી તુજ મુખ મનોહર, નિરખતાં દુઃખ ભાંગે રે. નિદ્રા.
સુંદર શાણી વાણી મધુરી કાન્તિ કહું શું મુખથીજી;
ગૌર ગોળ છે વદન મનોહર, દેખું તો દુર થાઉં દુઃખથી રે. નિદ્રા,
આંખડલી અણીયાળી રૂપાળી, પ્રીત પ્રગટ કરનારીજી;
લાલ ગાલ પર સદૈવ શોભે, ટીલડી સુંદર કાળી રે. નિદ્રા.
શ્યામ રંગ કચ વેણી સુંદર, સુગંધે શું ભરેલીજી;
સુંદર સ્વામીને મળવા માટે, ક્યારે આવીશ અલબેલી રે. નિદ્રા.

સોરઠો.

પ્રીતિ તણો ભંડાર, પ્રીત વિભૂષિત પ્રેમદા;
મુજ હૈયાનો હાર, વ્હાલી ક્યાં ચાલી ગઇ.

મનહર છંદ.

પલંગે પડેલો પ્યારી, સ્તુતિ કરતો તો તારી,
પણ ન નિહાળી બાળી, મૂરતિ મેં તાહરી,
મનોહારી છબી તારી, અંતર ઉતારી પ્યારી,
એવામાં વીંચાણી શાણી, ઉંઘે આંખ્યો માહરી;
નિદ્રાને આધિન થયો, બીજું બધું ભુલી ગયો,
પણ પ્યારી ભુલ્યો નહિ, હ્રદયથી તુજને,
સોળ સણગાર ધારી, સમિપ તું આવી ઉભી,
સુંદર આભાસ એવો, સ્વપ્ને થયો મુજને.

માલિની છંદ.

થર થર તન કંપે, શું કરૂં તે ન સૂઝે,
સલુણિ શરિર મારૂં, તૂજને જોઈ ધ્રૂજે;
ઉર બહુજ વિચાર્યું, આમ અગ્ની ન બુઝે,
દરદ દિલ તણું તે, ઈલ્મ વીના ન રૂઝે.

રૂચિરા છંદ.

મનહર તારૂં રૂપ નિહાળી, શરમ સકળ અળગી કીધી,
અંગ વિષે ઊમંગ ધરીને, ભેટ પ્રિયા તારી લીધી;
કર સાહ્યો મેં પ્યારી તારો, પલંગ પર ખેંચી તુજને,
મોજ શોખમાં મસ્ત થયું મન, સુંદર શુદ્ધ ન રહી મુજને.

સોરઠો.

કીધું સાહસ કામ, હામ ધરી અતિ ઉર વિષે;
મેલ્યું મેં તેં માન, અરસ પરસ રસબસ થવા.

સ્રગ્ધરા છંદ.

એવે ટાણે તને હું, નયનથિ નિરખી, સ્વર્ગ ભુલી ગયો તો,
સાચે સાચું કહું છું, અધર રસ પિવા, ને દિવાનો થયો તો;
ચોળી ચાંપી સપ્રેમે, તરૂણ તન તને, મેં ભુજામાં ભિડાવી,
ભોળાણાં રંગમાં બે, અરસ પરસમાં, મોજ સારી ઉડાવી.

રૂચિરા છંદ.

જામ્યો તો રસ રંગ ઘણો પણ, પાછળથી વીંખાઈ ગયો,
નિદ્રાદેવી નાસી જાતાં, અંગ ઉમંગ વિનાશ થયો;
જાગીને જ્યાં જોયું ત્યાં તો, દીઠી નહિ દૃષ્ટિથી તને,
ચંચળ નારી ચાલી ગઇ તું, એકલડો મુકીને મને.

મનહર છંદ.

રસીલી વસેલી ઉર, યોવન બહાર પૂર,
ચિત થયું ચકચૂર, પ્યારી તારા સંગમાં;
સ્વર્ગ તણું સુખ તે તો, તુચ્છ ગણું તરૂણી હું,
અધિક આનંદ પામું, રામા તુજ રંગમાં;
ઘટે નહિ પ્યારી આવું, વ્હાલાને વિસારી જાવું,
ખાવું પીવું ગમે નહિ, તાહરા વિયોગથી,
સુંદરજી કહે હવે, ક્યારે તું મળીશ પ્યારી,
તન તાપ ટાળી કર, સુખ સૌ સંયોગથી,

(કહું શું નસીબે દુઃખીઓ કીધો છે—એ રાગ.)

મદન મુજને પજવે પ્યારી; હાય ! દશા શી થઇ આ મારી. મદન.

સમર શરીરમાં વાસ કરીને; શરીર સઘળું નાખે બાળી. મદન.
અરજ કરી મેં અતિ રતિ પતિને; તથાપિ તેણે તે ના સ્વીકારી. મદન.
સમર ન માને કહેવું મારૂં; રાહ જુએ છે રસીલી તે તારી. મદન.
વ્હાલી તું વેગે વહારે ધાજે; ભેટ લેવી હોય જો તારે મારી. મદન.
મળીશ તું જ્યારે તરૂણી ત્યારે; મસ્ત મદનને નાખશું મારી. મદન.
મેં મુજ મનમાં નિશ્ચય કીધું; તું છો જીવન દોરી પ્યારી મારી. મદન.
વિશેષ નથી હું વદતો વહાલી; જોજે અંતરમાં તું આપ વિચારી. મદન.
વિરહ ટળશે તરૂણી તારો; સુંદર આશા પુરી થાશે મારી. મદન.

મનહર છંદ.

શયન ભુવન સારૂં, ઇંદ્ર પુરીથી રૂપાળું,
હાંડીને ઝુમર ચારૂ, તેજોમય ભાસે છે,
ચાંદનીનો ચળકાટ, બિલોરનો બહુ ઠાઠ,
રત્ન મણી તણું તેજ, નિશાએ પ્રકાશે છે;
કિંકરો કરે છે કામ, પાસે છે પુષ્કળ દામ,
ખાન પાન ખુબી સાથે, માન પણ સારૂં છે,
ચિતે ચાહી ચીજ મળે, રિપુ સુખ દેખી બળે,
સુંદરજી શામા વિના સઘળું અકારૂં છે.

સવૈયો.

પ્રેમ પયોધિ વિષે લલના પ્રિય પ્રાણ ડુબાવિ દિધો મુજને તેં,
ચંચળ ચાલ તણે ચટકે ચિત, ચંચળતા અરપી તુજને મેં;
ભાન નથી કંઇ સાન નથી વળી, ગાન ગયો સઘળું ભુલી,
સુંદર સેજ સુપુષ્પે ભરી પણ, વ્હાલી વિના મુજ અંતર શૂળી;

સોરઠો.

ચટકતિ ચાલી ચાલ, ચતુરાં ચિત ચોરી કરી;
કીધો તેં બેહાલ, ભાન ભુલાવ્યું ભામિની.

મન્દાક્રાન્તા છંદ.

પ્યારી તારૂં, રટણ કરવા, ચાહ છે ચિત્ત વીષે,
ભાળું તારૂં, વદન પ્રમદા, હર્ષ પામું વિશેષે;
મેલી માયા, પ્રિય મુજ તણી, વ્હાલિ ગૈ ચાલિ તું તો,
ઘેલો થૈ ને, સમરણ કરૂં, તાહરૂં નિત્ય હું તો

દોહરા.

હું જીવું તુજ કારણે, તું જીવે મુજ માટ;
પણ મળવું થાતું નથી, એ મોટો ઉચાટ.
યોવન તારૂં માણવા, મન મારૂં અકળાય;
દર્શન દુર્લભ થઇ પડયાં, કરવો કવણ ઉપાય?

સોરઠા.

મળવા વિવિધ વિચાર, પ્રતિદિન મેં કીધા ઘણા;
પણ પામ્યો નહિ પાર, સુંદર શું કરવું હવે?
ગાડું તારૂં હેત, ખટકે છે મુજ હ્રદયમાં;
મળશે ક્યારે વેત, મુજને તુજ મળવા તણો.
તુજ પાછળ મુજ પ્રાણ, જાશે જો કદિ શશિ મુખી;
તો પણ છે કુરબાન, દિલમાં હું ડરતો નથી.

દોહરા.

ભડ ભડ ભડકા થાય છે; બાળે તન દિન રાત;
સુંદર ઉર શાણી વશી, અવર ન વ્હાલી વાત.
મારી મુજને નયન સર, નાસી ગઈ પ્રિય નાર;
પ્રેમ બતાવી પ્યારિ તું, ખેંચી ગઇ મુજ પ્યાર.

ઇંદ્રવિજય છંદ.

હું મુજ અંતર માંહિ નિરંતર, હે! તરૂણી તુજ નામ રટું છું,
તું મુજને નિત પ્રીતનિ રીતથિ, ભૂલિશ ને કદિ એજ ઇચ્છું છું;
દેહ ઘડયા વિધિએ કદિ બે પણ, જીવ ખરેખર એક ઘડયો છે,
સુંદર પ્રેમ પ્રભાવ વડે પ્રિય, તૂજ અને મુજ જીવ જડયો છે.

દોહરા.

મોજ મજા ગમતી નથી, ગમતું નથિ ગુલતાન;
શ્યામા વિણ આ સદન સૌ, સુંદર મન શમશાન.
તલસે તું તરૂણી સદા, મુજને મળવા માટ;
હું પણ હરદમ હે! પ્રિયા, એજ ઘડું છું ઘાટ.
મનહર મુખ મૃગલોચની, તિક્ષણ તારો માર;
ચખ ચાલાકા ચંચળા, ભેદે ભીતર તાર.

સખત સરદ સંતાપથી, થર થર કંપે કાય;
શાન્તિ કરણ સાધન વગર, કરવો કવણ ઉપાય.

હરિગીત છંદ.

પ્યારી વિના પર્યંકમાં, શાન્તી મને થાતી નથી,
દુઃખની ભરી આ દુષ્ટણી, રાત્રી અરે ! જાતી નથી;
આલહ વિલહ બહુ વિધ કરૂં, નિદ્રા નથી દ્રગ આવતી,
ક્યાંથી મળે સુંદર અહો ! જે પ્યારી મુજ મન ભાવતી.
નરને થશો નહિ વિશ્વમાં, પ્યારી વિરહ સ્વપ્ના વિષે,
યોવન વયે વ્હાલી વિના, નર એકલો ફીકો દિસે;
વાસર વિતે ઉદ્યોગમાં, પણ નક્ત દુઃખદાઈ થશે,
સુંદર કહે પ્યારી વગર, હરકત હજારો આવશે.
પ્યારો સુનો પ્યારી વગર, પ્યારી સુની પ્યારા વિના,
શોભે સદા શુભ જોડલાં, રાગી રસિક નિત રસભિનાં;
આફત અવર પ્રભુ આપજે, પણ જોડલું તોડીશમાં,
જો હોય જોડું તોડવું, તો પ્રથમથી જોડીશમાં;
યોવન વયે મદ મસ્તિમાં, પતિ પત્નિ પ્રેમાનંદમાં,
માણે સદા મોજાું રૂડી, તલ્લિન બની રસ રંગમાં;
જોડું જગતમાં જો જડે, તો તો મજા માણે ખરી,
સુંદર સફળ અવતાર છે, ગુજરે નિશા નિત રસભરી.
સદ્ગુણ સંપન્ન સુંદરી, સંસાર સુખ સાધન ગણો,
નારી હશે જો ગ્રહ વિષે, તો સુત સુતા પીતા બનો;
કિલ્લોલ કરતાં બાળથી, તે સદનને શણગારશે,
નારી રૂડી નર નાવ થઈ, સુંદર ભવાબ્ધી તારશે.

દોહરા.

વ્હાલ તજી વ્હાલી જતાં, સુન્ય દિસે સંસાર;
ચિત ચડ્યું ચગડોળ તે, ઠરતું નથિ કો ઠાર.
તું મુજને બહુ સાંભળે, હરદમ હે ! પ્રિય નાર;
હું તુજને ભુલ્યો નથી, તું હું દ્રઢ દિલદાર.
હું તુજને હે ! સુંદરી, યાદ કરૂં દિન રેન;
પ્યારી મુજને તુજ વગર, ચિત પડતું નથિ ચેન.

હરિગીત છંદ.

નિદ્રા નયન આવે નહીં, ભાવે નહીં ભોજન મને,
ચિંતાગ્નિ ચેતી ચિત વિષે, દિલ દર્દ કહું કોની કને ?
જળ રહિત જેવી માછલી, તેવી રિતે હું તરફડું,
સુંદર કહે આ કષ્ટથી, હું પાર શી રીતે પડું ?

સોરઠા.

ગમતી નથિ કંઇ ગેલ, વાતો પણ વ્હાલી નથી;
છેક દુઃખી છું છેલ, આતસ વિણ સળગી રહ્યો.
તરલ ત્રિયા દ્રગ બાણ, વાગ્યાં છે જે વીરને;
તલસે તેનો પ્રાણ, નિશિ વાસર દ્રગ મારથી.

દોહરા.

શાણી તુજ સમરણ કરૂં, અવર ન ઉચરૂં વાત;
કવિ સુંદર તુજ કારણે, તલસે છે દિન રાત.

દ્રઢતા દિલમાં રાખજે, પ્રાણ જતાં પ્રિય નાર;
તો મળવું થાશે નકી, કોઈ સમે દિલદાર.

ચતુરાં તું ચૂકી નથી, હું પણ નથિ ચુકનાર;
પ્રાણ જતાં પણ પ્રીતને, તજવી નહિ નિરધાર.

આશક તું મુજ ઉપરે, હું પણ તુજ પર તેમ;
વૃક્ષ લતા વળગી રહે, રેશું આપણ એમ.

દ્રઢતા પૂર્વક પ્રીતને, પાળી છે શુભ પેર;
આ ભવ એળે જો જશે, પરભવ લેશું લહેર.

ઇંદ્રવિજય છંદ.

પ્રાણ જશે પણ પ્રીત જશે નહિ, સ્વર્ગ વિષે પણ સંગ રહીશું,
હોય ભલે કંઈ થાય થવું પણ, આપણ નિશ્ચય સાજ સજીશું;
દેહ ભલે બદલેજ છતાં પણ, પ્રાણ નહીં કદિએ બદલાશે,
પ્રાણુનિ પ્રીત હશે પ્રિય માહરિ, તો મળવું મુશકેલ ન થાશે.

દોહરા.

શાણી તું સુખદાઇની, મૃદુ વાણી વદનાર;
તુજ વિણ સઘળું સુન્ય છે, તું હૈયાનો હાર.
માળા ગ્રહિ મુજ નામની, રસિલી તેં તુજ હાથ;
તો કદિએ તજશે નહીં, સુંદરજી તુજ સાથ.

પિયુ કર અંકિત પત્રિકા.

લાવણી.

પ્યારી તારી પ્રીતિ પુરણ, ચુરણ ચિત કીધું મારૂં;
મુજ તન મન ને દૃષ્ટિમાં એક, ચિત્ર ચિત્રેલું છે તારૂં.
તુજ મનમાં કંઇ રોશ હોય તો, મુખથી તું કહેજે મુજને;
જ્યાં સુધી હું જીવું છું પ્રિય, ત્યાં સુધી નહિ તજું તુજને.
અરસ પરસ વચને બંધાણાં, આપણુ બન્ને પિયુ પ્યારી;
હવે હઠીલી શા માટે તું, ખબર નથી લેતી મારી.
પ્રેમાલિંગન આપીશ જ્યારે, ત્યારે સુખ શાન્તિ થાશે;
આજ કાલ કરતાં આશામાં, ઉભય યોવન વીતિ જાશે.
મ્હારો કાંઈ દોષ હોય તો, તે સર્વે તું ભુલી જજે;
વિરહ પત્રિકા વાંચી વહેલી, મળવાને તૈયાર થજે.
કપટ ભરેલી કહેતાં તુજને, પ્રિયા હું મનમાં લાજું છું;
છતાં છબીલી કપટી છો તું, એવું કહેવા માગું છું.
સ્વપ્નું નથી કદી આવ્યું શાણી, તુજ મુજ મનમાં અંતર થાય;
તેં મેં દૃઢ નિશ્ચય કીધો છે, પ્રાણ પ્રીત બે સાથે જાય.
સંશય પ્રગટે છે કોઇ વખતે અંતરમાં મુજને બહુ એમ;
વિયોગ વખત પુષ્કળ વહી જાતાં, પત્ર નહિ પાઠવીઓ કેમ?
શું? તું મુજને ભુલી ગઇ કે, પ્રીત નથી તુજ ચિત્ત વિષે;
ખાત્રીને માટે પ્રિય તુજ વિણુ, અન્ય નહિ કાંઈ દિસે.
તુજ કર અંકિત પત્ર પાઠવજે, સ્નેહ ભરેલી અલબેલી;
અધર તણો રસ પાવા મુજને, તું પણ પ્રિયા વળજે વહેલી.
એક વખત આલીંગન આપી, પ્રેમીની પુરી કર આશ;
મ્હેર કરી તું મનમાં મુજ પર, કરીશ નહિ કદીએ નિરાશ.
વાત વિનોદ કરીશું આપણ, પ્રીત તણી સુરીત વડે;
પૂર્ણાનંદમાં મગ્ન રહેશું, વિરહ વ્યાધિ પછી નહિ નડે,
આશા એવી રાખું છું હું, સત્વર તું આવી મળશે;
પ્રેમ પાસમાં પડેલ પ્રાણી, આ દુઃખથી અળગો કરશે.

સ્મિત હાસ્ય કરી તું કહેતી, આપજ મારા પ્રાણાધાર;
એ વચનો તુજ યાદ રાખજે, ભુલીશ નહિ મુજ સર્વાધાર.
જન્મ સફળ જાણું છું મારો, પ્યારી તારી પ્રીતિથી;
સુંદરજી સંગે રહેજે તું, શાણી સદા સુનીતિથી.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ભાસે છે ભુવનો ભયાનક મને, નિદ્રા ન આવે અરે !
લાગે સેજ શુળી સમાન સલુણી, ખાવું ન ભાવે ખરે !
દેખું છું શમશાન તુલ્ય સરવે, બેભાન થૈ ને ભમું,
છું હું સુંદરજી ઉદાસ અતિશે, તારાજ રાગે રમું.

સ્ત્રગ્ધરા છંદ.

લોકો સર્વે કહે છે, કવણ તુજ તને, રોગ આવો થયો છે,
કે જેથી રંગ તારો, કનક મય હતો, તે પિળો થૈ ગયો છે;
શું કેવું ? સૌ જનોને, સુઝ મુજ મનમાં, ના પડે માન ઘેલી,
મારૂં માની હવે તો, તુરત તરૂણિ તું, આવ વાલી વહેલી.

માલિની છંદ.

મધુર વચન તારાં, ભૌ મને યાદ આવે,
ચપળ નયન ચારૂ, કષ્ટ સર્વે ભુલાવે;
પળ પળ તુજને હું, અંતરે યાદ આણું,
મુજ સુખ શશિ સાચો, પ્રાણ પ્યારી પ્રમાણું.

લાવણી.

ફાની દુનિયા ફના થનારી, ફના થશે સઘળો સંસાર;
કાળ કવલ કરી જાશે સહુને, પળની પણ નહિ લાગે વાર.
આપણ બન્નેમાંથી કોઇને, કાળ કદી જો લઇ જાશે;
રે ! રે ! પ્યારી વદું વિચારી, મનની મનમાં રહી જાશે.
રસે રસેલી અલબેલી તું, શ્યામા સત્વર આવી મળીશ;
વિલંબ થશે જો વ્હાલી તુજને, તો તરૂણી હું ઝુરી મરીશ.
વિવિધ વ્યાધિઓ વેઠી વેઠી, સુંદર વપુ સુકાઈ ગયું;
વિરહાનળના તાપ પ્રતાપે, રૂધિર બળીને ખાખ થયું.
અવનિ પર વસનારી નારી, અવલોકું છું અપરંપાર;

તુજ સરીખો અન્ય ત્રિયા પર, પ્રગટ થતો નથી અંતર પ્યાર.
તું સુખકરણી તું દુઃખહરણી, તું મમ જીવનનો આધાર;
તુજ વગર હે ! શ્યાણી શ્યામા, સુન્ય દિસે છે આ સંસાર.
દુઃખાબ્ધિમાં ડુબી મરૂં છું, તારણહારી તરણી તું;
ખુશી પડે તો લેજે ઉગારી, નહિં તર પ્રાણ તજી દઇશ હું.
તું વિણ સંકટ સાગરમાંથી, પ્રિયા ઉગારે કોણ મને;
સુંદરજી શુદ્ધ ચિત રાખી નિત, પળ પળ યાદ કરૂં છું તને.

વસંત તિલકા છંદ.

તારા વિના જગતમાં, દુઃખ ઔ દિશે છે,
સંસાર સાગર તણું સુખ તું વિષે છે;
વિર્હાનળે તન બળે, વિપતો સહું છું,
સંયોગ સત્વર હવે, ચિતમાં ચહું છું.
સેધ્યું શરીર સઘળું, દ્રગ બાણ મારી,
કીધો મને જખમ તેં, અતિ કષ્ટ કારી;
નિર્ખું પ્રિયા ઉર વિષે, નિત મૂર્તિ તારી,
તું પ્રાણ સુંદર તણો, પુર આશ મારી.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

પ્રેમી પ્રેમ કટાર માર અતિશે, સાલે શરીરે મને,
સંભાળું સલુણી સપ્રીત ચિતમાં શાણી સદાયે તને,
સાચું છે સુખ સ્વર્ગનું તુજ વિષે, બીજું ન માનું જરી,
ઇચ્છે સુંદરજી સદા ઉર વિષે, મેળાપ તારો ફરી.

સ્રગ્ધરા છંદ.

લેજે સંભાળ મારી, તુજ વગર નથી, સૃષ્ટિમાં કોઇ મારૂં,
લાગે છે પ્રાણ જેવું, પરમ પુનિત હે ! તાહરૂં નામ પ્યારૂં;
પ્યારે પૂરૂં ભરેલું, સુખ જનિત સદા, છે મુખાવિંદ તારૂં,
હું માનું છું હમેશાં, તુજ વગર પ્રિયા, સર્વ કાંઇ અકારૂં.

દોહરો.

વિરહ થતાં વ્હાલી તણો, શોકે તન શેકાય;
તરણિ વગર સાગર તરલ, તરતાં કેમ તરાય ?

સિયાનો કનરો.

કાગળ વાંચી વહેલી વળજે, આવી ઉતાવળી મુજને મળજે. કાગળ.
હવે નથી રહેતી ધીરજ ધારી, પ્યારી મારી મારૂં કષ્ટ તું કળજે.કાગળ.
વિરહાનળનું બળ બૌ વધ્યું છે, શાણી હે! સત્વર શાન્તિ તું કરજે.કાગળ.
કાસદ આવે કાગળ લઇને, તેની સાથે પ્રિયા ચાલી નિકળજે. કાગળ.
મળવાની જો મરજી હોય તો; અરજ કરૂં છું તે અંતર ધરજે. કાગળ.
વિલંબ થવાથી વિધ્ન થશે કંઇ; તેથી ત્વરિત તૈયારી તું કરજે. કાગળ.
વ્હાલી વ્હેલી, આંહી આવી, રંગે ઉમંગે મુજ સંગે રમજે. કાગળ.
નિર્મળ હોય જો હું પર પ્રીતિ, સુંદર પ્યારાને નહિ તું વિસરજે.કાગળ.

સોરઠા.

મુજ અંતર તુજ પ્યાર, ભુલ્યો નથિ કદિ ભામિની;
લેજે મુજ સંભાળ, સુંદર સર્વાધાર તું.
તુજ વિણ આ સંસાર, લુખ્ખો લાગે છે મને;
કેમ ઉતરવું પાર, ખબર નથી પડતી ખરી.

ગીતિ.

વ્યાધિ વિકટ વિરહીની, વિરહી વિણુ વિશ્વંભર જાણે છે;
પીતિ હોય તે જાણે, અજાણુ ઉર અંદેશો આણે છે.

સોરઠા.

તુર્ત થજે તૈયાર, પત્ર વિલોકી પ્રેમદા;
યત્કિંચિત્ પણ વાર, કરીશ નહિ આ કાર્યમાં.

પ્યારી કર અંકિત પ્રત્યુત્તર.

મનહર છંદ.

સ્નેહે ભરપૂર ભર્યો, પ્રાણ પ્યારા પત્ર મળ્યો,
સાકરથી સ્વાદ ગળ્યો, પત્ર વાંચી લાગે છે,
વારંવાર વાંચી વાંચી, હ્રદયની સાથે ચાંપ્યો.
ચુમ્બન કીધાથી બધાં, દુઃખ દૂર ભાગે છે;
ભુલી નથી પ્રીતિ રીતિ, ગ્રહી નથી કુનીતિને,

સુનીતિમાં સર્વ કાળ, આપને સંભાળું છું,
જીવ છે જડેલ ફક્ત, ખોળીયાં ઘડેલ જુદાં,
સુંદરજી કહે હવે, શી રીતે ? વિસારૂં હું.
મળવાને માટે મારૂં, મન અકળાય અતિ,
તથાપિ છું દૂર તેથી, વખ્ત વીતિ જાય છે,
હવે એક પળ પણ, અંહી નહીં રહું પ્યારા,
તુજથી આનંદ લેવા, ચિત આ ચહાય છે;
જેવો સ્નેહ આપ તણો, એવો આ દાસીનો જાણો,
એમાં નહિ આણો ઉર, આપ અંદેશો જરી,
પ્રાણાંત પર્યંત પ્યારા, કદી નહિ કરૂં ન્યારા,
સુંદરજી મળવા મેં, શિવની સેવા કરી.

(ક્ષત્રી કલંક કેમ લેશે રે.—એ રાગ.)

જો પીંડથી પડે જુદો પ્રાણ, તથાપિ તમને તજું નહિ રે,
થાય એથી અધિક કદી હાણ, તથાપિ.
આ મહી ચળાયમાન થાય, તથાપિ.
નભ મંડળ તુટી નિચે ધાય, તથાપિ.
મહા સાગર તજે નિજ ટેક, તથાપિ.
કષ્ટે પ્રાણ કચરાય મમ છેક, તથાપિ.
ભલે થવાનું હોય તે થાય, તથાપિ.
પીડે સુંદરજી મને રૂતુરાય, તથાપિ.

મનહર છંદ.

આપથી અધિક મને, પ્રાણ મારો પ્યારો નથી,
પણ પરાધિનતાથી, વિરહ વેઠાય છે,
ઝુરી ઝુરી ગુજારૂં છું, દુઃખમાં દિવસ બધા,
તને મળવાને મારૂં, મનડું મુંઝાય છે;
શોકાગ્નિ બાળે છે તન, ઉદાસ રહે છે મન,
શાન્તિ ઉર થતી નથી, તાહરા વિયોગથી,
કરશે કરૂણા હરિ, કષ્ટ બધાં જાશે ટળી,
આનંદ અધિક થશે, સુંદર સંયોગથી.

મારી છે કસુર તેથી, રોષે ઉર થતો હોય,
ભુલી જજો ભરથાર, યાદ નહિ આણજો,
આપના ચરણ તણી, હું છું દીન દાસી સાચી,
એવું આપ ઉર વિષે, નિશ્ચય નિર્માણજો;
આપનો અડગ અને, પવિત્ર છે પ્રેમ પુરો,
એ વિષે પુરણ મને, ખાત્રી થઈ ચુકી છે,
મારી ખાત્રી થવા માટે, આપ પાસે આવવાની,
સુંદરજી તૈયારી મેં, સર્વ કરી રાખી છે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

તૈયારી સરવે કરી તુજ કને, મેં આવવા આ સમે,
વીતે છે પળ એક યુગ સરખી, હું પ્રાણ તુંમાં ભમે;
ભેટું હું તુજને હવે તુરતમાં, પ્રાણેશ્વરા પ્રીતિથી,
રેશું સુંદર આપણે પતિપ્રિયા, ભેળાં સદા નીતિથી.
જેવા આતુર આપ છો મુજ વિષે, એવીજ માનો મને,
જીવું જ્યાં લગિ ત્યાં લગી ન વિસરો, આનંદ દાતા તમે;
કાચી પ્રીત કરી હશે જગતમાં, તે તુર્ત તુટી જશે,
સાચી સુંદર પ્રીત ઉભય તણી, તે જીવ સાથે જશે.
યાચું ઈશ્વિર આગળે વિનયથી, સંયોગ તારો સદા,
આનંદે દિન જાય આપણ તણા, કષ્ટો ન થાયે કદા;
સંયોગે સુખ છે અને વિરહથી, ઉપાધિ બો થાય છે,
સાચું સુંદરજી કહું તુજ વિના, આ પ્રાણ મુંઝાય છે.

મનહર છંદ.

પ્રીતિ તણું પાત્ર પ્યારા, આપ વિના અન્ય કોઈ,
દીન દાસી દૃષ્ટિ વડે, ભૂતળ ન ભાળીશું,
સારા કે નઠારા હોય, નર ન નિહાળું કોઈ,
આપે દ્રગ બાણ મારી, કલેજું આ સારીશું;
નેત્ર સર તણી જ્યારે, લાગીતી લડાઇ ત્યારે,
અંતે હારી ગઇ હતી તે, યાદ બહુ આવે છે,
સુંદર ચાલાકી તારી, ભેદી નાખી છાતી મારી,
મદન સમાન મદ, દ્રગ તું દર્શાવે છે.

રાગ આશાગોડી.

નથી ભુલી પ્રાણેશ્વર પ્યારા, અહા ! નથી ભુલી પ્રાણેશ્વર પ્યારા. ટેક.
ઘડી ઘડી તારૂં રટણુ કરૂં છું, હાર હૈયાનો તું મારા. અહા !
રોશ નથી કંઈ અંતર માંહી, છું તારી દીન દારા. અહા !
મુજને વ્હાલા આપ અતિશય, ચર્ણું ચહું છું તમારા. અહા !
જળ વિણુ જેવું મીન તલસે છે, મારા એ હાલ થનારા. અહા !
તન મન તમને અર્પણુ કીધું, હવે હું મુકું કેમ ન્યારા. અહા !
મરણુ થશે તો સ્વર્ગમાં મળશું,વદું છુ વિચારો એ મારા. અહા !
આજ સુધી મેં દૃઢતા રાખી, શ્રી હરિ નથી ભુલનારા. અહા !
તુજ મુજ પ્રીતિ નીતિમય છે, તદપિ ભીતર ભીતિ ભારા. અહા !
નથી હું ન્યારી દાસી તમારી, છો શિરછત્ર છોગાળા. અહા !
કપટી નથી હું કપટ રહિત છું, માનો વચન પિયુ મારા. અહા !
અલ્પ વખતમાં આવી મળીશ હું, દર્શન કરવા તમારાં. અહા !
સુંદર તારી ભેટ થવાથી, થશે આનંદ અશ્રુની ધારા. અહા !

રાગ સિતાજીના મહિનાનો.

આપે રાખી છે જેવી ટેક, બીજાઓથી નહિ રહે;
કીધો આપે પૂરણુ વિવેક, સાચું આ દાસી કહે.
આંહી રહેવું હવે પળ એક, પ્રિય નથી મુજને;
થઈ છુ અધિરી અરે ! હું છેક, ભેટું કયારે તુજને.
નથી આપી પ્રભુએ પાંખ, પ્રાણેશ્વર માહરા;
નહિતર ન લગાડત વાર, દર્શન કરવા તાહરાં,
દેખું સ્વપ્ના વિષે સ્વામીનાથ, હમેશ હું આપને;
સુંદર મળશું હવે સાક્ષાત, હણશું સૌ સંતાપને.

સોરઠા.

સાચી છે મુજ પ્રીત, એ નિશ્ચય મન માનજો;
થાશે ખાત્રી ખચિત, સુંદર શુભ સંયોગથી.
જેવો છે તમ પ્યાર, પ્રાણેશ્વર મુજ ઉપરે;
સજડ કરે સરજનાર, સુંદર વર માગું સદા.
તજી નથી મેં ટેક, કષ્ટ સહન કરવા છતાં;
અંતરમાં તું એક, વ્હાલા હું વિસરી નથી.

વસંત તિલકા છંદ.

પંથે પડી પિયુ હવે, નહિ વાર થાશે,
સેતાંજ ભેટ રસિલા, દુઃખ દૂર જાશે;
ભુલી જશું વિરહની, વિપતો હજારો,
મેળાપ સુંદર હવે, જલદી થનારો.

ઉદગીતિ.

આવી ચૂકી છું હું, શહેર નિકટ સ્વામી મારા;
ખબર તમે પિયુ લેજો, જાણી મુજને આપ તણી દારા.

પિયુ પ્યારીનો સમાગમ.

મનહર છંદ.

પૂર્ણેંદુ નિહાળી જેમ, પોયણી પ્રમોદ પામે,
દિનમણી ઉદયથી, કમળો ફુલાય છે,
ઇંદ્ર તણા આવવાથી, મયૂરો મગન થાય,
લોભી લક્ષ્મી દેખી જેમ, હૃદય હર્ખાય છે;
મુક્તા વરસાદ વડે, હંસ હર્ષ પામે જેમ,
હરિ દરશન કરી, ભક્ત સંતોષાય છે,
એવી રીતે આવે ટાણે, પિયુ પ્યારી મળવાથી,
સુંદર અધિકાનંદ, અંતરમાં થાય છે.

ગીતિ.

આતુરતા ઉર જેવી, હતિ તેવી હરિએ પૂરણ કીધી;
પ્રમદા પ્રેમે આવી, ભાવી ભરતા તણી ભેટ લીધી.

સોરઠા.

એ વખતે આનંદ, ઉભય ઉરે કેવો હશે ?
જાણે તે શ્રી રંગ, સત્ય વચન સુંદર કહે.
જામ્યો રૂડો રંગ, દંપતિ દિલ ખુબ ખુશ થયાં;
અંગે અતિ આનંદ, વિરહ વિપત વિસરી ગયાં.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

લીધી છે ઉછરંગમાં નિજ પ્રિયા, આનંદ ભેલો થયો,

આનંદે અધરોષ્ઠ ચુમ્બન કરી, સંકષ્ટ ભૂલી ગયો;
માન્યું અંતર સ્વર્ગનું સુખ બધું, તારૂણિના સંગમાં,
પામ્યો સુંદર પર્મ હર્ષ મનમાં, રામા તણા રંગમાં,

વસંત તિલકા છંદ.

આનંદનો શશિ ઉગ્યો, દુઃખ નાશ પામ્યું;
સંયોગથી સુખદ સૌ, ભરપૂર જામ્યું;
ભેટયાં બન્ને રસ તણી, ખુબ રેલ રેલી,
રંગીન સુંદર પ્રિયા, બનિ હર્ષ ઘેલી.

રૂચિરા છંદ.

રાગ અને રસ લુંટાણો ખુબ, રાગે રસિયાં પિયુ પ્યારી,
અરસ પરસ ખુબ યુદ્ધ મચાવ્યું, પ્રેમાયુદ્ધ કરમાં ધારી;
નયનામૃતની વૃષ્ટિ થાય છે, અધરામૃતનું પાન કરે,
પ્રેમાધિન પુર થયાં પરસપર, સુંદર મનમાં મોદ ધરે.

(ક્ષત્રી કલંક કેમ લેશેરે—એ રાગ.)

હર્ષે હૃદય બહુ ઉભરાય, ઉમંગ અંગ અતિ ઘણો રે.
પતિ પ્રિયા મન મોદ ન માય, ઉમંગ.
મળે ત્રિભૂવન તણું કદી રાજ, ઉમંગ.
એથી અધિક આનંદ થયો આજ, ઉમંગ.
થયું પ્રેમામૃત પાન અપાર, ઉમંગ.
લુંટી નવ યોવનની બહાર, ઉમંગ.
સુંદર સન્નેહું મળેતો આવી મોજ, ઉમંગ.
નહિતર નર ફીકરની ફોજ, ઉમંગ.

આશાગોડી.

હોય દંપતિની દ્દઢ પ્રીતિ, અહા! જો હોય દંપતિની દ્દઢ પ્રીતિ. ટેક.
હળીમળીને દંપતિ ચાલે, ટળે કલેશ તણી મહા ભીતિ. અહા!
રસિલી રસિલો સંપી ચાલે, સંપે ટળે છે કુનીતિ. અહા!
સદ્દગુણ સંપન્ન શામા સ્વામી, રાખે સદા સુનીતિ. અહા!
પ્રેમપયોધિ સ્નાન કરાવે, હૃદય ભરેલી નીતિ. અહા!
સુંદર સુખની હોય ઇચ્છા તો, રસીયાં રાખો રૂડી રીતિ. અહા!

દોહરો.

પ્રેમીને પ્રેમી મળે, પ્રેમ પ્રકાશિત થાય;
સુંદર પિયુ પ્યારી મળ્યાં, હૈયે હર્ષ ન માય.

પતિ વચન.

હિંદી.

રસિલી તું છો પ્રાણાધિક પ્યારી, તજું નહિ તરૂણી તને ન્યારી;
તુજ વિયોગે પ્રિયા જીંદગી અકારી, રસિલી તું છો પ્રાણાધિક પ્યારી.
વિધુ વદન વહાલી જોઇને તારૂં, થયું કષ્ટ નષ્ટ કામિની હે! મારૂં;
ખુબી ખીલી આજ ખુબ ખુશકારી, રસિલી તું છો પ્રાણાધિક પ્યારી.
આ સમય તણું સુખ શું વખાણું, ઈંદ્ર રાજથી અધિક ઉર જાણું;
પામું પ્રમોદ પૂર્ણ જોઇ છબી તારી, રસિલી તું છો પ્રાણાધિક પ્યારી.
ઉર ઇચ્છતો નથી હું બીજું કાંઇ, ઇચ્છું સંયોગ તારો શાણી સુખદાઇ;
છબી છબીલી તારી અંતરે ઉતારી, રસિલી તું છો પ્રાણાધિક પ્યારી,
પરમાનંદ પ્રિયા પામું તુજ સંયોગે, પારાવાર પીડા પ્રગટે છે વિયોગે;
તુજ વિના બધી વસ્તુઓ અકારી, રસિલી તું છો પ્રાણાધિક પ્યારી.
હે રસિકડી સદાય મુજ સંગે, ખાશું પીશું ખુબ ખેલશું ઉમંગે;
સુંદર પ્યારો કહે તું માશુક મારી, રસિલી તું છો પ્રાણાધિક પ્યારી.

ગીતિ.

નિરખી નયને તુજને, હર્ષે મમ હ્રદય ઉભરાય આજે;
ઇચ્છું છું ઉર એવું, અહર નિશ પ્રિયા ઉછરંગે રાજે.

(માજી તું છો પાવાની પટરાણી—એ રાગ)

પ્રિયા તારો પ્રેમ છે અપરંપાર, કહ્યો જાતો નથી રે લોલ;
મુજ મન પ્રફુલ્લિત કેવું થાય, કહું શું હું કથી રે લોલ.
જેવું છે આ વખતે સુખ, એવું પ્રભુ આપજે રે લોલ;
તારા સંયોગે શ્રી શ્યામ, સંકટ સહુ કાપજે રે લોલ.
માગું હું પ્રભુની પાસ, વચન એક નેકથી રે લોલ;
રહે અચળ આપણો પ્રેમ, વરતીએ વિવેકથી રે લોલ.

તું છો સ્વર્ગ તણું મુળ દ્વાર, પ્રાણેશ્વરી માહરી રે લોલ;
નયને નિરખીને હરખાઉં, સુંદર છબી તાહરી રે લોલ.

દોહરો.

પુન્ય પ્રભાવ સુયોગથી, થઈ છે લીલા લ્હેર;
વિરહ વિપત વિભુએ હરી, કીધી મોટી મ્હેર.

સોરઠો.

તુજ મુજ સરખો પ્રેમ, અધિક હવે હું શું કહું ?
રહેશું કુશળ ક્ષેમ, મોજમજા નિત માણશું.
યુગ યુગ તારો સંગ, કૃપા કરી હરિ આપશે;
રમશું રૂડા રંગ, તું હું હે! મન મોહિની.

પ્રિયા વચન.

ગઝલ.

(અરે! કોન હે તું, તેરા કયા હે નામ?–એ રાગ)

મધુમય વાણીનો કરો છો ઉચ્ચાર;
શ્રવણે સુણી ઉર પ્રગટે છે પ્યાર.
હું દીન દાસીની લીધી સંભાળ;
થઈ છું તમારી આભારી અપાર.
આપ વિવેકી તણાં સુ વચન;
સુણીને પ્રફુલ્લિત થયું મારું મન.
પ્રતિ દિન પ્રીતમાં વૃદ્ધિ થતી જાય;
એવો સુંદર હવે કરવો ઉપાય.

ગીતિ.

વાત વિનોદે વળિયાં, પતિ પત્નિને આનંદ અતિ અંગે;
શયન સમય થાવાથી, પોઢયાં જઈ પુષ્પ પલંગે સંગે.

સદુપદેશ.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

આ સંસાર અસાર સુંદર કહે, તેમાં કશુંએ નથી,
રાણા રંક શ્રીમંત સૌ અવતરી, ખાલી મરે છે મથી;
આવ્યા આપણુ એકલા અવનિમાં, અંતે જવું એકલું,
આવે અંતક તેડવા અધિર થૈ, ત્યારે થશે શું ભલું?
જ્ઞાની ચર્ણ પ્રતાપથી ગમ પડે, રસ્તો બતાવે રૂડો,
પામે ભેદ અભેદ સંગત, વડે, સંસાર લાગે કુડો;
માયા છે ઠગણી અને સરવને, માયા ઠગે છે સદા,
એવું સુંદર જ્ઞાન થાય ઉરમાં, ભ્રાન્તી રહે ને કદા;
જો જાણ્યા નહિ જન્મ લૈ જગપિતા, તો શી કમાણી કરી?
વ્હાલા વૈભવ આદિ આ તન તજી, અંતે જવું છે મરી;
લાખો હંસ ઉડી ગયા નિરખતાં, છે તે રહેવા નથી,
જાવું સુંદર એકલું તજી બધુ, સાચું કહું છું કથી.

સોરઠા.

બહુ વિધ ઘડિએ ઘાટ, ક્ષણ ભંગુર આ દેહ છે;
રખડી પડશે ઠાઠ, અધવચ તેડું આવશે.
ધરા ધ્રુજાવણ હાર, ધીમંતા ધરણી ધણી;
કાળે કીધા ઠાર, કળ બળ કંઈ ચાલ્યું નહીં.
પળમાં જાશે પ્રાણ, જાણ થશે નહિ તે તને;
વખત નથી નિર્માણ; કયારે હંસ જનાર છે.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

માયાના મદમાં તને ગમ નથી, ભુલ્યો ભમે છે અરે!
માની માન અને વળી મમતમાં, ખોયું બધું તેં ખરે!
કર્ત્તાને કદિ યાદ તેં નવ કર્યા, કીધાં કુડાં કર્મ તેં,
પાપી પાપ પ્રપંચમાં મગન થૈ, ખોયો ખરો ધર્મ તેં.
માતેલો મદમાં અને બદનમાં, રાતો રૂપાળો દિસે,
છાકેલો છત જોઇને છકિ ગયો, અંધો થયો શ્રી વિષે;

મોટો તું મનથાં અને અવરને, છોટા કરી લેખતો,
આવ્યો કાળ ઉતાવળો તદપિ તું, દષ્ટે નથી દેખતો.

દોહરા.

ધન નિરખી મન ચળિ ગયું, સુઝયો નહિ સુવિચાર;
અચળ રહેશે કયાં લગી ? ક્યારે નાશ થનાર.
એવું ઉર નહિ આણવું, અચળ રહે ધન ધામ;
સુંદર મેં નિશ્ચય કર્યું, અંતે ફના તમામ.
નાશ થયું થાશે બધું, કાંઇ નથિ રહેનાર;
રંક અને શ્રીમંતને, કાળ કવલ કરનાર.

હરિગીત છંદ.

ધન ધામની ખાત્રી નહીં, પરિવારની ખાત્રી નહીં,
કોટી અબજ ધન મેળવો, પણ અંત તે રેશે અંહી;
આગળ નથી પાછળ નથી, પણ મધ્ય ભાગે ભાસ છે,
સુંદર કહે એ વસ્તુનો, આખર જતાં નકિ નાસ છે.
કરવો નહીં કંઇ ઓરતો, આફત વિપત સંપત તણો,
કલ્યાણ કર સદ્જ્ઞાનથી, સુખ દુઃખ સદા સરખાં ગણો;
સુખ દુઃખ તણાં મુળિયાં નથી, પણ મોહથી વર્તાય છે,
સુંદર કહે અજ્ઞાન સૌ, સદ્જ્ઞાનથી લય થાય છે.
જૂદા પ્રપંચો જગતના, મત સર્વના જૂદા દિસે,
મતવાદિ મિથ્યા લડિ મરે, સમજ્યા વગર સૃષ્ટી વિષે;
તું એક સંગે રાખજે, નિજ નેક પૂરણ ટેકથી,
સુંદર કહે સમરો સદા, પરમાત્મને વીવેકથી.
સુખ દુઃખ શરિર સાથે જડયાં, ટાળ્યાં નહીં ટળશે કદા,
મન મગ્ન થઇને નર તમે, જે થાય તે સ્હેજો સદા;
જ્યાં લગણ તન આબાદ છે, ત્યાં લગણ સુખ દુઃખ સહુ સહો,
સુંદર કહે શ્રી શ્યામનું, સમરણ કરી સુખિઆ રહો.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

શા માટે શઠ કલ્પના કરછ તું, ધાર્યું રહેશે ધર્યું,
કર્ત્તા છે કરનાર સુંદર કહે, ને થાય તારું કર્યું;

થાવાનું નિત થાય છે જગતમાં, મિથ્યા નહીં તે થશે,
દોડે છે શિદ મૂર્ખ તું મફતનો, હોનાર આપે હશે.

મનહર છંદ.

ઇચ્છિત વિલાસ મળે, રોગ દોગ શત્રુ ટળે,
પુત્રો પુત્રી આદિ મોટું, મંડળ જણાય છે,
ખાય પીએ ખેલે ખૂબ, હૃદય હમેશ હુબ,
રિદ્ધિ સિદ્ધિના પ્રતાપે, મોજ બો માણાય છે;
અંગ પર ઓઢવાને, ઓપે પટકૂળ આછાં,
ધાટાં રૂડાં વસ્ત્રો પણ, ખુંચે નિજ અંગમાં,
માણી લે તું મોજ પ્રાણી, ક્ષણિક વિલાસ જાણી,
સુંદરજી કહે અંતે, નહિ આવે સંગમાં.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ભારે વૈભવ ભોગવે નિત નવા, રાચ્યા રહે રંગમાં,
કાઢે કાળ સદા મદે મગન થૈ, શ્યામા તણા સંગમાં;
ગાજે દ્વાર ગજેંદ્ર મસ્તિ કરતા, તાતા તુરી તંગમાં,
એવાં સૌ સુખ સાજ સુંદર કહે, થાશે ફના ફંદમાં.

મનહર છંદ.

કાયા છે કુંદન કળી, લક્ષ કોટિ માયા મળી,
સંતતિ સુફળે ફળી, વળી બુદ્ધિ શાળી છે,
હુકમ ઉઠાવનાર હજુરી હજાર પાસે,
ચરણને ચાંપનારી, નારી બો રૂપાળી છે;
સ્વર્ગની સામગ્રી બધી, આપો આપ આવી મળી,
ખામી નથી રહી કશી, નજરે નિહાળી છે,
સુંદરજી એવા એવા, વૈભવ વિલાસી તણી,
પુન્યને ભજન વિના, ભુંડી દશા ભાળી છે.
આજ કાલ કરી કરી, લાખો લોકો ગયા મરી,
ફરી ન નિહાળ્યા નેત્રે, ગયા જેઓ ગેહથી,
ધની નિરધનિ આદિ, સર્વનો સંહાર થશે,
કાળ નહિ પાછો ફરે, માયા તણા મોહથી;

બીજા બધા અવતારો, આવે છે અનેક પણ,
મોક્ષ મેળવાય માત્ર, મનુષ્યના દેહથી.
સુંદરજી કહે નર, તજીને તોફાન બધાં,
અખંડ આનંદ કર, સમરી લે સ્નેહથી.
આફત અંબુધિ જ્યારે, ઉલટીને ઉછળે છે,
ત્યારે પછી પ્રાણી તણો, પત્તો નથી લાગતો,
ભિતર બહાર અને, આમ તેમ અથડાતાં,
દસે દિશા દુઃખ દેખી, ભુંડે હાલે ભાગતો.
સ્થિર મન થાય નહિ, ધીરજ ધરાય નહિ,
નિશાએ ન નિદ્રા આવે, ઝબકીને જાગતો,
સુંદર માયાવી જીવ, માયામાં મુંઝાઈ મરે,
છતાં મહા મુઢ મતિ, માયા મુખે માગતો.

દોહરા.

સુંદર આ સંસારમાં, સુખ દુઃખ શું છે ચીજ ?
સંકટ શાથી થાય છે, શું છે દુઃખનું બીજ ?
ગિરિધરની ગતિ જાણિને, સફળ કરે અવતાર;
સત્ય સ્વિકારે સ્નેહથી, એથી સુખ મળનાર.
કર્મ ઘણાં કુડાં કરે, ધર્મ ન જાણે લેશ;
મર્મ ન જાણે માંહ્યલો, પામે કષ્ટ હમેશ.
રડવું નહિ થઈ રાંકડા, ડરવું નહિ દિલદાર;
આફત યા સંપત સદા, અચળ નથિ રહેનાર,
હોય થવું તે થાય છે, એવો નિયમ અનાદ;
કષ્ટ કશું રડવા થકી, થાય નહીં બરબાદ.
ઈચ્છા કરિએ આપણે, ધાર્યું ધણિનું થાય;
આરંભ્યું પડતું રહે, અણધાર્યું થઈ જાય.
ભવસાગર તરવા તણા, ઘડવા નિત ચિત ઘાટ;
શોધો સુંદર સર્વદા, સ્વર્ગ ભુવનની વાટ.
ડરવું નહિ કદિએ કુડું, રૂડું થાતું હોય;
સારાના સાથી થજો, દુષ્ટ થશો નહિ કોઈ.

કુડું કરતાં કોઇનું, પોતાનું થઇ જાય;
પ્રથમ મુરખ માને નહીં, પણ પાછળ પસ્તાય.
મેડી અથવા ઝુંપડી, અંત થશે મેદાન;
માટે મમતા મેલિને, સમરો સુંદર શ્યામ.
સાવ સુખી સંસારમાં, મળવા મુશ્કિલ થાય;
કંઇ કંઇ દુઃખ સુખ સર્વને, રંક હુશે યા રાય.
કોઈ રડે ધન કારણે, કોઈ રડે સુત માટ;
કોઈ રડે ઊદર ભરણ, એમ અનેક ઉચાટ.
કંઇ કંઈ પણ ખામી ખરી, નિર્ભય નહિ કો લોક;
તદન અચળ નિર્ભય નરો, હોય જગતમાં કોક.
ક્રોડાધિક ક્રુર કષ્ટ છે, કથતાં નાવે પાર;
એ સઘળાં જીવ ભોગવે, તોય પડે નહિ પાર.
જેવાં દુર્ઘટ કષ્ટ છે, એવાં ઉત્તમ સૂખ;
તે પણ પ્રાણી ભોગવે, પાંચે બની પ્રમૂખ.
સાચું સુખ એ સમજવું, વિશ્વેશ્વર વશ થાય;
ભક્તિ કરીએ ભાવથી, કાર્ય કઠીણ કરાય.
જગત બધું જેણે રચ્યું, તે પાલણ કરનાર;
અવધિ પૂરી થઇ રહ્યે, એજ કરે સંહાર.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

આ સંસાર વિષે કશું નકિ નથી, પોલું બધું એ દિસે,
લોભે ને વળિ લાલચે જન બધા, રીબાય કષ્ટો વિષે;
ઓચીંતા યમ આવિને લઇ જશે, જોતાં રહેશું તદા,
કે છે સુંદર હંસ ઊપડિ જશે, રેશે નહીં તે સદા.

દોહરો.

ક્ષણ ભંગુર આ દેહ છે, ક્ષણમાં થાશે નાશ;
છોટા ને મોટા બધા, કાળ તણા છે ગ્રાસ.

મનહર છંદ.

વંધ્યા તણો વંશ વેલો, વધી પડયો વિશ્વમાંહી,
ઠેકાણે ઠેકાણે તેની, પેઢી પણ ચાલે છે,

પાંચ સાત પુત્ર પૌત્ર, પાંચ સાત પુત્રી પ્યારી,
બગીમાં બેસીને બધા, મોજ મજા માણે છે;
બનાવ્યા બેઠક માટે, બહુ રંગી બંગલાઓ,
તેમાં બધો વંધ્યા તણો, પ્રૌઢ પરિવાર છે,
સુંદરજી કહે જેવો, વંધ્યા તણો વંશ વેલો,
એવો રૂડો રંગીલો આ, સમગ્ર સંસાર છે.

દોહરા.

માત પિતા પ્રિય બાંધવો, પુત્રાદિક પરિવાર;
ખોટાં સર્વે છે છતાં, મુઢ મતિ થાય ખુવાર,
ભ્રમણામાં ભુલ્યો ભમે, ભજે નહીં ભગવંત;
ક્રુર કરમ કરતાં થશે, યમ આધિન નર અંત.
રાગી ત્યાગી થાય છે, ચોળે છે તન ખાખ;
ભજન વગર સુંદર કહે, આખર રાખનિ રાખ.
માયા વેષ્ટિત જગ બધું, માયા પ્રબળા માત;
મુક્ત રહે માયા થકી, તેજ તરે સાક્ષાત.
જુઠિ જગતની જાળમાં, વખત ગુમાવે વ્યર્થ;
ભજે નહીં ભગવંતને, સાધે નહિ નિજ અર્થ.
જાયું તે જાશે નકી, રેશે રઘુવિર નામ;
અવર તજી ભજ એહુને, તોજ સરે તુજ કામ.

હરિગીત છંદ

તુજ શત્રુ દળ ચઢિ આવિયું, તો પણ સુતો તું શું સુખે ?
ગાફલ મટી હુશિયાર થા, નહિતર જશે દિવસો દુઃખે;
મદ મોહ આદિક શત્રુ છે, તેને તુરત હણિ નાખજે,
સુંદર પછી નિર્ભય પણે, હરિ રસ હમેશાં ચાખજે.
કરિયે ઉતાવળ આપણે, તોયે અરથ કંઇ નવ સરે,
થાવું હશે ત્યારે થશે, ખાલી મફત સિદ મથિ મરે;
વિશ્વાસ વિશ્વાધારનો, અંતઃકરણથી રાખવો,
સુંદર કહે સ્નેહે કરી, પ્રભુ ભજનનો રસ ચાખવો.
આ શરિર સુંદર છે છતાં, પણ અંત બાળી નાખશે,

નિકળી જશે જવ પવન તવ, ઘરમાં ઘડી નહિ રાખશે;
વ્હાલાં અને દવલાં મળી, શમશાનમાં શબ લઇ જશે,
સુંદર કહે ગોરૂં બદન પણ, રાખનો ઢગલો થશે.
લ્હેણું હશે તે લઇ જશે, દેણું હશે તે દઇ જશે,
જેવું પરસ્પર માગણું, એવું અનાયાસે થશે;
સંચિત પુરવનાં ભોગવે, દૂહાપણ નથી કંઇ કામનું,
સુંદર સદા મન મગન થઇ, કરવું રટણ શ્રી રામનું.
શિદ કલ્પના કરિએ વૃથા, કુર કલ્પના નથિ કામની,
માયા મમત મનથી મુકી, માળા ગ્રહો પ્રભુ નામની;
આ જગતમાં અજ્ઞાનિને, લાગી લગન ધન ધામની,
સુંદર પ્રભૂ સમરણ વગર, આ જીંદગી શા કામની?

મનહર છંદ.

મોઢે કીધા ચારે વેદ, તથાપિ ન પામ્યો ભેદ;
અભેદ શ્રી આત્મા ખોળી, મજા સાચી માણી ને,
શ્રૃતિને સમૃતિ આદિ, વારંવાર વાંચી જોયાં,
ખોયાં બધાં વર્ષ છતાં, ખરી વાત જાણી ને;
પંડિત પુરાણી તણો, દમામ તમામ દિસે,
પણ અવિનાશી તણી, પ્રકૃતિ પિછાણી ને,
સેવા પુજા કરવામાં, વખત વિતાડયો વ્યર્થ,
છતાં હરિ પર ખરી, પ્રીતિ ઉર આણી ને.

ઉદ્ગીતિ.

મનુષ્ય જન્મ શા માટે? ઇશ્વરે આપણને દીધો;
તર્ક કરી જો મનમાં, આ સંસારમાં શો લાભ લીધો.

ઉપગીતિ.

સત્ય દિસે શું તુજને? સૃષ્ટિ વિષે પ્રિય ભ્રાત મારા;
પ્રથમ હતો તું કેવો? હવે હાલ શા છે? તારા.

હરિગીત છંદ.

છે વ્યર્થ આ સંસારમાં, જે વૈભવો દ્રષ્ટે પડે,
થાશે ફના પળ એકમાં, પાછા નહીં તે સાંપડે;

તન મન અને ધન ધામની, બંધી વિષે તું આથડે,
સુંદર કહે થાશે મરણ, તે ખબર તુજને નહિ પડે.

દોહરો.

બહુ રંગી બહુ બંગલા, ઇચ્છિત ભોગ વિલાસ;
અલ્પ વખત દ્રગ દેખશો, આખર થાશે નાશ.

માલિની વૃત.

નવલ રસિક નારી, પ્રાણ જેવીજ પ્યારી,
જરૂર જન થશે તે, અંત જાતાં અકારી;
ચકર શિર ફરે છે, કાળનું કષ્ટ કારી,
પળ પણ નહિ રેશે, આવશે કાળ સ્વારી.

દોહરો.

અલ્પ વખત રહેવું અંહી, અધિક નથી વિશ્રામ;
ધન યોવન રેશે ધર્યા, કંઇ નહિ આવે કામ.

મનહર છંદ.

સત્ય અને નિત્ય એવું, સંસારમાં સુખ હોત,
મોટા મોટા માયાપાત્ર, જંગલમાં જાત ને,
રાજ પાટ રિદ્ધ સિદ્ધિ, સુખનાં સાધન હોત,
ખાસા ખટરસ તજી, કંદ મૂળ ખાત ને;
પુત્રને કલત્ર આદિ, પરિવાર પોતા તણો,
સાચાં જો સબંધી હોત, જુદાં કદી થાત ને,
જગત અનિત્ય અને, નાશવંત જાણ્યા વિના,
સુંદર સંસાર તજી, હરિગુણ ગાત ને.

માલિની છંદ.

જગત સકળ જૂઠું, જાણવું ભ્રાત મારા,
નથિ નથિ પરિણામે, વૈભવો તો તમારા;
ધનિ નિરધનિ સર્વે, નાશ પામી જનારા,
બગર મફત શાને, બાંધવા પાપ ભારા.

મદિરા છંદ.

કાળ કરાળ ફરે શિર ઊપર, પ્રાણ જતાં નહિ વાર થશે,

અંત સમે અળગુંજ થશે સહુ, ધામ ધરા ધન માલ હશે;
જાણુ થશે નહિ પ્રાણુ જશે તવ, સુંદર તું તુજ રાગ રમે,
લાખ ઉપાય કરે કદિ તો પણુ, કાળ નથી તજનાર તને.

સોરઠા.

થશે ફના એકવાર, જગત બધું હે ! પ્રાણિઆ;
કોઈ નથી રેનાર, સત્ય વચન સુંદર કહે.
હોય વડા વિદ્વાન, પૂર્ણ પ્રવિણુ ગુઢ જ્ઞાનમાં;
અંત ખરૂં શમશાન, સત્ય વચન સુંદર કહે.
ભર્યા શ્રી ભંડાર, ખૂટે નહિ જે ખરચતાં;
અલ્પ વખત વ્હેવાર, સત્ય વચન સુંદર કહે.
ભુમીના ભરથાર, જનમ્યા બહુ આ જગતમાં;
ધર્યા રહ્યાં ઘરબાર, સત્ય વચન સુંદર કહે.
કંઠે મુકતા માળ, કનક ઘાટ પ્હેર્યા ઘણા;
તો પણુ ખાશે કાળ, સત્ય વચન સુંદર કહે.
માયા મોટી જાળ, માયા ઉર ઇચ્છે બધા;
દુઃખ રૂપ છે મધલાળ, સત્ય વચન સુંદર કહે.
ધન યોવનને ધામ, જીવતાં સૌ જંજાળ છે;
અંત ન આવે કામ, સત્ય વચન સુંદર કહે.
મનમાં મોટી હામ, પૂરણુ કરનારો પ્રભૂ;
વિચાર વ્યર્થ તમામ, સત્ય વચન સુંદર કહે.
સાગર રૂપ સંસાર, મીન રૂપી છે માનવી;
પારાધી છે કાળ, સત્ય વચન સુંદર કહે.
કો આજે કો કાલ, મરણુ શરણુ થાશો નકી;
અજબ ખલક હેવાલ, સત્ય વચન સુંદર કહે.
સ્વારથનીજ સગાઇ, સ્વારથ સાધક સૃષ્ટિ છે;
હોય ભલે નિજ ભાઈ, સત્ય વચન સુંદર કહે.
ઉપડી જાશે પ્રાણુ, પછિ નથિ કોઈ આપણું;
ગર્વ નહીં ઉર આણુ, સત્ય વચન સુંદર કહે.
તુજ નજરે નરનાર, કાળ કવલ કરિ જાય છે;
ઉપડી ગયા અપાર, સત્ય વચન સુંદર કહે.

હોય હજારો લાખ, ધન દોલત મન માનતી,
તદપિ થશે તન ખાખ, સત્ય વચન સુંદર કહે.

દોહરો.

કાળ તજે નહિ કોઇને, કરતાં ક્રોડ ઉપાય;
એક દિવસ મરવું ખરૂં, રંક હોય કે રાય.

ગીતિ.

મિથ્યા નહિ લોભાશો, જગત તણી જાળ જન જુઠી જાણો,
માયામાં મુંઝાણા, અવર નહીં કાંઈ અંતર આણો.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

ભુખ્યાંને અન આપજો પ્રતિદિને, પાણી દિઓ ત્યાસિને,
આપો વસ્ત્ર અનાથને અવસરે, ધર્મે રહો રાચિને;
ભાવે ભક્તિ કરી તમે રિઝવજો, વૈકુંઠના વાસિને,
કે છે સુંદર ભક્તિથી અઘ બધાં, નાસી જશે ત્રાસિને.

લાવણી.

જુઠી માયા જુઠી કાયા, જુઠી જગતની છે બાજી;
જુઠું જગતનું સુખ જોઇને, મુર્ખ રહે મનમાં રાજી.
માત પિતા સુત બંધવ નારી,સર્વે સ્વારથી જાણી લ્યો;
સગાં સબંધી સઘળાં જુઠાં,આ જગમાં પરમાણી લ્યો.
અંત સમય કો કામ ન આવે,સહુ સ્નેહી અળગાં રહેશે;
સગાં સહોદર સહુ મળીને, ચેમાં લઈ ફુંકી દેશે.
કેડ કંદોરો ડોકે દોરો, તે સર્વે કાઢી લેશે;
બીજું કાંઈ કામ ન આવે, પુન્ય પાપ સાથે રહેશે.
માટે મારૂં માની લે તો, ફોકટ ફેરો નવ ફરવો;
નાવ નામ નારાયણનું લઈ, ભવસાગર સ્હેજે તરવો.
ઘણી વાર તું ભમીઓ ભુમાં, પશુ પક્ષીને પેટ પડયો;
ચેત ચેત રે! ચેત ચતુર નર, અમૂલ્ય અવસર આજ જડયો.
હરિ હીરો હારી બેસીશ, પછી પસ્તાવો બહુ થાશે;
અંત સમે જંજીર જડીને, જમદુતો પકડી જાશે.
મોડા વેલા મનુષ્ય માત્રનું, કાળ ભક્ષણ કરી જાશે;
કહે સુંદરજી સર્વ જનોનું, અણધાર્યું મૃત્યુ થાશે.

દોહરો.

જેને તું તારાં ગણે, તે નથિ તારાં કોઇ;
અજ્ઞાને ઘેર્યો તને, તેથિ મરે છે રોઈ.

લાવણી.

રિદ્ધિ સિદ્ધિ દેખી દ્રષ્ટે, મનમાં તું મલકાતો હશે;
ખબર નથી અજ્ઞાની તુજને, આગળ શું પરિણામ થશે.
નારી નખરાં કરતી સારાં, પ્યારાં તે તુજને લાગે;
રામ રસનો ત્યાગ કરીને, રસીલી રસ મુખથી માગે.
લક્ષ્મીની લાલચમાં લોભી, લક્ષ્મી વરને ભુલી ગયો;
લક્ષ કોટી ધન નિરખી નજરે, મુઢમતિ મદ મસ્ત થયો.
કોટિ યત્ને ભેળી કરી શ્રી, તદપિ અંતે નથી તારી;
પ્રાણાંતે સઘળું લઈ લેશે, કાયાને દેશે બાળી.
ભડ ભડ ભડ ભડ બળે બીજાના,ભડકા જન મન ભયકારી;
એક દિવસ એવી રીતે જન, ફુંકી દેશે કાયા તારી.
જે મૃતિકા તુજ પગ કચરે છે,તે મૃતિકામાં મળવું છે;
મનવા મારૂં માની રહ્યો પણ, અંત બધું પરહરવું છે.
મરવું કયારે થાશે પ્રાણી, તેનું નથી તુજને કંઈ ભાન;
વચન મારૂં સારૂં લાગે તો, મુખથી બોલો સીતા રામ.
રામ નામ બોલો મુખથી સૌ, સુંદરજી હું અરજ કરૂં;
રામ ચરણ રજને બલિહારી, રામ ચરણ મમ શિર ધરૂં.

ગીતિ.

આજ સુધી અજ્ઞાની, ભવસિંધૂમાં ભટકતો ફરીઓ;
શું સાચું? શું ખોટું! તર્ક કશો તેનો તેં નહિ કરિઓ.

દોહરો.

સુખ સંપત વૈભવ તજી, વનમાં કો જન જાય;
પણ નિજ મન માર્યા વગર, કાર્ય સફળ નહિ થાય.
દુનિયાનાં દુ:ખ સુખ સહે, ચલવે ગ્રહ સંસાર;
ભજન કરે ભગવત તણું, તો તે નર તરનાર.
જે તનનું કરિએ જતન, તેનો થાશે નાશ;

જીવ જશે નિજ મારગે, બાળી દેશે લાસ.
માલ અને મિલ્કત બધી, આખર અંહિ રેનાર;
પઈ પણ મળશે નહિ તને, સુંદર વચન સ્વીકાર.
ભજન વગર ભ્રમણા બધી, ખોટો આ સંસાર;
વારિ વલોવી મથિ મરો, માંખણુ નહિ મળનાર.
સુંદર આ સંસારમાં, તત્વ પદારથ એક;
હરદમ હરિને સમરવા, તજવી નહિ નિજ ટેક.
માત પિતા સુત સુંદરી, પુત્રા ભગિની ભ્રાત;
એ સઘળાં છે સ્વારથી, અવર નથી કંઇ વાત.
જીવ હશે તન જ્યાં લગી, ત્યાં લગિ સહુ ચુસનાર;
હંસ ગયો પછિ થઇ રહ્યું, સઘળાં અલગ થનાર.
આવ્યા ત્યારે એકલા, જાવું એકા એક;
પાપ, ધર્મ, હરિ ભજન ફળ, એ સંગી છે નેક.
પાપ તણી જો વૃદ્ધિ હશે, ધર્મ હશે કમ જોર;
તો તેને શિર લાગશે, યમદુત દંડ કઠોર.
ધર્મ ભજનની વૃદ્ધિ હશે, પાપ તણું નહિ નામ;
એવા પ્રભુના દાસને, મળશે એશારામ.
પાપ કર્મને પરહરો, ધર્મ ગ્રહો ગુણકાર;
ભજન કરો શ્રી શ્યામનું, તો પડશો નર પાર.
હરિ હર હરદમ બોલવું, અવર ન લેવું નામ;
પ્રભુ પદ પુજન પ્રભાવથી, સરસે સઘળાં કામ.
કુટિલ કાળનિ જાળમાં, અણધાર્યો આવીશ;
બંધનમાં આવ્યા પછી, ફરિ કદિ નહિ ફાવીશ.
ચેતન છે તન જ્યાં લગી, ત્યાં લગિ લે પ્રભુ નામ;
ચેતન જાશે તન તજી, કાંઇ થશે નહિ કામ.
ભવ સાગર ભય ટાળશે, ભકતાધિન ભગવાન,
કવિ સુંદર હરદમ રટો, એક નિરંજન નામ.
જ્યાં સૂધી અંતર તણો, ધોવાણો નથિ મેલ;
ત્યાં સુધી સુંદર કહે, મોક્ષ થવો મુશ્કેલ.

કૃષ્ણ કિર્તન.

દોહરા.

કૃષ્ણ કહેતાં મુખ થકી, પાપ બધાં બળિ જાય,
સાચા મનથી સેવતાં, જન્મ મરણ ટળિ જાય.
કૃષ્ણ કહેતાં કેક જન, પામ્યા પદ નિર્વાણ;
કૃષ્ણ સરીખા થઈ ગયા, મટતાં મનની તાણ.
ભક્ત તણા હિત કારણે, લીળાના કરનાર;
કમળ નયન શ્રી કૃષ્ણને, વંદું વારંવાર.
ઉદ્ધવ અર્જુન આદિને, આપ્યું આતમજ્ઞાન;
કૃષ્ણ તણી કરૂણા વડે, ભક્ત થયા ભગવાન.
કમળાપતિ શ્રી કૃષ્ણની, કરવી ભક્તિ હમેશ;
નામ જુદાં પણ એક છે, બ્રહ્મા વિષ્ણુ મહેશ.
કૃષ્ણ કહો યા શિવ કહો, અગર કહો શ્રી રામ;
એ પ્રભુનાં ત્રીનામથી, એકજ મળશે ધામ.

પ્રભુ પ્રાર્થના.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

શોધ્યા શ્રી હરિ આપને શ્રમ લઇ, દેદાર થાવા અમે,
વિશ્વે વ્યાપક છો છતાં જગપિતા, દૃષ્ટે ન આવ્યા તમે;
યોગી કૈક મથી મુવા તપ કરી, સાક્ષાત દૃષ્ટે થવા,
કે છે સુંદર તોય શ્રી હરિ તમે, સાક્ષાત તો ના હવા.

દોહરા.

ભવસિંધૂ તારક તમે, ભક્તાધિન ભગવાન;
શરણ તમારૂં આપજો, માગું એ વરદાન.
આપ તણી લીળા તણો, મહિમા અપરંપાર;
શેષ સહસ્ત્ર મુખે કથે, તોય ન પામે પાર.
અકળાયો સંસારથી, દુઃખના ડુંગર જોઇ;
આપ વગર પ્રભુ આ સમે, અવર નથી મુજ કોઈ.

અમને શ્રી હરિ આપનો, અંતર છે ઈતબાર;
તેમ છતાં દુઃખ કાપતાં, કેમ કરો છો વાર ?
નિશ દિન તમને સમરતાં, સંકટ નષ્ટ ન થાય;
તો પ્રભુ એ માટે અવર, શો કરવો ઉપાય ?

શ્રી ભગવદ્ ગીતાનો મહિમા.

દોહરા.

ગીતા ગુણ ભંડાર છે, મોક્ષ તણું છે દ્વાર;
ગીતાના આશ્રય થકી, નર નિશ્ચય તરનાર.
શાસ્ત્ર સકળનો સાર છે, તત્વ તણો ભંડાર;
ગીતા પાઠ પ્રયોગથી, ઊતરશો ભવ પાર.
ગીતાના અભ્યાસથી, પ્રગટ થશે શુદ્ધ જ્ઞાન;
સાચી ખોટી વસ્તુનું, તુર્ત થશે ઉર ભાન.
સદ્દગુરૂને શરણે જઈ, માગો મેલી માન;
તો તમને તે આપશે, ગીતાનું શુભ જ્ઞાન.

સોરઠા.

પ્રતિદિન ગીતા પાઠ, કરશે કો ઉત્સાહથી;
તો તે જનનો ઠાઠ, બદલી બીજો થઈ જશે.
ગીતા ગુણ આગાર, જો ચોટે જન ચિત વિષે;
ઊતારે ભવ પાર, સુંદર શ્રી હરિ સ્નેહથી.

દોહરા.

મન મુંઝાણું માહરૂં, જોઈ જગત વ્હેવાર;
ગીતા માંડી વાંચવા, અંતર આણી પ્યાર.
તન સુખની તૃષ્ણા ટળી, ટળી ગયા ત્રીતાપ;
બળી ગયાં અઘ ઓઘ સૌ, ગીતા પુન્ય પ્રતાપ.

સોરઠા.

એકજ ગીતા જ્ઞાન, અંતરમાં ઉતર્યા પછી;
અવર સકળ ઊજ્ઞાન, લુખાં લાગે છે મને.

ભગવદ્ ગીતા જ્ઞાન, ભાખ્યું છે ભગવદ્ મુખે;
વિમળ વડા વિદ્વાન, ગીતાના ગુણ ગાય છે.

દોહરા.

ભગવદ્ ગીતા ભાવથી, ભણશે ભેદ સહીત;
તે નર પર કરશે નકી, શ્રી હરિ પૂરણ પ્રીત.
ગીતાજીના ગુણ તણો, મહિમા અપરંપાર;
કોણ કથી શકશે મુખે, શેષ ન પામે પાર.
શાસ્ત્ર સકળનો સાર છે, વેદ તણો આધાર;
ગીતા ગતિ જાણી ગયો, તેનો બેડો પાર.
ભણતરમાં ગીતા ભણો, વાંચો ગીતા ખાસ;
ગીતાજીને આશરે, થાશે જ્ઞાન પ્રકાશ,
ગીતામાં જે જ્ઞાન છે, એજ ખરૂં છે જ્ઞાન;
અન્ય નથી સદ્દશાસ્ત્ર કો, શ્રી મુખ વચન સમાન.
વેદ ચતુર ષટ શાસ્ત્રમાં, સાર બતાવ્યો જેહ;
એકજ ગીતાજી વિષે, મળશે તમને તેહ.
રાજા રીઝે તો દિએ, દામ અગર કો ગામ;
ગુણવંતી ગીતા દિએ, પરમ પુનિત પ્રભુ ધામ.
ગીતા છે ભવભય હરણ, શાન્તિ કરણ સુખસાજ;
સુંદર ગીતા જ્ઞાનથી, સરશે સઘળાં કાજ.
વિનય વિવેક વિચારનો, કરવો પ્રથમ સ્વિકાર;
તોજ તમે ગીતા તણો, સમજી શકશો સાર.
અર્થ વિચારી વાંચશો, ગુરૂ મુખથી લઈ જ્ઞાન;
દૃઢ નિશ્ચય પરિણામથી, મળશે મોક્ષ નિદાન.
અંતરમાં ઊતારવો, સદ્દશાસ્ત્રોનો સાર;
પૂર્ણ શ્રધા સાથે સદા, કરવો તત્વ વિચાર.
જનક વિગેરે જે થયા, જ્ઞાન તણા ભંડાર;
તેઓએ લીધો હતો, ગીતાનો આધાર.

પરમેશ્વરનું ભજન કરવા વિષે.

દોહરા.

મોક્ષ સરીખું પદ મળે, ભજન પ્રતાપે ખાસ;
ભાસે સઘળે ભાવથી, એકજ બ્રહ્મ વિલાસ.
ભજન સરીખું અવર કંઇ, કરશે નહિ કલ્યાણ;
ભજન વગર પળ જાય તો, જાણો મોટી હાણ.
ભજન પ્રતાપે જે મળે, તે ન મળે કો ઠાર;
એ માટે કરવું ભજન, ભજન તણી બલિહાર.
ભજન પ્રકાર પુછે ઘણા, ઉત્તર આપું એક;
સદ્દગુરૂને શરણે જઈ, કરવો વિનય વિવેક.
શંકાઓ સઘળી સુણી, ઉત્તર દેશે આપ;
શુદ્ધ ચિત્તે કરતાં શ્રવણ, ટળશે તન મન તાપ.
ભજન પ્રકાર બતાવશે, શાસ્ત્ર તણે આધાર;
સદ્દગુરૂ વચન સ્વિકારતાં, ઊતરશો ભવ પાર.
કરવી ઇષ્ટ ઉપાસના; ધરવું પ્રતિદિન ધ્યાન;
તો તમને પ્રભુ આપશે, ઉત્તમ આતમ જ્ઞાન.

મનહર છંદ.

એક અવિનાશી તણું, ધરી લે તું ધ્યાન ચિત,
નિત ઉર પ્રીત ધરી, શ્રી હરિ સંભાળવા,
ઉછળે સંકષ્ટ સિંધુ, સુખનું ન હોય બિંદુ,
તથાપિ આ સૃષ્ટિ સ્વામી, કદી ન વિસારવા,
સુખ અને દુઃખ તણો, ઓરતો ન આણો તમે;
જશે વેતે પુર બધું, એમ ઉર આણજો,
સુંદરજી મિત્ર મારા, શ્રી હરિ છે તારનારા;
ભક્તો ભય હરનારા, સર્વેશ્વર જાણજો.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

જેણે આ તન આપિયું વળિ સદા, રક્ષા દયાથી કરે,
તે સૃષ્ટા જગ પોષિને ભગતનાં, વિઘ્નો બધાંએ હરે;

જે શ્રી શ્યામ તને અને નિત મને, ખાવા પિવાનું દિએ,
તે શ્રી શ્યામ સદાય સુંદર કહે, સંભાળ સૌની લિએ.
જો વિશ્વાસ ખરો હશે હરિ તણો, તો તું સુખી બો થશે,
સ્નેહે શ્રી હરિને સદા સમરતાં, જીવાત્મ મોક્ષે જશે,
સાચા થૈ હરિ ચર્ણને સમરજો, નિશ્ચે કરીને નરો,
કે છે સુંદર ભક્તિનાં ફળ વડે, સંસાર સિંધૂ તરો.

હરિગીત છંદ.

પરમાત્મને ભૂલો નહીં, ફૂલો નહીં જગજાળમાં,
સૂરતા લગાડો દ્દઢ દિલે, ભૂલી જવું નહિ તાળમાં;
ખેલે મદારી ખેલ બો, પણ દોર ઊપર દૃષ્ટિ છે,
સુંદર ભજનમાં મગ્ન થા, આખર જુઠી આ સૃષ્ટિ છે.
રેવું ઉદાસી જગતથી, પરમાત્મમાં ચિત રાખવું,
સંકટ સહન કરવા છતાં, મિથ્યા વચન નહિ ભાખવું;
તાળી ત્રિભૂવન તાતથી, રાખી હ્રુદયમાં રાચવું,
સુંદર અખંડાનંદમાં, આયુષ ગુજારી નાખવું.
અવિનાશ એકજ ઇશ છે, બીજા બધનો નાશ છે,
આ અવનિમાં સઘળે સ્થળે, પરિબ્રહ્મ પૂર્ણ પ્રકાશ છે;
સાક્ષી રૂપે જોવું બધું, રોવું નહીં થઇ રાંકડા.
સુંદર સચીદાનંદ ભજ, તજ મોહ મદના આંકડા.

દોહરો.

બહુ વિધ જોયું જગતમાં, કાંઈ ન જોયો સાર;
તેથી મન નિશ્ચય કર્યું, ભજવા જગ કરતાર,

મનહર છંદ.

મણિથી વિશેષ મોંઘો, મનુષ્યનો દેહ મળ્યો,
જેના વડે જીંદગીનું, સાર્થક કરાય છે,
વૈભવ વિલાસ ખાસ; ભાવે ભોગવાય અને,
ભજન કરીને ભવ, સાગર તરાય છે;
આવો અત્યુત્તમ છતાં, અજર અમર નથી,
જોતાં જોતાં કાળ તણી, જાળમાં ભરાયે છે,

સુંદર ભજન કરો, તોજ ભવસિંધૂ તરો,
નહિતર સંસારમાં, ફોકટ ફરાય છે.
ભજન કરોને ભાવે, સજ્જન સમસ્ત તમે,
હરિ કૃપા કરી ભવ, સિંધૂ ભાવે તારશે,
ગોવિંદના ગુણ ગાઓ, કદી નહિ દુઃખી થાઓ,
અનેક આફતમાંથી ઇશ્વર ઉગારશે;
ભજનમાં ભાવ હશે, ઇશ અનુકૂળ થશે,
સાલે તેવા શત્રુઓને, સત્વર સંહારશે,
પાપ પંથ પરહરો, સુંદર ભજન કરો,
નહિતર નર નક્કી, જમ જોડા મારશે.
પ્હેલું લૈ પ્રભુનું નામ, ઉમંગે આરંભો કામ,
તો તમોને સીતાશ્યામ, અત્યાનંદ આપશે,
ધારેલી સ્વ ધારણાઓ, પલકમાં પાર પડે,
નડે નહિ નડતર, વિઘ્નો વીંખી નાખશે;
હશે જો હૃદયમાંહી, ઇશ તણો ઇતબાર.
કૃપા સિંધૂ કૃપા કરી, ક્લેશ કષ્ટ કાપશે,
રટો તમે રામ નામ, સુધરે સમગ્ર કામ,
સુંદર સચ્ચિદાનંદ, શર્ણે સદા રાખશે.
મોટા મોટા મહિપાળો, મૃતિકામાં મળી ગયા,
ગળી ગળો કાળ ક્રુર, જગત તમામને,
જે જે જનો ગયા તેની, ઉમેદો અધુરી રહી,
પુરી ન પ્રભુએ કરી, હૈયા તણી હામને;
કાળાં કર્મ કરનારા, નરક નિવાસી થયા,
સદાચારી નર નારી, પામ્યાં શુભ ધામને,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
જગ જાળ જુઠી જાણી, રટો રામ નામને.
પ્રભુ પદ પામવાને, પ્રયાસ કરો સૌ પ્રાણી,
વાણીના વિલાસ વડે, રીઝવો શ્રી રામને,
કામ ક્રોધ આદિ અરિ, તેને નિજ વશ કરી,

ખરી વાત ખોળી ખાંતે, સાધી લ્યો સ્વકામને;
પુત્રને કલત્ર આદિ, પરિવાર પડયો રેશે,
અંતે જાવું જોશે તજી, દમામ તમામને,
સુંદર સુબોધ સુણી, સજ્જન સકળ તમે,
પાપને પ્રપંચ મુકી, સેવો સીતા શ્યામને.
પ્રેમે પ્રભુ નામ લીધું, તેણેજ સુકૃત કીધું,
વિના રામ નામ જન, જીવિત ધિક્કાર છે,
બનાવ્યા બ્હાદુર બની, બહુ રંગી બંગલાઓ,
એક રામ નામ વિના, ભાસ ભયંકાર છે;
આખર વખત ફકત, રામ નામ કામ આવે,
ધન ધામ આદિ બધો, વ્યર્થ વહેવાર છે,
સુંદર સુભાગી નરો, ધણીનું સૌ ધ્યાન ધરો,
નામના નિશાન વિના, સુન્ય સૌ સંસાર છે.

ગીતિ.

રઘુવિર ચરણ પ્રતાપે, દુર્ઘટ સંકટ દૂર થશે તારૂં;
આ લોકે પરલોકે, સુખ સઘળું રહેજે સાંપડનારૂં.

(ક્ષત્રી કલંક કેમ લેશે રે—એ રાગ.)

પ્રાણી અવર તજી તોફાન, શ્રીરામ તણું નામ રટોરે.
હરશે દુઃખ રામ તમામ, શ્રીરામ.
પરિણામે પ્રાણી જવું એકાએક, શ્રીરામ.
પ્રભુ ભજન તું ભુલી ગયો છેક, શ્રીરામ.
જેણે સેવ્યા નહિ શ્રી રંગ, શ્રીરામ.
તેનો કરવો નહિ કદી સંગ, શ્રીરામ.
છે પૂર્ણ પ્રતાપી સીતા શ્યામ, શ્રીરામ.
આપે ભકતોને અવિચળ ધામ, શ્રીરામ.
મોટા મુનિ અને ઇંદ્રાદિક સુર, શ્રીરામ.
પામ્યા યવનો પ્રતાપે પીડા પૂર, શ્રીરામ.
મળ્યા મુનિ રૂપી ઇંદ્ર એક ઠાર, શ્રીરામ.
કરી હરિ પ્રતિ વિનતિ અપાર, શ્રીરામ.

ટાળો ત્રિભુવનપતિ તમે દુઃખ, શ્રીરામ.
મારી અસુરોને આપો અમને સુખ, શ્રીરામ.
હવે સહન થતો નથી તાપ, શ્રીરામ.
પ્રભુ પધારો પોતે આપો આપ, શ્રીરામ.
નિજ ભકતો તણો સાંભળી પોકાર, શ્રીરામ.
થયા સૃષ્ટિ સજનાર તૈયાર, શ્રીરામ.
પાપી પ્રાણી તણો કરવા સંહાર, શ્રીરામ.
લીધો પરમ પ્રભુએ અવતાર, શ્રીરામ.
હણ્યા દુષ્ટ બુદ્ધિ યવનો અનેક, શ્રીરામ.
રામે રાખી નિજ આશ્રિતોની ટેક, શ્રીરામ.
બાંધ્યા પાણી ઉપર પાષાણ, શ્રીરામ.
કાઢયો દશાનન કુળનો ઘાણ, શ્રીરામ.
હતા અધમ અતિ જે અસુર, શ્રીરામ.
કાઢયું મહિ તળથી તેનું મૂળ, શ્રીરામ.
આપ્યું વિભિષણને રૂડું રાજ, શ્રીરામ.
થયું ભક્તિના પ્રતાપે શુભ કાજ, શ્રીરામ.
રામ ભાવિક ભક્તોના પ્રતિપાળ, શ્રીરામ.
રામ તુલ્ય નથી કોઇ દયાળ, શ્રીરામ.
જે સીતા સ્વામીના ગુણ ગાય, શ્રીરામ.
તેનો વાસ રામ ચરણે થાય, શ્રીરામ.
રામ રટે અને કરે ન કુછંદ, શ્રીરામ.
તેને આપે અંતે પ્રભુ પૂર્ણાનંદ, શ્રીરામ.
કહેતાં રામ નથી જોતા કાંઈ દામ, શ્રીરામ.
મળે અખંડ આનંદ આરામ. શ્રીરામ.
ભક્તિ વિના નહિ મુક્તિ મળનાર, શ્રીરામ.
થાઓ પ્રભુ ભજવાને તૈયાર, શ્રીરામ.
કહે સુંદરજી સુણો સહુ ધીર, શ્રીરામ.
રાખો હ્રદય કમળ રઘુવીર. શ્રીરામ.

ઈંદ્રવિજય છંદ.

રામ તણું સહુ નામ જપો જન, કામ તમામ થશે બહુ સારૂં,

પ્રેમ ધરી હરિને ભજતાં નિત, મોક્ષ તણું પદ પ્રાપ્ત થનારૂં;
દુર્ઘટ સંકટ દૂર થશે વળિ, પાપ થશે બળિ ખાખ તમારૂં,
પૂરણ કામ શ્રિ રામ રટો જન, સુંદરજી મળશે સુખ સારૂં.

સોરઠો.

મળ્યું મોટું માન, ખાન પાન પણ ખુબ મળ્યું;
કાંઇ ન આવે કામ, સુંદરજી શ્રી રામ વિણ.

મન્દાક્રાન્તા છંદ.

જેણે જાણ્યા, જગત પતિને, તે ખરા ભાગ્ય શાળી,
સીતા સ્વામી, રઘુવિર રટી, જીંદગીને સુધારી;
બીજું ખોટું, સહુ સમજવું, રામનું નામ સાચું,
ભાવે ભજ્યા, ન રઘુવરને, તો પછી સર્વ કાચું.

સોરઠો.

લેતાં રામનું નામ, દામ નથી કંઇ બેસતા;
સુધરે કામ તમામ, રામ નામ બોલો બધા.

નારાચ છંદ.

અજાણતાં થશેજ મોત, જાણ તો નહીં થશે,
વિસારિ સ્નેહ દેહનો, જરૂર જીવડો જશે;
નથી કશોય સાર રામ, નામ વીણ જાણિને,
રટો સદા શ્રિ રામને, ઉમંગ અંગ આણિને.

માલિની છંદ.

રટણ હ્રદય રાખો, રામનું નામ પ્યારૂં,
અવર સરવ જાણો, છેવટે છે અકારૂં;
નહિ અચળ રહેવું, છે ફના તો થનારૂં,
સમજ સુંદર અંતે, સર્વ ચાલ્યું જનારૂં.

સોરઠો.

અંતરમાં અભિમાન, કરશો નહિ કદિ માનવી;
રટો નિરંતર રામ, સુંદર શિખ શ્રવણે ધરી.

(જગતમેં જીવના થોરા—એ રાગ.)

અરે ! ઓ પ્રાણી તું ભુલ્યો, જગત તોફાનમાં ડુલ્યો;

ચડી છે કાળની સ્વારી, થશે તન ખાખ હાય ! તારી.
પકડશે કાળ ક્રુર જ્યારે; નહિ ચાલે કશું ત્યારે;
સુંદરજી માન મુજ કહેવું, રઘુવર નામ નિત લેવું.

(રાજા હોં મેં કોમકા—એ રાગ.)

સમજ સમજ હે ! સમજ મન તું, તજ અંતર અભિમાન;
જ્ઞાની અંતે છે બધું આ, સાચો સીતા શ્યામ.
ધન યોવન રેશે ધર્યા, ને ધર્યા રેશે ધામ;
સાથે નહિ આવે કશું, સાચો સીતા શ્યામ.
ભજન ભજન નર ભજન કર તું, અવર ન આવે કામ;
સુંદરજી અંતે છે એકજ, સાચો સીતા શ્યામ.

(જય ત્રિપુરારિ, ભવ ભય હારી—એ રાગ.)

રઘુપતિ પ્યારો, કદી ન વિસારો;
જન્મ સફળ પ્રાણી, થાશે તમારો. રઘુપતિ.
સીતા સ્વામી, છે બહુ નામી;
તેને તમે શુદ્ધ, સ્નેહે સંભાળો. રઘુપતિ.
નથી કરતા જે, રટણ પ્રભુનું;
સહન કરે છે શિર, કષ્ટ હજારો. રઘુપતિ.
મતિ મુંઝાણી, મૂરખ પ્રાણી;
ક્રુર કરમ કરી, કરો છો ગુજારો. રઘુપતિ.
અલ્પ વખતનો, આશ્રમ છે આ;
અચળ નથી નર, કોઈ રહેનારો. રઘુપતિ.
દુષ્ટ કરમથી, અળગા રહો સૌ;
કામ ક્રોધાદિક, મોહને મારો. રઘુપતિ.
હરિ ભજનની, ધૂન મચાવો;
વૈકુંઠમાં વાસ, થાશે તમારો. રઘુપતિ.
ક્યાંથી આવ્યાને, ક્યાં જાવું છે ?
કહે છે સુંદર સહુ, દિલમાં વિચારો. રઘુપતિ.

નારાચ છંદ.

રટો સદાય રામ નામ, સૂખ ધામ સામ છે,
અખંડ હર્ષ આપનાર, રામનુંજ નામ છે;

વિશાળ કાળ જાળમાં, ફસાય જીવ સર્વ કો,
નથી ઉગારનાર કાળ, ગર્વ કો ન ધારશો.

દોહરો.

અંતે જાવું એકલું, કરશે નહિ કો સાથ;
માટે મોહ મુકી તમે, સમરો શ્રી રઘુનાથ.

ગીતિ.

સેવ્યા સ્નેહે જેણે, જગતપિતા શ્રી રઘુવર બહુ નામી;
ગો લોકે લઈ જાશે, નિજ પ્રિય સેવકને સીતા સ્વામી,

(રઘુપતિ રામ હૃદયમાં રહેજો રે–એ રાગ.)

આધિ વ્યાધિ ઉપાધિ વિસારો રે,રઘુનાથને નિત્ય સંભાળો રે;
થાશે વિશ્વમાં વિજય તમારો,રઘુકુળ ભાણુ ભાવે ભજવા રે.
મુક્તિ યુક્તિના થાઓ વેપારી રે,ઉઘાડો જ્ઞાન દાનની બારી રે;
પ્રભુજી પીડા હરશે તમારી, રઘુકુળ ભાણુ ભાવે ભજવા રે.
આપો બોધ બીજાને હિતકારી રે,જેથી તરી પાર ઉતરે સંસારીરે;
મળે જ્ઞાન પ્રતાપે મોક્ષ બારી,રઘુકુળ ભાણુ ભાવે ભજવા રે.
તમે તરો અને અવરને તારો રે,દુરાચારથી પ્રાણી ઉગારોરે;
સદ્બોધથી સહુને સુધારો, રઘુકુળ ભાણુ ભાવે ભજવારે.
પ્રભુ ભજનની ધૂન મચાવો રે,ધર્મબીજ સ્વ હસ્તે વાવોરે;
હરિને મન તો તમે ભાવો, રઘુકુળ ભાણુ ભાવે ભજવારે.
ભ્રાત તાત માતાદિક મેળોરે, ભવો ભવ તે નહિ રહે ભેળોરે;
કાળ અચાનક ઘાલશે ઘેરો, રઘુકુળ ભાણુ ભાવે ભજવા રે.
પૂર્વ યોગે સ્નેહી સહુ મળીયાંરે, ટાણું થાતાં તે ચાલી નિકળીયાંરે;
ગયાં તે નહિ કોઇથી વળીયાં, રઘુકુળ ભાણુ ભાવે ભજવા રે.
નિત્ય નામ નારાયણનું લેવું રે, બીજું મુખથી નહિ કાંઇ કહેવું રે;
સુંદર ભક્તિ પ્રતાપે મસ્ત રહેવું, રઘુકુળ ભાણુ ભાવે ભજવારે.

સોરઠો.

રામ રતન શ્રીકાર, અલગ ધર્યું હે ! અજ્ઞ તેં;
કાચ કર્યો સ્વિકાર, ભુલી ગયો જન જડમતિ.

રાગ માઢ.

પ્રાણી બોલો મુખે શ્રી રામ, અંતે જાવું તજીને તમામ; ટેક.

લોભી દિલ હોય તાહરૂં, તો નથી જોતું ધન;
પ્રભુ પદ પંકજ પ્રાણીયા, તું અર્પી દે તારૂં મન. પ્રાણી.
હરિ રસ પીતાં હેતથી, પ્રગટે પૂર્ણાનંદ;
પાપ બળે સપ્ત જન્મનાં, રટો રટો રઘુકુળ ચંદ. પ્રાણી.
જે પ્રાણીના મુખ વિષે, શ્રી રામ એવું નથી નામ;
તે પ્રાણીને જમરાજાજી, દેશે જીવ્હાએ ડામ. પ્રાણી.
કાયા નગરમાં માણવા, હંસે કર્યો પસાર;
અણધાર્યો તે ચાલ્યો જશે, નહિ લાગે વિપળની વાર. પ્રાણી.
શું કરવાને જન્મ ધર્યો તેં ? કરવા માંડ્યું શું કામ ?
મદનાધિન થયો માનવી તું, ભુલી ગયો ભગવાન. પ્રાણી.
માયા વળગી તે અળગી કરીને,આવી ઉભા રો મેદાન;
સુંદરજી મારૂં માનીને સૌ, સમરો શ્રી સીતા શ્યામ. પ્રાણી.

ગીતિ.

સુખકર સીતા સ્વામી, બહુ નામી નિષ્કામી પ્રભુ પ્યારા;
સુંદરજી ચિત ચાહે, શ્રી રઘુપતિ પદ પાવન કરનારા.

આશાગોડી.

સીતાપતિ સુખદાઈ, રટો પ્રાણી સીતાપતિ સુખદાઈ. ટેક.
ભ્રાન્તિ વિષે જીવ ભુલ્યો ભમે છે, શાન્તિ નથી તુજને કયાંઈ. રટો.
માયા મય છે જગત બધું આ, સાચાં નથી ભગિની ભાઈ. રટો.
પૂર્વ સંયોગે મળીયાં તેમાં, કોણ શત્રુને કોણ જાઈ ? રટો.
સુંદરજી મેં નિશ્ચય કીધું, મમતા છે દુઃખદાઇ. રટો.

મનહર છંદ.

સંસાર અસાર છતાં, સાર વસ્તુ જોતી હોય,
મુક્તિ રૂપી રત્ન રૂડું, ભક્તિ ભાવે મેળવો,
મહા મુશિબત વેઠી, મનુષ્ય શરીર મળ્યું,
જ્ઞાન પંથ જાણી પ્રાણી, તેને તમે કેળવો;
વિશ્વના વિચિત્ર રંગ, જાણવા ફોકટ ફંદ,
ભ્રમણા ભાંગીને મન, ભજનમાં ભેળવો,
સુંદર સબળ અતિ, મન રૂપી તેજી તુરી,

તેને તમે તાણી ખેંચી, હરિ પદે હળવો.

હરિગીત છંદ.

નર મરદ માણી લે ઇશક, આવો વખત મળશે નહીં,
સાચો ઇશિક લાગ્યા વિના, ફેરો નકી ફળશે નહીં;
તન મન અને ધન ધામ તું, ઇશ્વર અરથ સો લેખજે,
સુંદર ઇશક એ છે ખરો, પરિબ્રહ્મ પ્રેમે પેખજે.

મનહર છંદ.

મોહ થકી મુક્ત થાવા, ગોવિંદના ગુણ ગાવા,
અવરની આશ તજી, ઇશને આરાધવો,
હૃદય હુલાસ ધારી, સદગુણી નર નારી,
રામ નામ તણો એક, મહા મંત્ર સાધવો;
કામ કરો કાજ કરો, રાજ કરો રૂડી રીતે,
પણ એક હરિ રસ, કલ્પે ન વિસારવો,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
ચાહે તેમ થાવા છતાં, રામને સંભાળવો.
ભજન વગર નર, શોભે ન સજ્જન પણું,
ભજન વગર ભલી, મુક્તિ પણ મળે નૈં,
આધિ અને વ્યાધિ આદિ, ઉપાધિ અનેક નડે,
ભજન વગર કદી, અઘ ઓઘ ટળે નૈ;
કરવું ભજન અને, બનવું સજ્જન સદા,
ભક્તિ છે અભેદ તેનો, ભેદ કોઇ કળે નૈ.
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
ભજનની ધૂન વિના, જીવ શિવ ભળે નૈ.
સંસારમાં રહી સદા, કામ કાજ કરો પણ,
ચિદાનંદ સ્વરૂપનું, ચિંતવન ન ચુકવું,
ચાહે તેવી રીતે તમે, આફતમાં આવી પડો,
તદપિ સ્વ ઇષ્ટ તણું, નામ નહિ મુકવું;
સંપદ યા સંકટમાં, સાચવજો સુનીતિને,
કુનીતિને કેડે કદી, ડુકડા ન ઢુકવું,

સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
શુદ્ધ હરિ રસ પીતાં, કોઇથી ન છુપવું.
ભગવત ભજનમાં, જેટલો વખત વિતે,
તેટલો વખત મહા, મુલ્યવાન જાણવો,
અવર તમામ તજી, ભગવત લેવા ભજી,
આ શરીરે યત્ન કરી, પ્રભુને પિછાણવો;
ભજન વગર બીજું, કાંઇ નહિ કામ આવે,
ભજન વગર ફેરો, ફોકટ પ્રમાણવો,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
ભજનમાં લીન બની, આયુ અંત આણવો.
કામ ક્રોધ લોભ અને, મોહ મદ મતસર,
દુઃખદ દેનારા દુષ્ટ, શત્રુને સંહારવા,
સુખદ સમય અને, વિકટ વિપત વેળા,
આદિ અવિનાશી એક, ઇશ ન વિસારવા;
અવરનાં કર્મ સાથે, આપણે સબંધ નથી,
આપણે તો આપણાંજ, કર્મને સંભાળવાં,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
પ્રભુ પદ પુજનથી, પાપને પ્રજાળવાં.

દોહરા.

પ્રાતઃ સમે ઉઠયા પછી, કરવો મળનો ત્યાગ;
શુદ્ધ થવું શુભ સ્નાનથી, કરવો દ્દઢ વૈરાગ.
વસવું નિત એકાન્તમાં, કરવો બ્રહ્મ વિચાર;
ગીતાદિક શુભ શાસ્ત્રને, વાંચો વારંવાર.
આખર દિન આવી ગયો, કાંઇ થયું નહિ કામ;
દુખધામાં ડૂબી જતાં, રટિ શકયો નહિ રામ.
પાછળથી પ્રભુ સમરશું, આટોપી ઘર કામ;
એવા તર્ક વિતર્કમાં, પ્હોંચિ ગયા જન ધામ.
ભજન પુજનનો વાયદો, કરવો નહિ કો વાર;
સુકૃત સોદો સાધવા, હરદમ રૂહે હુશિયાર

તન તાજું છે જ્યાં લગી, ત્યાં લગિ લે હરિ નામ;
ખળભળિ ખોખું થઇ જશે, પછિ સરશે નહિ કામ.
આજ અગર કાલે કરિશ, કાલ કહેતાં સાલ;
સાલ કહેતાં જીંદગી, વીતિ જશે એ હાલ.
પૈસો પ્રાપ્ત થયો ઘણો, પ્રાપ્ત થયો પરિવાર;
પણ તેનો લય થઈ જતાં, ઉપજે કષ્ટ અપાર.
વધઘટ વાળી વસ્તુઓ, અચળ નથી સુખ સાજ;
એથી સુંદર આપણું, સફળ થશે નહિ કાજ,
ધારેલી બધિ ધારણા, પાર પડે કો વાર;
તો પણ સુંદરજી કહે, તું નથિ તૃપ્ત થનાર.
એક થશે બીજું થશે, તો ત્રીજું ધારીશ;
નિત્ય નવા કરતાં તરક, તું કદિ નહિ હારીશ.
માયા મંત્ર ઉચારતાં, કેક મુવા, મરિ જાય;
આપણ સહુની જાણવી, આખર એજ દશાય.
આશા છે અંતર વિષે, કરવાં મોટાં કામ;
નિમિત હશે તે થઇ જશે, રેશે બાકિ તમામ.
કીડી નાખે કોટમાં, હાથીનો કરિ હાર;
તો પ્રભુની માયા તણો, પામી શકિએ પાર.

સોરઠો.

જગત તણાં જે કામ, ખૂટાડયાં ખૂટે નહીં;
સમરો શ્રી હરિ નામ, એજ ખરૂં કર્તવ્ય છે.

દોહરા.

કેક જન્મ સુખ સ્વર્ગનાં, ભોગવિઆ બહુ ભોગ;
કેક જન્મ કીધા સહન, મહા ભયંકર રોગ.
કેક જન્મ ચાલ્યા ગયા, હજુ પણ ચાલ્યા જાય;
શ્રી હરિ પદ સેવ્યા વગર, આતસ નહિ ઓલાય.
કેક જન્મ દાતા બની, દીધાં દિલ ભર દાન;
કેક જન્મ ભિક્ષુક બની, માગ્યું મૂકી માન.
ભજન પુજન શુભ કર્મથી, નિશ્ચય કર હરિ નામ;

સુંદર એ સાધન વડે, સરશે સઘળાં કામ.
તન મનથી કરતાં ભજન, પ્રસન્ન થશે ભગવાન;
આખર એ ઉદ્યોગથી, પ્રગટ થશે શુદ્ધ જ્ઞાન.
ભક્તિ પ્રતાપે સાંપડે, આત્મ તત્વનું જ્ઞાન;
આત્મ તત્વના જ્ઞાનથી, મળશે મોક્ષ નિદાન.
જેને છે તન બદનથી, ભગવત ઉપર ભાવ;
તેને બીજી બાબતો, લાગે લુખ્ખી સાવ.

સુખદા, વિષ્ણુ અથવા સુરેશ્વર છંદ.

ભજો ભવતારણ, કષ્ટ વિદારણ, ભક્ત ઉધારણ શ્રી જગસ્વામી,
નિવારણનો કરનાર નિરંજન, એકજ ઇશ્વર છે બહુ નામી;
હરિ કરશે કરૂણા તુજ ઉપર, તું હરિને શરણે કદિ જાશે,
સપ્રેમ સદા સમરીશ હરિહર, સુંદર તો તુજને સુખ થાશે.

મનહર છંદ.

ભક્તિ કરે મુક્તિ મળે, ક્લેશ અને કષ્ટ ટળે,
બળે છે ત્રિવિધ તાપ, પ્રભુના પ્રતાપથી,
જગતની જુઠી જાળ, અંતે સૌને ખાશે કાળ;
જ્ઞાન એવું પ્રગટે છે, જગદિશ જાપથી;
કાયા અને માયા વળી, યોવન બહાર તારી,
નથી તે અઘાટ પણ; ઠાઠ જુઠો જાણવો,
સુંદર અચળ ધામ, દેશે તને સીતા શ્યામ,
એમાં કદી અંતરમાં, અંદેશો ન આણવો.

અંતરલાપીકા ગરબી.

(સાંભળને તું સજની મારી—એ રાગ.)

ઠગ પણું તું ઠાલું મેલી, સમર સારંગપાણીજી;
કુમળા કંથની કથા શ્રવણ કર,ઉમંગ અંતર આણીરે,
ભજ ભવતારણજી.

રટણ હૃદયમાં રાખો રામનું, અવર સરવે ખોટુંજી;
સુંદર શ્યામની સેવા કરતાં, મળશે ફળ તને મોટુંરે, ભજ
દગો કરતાં ડરે નહિ દિલ, પાપ કરે છે તું ભારીજી,

રઘુકુળ ચંદ્રનો કોપ થશે ત્યારે, શી ગતિ થાશે તારીરે, ભજ
જીવ ભમેછે જરમાં તારો, અન્ય નથી તને પ્યારૂંજી;
પુંન્ય દાન કરવું ન ગમે કંઇ, રટી રહ્યો મારૂં તારૂંરે. ભજ
જાણ્યા નહિ જગદિશને તેં તો, મતિ અતિ તારી મુંઝાણીજી;
ભાઇ ભગિનીમાં ભુલ્યો ભમે તું, પ્રભુની ગતિ ન પિછાણીરે, ભજ.
ઇશ્વિર પર દિલ દ્રઢતા રાખો, તેથી થશે સહુ સારૂંજી,
રઘુવીર ચર્ણનું રટણ કરતાં, મોક્ષ પદ મળનારૂંરે, ભજ.
હીરો સાચો નામ હરિનું, અવર પથ્થર વત જાણોજી,
સર્વ સૃષ્ટિ આ રચીછે જેણે, તેને તમે પ્રેમે પીછાણોરે, ભજ.
રામ નામ છે કષ્ટ વિદારણ, સેવકને સુખ કારીજી;
જપ કરતાં શુદ્ધ સ્નેહ વડે તે, સંકટ નાખે સંહારીરે. ભજ.
કોણ હતો તું ? કોણ હવે છે ? તે તું જો વિચારીજી.
ટગમગ ટગમગ જોતાં જોતાં, જીંદગી જશે જન તારીરે, ભજ.
હામ ધરી હરિને સમરો સહુ, રામ નામ સુખદાઇજી,
લક્ષ્મીવર વિણ કોઇ બીજામાં, વળવું નથી તારૂં કાંઇરે, ભજ.
ધામ ધુમથી ધરણીધરનું, ધ્યાન અંતરમાં ધરશોજી,
ગર્વ મુકી ગોવિંદને ભજતાં, ભવ સાગરને તરશોરે. ભજ.
ધરમ સ્થાપો કુકૃત કાપો, દઉં સુંદર શિખ સારીજી,
રાજા જમના દૂત પકડશે, પછી નહિ ફાવે કારીરે. ભજ.

ઇંદ્રવિજય છંદ.

છે ક્ષણ ભંગુર આ તન હે ! નર, સીદ વૃથા મન મોહ ધરો છો,
શ્રી જગદિશ્વર ઇશ્વિરને તજી, અન્ય તણા ગુણ ગાન કરો છો;
પાપ અમાપ કરી નર નીડર, કૂડ કરી ખુબ વીત હરો છો,
તેથિ તમે જગ રાય તણા ખુબ, સુંદર કે અપરાધિ ઠરો છો.

લલિત છંદ.

ગમ નથી તને રામ નામની, મન ઠર્યું રૂડી દેખિ ભામિની;
અહર નીશ તું ઇશ વિસર્યો, પર ત્રિયા તણા ફંદમાં ફર્યો.
ચપળને વળી કામિ કામની, રમાછ તેહની સાથ જામની;
સમજતો નથી દુષ્ટ તું જરી, પ્રભુ તણું ગયો નામ વીસરી.

ધર્મ લોપથી કોપ થઈ જશે, શ્રય નહિ અરે! તાહરૂં થશે;
યમ તણા દુતો અંત આવશે, કર વિચાર તું શી વલે થશે?
તજ કુછંદના ફંદ આ સમે, સુખ મળે ખરે સર્વદા તને;
સુંદરજી સજો નીતિ સૌ સદા, અઘ બળે ટળે સર્વ આપદા.

દોહરો.

શ્રીસ્વામી સેવ્યા વિના, પડશો નહિ નર પાર;
માટે મોહ મુકી તમે, સમરો સરજનહાર.

સોરઠો.

સાચું શ્રી પતિ નામ, નર નિશ્ચય મન જાણજો;
અવર બધું ઊફાન, સત્ય વચન સુંદર કહે.

(લેલી લેલી પુકારૂં મેં બનમેં—એ રાગ.)

કંચન જેવી છે કાયા તમારી, માટી સાથે તે માટી થનારી,
પાણીનો પરપોટો જેવો, આ કાયા કેરો ઘાટ છે એવો,
મિથ્યાભિમાન નહિ ઉર આણો, જુઠી જાળ જગતની જાણો,
જે પાપી પ્રાણી પાપ કરે છે, પાપ પ્રતાપે તે નર્કે પડે છે,
પ્રભુ ભજન કરે પુરી પ્રીતે, પરમાનંદ પામે રૂડી રીતે,
સાચું છે શ્રી નારાયણ નામ, સ્નેહે સમરો શ્રી સુંદર શ્યામ.

(જોડી તેં નવ જોઈ માડી—એ રાગ.)

કદી કાળ નહિ છોડે— બે વાર.
શા માટે પ્રભુ ભજન તજી તું, અવર પંથ દોડે,
હશે પુષ્કળ પૈસો પાસે— બે વાર.
રહેશે પડયું સઘળું ધન આંહા, નહિ આવે વાંસે,
કદી કોટિધ્વજ કહેવાણો— બે વાર.
તો પણ કાળ તજે નહિ તમને, નર નિશ્ચે જાણો.
પ્રગટે પરપોટો જેવો— બે વાર.
પલક વારમાં પામે છે લય, સમજ દેહ તેવો.
નિજ ધર્મ બેઠો હારી— બે વાર.
પાપી પાપ અમાપ કરે છે, શી ગતિ થાશે તારી.
શુદ્ધ સ્નેહ શ્યામ શું રાખો— બે વાર.
સુંદરજી ચિત ચાહી કહે, શ્રી હરિ પદ રસ ચાખો.

દોહરો.

મસ્ત થવું હરિ ભજનમાં, ચુસ્ત રહેવું ચીત;
સુંદર સંચય કર સદા, ભજન રૂપી શુભ વીત.

લાવણી.

ક્ષણ ભંગુર આ દેહ તમારો, ક્ષણ ભરમાં તે નાશ થશે;
મુઢ મતિ માને નહિ મારૂં, પણ પાછળ પસ્તાવો થશે.
નાશવંત છે જગત બધું આ, અચળ નથી કાંઇ રહેવાનું;
સાચું નામ શ્રી રામ તણું છે, બીજું સઘળું કહેવાનું.
રહ્યા નહિ કોઈ રાણી જાયા, ગજાસનના કરનારા;
મર્ણ પામ્યાને પામે છે વળી, છે તે પણ નહિ રહેનારા.
દિપક મારૂત સ્પર્શ વડે જેમ, પ્રલય દશાને પામે છે;
એવી છે આ કાયા તેને, સત્ય કરી સીદ માને છે.
સુકૃત કરવું કુડ પરહરવું, ધરવું ધ્યાન ધરણીધરનું;
સ્નેહ સહિત નિત સ્મરણ કરવું, જગતનિયંતા હરિહરનું.
ભય ભરપૂર ભરેલો છે નર, અવર કૃત્ય કાંઇ કરવાથી;
નિર્ભય નામ શ્રી રામ તણું છે, સુંદરજી સત કહે છે કથી.

શિખરિણી છંદ.

ફસાયો માયામાં, પ્રભુ ભજન પ્રાણી પરહર્યું,
હિરો બેઠો હારી, રટણ હરિનું તેં નવ કર્યું;
હતા મોટા છોટા, મરણ શરણે સૌ થઈ ગયા,
ખરે ! અંતે જ્ઞાની, અમર નર કોઇ નથિ રહ્યા.

(મારૂં મારૂં કરીને ધન મેળવ્યું રે—એ રાગ)

પ્રાણી પ્રભુ ભજન ભુલી ગયો રે, કાંઈ કર્યો નહિ વિચાર;
પરિણામે નથી કોઇ કોઇનું રે.
મળ્યા હાથી ઘોડાને પાલખી રે, વળી વૈભવ અપરંપાર; પરિ.
મારૂં તારૂં કરીને માનવી રે, ખાલી વહે શાને શિર ભાર? પરિ.
તું ક્યાંથી આવ્યોને ક્યાં જવું રે? તેનો તર્ક ન કર્યો તલભાર; પરિ.
મરણને શરણ થાતાં સુધી રે, તને સુઝયો નહિ સુવિચાર; પરિ.
બાંધ્યાં પાપ તણાં ઘણાં પોટકાં રે, હવે કેમ ઉપડશે ભાર? પરિ.
પડશું રહેશે સુંદર સઘળું અંહી રે, એક સાચું નારાયણ નામ. પરિ.

સ્રગ્ધરા છંદ.

ખાલી શાને વહે છે, શિર ઉપર અરે ! ભાર પ્રાણી નકામો,
ખોટે ખોટો રચ્યો છે, ખલક જુઠિ તણો, ખેલ સાચો ન માનો;
સેવો શ્રી સ્વામિ પ્રાણી, અભય પદ મળે, ને ટળે સૌ ઉપાધી,
કષ્ટોને કાપિ નાખે, પ્રભુ ભજનથી, સૌ જાય છે આધિ વ્યાધી.

દોહરો.

સાર નથી સંસારમાં, ભક્તિ વિના મુજ ભ્રાત;
ભાવ સહિત કરશો ભજન, તો ટળશે સંતાપ.

(જનુનિ જીવો રે ગોપીચંદની—એ રાગ.)

કરણીનાં ફળ સહુ ભોગવે એમાં સંશય નહિ રતિ ભારજી,
ધર્મી હશે તે સુખી થશે, પાપી નર્કે પડનારજી. કરણી.
પૂર્વ પુન્ય પ્રતાપથી, પૈસો પુષ્કળ પ્રાપ્ત થાયજી;
ભક્તિ વિના નથી કંઈ કામનું, પૈસો અંતે ઉડી જાયજી. કરણી.
માયા મદ નહિ ઉર આણવો, માયા છાયા સમાનજી;
ભજન રૂપી ધન ભેળું કરો, સ્નેહે સમરો શ્રી શ્યામજી. કરણી.
તપ તીરથ વૃત કરવા થકી, મળે છે રૂડું રાજ પાટજી;
અલ્પ વખતનું એ સુખ છે, નહિ કદી રહે તે અઘાટજી. કરણી.
હરિ રટણ રસ હરિજન પીએ, બીજાથી નહિ પીવાયજી;
સિંહણ પય બીજે નહિ રહે, કનક પાત્રમાં સમાયજી. કરણી.
ખોટે ખોટો ખલકનો ખેલ છે, સાચું નારાયણનું નામજી;
જન્મ મરણ સૌ જાશે ટળી, ધરો ધરણીધરનું ધ્યાનજી. કરણી.
તત્વ ખરૂં ત્રિભૂવન વિષે, હરિનું ભજન હિતકારજી;
સત્ય વચન સુંદરજી કહે, સાચી ભક્તિની બલિહારજી. કરણી.

દોહરો.

ભાવ વગરની ભક્તિથી, રીઝે નહિ શ્રી રામ;
કાષ્ટ તણી સમશેરથી, સરશે નહિ કંઈ કામ.

આર્યા છંદ.

મર્યું પછી સહુ સ્નેહી, કલ્પાન્ત કરે છે કરૂણાકારી;
દસ વીસ દીન સંભાળે, પછી તે પણ મુકે વિસારી.

ખમા ખમા કરનારા, અલગ રહેશે સહુ પ્રાણાંત સમે;
નથી કોઈ તમારૂં, પ્રભુ પદ પંકજ પૂજો તમે.

બનજારા.

જુઠી જાળ જગતની જાણો, એમાં અંદેશો નહિ આણો.
પિતુ માત અને સુત નારી, નથી અંત ખરાં હિતકારી;
વદું વચન સત્ય પ્રમાણો, જુઠી જાળ જગતની જાણો.
ક્ષણ ભંગુર છે આ દેહ, નહિ રહે અવિચળ તેહ;
અભિમાન નહિ ઉર આણો, જુઠી જાળ જગતની જાણો.
ગ્રહી જાળ કાળ ફરે છે, પળમાં જન પ્રાણ હરે છે;
નહિ રહે રંક કે રાણો, જુઠી જાળ જગતની જાણો.
પ્રાણી આવ્યો તું સારૂં કરવા, ધ્યાન ધરણીધરનું ધરવા;
પણ અધવચ આવી લુંટાણો, જુઠી જાળ જગતની જાણો.
થયો રાવણ બહુ બળવંત, જેણે રચ્યા પ્રપંચ અનંત;
પણ અંત સમે શું કમાણો ? જુઠી જાળ જગતની જાણો.
દીધી દોલત દૈવે જ્યારે, થયો મદાંધ તું તો ત્યારે;
અભિમાનથી મન મકલાણો, જુઠી જાળ જગતની જાણો.
તજ્યું રટણ શ્રી રઘુવરનું, લાગ્યું લફરૂં પાછળ ધરનું;
થઈ ફુલણ ખૂબ ફુલાણો, જુઠી જાળ જગતની જાણો.
કરે કિંકરો કિંકરી કામ, ભરે લોકો સદાય સલામ;
તેના મદમાં તું મુર્ખ તણાણો, જુઠી જાળ જગતની જાણો.
દીન દાદ શ્રવણ નથી ધરતો, મદ મસ્ત બની પગ ભરતો;
પાપી પ્રાણી માયામાં મુંઝાણો, જુઠી જાળ જગતની જાણો.
તને વંદે સેવક થઈ ગરવા, તેની ધરે નહિ તું પરવા;
એક આપ મતે તું તણાણો, જુઠી જાળ જગતની જાણો.
પર દોલત અને પરનારી, તુજને લાગે તે સારી;
લાગી લગ્નિ લંપટ લપટાણો, જુઠી જાળ જગતની જાણો.
તજ્યું અમૃત તેં નિર્ભાગી, લીધું વિષ હળાહળ માગી;
મુકી પારસ સ્વીકાર્યો પાણો, જુઠી જાળ જગતની જાણો.
બહુ દીન જનને દુઃખ દીધાં, અતિ અઘ અઘોર તેં કીધાં;

પરિબ્રહ્મ પ્રભુ ન પીછાણ્યો, જુઠી જાળ જગતની જાણો.
ગયું જ્ઞાન થયો બેભાન, ભુલ્યો રામ તણું તું નામ;
જીવ ભ્રમણામાંહી ભ્રમાણો, જુઠી જાળ જગતની જાણો.
કહે સુંદરજી કરી સ્તુતિ, કરે ભક્તિ તો મળે મુક્તિ;
વદે વેદ શાસ્ત્ર પુરાણો, જુઠી જાળ જગતની જાણો.

ગીતિ.

જાગી જો હે ! પ્રાણી, જડમતિ જીવ તું નિદ્રાધિન થયો;
માયામાં મુંઝાણો, હરિ રસ પાન કરવું ભૂલી ગયો.

(કરણીનાં ફળ સહુ ભોગવે—એ રાગ.)

જાગી જો જંજાળી જીવડા, થયો કેમ નિદ્રાને આધિનજી;
જુઠારે સંસારમાં શું મોહી રહ્યો ? બન્યો તરૂણીમાં તું તલ્લીનજી. જાગી.
નિડરપણે નર નિચ તું, કરે છે કુડાં કર્મ અપારજી;
કેવી રીતે બંધન છૂટશે, તેનો કરી જો વિચારજી. જાગી.
મદાંધ થયો તું માનવી, ભુલ્યો રામનું નામજી;
તત્વ મારગ મત ત્યાગી તેં, આ શું માંડયું છે ઉફાનજી. જાગી.
માયા પ્રતાપે માયાદિક બધું, જુઠું સાચું જણાયજી;
વિનય વિવેકે વિચારતાં, જ્ઞાન પ્રકાશિત થાયજી. જાગી.
મિથ્યા મમત મન માનવી, કરવી નહિ કદી તલભારજી;
રટણ કરી હરિને રીઝવો, પ્રભુ સાથે જોડો પ્યારજી. જાગી.
પ્રપંચ ભરેલું આ વિશ્વ છે, નથી કાંઈ પ્રપંચમાં સારજી;
રામ રતન ધન સાચું ગણો, બીજી જાણો જુઠી જાળજી. જાગી.
માયા મળી મન માનતી, વળી સંતાનાદિક સુખજી;
પણ ન પુજ્યા પ્રભુ પ્રેમથી, તો એ જાણો દુઃખનું રૂપજી. જાગી.
શું સાચું ને શું જુઠું છે ? તેનો કરવો વિચારજી;
સત્ય ગ્રહણ કરવું સ્નેહથી, જુઠને કરો તુચ્છકારજી. જાગી.
પાપ કરમ કરવા પ્રભુએ, નથી આપ્યો અવતારજી;
ભક્તિ કરી મુક્તિ મેળવો, કૂડ તજી ગ્રહો સારજી. જાગી.
માનો વચન તમે માહરૂં, ભાવે ભજો ભગવાનજી;
અચળ અભય પદ આપશે, સુંદર શ્યામ શ્રી રામજી. જાગી.

ઉપગીતિ.

જગત રચ્યું આ જેણે, તેને તમે સ્નેહ સેવો;
શ્રીપતિ ભજનપ્રતાપે, ફરી જન્મ પડે નહિ લેવો.

સોરઠની ગઝલ.

જેણે રામ નામ લીધું નહિ, તેનો જન્મ ફોકટ જાણવો. ટેક.
કામ ક્રોધ ક્રુરતા પરહરી, તમે સ્નેહે સેવો શ્રી નરહરિ;
સત્ય બોલી શ્રીપતિ જાણવો, એમાં અંદેશો નહિ આણવો. જેણે.
હરિ ભકતોને તારનાર છે, દીન બંધુ દેવ દયાળ છે;
તે પ્રભુને પૂર્ણ પિછાણવો, સુંદર ભક્તિ રૂપી ઇશ્ક માણવો. જેણે.

સોરઠો.

હરિ રસ કેરૂં પાન, પ્રીત સહિત કરનારને;
પ્રગટે પૂરણ જ્ઞાન, માન મળે ત્રિભુવન વિષે.

(વ્હેલાં ઉઘાડો દ્વાર—એ રાગ.)

ભકતો ભાવે ભજો ભગવાન, ભાવિ ભકતો ભાવે ભજો ભગવાન ટેક.
કાયા જીરણ થઇ જશે, પછી નહિ ચાલે કાંઇ જોર;
ધર્મે ધન ખરચ્યું નહિ, તો અંતે લુંટી જાશે ચોર. ભાવી.
કૂડી જાગ સંસારની, કૂડો છે વ્હેવાર;
કૂડાં બાળક બાળકી, પરિણામે કૂડાં ઘર બાર. ભાવી.
નારી તો તારી નથી, નથી તારાં મા બાપ;
તારૂં પ્રાણી કોઈ નથી, તું શીદને કરે છે સંતાપ. ભાવી.
લાગી લાલચ લાલચુ, લાલચમાં લુંટાય;
રાચ્યો રામા રંગમાં, તારો અવસર એળે જાય. ભાવી.
મારૂં મારૂં મથી રહ્યો, તારૂં નથી તલભાર;
તારૂં સારૂં તો થશે, જો તું સમરીશ સૃષ્ટિ સરજનાર. ભાવી.
ઉંચી મેડી ઉજળી, બારી બાર અપાર;
રહેશે તે સઘળું અંહી, તુજને સાથે નહિ મળનાર. ભાવી.
વાવ્યા વિણ ઉગે નહિ, મળે નહિ ફળ સ્વાદ;
કરશો તેવું પામશો, શાને કરવો વ્યર્થ વિવાદ. ભાવી.
મુક્તિ મળશે તો તને, જો ભક્તિ કરીશ દિન રાત;
કષ્ટો તારાં ટળી જશે, કહે છે સુંદરજી સાચી વાત. ભાવી.

ગીતિ.

ભકતોનો ભય હરવા, પ્રભુજી પોતે અવતાર ધરે છે;
સેવકને સુખ આપે, દુષ્ટ દળ કટક સંહાર કરે છે.

માલિની છંદ.

ભજન વગર ક્યાંથી, મોક્ષની પ્રાપ્તિ થાશે,
ભજન વગર તારી, જીંદગી વ્યર્થ જાશે;
હરિ હરિ મુખ કેતાં, લાભ પામો હજારો,
હરિ રટણ કરીને, જન્મ ફેરો સુધારો.

(કેફી સહિયર જેનો કંથડો–એ રાગ.)

પ્રભુ ભજી લેને પ્રાણીયા, ટળે ત્રિવિધ તાપ;
જન્મ મરણ ફેરો ટળે, બળી જાય બધાં પાપ. પ્રભુ.
સંસારમાં શું સાર છે રે? તેનો કરો વિચાર;
અંતે ખરૂં શું આપણું? જુઠો જગત વ્હેવાર. પ્રભુ.
રહ્યું નથી રહેતું નથી રે, નથી કોઈ રહેનાર;
નામ ધર્યું જે વસ્તુનું, તેનો અંતે નાશ થનાર. પ્રભુ.
અજ્ઞ પ્રાણી તું ઉંઘમાંરે, ભુલી ગયો શ્રી શ્યામ;
જન્મ ધર્યો શા માટ તેં, લીધું નહિ રામ તણું નામ. પ્રભુ.
દ્રવ્ય દેખી ચળવું નહિ રે, કરવું નહિ ગુમાન;
શાન્તિ ગ્રહણ કરવી સદા, ભાવે ભજવા ભગવાન. પ્રભુ.
ગયો વખત નહિ આવશે રે, પછી થાશે વિચાર;
રટયા નહિ રઘુવીરને, ખાલી થયો ખુવાર. પ્રભુ.
પવન ઝપાટો લાગતાં રે, જેમ બતી બુઝી જાય;
એવી રીતે ઉડી જશે, અણધારી તારી કાય. પ્રભુ.
હરિની ભક્તિ કરી નહિ રે, કર્યાં અવર ઉફાન;
ફાની દુનિયાના ફંદમાં, ગયું તારૂં ટાણું તમામ. પ્રભુ.
પછી પસ્તાવું નથી કામનું રે, પ્રથમ કરવો પ્રયાસ;
પ્રભુ પદ પંકજ પુજતાં, પુરી થાશે તારી આશ. પ્રભુ.
હજી બાજી છે હાથમાં રે, ગયો વખત વિસાર;
આજ સુધી ઉંઘી રહ્યો, પણ હવે વિચાર. પ્રભુ.

ઉડી જશે તારો વાવટો રે, પડી જાશે નિશાન;
હરિ કૃપા મેળવી હશે, તો તને મળશે વૈમાન. પ્રભુ.
મેડી મંદિરને માળીયાંરે, જાણો જુઠું તમામ;
સાચું સુંદરજી જાણવું, પરિબ્રહ્મ તણું નામ. પ્રભુ.

ગીતિ.

રસિલી રસમાં ડુબ્યો, હરિ રસ તુજ મનમાં વિત્રવત્ લાગે;
સમજ સમજ હે ! પ્રાણી, પારસ મૂકી કંકર કેમ માગે ?

દોહરો.

જે જનને આ જગતમાં, વ્હાલું શ્રીપતિ નામ;
સુંદર તેનાં સૃષ્ટિમાં, સફળ થશે સહુ કામ.

સમાનિકા છંદ.

સૃષ્ટિ તાતને ભજો, દુષ્ટતા પરિ તજો;
સ્વર્ગ સામગ્રી સજો, નીતિવાન સૌ થજો.

લાવણી.

રામ નામ તું રટ રે પ્રાણી, શા માટે ગોથાં મારે;
મસ્તાનો થઈ ડોલે છે પણ, કાળ ભમે માથે તારે.
યોવનમાં જન ગાંડો બનીઓ, ભાન ભુલ્યો ભવિષ્ય તણું;
માયા દેખી મન લલચાયું, નામ વિસાર્યું રામ તણું.
અંગમાં રાતો મદમાં માતો, છાતી કાઢી ચાલે છે;
અભિમાનને અશ્વ ચડી શઠ, પરત્રિયા સંગ મ્હાલે છે.
શ્રી સ્વામીને સેવ્યા નહિ તેં, ધર્મ તણી ગતિ નવ જાણી;
મારૂં મારૂં કરીને મુરખ, વિસાર્યા સારંગપાણી.
ઉંચી મેડી આપ બિરાજે, છત્ર પલંગ ત્યાં છે સારા;
હાંડી તખ્તા ઝુમ્મર સુંદર, ગાદી તકીયા રૂપાળા.
ચાકર નોકર આવી ઉભા, ખમા ખમા મુખથી કે છે;
મનમાં લાવી માન ઘણેરૂં, ચાકરને હાકલ દે છે.
લાવો અત્તર તેલ મોગરો, મર્દન કરવા મુજ અંગે;
અહરનિશ ઇચ્છા છે ઉરમાં, રમવાની રામા સંગે.
મિથ્યા સુખમાં મ્હાલે છે ત્યાં, કાળે લીધો કડકડતો;
કહે સુંદરજી માલ ખજાનો, રહ્યો અરે ! હાય રખડતો,

મુવા પછી કરવાને લાગ્યો, ભારે પસ્તાવો પ્રાણી;
ક્યાં ગયા મુજ ચાકર નોકર. ક્યાં ગઈ મારી રાણી.
માર જમડા મારે છે બહુ, સહન નથી થાતો મુજથી;
આ વેળાનું કષ્ટ અરે ! હું, કહું કોની આગળ કથી.
ધર્મ કર્મ મેં કાંઈ ન કીધું, રામ નામ પણ નવ લીધું;
મિથ્યા સુખમાં મોહી રહીને, સાર્થક કાંઇ નવ કીધું.
અહો ! અરે ! મુજ દેશી મિત્રો, શિખામણ સુણજો મારી;
આ દુઃખથી જો ચહો ઉગરવા, તો સેવો શ્રી મોરારી.
કાળ કદી નહિ તજે કોઇને, કરો ગમે તેવા ચાળા;
પરમ પદ લેવા ઇચ્છો તો, રટો રામ કર લઇ માળા.
રાજા રાવણ સરખા મોટા, સર્વ કોઇને વશ કરીઆ;
બાંધવ કુંભકરણ સરીખા સવા લાખ તો સુત બળીયા.
કાળ સમક્ષ જે વઢવા ધાતા, નહિ કોઇથી દિલ ડરતા;
મહા જોરાવર હતા યોદ્ધા પણ, ક્ષણ વાર લાગી મરતાં.
મરવું એતો નિશ્ચય માનો, એમાં સંશય નહિ કાંઈ;
કર જોડીને કહે સુંદરજી, હરિહર સેવો સુખદાઇ.

દોહરા.

શુણ ગાઓ ગોવિંદના, ગર્વ ન આણો ઉર;
રહો તમે નરનાર સૌ, ભક્તિ વિષે ભરપૂર.
સમજીને સમરીશ તું, સ્નેહે સીતા સ્યામ;
તો પ્રેમે પામીશ તું, મોક્ષ રૂપી શુભ ધામ.

ચાબખો.

મનવા માની રહ્યો મારૂં, તેમાં કાંઈ નથી તારૂં. ટેક.
કૂડ કપટમાં ડુબી ગયો તું, કર્યું નહિ કાંઇ સારૂં;
રામ તણું તેં નામ ન લીધું, શું તુજને મળનારૂં. મનવા.
વિષય લંપટ થઇને પ્રાણી, કરશો ન કૃત્ય નઠારૂં;
નેક નિષ્ઠાથી કરો નિરંતર, ભજન પ્રભુનું પ્યારૂં, મનવા.
અજ્ઞપણામાં ઉંઘી ગયો તું, તત્વ નહિ તેં વિચાર્યું;
એક દિવસ નર નિશ્ચે આવશે, યમ તેડું અણધાર્યું. મનવા.
રામ કૃપા કર ભજવાથી નર, કષ્ટ નષ્ટ થનારૂં;
કહે સુંદરજી રામ પ્રતાપે, મોક્ષનું પદ મળનારૂં. મનવા.

રસના પ્રત્યે.

દોહરો.

જીવન ચંચળ જાણિને, હરદમ લે હરિ નામ;
તો તારૂં સુંદર કહે, સુધરી જાશે કામ.

મનહર છંદ.

રસના તું રટે નહિ, મોક્ષદાઇ રામ નામ,
અવર ઉફાનમાંહી, દિવસ ગુજારે છે,
હરિ હરિ કેતાં તને, શરમ લાગે છે સદા,
ગપાટા સપાટા તણા, ઝપાટા તું મારે છે;
ગિરધારી ગોવિંદના, ગુણ ગાતાં શ્રમ પડે,
લડે છે લડાઇ અને, પરનિંદા કરે છે,
સુંદરજી કહે અરે ! જપ જગદિશ જીભ,
હરિ રસ પીધા વિના, શાને ફુલી ફરે છે ?

દોહરો.

અન્ય કથન કરવા વિષે, જેવી છો હુશિયાર,
ઇશ્વર આરાધન વિષે, તેવી થા તૈયાર.

રૂચિરા છંદ.

રટ રે રસના રામ નામ તું, કામ બધાં અળગાં કરીને,
એક નિરંજન દેવ દયાકર, સમર સદોદિત શ્રી હરિને;
કરવી નહિ કદિ લવરી ખાલી, ઇશ્વરના ગુણ ઉચરજે,
સુંદરજીનું કેવું કદિએ, રસના તું નહિ વિસરજે.

આત્મ બોધ.

દોહરા.

અવિનાશી તું એક છો, આત્મ અખંડ સ્વરૂપ;
ધ્યાન ધરૂં સુંદર સદા, આત્માનંદ અનૂપ.
વાંચ્યાં સુંદર શાસ્ત્ર શુભ, રાચ્યાં રસીલાં લોક;
પણ નિજ રૂપ જાણ્યું નહીં, તો એ સઘળું ફોક.

વિદ્યા વિતના જોરથી, પંડિત થઇ પૂજાય;
સત્ય સ્વરૂપ જાણ્યા વગર, મોક્ષ કદી નહિ થાય.
જાણી લે હે ! પ્રાણિ તું, તારૂં મૂળ સ્વરૂપ;
દીનતા દુઃખ જાશે ટળી, તું છો ત્રિભુવન ભૂપ.
પુન્ય પૂર્વનાં હોય તો, વૈભવ પૂર્ણ પમાય;
ચૈતન ચિત ચોંટયા વિના, પાર નહીં પ્હોંચાય.
અવર સકળનો નાશ છે, આત્મા છે અવિનાશ;
વ્યાપી રહ્યો આ વિશ્વમાં, પોતે પૂર્ણ પ્રકાશ.
સદ્ગુરૂને શરણે જઇ, કરવો વિનય વિવેક;
દૃઢ નિશ્ચય કરિ આપશે, દ્વૈત મટાડી એક.
એક વગર બીજો નથી, વ્યાપક વિશ્વાધાર;
એજ પુરૂષને ઓળખો, પળમાં પડશો પાર.
જ્ઞાન વગર મળતી નથી, શાન્તિ સુખદ સ્વરૂપ;
શાન્તિ વગર કદિ સુખ નથી,હોય ભલે કો ભૂપ.
અવર સકળ સુખ સૃષ્ટિનાં, થાય અને ભુંસાય;
જ્ઞાન વડે જે સુખ મળે, તે સુખ સત્ય મનાય.
પંચ વિષયને ત્યાગિને, જ્ઞાન ગ્રહો ગુણવાન;
તો તમથી છેટા નથી, ભવ તારણ ભગવાન.
જ્યારે જ્ઞાન પ્રતાપથી, જડતા જડ ટળિ જાય;
ત્યારે શુદ્ધ સ્વરૂપનું, ભાન ખરેખર થાય.
પૃથ્વી પતિનું પદ મળે, સુરપદ પણ છે સ્હેલ;
જ્ઞાન વગર સુંદર કહે, મોક્ષ થવો મુશ્કેલ.
જન્મ મરણની જાળમાં, કાઢયા કાળ અનંત;
તો પણ તેં નિજ રૂપને, ખોળ્યું નહિ ધરિ ખંત.
પશુ પક્ષી તન પામિને, પામ્યો કષ્ટ અપાર;
માંડ મળ્યો છે મનુષનો, ઉત્તમ આ અવતાર.
આ તનથી બનશે બધું, ભજન પુજન હરિ ધ્યાન;
સદ્ગુરૂના સત સંગથી, મળશે મોક્ષ નિદાન.
ગીતા આદિક શાસ્ત્રનો, કરવો નિત અભ્યાસ;

તેથી મનના મળ તણો, નિશ્ચય થાશે નાશ.
અંતર નિર્મળ હોય તો, અસર કરે છે જ્ઞાન;
સુંદર જ્ઞાને સાંપડે, અચળ અખંડારામ.

મનહર છંદ.

ઓળખો સ્વરૂપ આપ તેથી ટળી જાશે તાપ,
આપે આપ જાણ્યા વિના, અજ્ઞપણું ટળે નૈ,
અવર ઉપાય યોગે, કાર્ય ન કરાય કદી,
ખરી ખોળ વિના જીવ, શિવ સાથે ભળે નૈ;
સત્ય વાત દઢ કરી, એ પ્રમાણે અનુસરો,
ખોટાઓની ખોટે ખોટી, વાતોમાં કૈં વળે નૈ,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
આત્મ તત્વ જાણ્યા વિના, મોક્ષ પદ મળે નૈ.

હરિગીત છંદ.

શાને ધરે શિર ભાર તું, સમજ્યા વગર હે ! પ્રાણિઆ,
અવતાર તુજ વીતી ગયો, પરિશ્રમને ન પિછાણિઆ;
તું માલ મોંઘો મેલિને, નિર્માલ્ય ચીજોને ચહે,
સાક્ષાત સુંદર છો છતાં, પણ અજ્ઞ થઇ જીવ રૂપ રહે.
જોને વિચારી જીવડા, જ્ઞાને કરી નિજ રૂપ તું;
તુજ મન ભિખારી ભાસતું, પણ છો ત્રિભુવન ભૂપ તું;
મદ મોહ આદિક દુર્ગુણો, તેને તમે શત્રૂ ગણો,
સુંદર કહે શાણા પ્રથમ, એ શત્રુને સત્વર હણો.
અદ્ભૂત તારૂં રૂપ છે, અદ્ભૂત તારી આકૃતી,
અદ્ભૂત લીલા તાહરી, અદ્ભૂત તારી છે કૃતી;
વળગી તને દુર વાસના, ભુલવી ભમાવે ભવ વિષે,
તેને તજી દે તો તને, સુંદર ખરો મારગ દિસે.
નથિ શ્વાન કે માંજાર તું, નથિ વાઘ કે નથિ વાંદરો,
કુંજર નથી કીડી નથી, નથિ નર્કનો કીડો ખરો;
હીરો અમુલ તું છો છતાં, પણ પંચ અરિ સોબત વડે,
સુંદર સદા ભુલ્યો ભમે, ભવ સાગરે નિત આથડે.

સાચો હતો સુત સિંહનો, તદપી અજા સંગે રહ્યો,
નિજ રૂપને વિસરી જતાં, બકરો ખરેખર થઈ ગયો;
જ્યારે સમાગમ સિંહનો, તે બાળ મૃગપતિને થયો,
સુંદર સ્વરૂપને ઓળખી, નિજ નાતમાં તે ભળિ ગયો.

દોહરા.

ખોળી લે નર ખંતથી, આપે આપાનંદ;
તોજ ખરેખર ટળિ જશે, જન્મ મરણનો ફંદ.
વેદ વખાણે જેહને, સચરાચર સોહાય;
એજ પરમ આનંદ તે, જ્ઞાન દ્રગે દેખાય.
અવર પ્રયોગે નહિ મળે, સુંદર સાચું સૂખ;
જ્ઞાન થશે નિજ રૂપનું, ત્યારે ટળશે દુઃખ.
અવર સકળ સુખ છે ઘણાં, આત્માનંદ સુખ ઓર;
જ્ઞાન વગર મળતું નથી, એ સુખ બીજે ઠોર.
પ્રાપ્ત થશે જે પ્રાણિને, સુંદર નિજ આનંદ;
મોક્ષ થશે એ મનુષ્યનો, છુટી જશે ભવ ફંદ.
કોઇ પુછે કેવો હશે, પૂર્ણાનંદ પ્રતાપ;
બીજાથી બોલાય નહિ, અનુભવિ જાણે આપ.
અવર વિકટ વિદ્યા સકળ, શિખતાં શિખી શકાય;
જ્ઞાન વગર સુંદર કહે, નિજરૂપ નહિ પરખાય.
નિજ રૂપને પરખ્યા વગર, બીજા ખોટા ખેલ;
વસ્તુ ખરી આ વિશ્વમાં, મળવી બહુ મુશ્કેલ.
લાગે તો પળ એકમાં, લગ્ની લાગી જાય;
સદ્‌ગુરૂ ચર્ણ પ્રતાપથી, પળમાં મોક્ષ પમાય.
તાપ ટળે તન મન તણા, પ્રગટે પૂર્ણાનંદ;
બલિહારી એ જ્ઞાનને, છોડાવે ભવ ફંદ.
પ્રાપ્ત થતાં ચિંતામણી, દીન પણું દુર થાય;
ઓળખતાં નિજ આત્મને, દ્વૈત નહીં દર્શાય.
રંગ ઘણા અજ્ઞાનિના, પળ પળમાં પલટાય;
એક રંગ છે જ્ઞાનિનો, તે કદિ નહિ બદલાય.

મનહર છંદ.

ભક્તિ યોગ સાંખ્ય સાથે, સારાં સારાં શાસ્ત્ર શોધી,
આત્મ જ્ઞાન રૂપી જેણે, મસ્ત પ્યાલો પીધો છે,
વળી જેણે દ્વૈત અને, અદ્વૈતનું રૂપ જાણી,
એકજ અદ્વૈત તણો, દ્રઢ નિશ્ચે કીધો છે;
રાગને વૈરાગ તણો; કાંટો જેણે કાઢી નાખ્યો,
ફક્ત આત્મ તત્વ તણો, માર્ગ સાચો લીધો છે,
સુંદરજી કહે એવા, આત્મ જ્ઞાની પુરૂષોએ,
સુખ દુઃખ તણો ખોટો, ધોખો તજી દીધો છે.

દોહરા.

સમજો તો બહુ સ્હેલ છે, પળમાં પાર પમાય;
સાધન સઘળાં શ્રમ વગર, આપે દ્રગ દર્શાય.
માગવું નથિ ટળવુ નથી, કરવું નથિ મન કાંઈ;
આઘું નથિ પાછું નથી, છે નિજ ઘટની માંહિ.
ઓળખવું રૂપ આત્મનું, એજ ખરૂં કલ્યાણ;
એ વિણ સઘળું જગતમાં, જૂઠ પ્રપંચ પ્રમાણ.
ડુંટીમાં છે કસ્તુરી, મૃગ સુંઘે છે ઘાસ;
એ રીતે અજ્ઞાનિઓ, કરતા વ્યર્થ પ્રયાસ.
કંઠો છે નિજ કોટમાં, શોધે બીજે દ્વાર;
સુંદર શી રીતે મળે? કરવો એજ વિચાર;

સોરઠો.

વસ્તુ છે તુજ પાસ, ખબર નથી તેની તને;
તેથી નિત્ય નિરાશ, દુઃખમાં ડુબેલો દિસે.

દોહરા.

જે આ દ્રગ દર્શાય છે, તે છે સ્વપ્ન સમાન;
તેને સાચું સમજવું, એજ વડું અજ્ઞાન.
જૂઠે જૂઠું જગત છે, જુઠ જગત વહેવાર;
એવો દ્રઢ નિશ્ચય થયો, એ ઉતર્યા ભવ પાર.
વસ્તુ ખરી આ વિશ્વમાં, એકજ આતમ રામ;
જે જાણ્યાથી આ જગત, જૂઠ જણાય તમામ.

ખોટી આ દુનિયા અને, ખોટા સહુ કથનાર;
ખોટે કીધો ખલકમાં, ખોટાનો વિસ્તાર.
બન્યું નથી ત્રણ કાળમાં, જગત અગર આ લોક;
એમ છતાં દર્શાય છે, તે છે સઘળું ફોક.
જગત પ્રતિત જે થાય છે, તે છે બ્રહ્મ પ્રકાશ;
એજ પ્રમાણે જાણવું, વૈભવ ભોગ વિલાસ.
વારીને મન વિષયથી, જ્ઞાન વિષે દ્રઢ થાવ;
આતમ લેશો ઓળખી, તો નર્કે નહિ જાવ.
સુખનું સાધન સૃષ્ટિમાં, એકજ આતમ જ્ઞાન;
શાખ પુરે છે સર્વદા, વેદ અને વિદ્વાન.
આપ વગર બીજો નથી, એવી આવે શાન;
ત્યારે તેણે જાણવું, પોતે શ્રી ભગવાન.

જ્ઞાન થયું ગુરૂ વચનથી, ઉડી ગયું અજ્ઞાન;
એવા નર નથિ રાખતા, મનમાં મિથ્યા માન;
આતમ જ્ઞાની પુરૂષ કો, હોય ભલે કંગાલ;
તો પણ તેને જાણવો, લાલ તણો પણ લાલ.
મિથ્યા સુખ દુઃખ છે બધાં, મિથ્યા આ સંસાર;
આત્મા એકજ સત્ય છે, કરતાં જ્ઞાન વિચાર.
હોય નહીં નિજ હૃદયમાં, હઠ હર કોઈ પ્રકાર;
એવા આત્મા અનુભવી, ઉતરશે ભવ પાર.

મનહર છંદ.

સંસાર અસાર અને, દુઃખથી ભરેલો દિસે,
બારીકીથી જોતાં બધું, વિચિત્ર વર્તાય છે,
દુઃખ છે અપાર અને, સુખ તલ ભાર નથી,
છતાં પણ મૂઢમતિ, લોભે લલચાય છે;
હાય હાય કરે અને, દ્રવ્યના ભંડાર ભરે,
આખર તજીને બધું, યમાધિન થાય છે,
સુંદરજી કહે સુણો, સજજનો તમામ તમે,
આત્મ જ્ઞાન વિના જીવ, દુઃખી બહુ થાય છે.

માયાવી મનુષ્ય મુઢ, માયા મળવાને માટે,
મોહને આધિન બની, માર્યા માર્યા ફરે છે,
વૈભવ વિલાસ આદિ, સુખની સામગ્રી સારૂ,
ધર્મ કર્મ શર્મ તજી, કૃત્ય કુડાં કરે છે;
પુરવ જનમ તણા, પાપના પ્રભાવે કરી,
પ્રપંચના પાસે પડ્યા, પાપે પેટ ભરે છે,
સુંદરજી કહે એવા, આત્મ તત્વ જાણ્યા વિના,
વારંવાર જન્મે અને, વારંવાર મરે છે.

દોહરો.

યત્કિંચિત્ પણ વાસના, અંતરમાં જો હોય;
મોક્ષ મળે નહિ ત્યાં સુધી, શાસ્ત્ર વદે સહુ કોઈ.

મનહર છંદ.

સત્ય અને નિત્ય એવાં, સુખની જો ઇચ્છા હોય,
તો તમે તમામ તજી, ભજો ભગવાનને,
અંતરની શુદ્ધિ થાવા, ઇશ તણા ગુણ ગાવા,
ચુકો નહિ ચિતમાંહી, નામના નિશાનને;
ભજન પ્રભાવે જ્યારે, પુન્યનો વધારો થશે,
ત્યારે તમે ઓળખશો, આપે આત્મારામને,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
આત્મ તત્વ ઓળખીને, સાધી લ્યો સ્વકામને.
વિચિત્ર આ વિશ્વ તણું, નિલોકી વિચિત્રપણું,
મંદમતિ મુર્ખ જનો, મનમાં મુંઝાય છે,
જળને ઠેકાણે સ્થળ, સ્થળને ઠેકાણે જળ,
એવો ફેરફાર જોઇ, આશ્ચર્ય જણાય છે;
કષ્ટે કચરાતા પ્રાણી, સુખ ભોગવે છે સારૂં,
મોજમજા માણનારા, દુઃખીઆ દેખાય છે,
સુંદરજી કહે આવી, અદભુત લીલા જોઈ,
આત્મ તત્વ અનુભવી, અચળ જણાય છે.

દોહરા.

કરવાં દુનિયાદારિનાં, ઘટતાં કામ તમામ;

પણ કહિએ ભુલી ભાન, સુંદર આત્મારામ.
પામે પુરૂષારથ વડે, પરમ પુનિત પ્રભુ ધામ;
સત સંગતથી સાંપડે, ઉત્તમ આતમજ્ઞાન.
સતસંગત સદ્દશાસ્ત્રનો, કરવો નિત અભ્યાસ;
એ ઉદ્યમ યોગે થશે, આત્માનંદ પ્રકાશ.
પરમ પુનિત પરિબ્રહ્મનું, ધરવું પ્રતિદિન ધ્યાન;
મોક્ષ થશે પળ એકમાં, ટળશે તન અભિમાન.

સોરઠો.

ટળતાં તન અભિમાન, જ્ઞાન પ્રગટ થાશે ખરૂં;
પછિ મેડી શમશાન, સુંદર સરખાં લાગશે.

દોહરા.

દેવળ રૂપ આ દેહમાં, બેઠા છે જે દેવ;
જ્ઞાન પ્રતાપે જાણિને, એજ પુરૂષને સેવ.
જેણે જ્ઞાન પ્રતાપથી, જાણ્યું આત્મ સ્વરૂપ;
તેને સુંદર સ્વપ્નમાં, સ્પર્શે કરે નહિ દુઃખ.
શાસ્ત્રકથા શુભ સાંભળો, આસ્તા રાખો ઊર;
આખર એ ઉદ્યમ વડે, મળશે મોક્ષ જરૂર.
ડગલે ડગલે દુઃખ દિસે, પગલે પગલે પાપ;
જ્ઞાનદિપક પ્રગટયા વિના, ટળશે નહિ એ તાપ.
જ્ઞાન થયું નિજ રૂપનું, દૃઢ નિશ્ચય મનમાંહિ;
એ જન આ દુનિયા વિષે, અવર ન ઇચ્છે કાંઈ.
પારષમણિ, ચિંતામણી, મણિ છે અવર અનેક;
સાચો મણિ આ સૃષ્ટિમાં, જ્ઞાન મણી છે એક.
ખોટી ખટપટ ખલકની, ખોટાં છે ઘરબાર;
દૃઢ નિશ્ચય દિલ થઇ ગયો, પછિ કરવો નહિ ચ્યાર.
વખત મળે તો હોંસથી, બંધાવો ઘરબાર;
કર્ત્તા ભોક્તા હું નથી, એવો આણિ વિચાર.
સુખ દુઃખ એ શી વસ્તુ છે ? તેનું પણ નથિ ભાન;
એકજ સાધી સિદ્ધ કર્યું, સુંદર આતમ જ્ઞાન.
ખોટેખોટી કલ્પના, કરિએ અંતર માંહિ;

એથી સુંદર આપણો, અર્થ સરે નહિ કાંઈ.
આવિ મળે કદિ સામટાં, સુખનાં સઘળાં સાજ;
સુંદર આતમજ્ઞાન વિણ, કાંઈ સરે નહિ કાજ.
રાજસ તામસ ત્યાગિને, સાત્વિક ગુણ સ્વીકાર;
તોજ થશે તુજ ઉર વિષે, આતમ તત્વ વિચાર.
જ્યાં સુધી સાધ્યો નથી, સાત્વિક ગુણ શ્રીકાર;
ત્યાં સૂધી મુશ્કેલ છે, ઊતરવું ભવ પાર.
ઓછું અદકું જ્યાં સુધી, મટયું નથિ મન માંહ્ય;
ત્યાં સૂધી સુંદર કહે, જ્ઞાન ખરૂં નહિ થાય.
પોતે અવિનાશી છતાં, દીનતાધિન દેખાય;
પંચ અરી પરિચય વડે, શિવ થયો જીવરાય.
સાચી ખોટી કલ્પના, પ્રગટે છે જે ઊર;
જ્ઞાન પ્રતાપે ગુણિજને, કરવી તેને દૂર.

મનહર છંદ.

વિવિધ વિલાસ વિષે, વખત વિતાડી નાખ્યો,
આત્મ તત્વ ઓળખવા, યત્ન કરો કીધો ને,
માયા મળવાને માટે, મથન કરે છે પણ,
નિજ રૂપ જાણવાને, શ્રમ સાચો લીધો ને;
કોણ હું ને ક્યાંથી આવ્યો? આખર ક્યાં જવાનો છું?
એવા સુવિચાર રૂપી, અમી રસ પીધો ને,
સુંદરજી કહે તારૂં, મરણ નજીક આવ્યું,
તદપિ તું પાપી પ્રાણી, અનીતિથી બીધો ને.

દોહરા.

જીવદશા વાળા જનો, માયામાં છે લીન;
સુખ સંપત વૈભવ વિષે, અષ્ટ પ્રહર આધીન,
ઘડિમાં સુખ સાગર વિષે, ડૂબેલા દેખાય;
ઘડિમાં થઇને રાંકડા, રડવા મંડી જાય.
સાધુ મનથી સાધવું, આતમ જ્ઞાન અખંડ;
નિજ રૂપનો નિશ્ચય થવા, કરવો યત્ન પ્રચંડ.
ભવ સાગર ભય દુર થવા, ભજવા શ્રી ભગવાન;

સજવા ગુણ આયુધને, તજવાં સહુ તોફાન.
અવર કશા ઊપાયથી, સિદ્ધ થશે નહિ કામ;
જૂઠ પ્રપંચ પ્રભાવથી, રીઝે નહિ શ્રી રામ.
વિશ્વ તણા જે વૈભવો, દિસતા સુખના સાજ;
આખર તેથી નહિં થશે, હિતકર કાંઇ કાજ.
હિત કરવાનું હોય તો, ઓળખ આતમરામ;
સદગુરૂ વચનામૃત વડે, સુંદર સાધ સ્વકામ.
મનુષ જન્મ ચિંતામણી, લાગી છે તુજ હાથ;
એમ છતાં અજ્ઞાનથી, આપે થાય અનાથ.
ચિન્તવન કરતાં ચેતશે, અંતર જે આણીશ;
સમય સુચક થઇ ચાલતાં, મોક્ષ મજા માણીશ.
મિથ્યા છે આ જગત પણ, સાચું માન્યું સાવ;
તેથી ભગવત ભજનનો, લેવાતો નથિ લાવ.
ભાવ અભાવ સ્વભાવનો, કરવો મનથી ત્યાગ;
ખોટિ ખલકના ખેલ પર, રાખો નહિ ચિત રાગ.
ચંચળ ચિત વશ રાખિને, ભજન કરો એકાન્ત;
દ્વૈત તજી અદ્વૈતમાં, ચિતને કરવું શાન્ત.
અનન્ય ભાવે ઈશનું, ધરશો જ્યારે ધ્યાન;
ત્યારે તમને પ્રગટશે, આપે આતમ જ્ઞાન.
વિશ્વ વિષય વિષવત્ ગણી, જ્યારે દૂર કરીશ;
ત્યારે તું સુંદર કહે, આપો આપ તરીશ.
વિશ્વ તણા વૈભવ વિષે, રાખો નહિ બહુ રાગ,
કર્મ કરેલાં ભોગવો, દેહ થતાં લગિ ત્યાગ.
સુખને માંડયું શોધવા, ભોત્યું ગામો ગામ;
સુંદર સુખ પામ્યો નહીં, જ્ઞાન વિના કો ઠામ.
એવી બીજી વસ્તુ કો, સુણી નથી કદિ કાન;
દીઠી નથિ નહિ દેખશું, આતમ જ્ઞાન સમાન.
તુલના આતમજ્ઞાનની, કરિએ કોની સાથ;
એવી ઉત્તમ વસ્તુ કો, ઘડી નથી મુજ નાથ.

દૂજો દ્રગ નહિ દેખશો, શોધો સઘળે ઠામ;
જ્યાં જોશો ત્યાં નિરખશો, એકજ આતમરામ.
સુખ દુઃખને સમ સમજવું, એજ કઠણ છે કામ;
સુંદર સમ સાધન વડે, પ્રગટે આતમજ્ઞાન.
સંગ હશે સતપુરૂષનો, શાસ્ત્ર શ્રવણ પર ભાવ;
એ જન નિજ આનંદનો, લેશે નિશ્ચે લાવ.
કર લંબાવી માગતો, દેતો વળિ જે દાન;
તે બે નથિ પણ એક છે, એવું નિશ્ચે માન.
પ્રભુ કિંકર પ્રભુ શેકિયો, પ્રભુ દાસાનુજદાસ;
એ પ્રભુને જે ઓળખે, છૂટે તે ભવ પાસ.

મનહર છંદ.

જગત સકળ જ્યારે, આત્મરૂપ ભાસે ત્યારે,
આત્મજ્ઞાન થયું એમ, અંતરમાં આણવું,
અખિલ બ્રહ્માંડવિષે, આત્માનો પ્રકાશ દિસે,
આત્મતત્વ વિના બીજું, જુઠું કરી જાણવું;
ચિત છે ચંચળ તેને, વિવેક વિચાર વડે,
બીજા બધા માર્ગ મુકી, જ્ઞાન માર્ગે આણવું,
સુંદરજી કહે સુણો, સજ્જનો તમામ તમે,
આત્મતત્વ નિશ્ચે કરી, નિજાનંદે માણવું.

દોહરો.

સદગુરૂ શરણ પ્રતાપથી, સુઝ્યો બ્રહ્મ વિચાર;
સુંદર નિજ આનંદમાં, મગ્ન થયો આ વાર.

કવિ સુંદરજી પુંજાભાઈ વિરચિત

શ્રી સુંદર સંગીત સમાપ્ત.

આ પુસ્તકનાં અગાઉથી થયેલ ગ્રાહકોનાં મુબારક નામ.

અમદાવાદ.

૨૫૧. સદા મે. રા. રા. શ્રીયુત રામચંદ્ર નરસીદાસ. એમ. આઈ. એમ. ઈ. એન્જીનીયર સાહેબ.

૨૫. શ્રીયુત શેઠ સાહેબ ગીરધરલાલ અમૃતલાલ દેસાઈ.

૨૫. શ્રીયુત શેઠ સાહેબ ચમનલાલ માણેકલાલ મુનશી.

૧૫. શ્રીયુત શેઠ સાહેબ શ્રીજવલ્લભદાસ જેકીસનદાસ.

૫. શ્રીમતી બ્હેન સુલોચના ચીનુભાઈ દેસાઈ.

૫. શ્રીયુત શેઠ સાહેબ હરિદાસ અચરતલાલ.

૧. રા. રા. શેઠ જમનાભાઇ ભગુભાઇ.
૨. શેઠ નારણલાલ જીવણલાલ.
૨. ચીમનલાલ હરિલાલ નગરીવાળા.
૨. દામોદરદાસ સાંકળેશ્વર રાવળ.
૨. શેઠ અજીતસિંહ મણીભાઇ.
૨. મોહનલાલ લલ્લુભાઇ બીડીવાળા.
૧. શેઠ. કાળીદાસ લાલભાઈ.
૧. શેઠ ચમનલાલ કાળીદાસ.
૧. શેઠ. મણીલાલ મગનલાલ.
૧. ડોક્ટર હીરાલાલ કે. નાણાવટી.
૧. છોટાલાલ ગીરધરલાલ મ્હેતા.
૧. મૂળચંદ આશારામ ઝવેરી.
૧. શેરદલાલ મણીલાલ મગનલાલ.
૧. મોતીલાલ લલ્લુભાઇ ન્હાનાભાઇ.
૧. પરભુલાલ લલ્લુભાઈ મ્હેતા.
૧. ડોકટર ચમનાલાલ ગોવિંદલાલ.
૧. હરિલાલ ભોગીલાલ પરીખ.
૭. ગોકળદાસ હીરજી કારીયા મારફત.
૧. ગોકળદાસ હીરજી કારીયા.
૧. પટેલ મણીલાલ મનોરદાસ
૧. એ. એન. ત્રીવેદી બ્રધર્સ
૧. રા. રા. ઠાકોરલાલ નારસુદાસ.
૧. ડ્રોઈંગ માસ્તર પરસોતમદાસ.
૧. શાહ વિઠ્ઠલદાસ જીવરાજ.
૧. મંગળજી લાધાભાઈ બારદાનવાળા
૧. શેઠ લક્ષ્મીદાસ ભીમજી.
૧. કપુરચંદ ભુરાભાઇ.
૧. કે. મ્હેતાની કંપની.
૧. ચોકસી હીરાલાલ અમૃતલાલ.
૧. ખોડીદાસ લઘુભાઇ ગોંડળવાળા.
૧. શાહ સોમચંદ ફુલચંદ.
૧. એક પારસી ગૃહસ્થ.
૧. માસ્તર કેશવલાલ દોલતચંદ
૧. રા. રા. એમ. ટી. બમ્બ. બમ્બા.
૧. રા. રા. વૈદ્ય ચુનીલાલ લાલજીભાઈ.
૧. રા. રા. ઉદયચંદ લાલચંદ
૪. દોલતચંદ હરજીવનદાસ મારફત.
૨. રા. રા. દોલતચંદ હરજીવનદાસ.
૧. શાહ પોપટલાલ નાનચંદ.
૧. જસાણી રતીલાલ હીરાચંદ.
૧. મીસ્ત્રી મોહનલાલ રતનજી.
૧. વલ્લભદાસ મુળજી પડીયા.

ધ્રાંગધ્રા.

૫. ખુદાવિંદ રાજ સા. શ્રી ઘનશ્યામસિંહજી સાહેબ બહાદુરનાં કોટડા વાળાં મહા રાણીજી સાહેબ.
૨. ખુદાવિંદ રાજ સા. શ્રી ઘનશ્યામસિંહજી સાહેબ બહાદુરનાં ભાદરવા વાળાં રાણીજી સાહેબ.
૫. ખુદાવિંદ મર્હુમ રાજ સાહેબ શ્રી અજીતસિંહજી સાહેબ બહાદુરનાં રાજકોટવાળાં રાણીજી સાહેબ.
૩. ખુદાવિંદ મર્હુમ રાજ સાહેબ શ્રી અજીતસિંહજી સાહેબ બહાદુરનાં મેંગણી વાળાં રાણીજી સાહેબ.
૧. ખુદાવિંદ મર્હુમ રાજ સા. શ્રી અજીતસિંહજી સાહેબ બહાદુરનાં રાણીજી શ્રી લલિતા બા સાહેબ.
૧. ખુદાવિંદ મર્હુમ રાજ સાહેબ શ્રી અજીતસિંહજી સાહેબ બહાદુરનાં રાણીજી શ્રી રમણ બા સાહેબ.
૧. ખુદાવિંદ મર્હુમ રાજ સાહેબ શ્રી અજીતસિંહજી સાહેબનાં ટીંબા વાળાં રાણીજી સાહેબ.
૧. સદ્‌ગુણ સાગર કુંવરી શ્રી સ્વરૂપ કુંવર બા સાહેબ.
૨. મે નામદાર રાણા શ્રી કેસરી સિંહજી પ્રતાપસિંહજી માળવણવાળા.
૨. મે. જાડેજા શ્રી જશુસિંહજી દોલતસિંહજી વીરાણી.
૧. રા. રા. હરિલાલ વર્ધમાન મોદી.

કોટડા સાંગાણી.

૫. સદ્‌ગુણ સાગર રાજ્ય માતુશ્રી જામબા સાહેબ.
૨. ખુદાવિંદ મર્હુમ ઠા. સા. શ્રી મુળવાજી સાહેબ બહાદુરનાં રાણીજી શ્રી જયા કુંવરબા સાહેબ.

વાંકાનેર.

૫. સદ્‌ગુણ સાગર રાજ્ય માતુશ્રી જામબા સાહેબ.
૧. વિક્ટોરીયા જ્યુબીલી લાઇબ્રેરી.
૧. મીસ્ત્રી સવજી જેઠાભાઇ.

લાઠી.

૫. ગંગાસ્વરૂપ બા મા સાહેબ શ્રી બાઇ રાજ બા સાહેબ.

વાંસદા.

૪. અ. સૌ. શ્રીમતી રાણી સાહેબ શ્રી આનંદ કુંવર બા સાહેબ.
૧. મે. ના. કુ. શ્રીકિશોરસિંહજી સાહેબ
૧. શ્રી ગુલાબસિંહજી લાઇબ્રેરી.

દેવગઢ બારૈયા.

૪. અખંડ સૌ. બા શ્રી તખ્તકુંવર બા સાહેબ.

પાલીતાણા.

૨. સદ્‌ગુણ સાગર ચોકવાળાં બા શ્રી અનોપબા સાહેબ.

વિરપુર.

૨. ખુ. ઠા. સા. શ્રી સુરસિંહજી સા.
૨. મે. ના. કુ. શ્રી રામસિંહજી સાહેબ

ભાડવા.

૫. ના. દરબાર શ્રી બાલસિંહજી સા.

વીરમગામ.

૨. મે. નામદાર દરબાર શ્રી રાય સિંહજી સાહેબ.

રાજકોટ.

૨. સદ્‌ગુણ સાગર માતુશ્રી લાજુબા સાહેબ.
૧. રા. બ. વિઠ્ઠલરાય હેમતરામ.
૧. રા. બ. બાપાજી રામચંદ્ર નીકતે
૧. ડાક્ટર કાળીદાસ મોતીરામ.
૧. રા. રા. ગોરધનદાસ લાધાભાઇ.
૨. અમરતલાલ ભવાનભાઇ પુજારા.
૨. ડાહ્યાભાઇ વસનજી એન્ડ સન્સ.
૨. સદ્‌ગુણ સાગર બા શ્રી સુરજ બા સાહેબ.
૧. રા. રા. ગોકળદાસ અમરસી.
૧. વૈદ્યરાજ ત્રંબકલાલ મણીશંકર.
૧. „ ભાણજી મુળજી વ્યાસ.
૧. મોદી જગજીવન હેમરાજ વીરપુરના માજી કારભારી.
૧. મોદી કપુરચંદ ગોપાળજી.
૧. રા. રા. જયાશંકર ગૌરીશંકર.

૧. મીસ્ત્રી વશરામ હરજી.
૧. ,, રણછોડદાસ કલ્યાણજી.
૧. પરસોતમ લક્ષ્મણદાસ કંટ્રાકટર.
૧. પરસોતમ જુઠાભાઇ ,,
૧. મોહનલાલ માંડણભાઈ. ,,
૧. વીરજી કરસનદાસ રેલ્વે કંટ્રાકટર
૧. મેઘજી વાલજી ,,
૧. ગોવિંદજી ગોકળદાસ. ,,
૧. શામજી કાળાભાઇ. ,,
૧. મીસ્ત્રી માધવજી તુલસીભાઈ.
૧. ત્રીકમજી કાનજી. ફોટોગ્રાફર.
૧. પરસોતમ શામજી. ,,
૧. હરિલાલ કેવળરામ ભટ્ટ.
૧. પોપટલાલ ચમનરામ.
૧. હરિલાલ નારણભાઈ જ્યોતિષી.
૧. શા. હીરજી કાળા મુમ્બાસા વાળા
૧. મ્હેતા દીપચંદ કરસનજી.
૧. વેલજી ભવાન એન્ડ સન્સ.
૧. એચ. જી. સોમૈયા.
૧. દોશી જુઠા કેશવજી. હા. ગગુભાઇ
૧. જીવરાજ ગોવિંદજી સરવૈયર
૧. ભટ્ટ લાલજી કાનજી.
૧. પ્રભુલાલ જેઠાલાલ.
૧. ઠા આણંદજી નથુભાઇ.
૧. ઠા. દેવચંદ દાનજી.
૧. ઠા. નથુ જીવણ ગોળ વાળા.
૧. ઠા. ઓધવજી બોધાભાઇ.
૧. ઠા. રામજી પ્રાગજી.
૧. ઠા. જેઠા નારણ.
૧. સદ્‌ગુણરાય સૂર્યશંકર.
૧. વાઘજી નાગજી.
૧. જગજીવન મંગળજી.
૧. શાહ જેચંદ ત્રિભોવન.
૧. ઉજમસી જુઠાભાઇ ઘી વાળા.
૧. સોની હંસરાજ દલાભાઇ
૧. ટોળીયા જીવરાજ લવજી.

સુરત.

૨. છોટાલાલ દાળીદાસ તન્ના.
૧. ગુલાબદાસ ભાઇદાસ વકીલ.
૧. ખિરજલાલ છબીલદાસ સ્ટોર.
૨. પંડિત રમણદાસજી.
૨. શેઠ અબ્દુલ અલ્લી રજબઅલી.
૧. આશાલાલ હરિલાલ ઠક્કર.
૧. ભગુભાઈ રસિકદાસ સટ્ટાવાળા.
૧. છોટાલાલ હરકીસનદાસ તન્ના.
૧. છોટાલાલ જેકીસનદાસ.
૧. ધીમતરામ નવલરામ પંડિત.
૧. નાથાભાઇ લલ્લુભાઇ વકીલના.
૧. વીજુભાઇ ઘેલાભાઇ.
૧. મણીલાલ ભૂખણદાસ મોદી.
૧. ચીનુભાઈ જરવનલાલ જમનાદાસ અફુદ

મુંબઈ.

૨. શેઠ પુરૂષોતમ વિશ્રામ માવજી
૧. શેઠ કરમસી દામજી
૨. શેઠ ચરણદાસ ચત્રભુજ મોરારજી
૧. મગનલાલ દલપતરામ ખખર
૨. શેઠ મુળજી હરિદાસ
૨. છગનલાલ જમનાદાસ
૫. શેઠ હેમરાજ જેરામ.
૨. શેઠ ગોરધનદાસ ગોવિંદજી ભાણજી
૨. શેઠ વલ્લભજી રામજી
૨. શેઠ વાલજી સુંદરજી
૨. જીવણદાસ બોધાભાઇ રૂપારેલ.
૨. ખેરાજ બોઘાભાઇ લાદીવાળા
૨. શેઠ ત્રીકમદાસ રવજી
૨. રા. રા. હીરજી ગુઠાભાઈ.
૨. ચાર્ટડબાસ ગીરજાપ્રસાદ દેસાઈ
૧. શંકરપ્રસાદ હરિપ્રસાદ દેસાઇ
૨. દેવજી ત્રીકમદાસ વકીલ.
૧. ઠા. નારણદાસ હરિભાઇ
૧. ,, દામોદરદાસ હરિદાસ
૧. ,, મોરારજી કેશવજી હેમરાજ
૨. મેસર્સ દાદી અને ફરામરોજ ખરસેદજી ગોળવાળા.
૧. શેઠ કુબેરદાસ ગીરધરદાસ દાવડા.
૧. કલ્યાણદાસ મોરલીધર સોઢા.
૨. શેઠ ગોરધનદાસ કરસનદાસ.
૨. ,, રણછોડદાસ ત્રીકમજી.
૧. ,, નરોત્તમદાસ મનજી.
૧. ,, છબીલદાસ લક્ષ્મીદાસ બીમજી

૨ શેઠ પરમાનંદદાસ ત્રિભૂવનદાસ
૨. ,, દ્વારકાંદાસ ત્રિભૂવનદાસ
૧. ,, લલ્લુભાઇ ત્રિભૂવનદાસ
૧. ,, નારણજી હરિભાઈ
૧. ,, વી. એમ ઠક્કર.
૧. રા. રા. મુળજી આશારામ ઓઝા
૨. શેઠ હેમરાજ અમરસી
૨. ,, ડાહ્યાભાઇ અમરસી
૧. મગનલાલ હિ. બરફી વાળા.
૧. રા. રા. પરસોતમ રતનસી
૨. શેઠ રણછોડદાસ માધવદાસ
૧. દેવીદાસ માધવજી ઠાકરસી
૧. શેઠ રણછોડદાસ ત્રિભૂવનદાસ
૧. ઠા. માધવજી જેસંગભાઇ
૧. રા. રા. ગોરધનદાસ ભીમજી
૧. જમનાદાસ નારણદાસ ચાવાળા
૧. પદમસી રતનસી કાનજી
૧. રા. રા. સી. વી. વકીલ.
૧. ધનજી નથુભાઇ મશરાણી
૧. નાનાલાલ રામજી કેશાણી
૧. મથુરાંદાસ ગોકળદાસ
૧. વલ્લભદાસ ભાણજી પરેણીગર
૧. પરસોત્તમ ગોપાળજી પારેખ
૧. ઠક્કર નરસી કલ્યાણ
૧. શેઠ હરિદાસ રણછોડદાસ
૧. ગોરધરદાસ દયાળભાઇ દાવડા
૧. શેઠ ખુશાલદાસ [illegible]
૧. શેઠ નારણદાસ કેશવજી
૧. રા. રા. દ્વારકાંદાસ હરિદાસ
૧. રામદાસ ભોજાભાઇ
૧. જોશી ત્રીકમદાસ મેઘજી
૧. ચુનીલાલ પ્રાણજીવનની કંપની
૧. મંગળદાસ મગનલાલ.
૧. રા. રા. શામજી નાગરદાસ
૧. રા. રા. કમળસી ધરમસી
૧. રા. રા. જયાનંદ જગનાથ
૧. વેલજી લાલજી બાડ
૧. ભવાનીશંકર નારણજી કંટ્રાકટર
૧. વનમાળી લક્ષ્મીદાસ મ્હેતા
૧. ડા. દામોદરદાસ નારણદાસ

૧. રા. રા. દત્તારામ શંકરરાવ.

ધરમપુર.

૨. ના. મહારાણા શ્રી મોહનદેવજી સાહેબ બહાદુર

તગડી વાવડી.

૨. મે. ના. દરબાર શ્રીભીખુભાઇ સા.

ખીરસરા.

૧. જાડેજા શ્રી કલ્યાણસંગ ખેંગારજી

વડીઆ.

૧. ના. દરબાર શ્રીબાવાવાળા સાહેબ.

સચીન.

૧. વડોદરા વાળા ભક્ત બચુમીયાં

પાટડી.

૨. મેહેરબાન નામદાર દરબાર શ્રી દોલતસિંહજી સાહેબ

લોધીકા.

૨. ના. ઠ. શ્રી રતનસિંહજી સાહેબ

વિઠ્ઠલગઢ.

૨. મેહેરબાન નામદાર તાલુકદાર વિઠ્ઠલરાવ ભાસ્કરરાવ

દહાણુ.

૧. ગોરધનદાસ ગીરધરદાસ વજા
૧. રા. રા. રામજી ત્રિભુવન પોંદા

ભરૂચ.

૧. રા. રા. સાપુરજી હોરમસજી
૧. રાયચંદ દીપચંદ લાઇબ્રેરી
૧ રો. તેજુરિબાઈ ખારસા કરવેઅરજુગી

દેવળીયા.

૧. શુક્લ ગૌરીશંકર કલ્યાણજી.

કરાચી.

૧. વૈદ્યશાસ્ત્રી દયાશંકર હીરજીભાઇ

નવસારી.

૧. રા. રા. મગનલાલ નાથાભાઇ ઠક્કર મુનસફ સાહેબ

રાધનપુર.

૧. બીસ્મીલ્લાખાનજી લાઇબ્રેરી

મોરબી.

૧. લોહાણા મિત્ર જ્ઞાનવર્ધક સમાજ

જામનગર.

૧. લોહાણા અભ્યુદય મિત્રમંડળ

ઝરીયા.
૧. રા. રા. ગોકળદાસ પ્રેમજી

પલાસવા.
૧. પલાસવા શ્રી લાઇબ્રેરી ડી. આર. દવે

ભેરાઇ.
૧. મહંત શ્રી ઉદ્ધવ પ્રસાદ મોતીપ્રસાદ

ધ્રોળ.
૧. વૈદ્ય વલ્લભદાસ એમ. અનડકાટ

કલકત્તા.
૨. શેઠ હરિરામ જેઠાભાઈ ભુલચંદ

ચિત્તળ.
૧. મે. ના. દરબાર શ્રીરાણીંગવાળા સા.
૧. મે. ના. દરબાર શ્રીવાલેરાવાળા સા.

ચુડા.
૨. પાટવી કુ. શ્રીરણજીતસિંહજી સા.
૧. કુ. શ્રી અર્જુનસિંહજી સાહેબ
૧. કુંવરી શ્રીચંદ્રકુંવરબા સાહેબ.

લીંબડી.
૧. મે. મેઘાભાઈ રતનસિંહ

ખડીયા.
૨. મે. ખાન શ્રી મહમદ ખાનજી
ફતેહખાનજી સાહેબ

આમોદ.
૨. મે. ના. ઠા. શ્રીન્હારસિંહજી સા.

દીઓદર.
૧. કુ. શ્રી વીરમદેજી ખાનજી સાહેબ

ગાંભુ.
૩. ના. ઠા. શ્રી જુવાનસિંહજી
જસવંતસિંહજી સાહેબ

ભુજ-કચ્છ.
૨. મે. ના. કુ. શ્રી માનસિંહજી સા.

સાયલા.
૨. ના. ઠા. શ્રી મદારસિંહજી સાહેબ

મીયાગામ.
૨. ના. ઠા. શ્રી રણમલસિંહજી સાહેબ

વઢવાણકાંપ.
૨. શેઠ જસમતભાઈ ગોકળદાસ

દેહજ.
૧. ઠા. શ્રીઅમીરસિંહજી શિવસિંહજી
૧. રા. રા. મનુભવરામ શિવદત્ત

દુધરેજ.
૧. મહંત શ્રી રઘુવીરદાસજી મહારાજ

મોટા દડવા.
૧. ધાધલ શ્રી રામભાઇ માણસુરભાઇ

બળધુઈ.
૧. દરબાર શ્રી વાળા અમરા ઉનડ

નડાળા.
૧. વાળા શ્રી હરસુર ડોસા તલાટી

પોરબંદર.
૧. ગોવિંદજી ડાહ્યાભાઇ લાખાણી
૧. શેઠ જમનાદાસ ગીરધરદાસ ડુંગરસી
૧. રા. રા. પરસોતમ લખમસી વકીલ
૧. ,, ,, વ્યાસ ડુંગરસી ખીમજી.

વાઘોડીયા.
૨. રા. મણીલાલ મંગળજી કાશીવાળા.

ગોંડળ.
૧. મણીબાઈ ભીમજી ઉદાણી

જેતપુર.
૧. ઓધાભાઇ સ્થાનીક લાઇબ્રેરી.

વડોદરા.
૧. રા. રા. ડોકટર પી. ટી. પટેલ
૧. વેણીશંકર દયારામ કંટ્રાકટર.
૧. દેશાઈ ઇશ્વરલાલ રણછોડલાલ.

નડીયાદ.
૨. ગોપાળદાસ વિહારીદાસ દેશાઈ.
૧. ડાહ્યાભાઇ નરસીભાઇ દેશાઈ.
૧. ઠાકુર ઉમરાવસીંગ રામસીંગ.
૧. મોઢ યુવક લાઇબ્રેરી.
૧. દશા ખડાયતા હિતેચ્છુ લાઇબ્રેરી.

જુનાગઢ.
૨. સાહેબજાદા શ્રી એદલખાનજી સા.
૨. શહેજાદા શ્રી ફેજદીનમીયાં સાહેબ
૨. મે. ગીરધરલાલ માધવરાય.
૧. રા. રા. અમરજી આણંદજી કચ્છી.
૧. રા. રા. રામપ્રસાદ નરસિંહપ્રસાદ
૧. રા. રા. દેવચંદ ઓઘવજી ખેતાણી.

ભાવનગર.
૨. મે. ભુપતરાય વિઠ્ઠલદાસ મ્હેતા.
૧. જમનાદાસ નરોત્તમદાસ ઝવેરી.
૧. હરજીવનદાસ રતનજી ઠક્કર.